રમણ અને તારા.

(નૉવેલ)

કર્તા

જુગલભાઇ મંગળરામ પંડ્યા.

રમણ અને તારા.

(નૉવેલ.)

	રૂ. આ. પા.
રાજબીજ, ફલીમલી નાટક.	૦—૮—૦
રસિક—લલિતા (નૉવેલ)	૧—૦—૦
કાચા પુંઠાનાં.	૦—૧૨—૦
ચંદ્રબાલા નાટકના ગાયનો.	૦—૨—૦
રસિક—લલિતા નાટકના ગાયનો.	૦—૨—૦
રમણ અને તારા (નૉવેલ).	૧—૮—૦

ઉપરના પુસ્તકો નિચે લખેલે ઠેકાણેથી મળશે.

મુંબઈ—ઠે. વસનજી પરમાનંદ ચાહાવાળા, ઠે. કાલબાદેવી રોડ.

,, એન. એમ એન્ડ કંપની. કાલબાદેવી રોડ.

સુરત—એમ. જે પોટવાળા ઠા. નાણાવટ.

અમદાવાદ—શેઠ માહાદેવ રામચંદ્ર જાગુષ્ટે. ઠા. ત્રણ દરવાજે.

ખંભાત—પુસ્તક પ્રસારક કંપનીમાંથી કર્ત્તા પાસેથી તથા શા. વાડીલાલ નેમચંદને ત્યાંથી.

નસિયત સાથ રમુજ આપનાર

નિર્દોષ

રમણ અને તારા

ભાગ્યહિન ભાઇબ્હેન

અથવા

કરપીન કામથી ખ્વાર થએલો મુંબઇનો એક શેઠીઓ.

(એક અત્યુત્તમ રસિક નૉવેલ.)

કર્ત્તા

જુગલભાઇ મંગલરામ પંડ્યા,

વ્યવસ્થાપક, પુસ્તક પ્રસારક કંપની—ખંભાત

અને

(રાજબીજ કલીમલી તથા ચંદ્રમાલા નાટક અને રસિક-
લલિતા વીગેરે નૉવેલના કર્ત્તા.)

નવિ આવૃત્તિ.

અમદાવાદ:

યુનિયન પ્રિંટિંગ પ્રેસ.

સંવત ૧૯૫૨. ઈ. સ. ૧૮૯૬.

કિમ્મત રૂ. ૧-૮-૦

—જે માણસની ખીદમતમાં એક પણ ખરો ગુલામ હોય તો તે કલમછે; જો નુકતેચિનીયો મશ્કરી કરે અથવા માશુક નાફરમાંની કરે તો કંટાળેલા જીવને કલમ એક મોટો આશરો છે.

—બાયરન

... ...

—ગમે તો તમે એક શબ્દ વાંચો અથવા ઉઘાડો પણ નહી, તો પણ પુસ્તક જેવો બીજો કોઈ પણ આનંદકારી ફરનીચર નથી.

—શેકસપીયર.



અર્પણ પત્રિકા.

રા. રા. છોટાલાલ શેવકરામ.

કચ્છ દેશાધિપતિ શ્રીમંન મહારાજાના

સેક્રેટરી સાહેબ. મુ. ભુજનગર.

આપ મારા મુરબ્બી છો, તેમજ આપ ગુર્જરભાષા-
ની ઉન્નતિ કરવા તન, મન, અને ધનથી ઘણો
શ્રમ લોછો, એટલુંજ નહિ પણ ગુર્જર સાક્ષર
વર્ગને અંતઃકરણથી સહાયતા આપોછો ને
સનમાન દોછો જેથી ગુર્જર ગ્રંથકારો આ-
પના સર્વ સદ્ગુણોથી મોહ પામી આ-
પના એકે અવાજે ઘણાંજ વખાણ
કરેછે તેથી તેમ આપે મારા ઉપર
જે અવિચ્છિન્ન કૃપા બતાવી
છે તેથી આકર્ષાઈ આ લઘુ
પુસ્તક આપનેજ અ
ર્પણ કરૂંછું તે કૃપા
કરી સ્વીકારશો
જી.

મુ. ખંભાત—

લી. આજ્ઞાંકિત.
જુગલભાઈ એમ. પંડયા.
ના સાષ્ટાંગ દંડવત પ્રણામ.

આંતરીય ભેટ.

પ્રિય તેજન જવનિક સ્થાયિ.

જગન્નયનાનંદકા "**ચંદ્રઆલા**"

આગના મહારા તરફના પવિત્ર પ્યારથી હૃદયમ-

મંચ્છિદ્વિયોગ સ્વમાવસ્થાએ પણ દુસહ્ય થઈ

પડયોછે. તથૈવ આપના: સ્નેહાર્દ્ર અંતઃકરણમાં

પ્રેમાંકુરો સ્ફુરણાયમાન થવાથી આપે

દુર્ધરાફત મદથૈં સહન કરીછે. તેના

સ્મર્ણ ચિન્હ તરીકે આપનું હર્ષદ-

પવિત્ર-નામ આ મારા પુસ્ત-

કમાં આપવું યોગ્ય ધારી

આપને મારો પવિત્ર પ્યાર

જણાવું છું.

લી. હું છું.

આપનાંતઃકરણમાં રમણ કરનાર.

દર્શનાતુર-રમણ.

પ્રસ્તાવના.

સાંપ્રત કાળમાં ભિન્ન ભિન્ન લેખકોની કલમથી લખાતાં દરવર્ષે સેંકડો પુસ્તકો બહાર પડેછે. તેમાં આધુનિક જમાનાને અનુસરતી સંસારીક નવલ કથાઓ તરફ આધુનિક આર્ય પ્રજા કાંઇક પસંદગી બતાવેછે; અને તે આધારેજ સમયને અનુસરી આ નવલ કથાનો પાયો ઉપસ્થિત કરવામાં આવ્યોછે.

જો કે અહુણાં અહુણાં ગુર્જર ભાષામાં લેખકો ઘણા વધી પડેલ છે; અને ખરા ગ્રંથનું તેઓ સ્વરૂપ ઓળખાવા દેતા નથી તોપણ ગુર્જર ભાષાની ઉન્નતિની અભિલાષા રાખનારે સર્વ કોઇને તેઓ તરફ ધિઃકારની દ્રષ્ટિએ જોવું ઉચિત નથી કારણ હરેક કાર્ય કાંઈ એક વખતમાંજ સફળ થતું નથી. અનુક્રમે પ્રયાસ કરતાં માહાવરાથી હરેક ચિજનું જ્ઞાન વૃદ્ધિંગત થતુ જઈ બુદ્ધિમાં વધારો થતો જાયછે અને બીજી વખત તેવી ભુલ ન થવા દેવા આપણે ખંતીલાં થઇએ છીએ તેમ એક વખત પ્રયાસમાં નિષ્ફળ નિવડવાથી ધૈર્ય હારી જવું એ પણ ઉચિત નથી કહ્યુંછે કે.—

प्रारभ्य तेन खलु विघ्नभयेन निचै
प्रारभ्य विघ्न विहता विरमन्ति मध्याः
विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः
प्रारब्ध मुत्तमजना न परित्यजन्ति ॥

આ નવલ કથામાં આધુનિક જમાનાને અનુસરતી સંસારોપયોગી બાબતો સાથ નેકી બદીનો ચિતાર, લોભથી થતી મનુષ્યની અવદશા; પ્રેમ અને તેની પવિત્રતા સદ્‌ગુણી મિત્ર (પુરુષ)ની શ્રેષ્ટતા કુદરતી રીતે કરણી પ્રમાણે કર્મમાં થતા ચડતી પડતીના ફેરફાર, બદિની નેમથી—બીજાનું બુરૂ કરવા જતાં પોતાનાજ થઈ પડતા બુરા હાલ; મુત્સદી–મતલબી–મનુષ્યની સદા ચડતીવાળા સાથ ન્હાયનાત, આખર સત્ય, શિયળતા અને નેકીની શ્રેષ્ટતા વગેરે દુનિયાનો ડાખલો "કરણી તેવી પાર ઉતરણી અને કર અને જો" વગેરેના વિષયોથી ફુલગુંથણીની માફક આ પુસ્તકમાં ગુંથણી કરવામાં આવીછે; અને

કરૂણારસ સાથ વિરરસ પ્રાધાન્ય રાખી કાંઇક શૃંગારની છાયા પાડી છે. વાર્તાનો સમય છેક સમીપનો અને પ્રદેશ આપણી ગુર્જર વસ્તીનો રાખેલ છે.

હરેક કાર્ય—ભૂલ—દોષથી રહીત ભાગ્યે જ હોયછે. તે સઘળા-પર લક્ષ આપવા કરતાં તેમાંથી માત્ર હૃદયપર આલ્હાદ છાપ મારે તેનું ગ્રહણ કરવું એજ સુજ્ઞોનું કામછે; અને ખરેજ જે સુજ્ઞો છે તે તો પાત્રોના દોષો તરફ લક્ષ નહિ આપતાં તેની કૃતિ અને સુબોધ તરફજ વધારે ધ્યાન આપેછે. અને આ નવલ કથા માટે પણ તેમ જ થશેજ. તોપણ કોઈ વાચકવૃંદ તરફથી કદાચ સદર પુસ્તકમાં રહેલી ન્યૂનતા સુધારી લેવા મને અનુજ્ઞા થશે તો યોગ્ય લાગેથી અનુકૂળ-તાએ તે પુનરાવૃતિમાં સુધારી લેવા ,ચુકીશ નહિ.

આ નવલ કથાની ગુંથણી કરવામાં કેટલીક યોગ્ય જગ્યાએ કેટલાક ઇંગ્રેજી તેમ ગુજરાતી નૉવેલોમાંથી સારા કવિયોના ઉપયુક્ત ફકરા સાથ પ્લોટ લેવામાં આવ્યાછે. જેમાં વિશેષે કરી કાંઇક વિ-લાયતની જાણીતી ઇંગ્રેજ ગ્રંથકાર મીસ બૉડનના એક નૉવેલપરથી એક પારસી ગ્રહસ્થે રચેલ નૉવેલનો પ્લૉટછે. જે ગ્રહસ્થનો આભારીછું.

આ પુસ્તક અણધારી આફતોને લીધે ગ્રાહકોના હસ્તમાં મુ-દતસર નહિ પહોંચવામાં આવેલું તેમજ પ્રુફ સુધારવામાં પુરતી જોગ-વાઈ બની શકી નથી. માટે તે બાબત સુજ્ઞ ગ્રાહકો દર ગુજર કરશે.

વિશેષમાં હવે આ મારી પ્રસ્તાવના સંબંધીની નોંધનું છેવટ લાવી શ્રોતૃવર્ગને અભિનયનિ જવનિકા ઉઘડેછે તે તરફ દ્રષ્ટિ કરવા વિનંતિ કરૂંછું.

રમણ અને તારા.

(ભાગ્યહિન ભાઈ બ્હેન.)

અથવા

કરપીન કામથી ખ્વાર થએલો મુંબઇનો એક શેઠીઓ.

(એક રસિક નૉવેલ)

પ્રકરણ ૧ લું.

વ્હાલાનો વિયોગ.

ટકે ન કોને કારણે, જલધી તણો જુબ્હાળ,
સારો માઠો નવ રહ્યો, કોને સારૂ કાળ.

ગ્રીષ્મ રૂતુમાં એક દિવસ વૈશાખ માસની ચકચકીત અને સુંદર સાંજ હતી; અને સવિતાનારાયણ પૂર્વમાંથી પશ્ચિમ સુધીની પોતાની મ્હોટી મુસાફરી પુર્ણ કરી પોતાની કુદરતી આકાશકક્ષામાં ફેલાએલી નરમ હવાને, લાલ રંગથી દિપાવતો હતો; તેજ દ્રષ્ટિમર્યાદામાં તે અસ્ત પામતો હતો; અને તેના સોનેરી સીંધુરીયા કીરણોનું તેજ ઝાડો તથા ઘાટી ઝાડીયો અને, ઘણાંક ઝીણાં જાનવરોપર પ્રકાશી રહ્યું હતુ. જેનો ચકચકીત દેખાવ જોઈ તે ઝીણાં જાનવરો મધુર સ્વરથી ગાતાં હતાં.

પક્ષીઓ કે જેના મધુર ગાયનો દિવસની ઉષ્ણતાને લીધે બેશુદ્ધ માલમ પડતાં હતાં તે પક્ષીઓ જે ઝાડોપર તેઓ બેઠાં હતાં તે ઝાડોજ જાણે પોતાની મેળે ગાતાં ન હોય ! અને તે એવી રીતે કે જાણે પોતાના માળા આગળથી જનારને તે ખરા અંતઃકરણથી આવકાર

આપતાં ન હોય !—તેવી રીતે તેમાંથી તેઓ મધુર સ્વર કાઢતાં હતાં; અને આ વખતે કુદરત પોતે પણ આ ધકધકતો દિવસ પુર્ણ થતાં સાંજના ઝાકળમાં ન્હાવા તૈયાર થતી હતી. કે જે કુદરતની સુંદર રમણ્યતાને લીધે પૈશાના પુરાવા છવાઈ રહ્યા હતા. જેની સૌંદર્યતાએ બાગો, ઝાડો, અને વાડયોને સુશોભીત કરી મુક્યાં હતાં. જેથી સ્વચ્છ અને રળીઆમણા આકાશની ખૂબી નિરખી પ્રભુલીલાકૃતી સંબંધી મનુષ્યનું દિલ કુદરતી રીતે આલ્હાદ પામતુ હોય એમ દિસતુ હતું. આવા કુદરતી સુખોહ્ગારના સમયમાં સુરત શહેર મધ્યે પોતાના મકાનની આજુબાજુ આવેલા ઉપવનમાં એક જોડું હવા લેતુ એક મંચપર વિરાજીત થયું હતુ.—

આ જોડાને પોતાના કુટુંબ સાથે કોઇપણ ભલા અને ઉદાર દિલના સખ્સના દિલમાં અદેખાઈ ઉપજાવે એવી સુખી જીંદગી ગુજારતું વાંચનાર સાથ ઓળખાણ કરાવીશું.

જોકે આ જોડું બહોળુ કુટુંબ ધરાવનારનો દાવો રાખી શકતું નહોતું. તદપી તેના ન્હાના કુટુંબનાં જે માણસો હતાં, તેનાથી તે વ્યાજબી રીતે મગરૂર હતુ. આ જોડાનુ ન્હાનું કુટુંબ ફક્ત ચાર માણસનુ બનેલું હતું. જેમાં આ જોડું—એક વ્યાપારી અને તેની સ્ત્રી—તથા ત્રીજો તેનો છોકરો અને ચોથી તેની એક પુરી બેટી હતી. આ છોકરી અને તેની માની ખુબસુરતી તથા આ કુટુંબના સુખનુ ખરૂં બ્યાન આ કલમ તો શું પરંતુ પોતાના કવીત્વપણામાં વખણાએલ એક નામાંકીત કવીપણ પુરતો ઇન્સાફ આપવા આગળ પગલાં ભરી શકે નહી. આખા કુટુંબનો પાલણ કર્તા—ઉપલ્યા જોડામાંનો એક સખ્સ જેને આપણે હવે મી. "કરશનદાસ ભાવનગરી" ને નામે ઓળખીશું—તે હતો. તેની પત્ની જેનુ નામ "રાધા" હતું. ન્હાનપણથીજ કરશનદાસ અને રાધા નિશાળના સોબતિ હતાં; અને તેઓની જ્ઞાતિની મ્હોટી ઉમરે પરણવાના ચાલને લીધે રાધા ઉમર લાયક થતાં, કરશનદાસ અને તેણીના પ્રેમમાં પરસ્પર વધારો થવા સાથ તેઓ મોટી ઉમરના થએ ધણી ધણીઆણીનો હક ધરાવા એક બીજાના કોલથી બંધાયાં હતાં. રાધા પર્ણવા લાયક થઈ. રાધાના પીતા જેઓ બડા શેઠની અડકે ઓળખાતા હતા, તેઓને અને કરશનદાસના કુટુંબ વચ્ચે વર્ષોના વર્ષોથી વેર ચાલતુ આવતુ હતુ. રાધાના પીતાએ લગ્ન સંબંધી કાર્યમાં તેણીનો વિચાર ધ્યાં-

નમાં લેતાં, તેણીની મરજી મી. ભાવનગરી સાથ લગ્ન કરવાની જ-ણાતાં તેણીના ઉપર તેણીનો પીતા કોપાયમાન થયો હતો અને એક કીશનજી નામના સખ્સ સાથ તેણીનાં લગ્ન કરવા તેણે ઠરાવ કર્યો હતો. રાધા આથી નારાજ થઈ—ખેદ યુક્ત થવા લાગી; અને પોતાના આપેલા કોલ પ્રમાણે ચાલવામાં આવી પડેલુ વિઘ્ન તેણીએ મી. ભાવ-નગરીને પત્રદ્વારાએ વિદીત કરી તેથી મુક્ત થવા રસ્તો માગ્યો. મી. ભાવનગરી આ ખેદ યુક્ત સમાચાર સાંભળી હિમ્મત હાર્યો નહી. અને પોતાના કુટુંબની દરકાર ન કરતાં તેણીને એકદમ ઉઠાવી લેઈ જઈ કોઈ દુર સ્થળે જઈ રહેવાનો ઠરાવ કર્યો. અને તેણીને નિમેલી મુદ-તપર તૈયાર રહેવા ફરમાવ્યું. રાધા તેના કહેવા મુજબ તૈયારજ થઈ બેઠી એટલે ઠરાવેલી મુદતે તેણીને લેઈ તેઓનું માંડવી બંદર વતન છોડી હાલ દસ પંદર વર્ષ થયાં તેઓ ઘણીજ સંભાળ અને ચુપકીથી સુરતમાં આવી રહ્યાં હતાં. મી. ભાવનગરી અત્રે આવ્યા બાદ વ્યાપારમાં ગુંથાયો હતો. કે જે વ્યાપાર તે ઘણું કરી એડન મુકામે રાખતો હતો. વતન છોડ્યાબાદ આઠ દસ વર્ષ થયાંજ તેઓ સુખમાં દિવસો કાઢતાં હતાં; પણ અરે સુખ ! તે હમેશ ફુહોના ઉપર પોતાના હાથ લંબાવી રાખે છે.?! અહો ! દુનિઆમાં હમેશ કોણ સુખી રહ્યો છે?! કોઈ નહી ! તો મી. ભાવનગરીના કુટુંબના સુખનો અંત આવે તેમાં શું આશ્ચર્ય.?!

આ સુખનાં દશ વર્ષો ગયા બાદ એક વૈશાખ માસ બેઠો. અહા! દુષ્મન તે વૈશાખ કે જે માસની સાંજે—ઉપર કહેલી વાડીમાં એક જોડું હવા લેતુ વિરાજીત થયુ હતું—તેજ આ કરશનદાસ અને રાધા કએ દહાડે જાણતાં હતાં કે હવે આપણા સુખના દિવસોનો અંત આવ્યોછે! એવો કીયો ટેલીગ્રાફ વાળો છે કે તેઓપર પડતી આફ્ત વિશે બરાબર વખતસર તેઓને ખબર પહોચાડે!! પણ તે આફ્ત ટેલીગ્રાફ ઑફીસમાંજ નોંધાઈ અને બરોબર ટેલીગ્રાફજ તેનો શત્રુ થયો સાંજનાં પાંચને પીસ્તાલીસ મીનીટ થઈ. એટલે તેઓના અંગની સમોવડ કાંતીમાં દુઃખના નહોતરાં દેવાયાં સુખના કટ્ટા શત્રુઓ તેને ત્યાં પધાર્યા નામ પુછાયું—મકાનમાં પ્રવેશ થયો. અને પાછલી બારીએ થી દાખલ થઈ બગીચામાં પ્રવેશ કર્યો. એક એકની નજર અથડાતાં "મી. કરસનદાસ છબીલદાસ ભાવનગરી"—આપનુ નામ? પોઇ

સેનના આ પ્રશ્નથી મી. ભાવનગરી ભડકયા; અને લથડતી જીવ્હાએ બોલ્યા—"હા શું છે.?" જવાબ મળ્યો. "જી સાહેબ આપનો તારછે" એટલું બોલી તેને એક બીડેલુ કવર આપી તે સીપાઇ આવેલે રસ્તે વિદાય થયો. રાધા આ જોઇ અધીરી બનીગઈ; અને પુછવા લાગી—પ્રાણેશ. શું હકીકતનો તારછે? મને લાગેછે કે એ ઘણોજ જરૂરનોછે નહી તો અરજન્ટ આવે નહી;

તાર વાંચતાંજ શુદ્ધિ વિનાના થઇ બેઠેલ મી. ભાવનગરી રાધાના પ્રશ્નનો ઉત્તર આપતાં ઉચર્યા. "હા તે ઘણોજ તાકીદનો છે; અને તે એડન મુકામેથી આપણા ગુમાસ્તાએ મોકલેલછે; અને તેમાં લખ્યું છે કે—વખારમાં આગ લાગીછે; અને દુકાનનો માલ બધો ચોરીએ ગયોછે માટે વ્હેલા આવવું."

મી. ભાવનગરીને મોઢેથી આ શબ્દો નિસરવા સાથ તેણી બે શુદ્ધ થઈ જમીનપર પડી; અને આ ભયંકર બીના સાથ તેના પતિના વિયોગ માટે તેણીના દિલમાં ફડકણ વાયુએ પ્રવેશ કર્યો તેણીના ગાત્ર નાબુદ થયાં—કંઠ ગગળવા લાગ્યો. મી. ભાવનગરીએ તેને સાવધ કરી. પાછી તેણી અધીરી બની પુછવા લાગી. "ત્યારે શું પ્રાણેશ. તમે જશોજ?! મને મુકીને?" એટલું બોલતાં તેની ચક્ષુમાંથી ધોધની માફક બાષ્પબીંદુઓ વ્હેવાલાગ્યાં જોકે કરશનદાસ વર્ષમાં એક બે વખત કાર્યાર્થે એડન જતો હતો. પરંતુ રાધાને આ વખત તેનો વિયોગ ઘણોજ સાલવા લાગ્યો; અને કુદરતી રીતે તેણીને તેમ થવું સંભવીત હતું. આ વખતે આ વ્યાપારમાં લાગેલ ખલેલ સાથ કરશનદાસ તેની પત્નીનુ આવુ સૈઘ્ન દુઃખ જોઈ શકયો નહી; તોપણ હિમ્મત પકડી તેને ધૈર્ય આપવા પાછા પગલાં ભરી શક્યો નહી. તે બોલ્યો "પ્રીયા, ખચ્ચીત આ નાદાની કરોછો. તમે આવાં કેળવાયલાં; અને અનુભવી છતાં આફતનો ખોટો ખ્યાલ કરવો એ નિરર્થકછે. હોય! આફત આવેછે ત્યારે કાંઈ કહીને આવતી નથી; અને મ્હારો વિચાર હવે એટલે બધે લાંબે પ્રદેશથી બ્યાપાર ઉપાડી નાખવાનોછે. માટે એક વખત જોઇ આવું ત્યાં શું અવસ્થા થઈછે બાદ જે કાંઇ બન્યુ હશે. તે લેઇ ત્યાંની દુકાન ઉઠાવી અત્રે તેવી દુકાન ચલાવી. ઘેર બેઠાં રોજગાર સાથ એકાંતમાં સુખના દિવસો હવે આપણા કુટુંબ સાથ કહાડવા મ્હાકછું; માટે આ વખતે આંખ્યમાં આંસુ

લાવી અપશુકન કરવા મુકીદયો.

"પ્રીય સૌભાગ્યચંદ્ર, એ આંસુ હું લાવી શકતી નથી; પરંતુ મારા દિલમાં આપના વિયોગનુ નામ સાંભલી જે કંપારી છુટેછે તેજ એ આંસુ લાવનાર મુળછે. પ્રાણેશ ! મને આજ કેટલાક દિવસોથી સ્વપ્ન આવેછે. તેમાં હું આ પ્રત્યક્ષ પ્રમાણ જોઇ એટલુંજ કહી શકું છું કે; આપની આ મુસાફ્રી મને ઘણીજ ભયભરેલી લાગેછે; જેથી પ્રાણનાથ, જે થયું તે થયું ન્હાયતો તાર કરો કે ન્હાયતો કોઇ આદમીને મોકલો પરંતુ તમે તો જશોજ ના"!! એટલુ બોલી રાધા તેનો છેડો પકડી અશ્રુપાત કરવા લાગી.

"પ્રિયા, આમ ઘેલાં કહાડો તે ઠીક કે?! વિચાર કરો પરાયુ આદમી કેટલું કામ કરી શકે; અને તે કેવું થાય? કાંઈ નહી હોય! ચાલ્યાં જાયછે? એટલા દુઃખથી ડરી જવું એ સારૂ નહી. ધીરજ ધરો હિમ્મત રાખો—ઇશ્વરપર આધાર રાખો તે જો મહેરબાન હશે તો બીજાથી શું થનારછે?! મારે આજ મેં પેપરમાં વાંચ્યુંછે કે કાલે "કુમુદ બાંધવ" સ્ટીમર એડન ઉપડનારછે જેથી રાતની મેલમાં જરૂર મારે મુંબઈ જવું જોઇએ. પ્રિયા જુવો સાંભળો. જે રોજગારમાં ખલેલ લાગીછે. તેથી આપણે નિરાશ થઈ બેસવાનું નથી. તમારા અને તમારાં બાળકોને સારૂ મેં ન્હાની સરખી પુંજી એકઠી કરી રાખીછે; અને તે આશરે એક લાખ રૂપૈયાછે, ચાલો હું તમને તે બતાવું. કે જેના પ્રથમ મેં શેર વીગેરે સખ્યા હતા; પરંતુ ભલા અને પ્રમાણીક દોસ્તોની સલાહથી તે પારકા દેશના કાગળપત્રોને વેચી નાંખી તેના મેં પૈસા ઉભા કીધાછે અને એડન ઉપડી જવા પહેલાં મુંબઈની એક મશહુર પેઢી કે જ્યાં ઘણા સદ્ગ્રહસ્થો બીન ધાસ્તીએ પોતાના નાણાં રાખેછે અને જ્યાં અસલ મારા વડવાઓ પણ નાણાની કેટલીક રકમ જમે રાખતા. તે દુકાનપર તે પૈસા તથા આ વાડી તથા મકાનનું ખત વીગેરે મુકતો જઇશ. કે જે ત્યાં સહીસલામત રહેશે. એમ કહી મી. ભાવનગરી ઘરમાં આવી ત્રીજોરીમાંથી નોટો કાઢી રાધાને બતાવે છે.

"અરે શિરછત્ર!—તમારા આ શબ્દો મને તીર માફ્ક લાગે છે. અરે! તમે શું જાણે આફ્તમાંથી પાછાજ ન આવવાના હો તેમ વાત કરોછો" રાધાએ અશ્રુપાત કરતાં ગળગળીત કંઠે કહ્યું.

"ના પ્રિયા તેમ નહી; પરંતુ મારી ગોઠવણ એક ડાહ્યા અને

સમજુ પુરૂષની બરાબરછે. પણ ચાલો હવે વખત થોડોછે; જેથી મારા પ્રિય બાળકોને મને મળવા દો." એટલું કહી મી. ભાવનગરી બીજા હોલ તરફ વળ્યો.

કરશનદાસ બીજા હોલમાં જતાં જ સામેથી એક દસ વર્ષની છોકરી અને બાર વર્ષનો એક છોકરો બન્ને દોડતાં દોડતાં આવી તેને બાઝી પડ્યાં. અહા ! શું ખુબસુરત બાળકો ! તેમ છોકરી ઉપર તો ખૂબસુરતીની બક્ષીસ માટે ઇશ્વરજ મહેરબાન થયો હતો કારણ જેવી રીતે તેણીપર સૂર્ય પ્રકાશતો હતો; તેવી રીતે ભાગ્યેજ કોઈ બીજા ચ્હેરા ઉપર પ્રકાશતો હશે !—કેવું તેનું ડોળ ! કેવી લાવણ્યતા ! કેવો સુદર શરીરનો બાંધો ?! કેવું મૃદુ મૃદુ રીતે તેણીનું હાસ્ય કરવું કેવો સુંદર કોકિલાસમ મધુર સ્વર ! કેવી સુંદર હંસના જેવી ચાલ ! શું સભ્યતા ! અહા ! મુવેલાં તે જોઈ જીવતાં થાય તો જીવતાંને તે કેવાં વહાલાં લાગે ?! પણ અરે ! માણસની ખૂબસુરતીથી ખુશી થવાનું નથી.' તેમાં જેટલા ફાયદાછે તેટલાજ ઘેર ફાયદા સમાએલાછે. જે અગાડી વાંચતાં વાચકવૃંદને વિદિત થશે.

કરશનદાસની આ છોકરી જેનું નામ "તારા" હતું; અને તે ખરેખર એક તારા રૂપીજ તેજ હતું; અને છોકરો કે જેનું નામ "રમણલાલ" હતુ તેની પણ ખુબસુરતી સાથ ચાલાકીનો પાર નહોતો. અને બાળકો બાપને ભેટી રડવા તથા કકળવા લાગ્યાં કે "બાપાજી અમો અમારી રીડીંગ રૂમમાં બેઠાં હતાં તે વખતે પોષ્ટનો સીપાઈ જે પત્ર આપને આપી ગયો તે વિશેની હકીકત તમોએ અમારી માતુશ્રીને કહી સંભળાવી તે સર્વે અમોએ રીડીંગ રૂમના દરવાજાની ફાટમાંથી, સાંભળીછે. તો શું પીતાજી તમે જશો ? હેં ! પીતાજી તમે જશો તો અમોને લાડ કોણ લડાવશે ?"

એટલું બોલતાં આ માયાળુ ભાઈ બ્હેનની ચક્ષુમાંથી નદીની માફક બાષ્પ બિંદુઓ વહેવા લાગ્યાં. આ ભાઈ બ્હેનના દિલમાં તેઓની માની પેઠે ભયે વાસો નહોતો કીધો; પરંતુ તેઓને કરશનદાસે લાડમાંજ ઉછરેલાં હોવાને લીધે તેઓના પ્યારથી વિમુખ થવું તેજ તેઓની દિલગીરીનું કારણ હતું; અને પોતાના નશીબમાં શું આફત આવનારછે તે વિશે તેઓને સ્વપ્ને પણ ફિકર-ચિંત્તા-નહોતી.

છોકરાંને પ્રેમથી ભેટી રાધાને સ્નેહથી હૃદયદાન દેઈ વખત થતાં

ગાડીવાળો મકાનના દરવાજા પાસે ગાડી જોડી લાવવાથી મી. ભાવનગરી તેમાં ડાખલ થવા જાયછે; એટલે રાધા તેને વળગી પડી બોલી-"પ્રિય પ્રાણ હૈયાના હાર. હું આપને સારૂ પરમેશ્વરની પ્રાર્થના કર્યા કરીશ કે તે તમારી મુસાફરીના પ્રયાસમાં તમોપર આવતાં વિઘ્ન દૂર કરે; પરંતુ પ્રાણપતિ તમે જે હાલ મુંબઇની પેઢી વિશે કહ્યું તે પેઢી કોના નામની ચાલે છે; અને તેનો વહીવટ હાલ કોણ કરે છે, એ જાણવાની મને કાંઇક જરૂર છે."

"હા, પ્રથમ મારા જાણવા પ્રમાણે તે પેઢીના માલીકોનું નામ-"જીતમલ જુઠાજી"ના નામે ઓલખાતુ હતુ; પરંતુ હાલ કેટલાંક વર્ષો થયાં તેઓને કાંઇ સંતતી નહી હોવાથી તેના જમાઇ કીશનજીને તેના સ્ટેટનો માલીક બનાવી દીધો છે, અને તે હાલ મુંબઇમાં "કીશન લવજી" ને નામે ઓળખાય છે. તેઓ જાતે આપણી ન્યાતનાજ છે. બસ પ્યારી હવે ગાડી ખોટી થાય છે. માટે મને જવા દયો. છોકરાંની બાલાસી રાખજો. હું થોડા દિવસોમાં ત્યાં પહોચી તમને પત્ર લખીશ. અને તાકીદે પાછો ફરીશ. પરમેશ્વર તમારી મદદ કરો."! એટલું કહી મી. ભાવનગરી ગાડીમાં બેસી રવાના થયો.

હજુતો કરશનદાસ ગાડીમાં બેસી થોડેક દુર ગયો નથી. એટલામાં રાધા જે તેઓના શબ્દો સાંભળી સ્તબ્ધ થઈ ઉભી રહી હતી તે એકદમ બેશુદ્ધ થઈ જમીનપર પડી—આ જોઈ કુમળી વયના બાળકો ગભરાવા લાગ્યા—તોપણ રમણ અને તારા એ તેની સારવાર કરવામાં કચાસ રાખી નહી જરા શાંતી વળતાં રાધા એક ઉંડો નિશ્વાસ નાખી વિચાર કરતી બેઠી. અને બરબડવા લાગી "કીશન લવજી! કીશન લવજી! અરે દુષ્ટ તું હજી હેઠો પડયો ,નહી હોય!! પ્રિય ભર્થાર તમો ત્યાં ન જશો.! અરે! તેને રૂપૈયા ન આપશો.!! અરે! મને પ્રથમજ માલમ હતું કે કાંઇક વિઘ્ન આગળ આવે છે. પરંતુ આવુંજ થનાર છે. એવી મને શું ખબર?! અરે પ્રભુ! હવે શું થશે?! અરે દુષ્મન કીશનજી તું પાછો આગળનો આગળજ રહ્યો!! અફસોસ! અમો કેવાં કમનસીબ કે તે આપણો દુષ્મન છે એવું મેં આજ સુધી મારા પ્રિયતમને જરાપણ સમજાવ્યુ નહી.—

પ્રકરણ ૨ જું.

કીશન-લવજી.

ભલો ન નિવડે દુષ્ટ જન, ભલો કહે જો કોય;
વિખ મધુર મિઠું લવણ, કહ્યે ન મિઠાં હોય.

સુરતને સ્ટેશને રાતના બાર થયા કે વઢવાણથી સાંજના ચારે ઉપડેલી મેલટ્રેન સુસવાટાભેર આવી ઉભી રહી. મી. ભાવનગરી સેકન્ડકલાસની ટીકીટ કરાવી તેમાં દાખલ થઈ સૂર્યોદય થતાં મુંબઇ નગરીની મુલાકાત લેવા તેઓ ચરનીરોડને સ્ટેશને ઉતર્યા; અને ઉતારૂઓને નિમેલે ઠેકાણે જવાઆવવાની સવડ માટે સ્ટેશન પાસે ફરતી હજારો ભાડુતી ગાડીઓમાંથી એક વિકટોરીઆ ભાડે કરી જાણીતી મી. કીશન લવજીની પેઢી તરફ વળ્યા—કીશન લવજી શરાફની જાણીતી પેઢીથી મુંબઇના ધંધાદારીઓ અને વ્યાપારી વર્ગમાંથી ભાગ્યેજ કોઈ અજાણ હતું ગાડીવાળાએ તુરત તેની પેઢીના દરવાજા પાસે ગાડી ઉભી રાખી. એટલે મી. ભાવનગરી તેમાંથી ઉતર્યા.

આ દુકાનમાં હાલ જીતમલ જુઠાજીનુ કોઈપણ રીતે નામ ન રાખતાં ઉછાંછળો કીશનજી પોતાના નામથીજ સ્વતંત્ર ધંધો ચલાવતો હતો. કીશનજીની ઉમર હાલ પાંત્રીસ વર્ષની થઇ હતી. અને દુનિયાની મશહુર કહેવત—ભરતામાં ભરાય—પ્રમાણે તેના બાપનો તે એકનો એક છોકરો જેથી તે મુવા બાદ તેની દોલતના વધારામાં મી. કીશનજી તેના સસરાના અખુટ ખજાનાનો માલીક બન્યો હતો.

આધુનિક કાળના ઉછરતી વયના યુવાનીઆઓ સંસારની સરળ મુસાફરીમાં કુમાર્ગે ચઢાવનાર દુષ્ટ દોસ્તોની મિત્રતાથી નફટ બની રાગ રંગના શોખીન થઈ પડી. કુમાર્ગરૂપી વૃક્ષનાં ફલ ચાખવા નિ-મમતાથી મચ્યા રહી પોતાના વડીલોની ઇજતને ખલેલ લગાડે છે. તેવી રીતમાંનો આ કીશન લવજી એક હતો. તેની વિસ વર્ષની ઉમરે તેના પીતા લવજી લખપતિ આ આફાની દુનિયાનો ત્યાગ કરી સ્વધામે પહોચ્યા હતા. અને તે દિવસથી તેના બાપનો અખુટ ખજાનો તેના હસ્તમાં આવતાં તે લુચ્ચા અને જુગારી દોસ્તોનો સરદાર બન્યો હતો. આ માર્ગે તેનો કેટલોએક પૈશો ખ્વાર થતાં સુભાગ્યે જીતમલ

જેવા જાણીતા શરાફની છોકરી સાથ પાછાં તેના લગ્ન થતાંજ પોતે કેવો ભાગ્યવાન છે તે સમજવા તેને જરા પણ વિલંબ લાગી નહી પરણ્યાને થોડા વર્ષ થયાં ન થયાં એટલામાં તેનો સસરો ગુજરતાં ભાઇ સાહેબને માંડવીબંદર છોડી તેના નસીબમાં જોડાએલા સ્ટેટને સંભાળવા તેને મુંબઇ આવી રહેવું પડયું હતું જીતમલજીની છુપી દોલત તેના હાથમાં જતાંજ જાહેરમાં આવવા માંડી હતી. અને આ દુકાન અશલ મુજબ ધમધોકાર ચલાવવા તેણે પોતાની વર્તણુંક કાંઇક સુધારવા માંડી હતી. પરંતુ તે વર્તણુંક તેનો અસલ મીજાજ છોડી ઝાઝો વખત દુર રહી શકી નહી—પડી ટેવ તે કોઇ દિવસ ટળતી નથી—આથી પાછો. તે બીજા મળેલ દોસ્તો સાથજ મોજશોખ મારવામાંજ વખત ગુમાવવા લાગ્યો; અને હાલ તે માટે તેના સસરાના પરેલપરના અસલ રાખેલ ગંજાવર મકાનમાંજ રહેતો; અને કોઇ કોઇ વખતેજ દુકાનપર આવતો હતો.

કીશનજી આ દોલતવાંનની પુત્રી પરણ્યો હતો પરંતુ—વેશ્યાઓના ઠાઠમાઠવાળા વૈભોગો જોઈ તેની વૃતિ ભ્રષ્ટ થએલી હોવાના સબબથી—તેણીને તે ચ્હાતો નહી; અને આ અખુટ ખજાનાનો માલીક બનવાર્થેજ તે અત્રે પરણ્યો હતો એવું ખાસ તેના લાગતાવળગતાઓ પણ જાણતા હતા; અને તેણીના પરના અનાદરને લીધે. તે બીચારી સદ્દગુણ સંપન્ન સ્ત્રીને તે ગીરગામમાં આવેલા ચીનાબાગ પાસેના એક મકાનમાં—કે જે મકાનમાં અશલ તેણીના બાપ વીગેરે રહેતા હતા તેમાં–એક બે ચાકરડીયો સાથ તેણીને એકલી રાખતો હતો.

જે વખતે મી. ભાવનગરીએ આ દુકાનની મુલાકાત લીધી. તે દિવસે કીશન લવજી દુકાનપરજ હતો તે આ વખતે પરેલપરના બંગલામાં કયાંય મોજ મારતો હોય. પરંતુ આજનો આ એવો વખત ન્હોતો કે મોજ માણવામાં તે સુખમાણે–વિચાર કરી જોતાં તો તે બદલ તેના દિલમાં કાંઈ નહોતુ; કારણ તે પોતાના નામ અને ઇજ્જત કરતાં મોજશોખ અને આપવડાઇ વધારે પસંદ કરતો હતો; પરંતુ તેજ મોજશોખ અને આપવડાઇને જાળવી રાખનાર તરીકેનુજ આ કાર્ય હતું; અને જો તે તેમાં ન ગુંથાય તો પાયમાલીની પાએરીએ ચઢવાનો વખત નજદીક હતો. માટેજ તે આ વખતે ચિંતાતુર ચ્હેરે વડા મુનીમ સાથ દુકાનના એક ખાનગી ભાગમાં વિચાર કરતો બેઠો હતો.

આ કાર્ય શું ? તે બીજું કાંઈ નહી; પરંતુ તેની મોજમઝાના છુંછળા ખર્ચ તથા વ્યાપારમાં ગએલ લાખો રૂપૈયાની ખોટના સબબે માલમ પડેલી ત્રીજોરીનું તળીયું હતું; અને હાલ તે માગતાવાળાઓને શું જવાબ દેવો એજ ચિન્તામાં ગુંથાએલો બેઠો હતો.

તેની સાથે બેઠેલા મુનીમને ઓળખવાની આપણને કાંઈક જરૂર છે. તે બીજો કોઇ નહી પણ લીમજી-લધા નામનો તેના સસરાના બાપના વખતનો એક વૃદ્ધ અને ઘણોજ જુનો ગુમાસ્તો હતો, અને જીતમલજીના મુવા બાદ કીશન લવજીના હાથમાં દોલત આવતાંજ વખત જવે કીશનજીને ને તેને ધાઢો ઘરોઓ થઇ પડ્યો હતો. આ લીમજી લદ્ધા વૃદ્ધ હોવાથી તેના દાંત પડી જતાં તેમાલાં ચાવતો બની ગયો હતો; અને એટલે પણ ન સરતાં ઇશ્વરી કુદરતે તેની કમ્મર વાળી નાખી તેને ખુંધો બનાવી મેલ્યો હતો. તેને પેટીકાની યુક્તી ભરેલી યોગવાઇ જાળવ્યા વીના પળવારપણ ચાલતું નહી. આ લીમજીને લોકો "લાલકાકા" કરી કહેતા હતા; અને આપણે પણ હવે તેજ નામથી તેને ઓળખીશું. આ વૃદ્ધ લાલકાકામાં—પરાક્રમ, ચાતુરી, ચંચળાઈ, અને આત્મકૌશલ્યતા, ઘણી હતી; પરંતુ તે સર્વને કોરે બેસારનાર લાલચ-લોભ-તેના સ્વભાવને વળગેલો મુખ્યગુણ તેના કલેજામાં અત્યાર સુદ્ધી જારીજ હતો. તે કીશનજીનાં કાવત્રાં જાણતો તેમ કીશનજીને પણ લાલકાકા મારાં કાવત્રાં જાણે છે તેવું માલમ હતું. જેથી તે તેને હાથમાંજ રાખતો હતો, અને તે જેમ ફરમાવે તેમ કરવાની તેને જરૂર પડતી હતી. લાલકાકા આ દુકાનનો વડો તેમ જુના વખતનો મુનીમ હોવાથી દુકાનનું આવરણ તેનાથીજ હતું; અને ઘણાખરા લોકો તો જીતમલ જુડાજીના મુવા બાદ એનાજ પ્રમાણીકપણા ઉપર પોતાની નાણા સંબંધી લેવડદેવડ ચાલુ રાખતા-નહી કે કીશનજીની.

આ બુઢા લાલકાકાને ત્રણ વીસોને પાંચ વર્ષ થયાં હતાં. છતાં તેની પછવાડે કોઇ રડનાર કે કુટનાર નહોતું; અને તે જન્મથીજ કુંવારી જીંદગી ગુજારતો હતો. તે હાલ ચંપાગલીની ચોથી લાઇનમાં માકાચંદ મારવાડીના મકાનમાં છેક ઉપરના કાતરીયામાં ભાડે રહેતો હતો. વાંચનારને આ લાલકાકા સાથ કીશન-લવજી બાટીયાનું ઓળખાણ કરાવી હવે થોડો વખત પેલા આપણા એડન ઉપડનાર ભાવનગરીની હાલત તપાશીએ.

કરશનદાસ જીતમલ જુહાજીને ઓળખતો હતો; પરંતુ કીશન લવજી કેવો છે કે કેવો નહી તે તેને માલમ ન હતું. ફક્ત નામથીજ જાણતો કે જીતમલ જુહાજીએ કોઇ કીશન લવજી નામના તેના જમાઇને પોતાના સ્ટેટનો માલીક બનાવ્યો છે; અને તે તેના નામની દુકાન અછી ઇજત સાથ ચલાવે છે.

દુકાનના દરવાજા પાસે આવી ઉભેલા ભૈયાને પુચ્છયુ "શેઠછે?" જવાપ મલ્યો. "હાં હે" "જઇને કહો કે બ્હાર કોઈ મલવા આવેલછે" ભૈયાએ અંદર જઇ કહેતાં ખુંધા લાલકાકાના હાથમાં ગીરનારના ડુંગરમાંથી મંગાવેલ ચેષ્ટીકા પકડી ખુંધાતા બ્હાર આવી પુછવા લાગ્યા. "ભાઈ કહોનુ કામછે ?"

ભાવનગરી—મારે કીશનજી શેઠને મલવુંછે.

આ શબ્દોચારથી લાલકાકા તેને ટીગીટીગીને નીહાળવા લાગ્યા. કે રખેને કોઇ નાણાં ઉપાડવા તો ન આવ્યો હોય; અને કદાચ ન મલવાથી ગામમાં બુમતો ન ઉરાડે કે કીશનજીની ત્રીજોરીનુ તળીયુ આવ્યુંછે એવો વિચાર કરી બોલ્યો "ભાઇ કીશનજી શેઠની મુલાકાત માટે હાલ તમને નહી બને કારણ હાલ તેઓને ઘણુ કામછે અને ઉતાવલજ હોયતો મને કહેતા જાઓ."

"મારે શેઠનેજ મલવુંછે. જેમાં મારોતો ખેર પણ મારા વ્હાલા નો સ્વાર્થ સમાએલોછે; અને તે એજ કે આજ દશ વર્ષ થયાં મેં એકઠી કરી રાખેલ દોલત મારે વ્યાજે મુકવીછે; અને તેટલાજ માટે ખાસ તેઓને મારે મલવુંછે" મી. ભાવનગરીએ કહ્યું.

લાલકાકા આ આવેલ શિકાર માટે દિલમાં વિચાર કરવા લાગ્યા કે "આ કમનસીબ મુરખનો સરદાર વાઘના મ્હોંમાં મરવા આવ્યોછે જાણતો નથી કે ગમે તેવી આબરૂદાર પેઢી હોય તોપણ જ્યારે માથે આવી પડે ત્યારે તેથી બચવા માટે બીજાનુ બુરૂ કરવામાં તેના માલીકો પાપ સમજતા નથી; તો આતો કીશન લવજી, નામનો નમુનો; અને અક્કલનો પાજી તે કેમ ચુકશે? ખેર ફોડે માથુને કાઢે રાતુ. શેઠની ત્રીજોરી તર દેખાઈ પેઢીનુ નામ જતુતો બચશે.? અને પેઢીનુ કદાચ નામ જાય તો આપણે આટલાં વર્ષ સુધી જે આ દુકાનપર ઇજ્જત સાથ શેઠઇ ભોગવેલી તે આ બુઢાપાના વખ્તમાં બીજાને ત્યાં ભાઈ બાપુ કરીને નોકરી ખોલવી પડે. માટે ચઢો બેટા

સુળીએ રામજી ભલા કરેગા. તેમાં આપણાં છોકરાં કયાં ભીખમાગવાનાં હતાં" આવો વિચાર કરી તે બોલ્યો કે "જ્યારે સાહેબ આપને ઉતાવળછે તો કહો જોઈએ આપનુ નામશું.?" મારૂનામ કરસનદાસ છબીલદાસ ભાવનગરીછે; અને અશલ જીતમલ જુડાજીના વખતમાં અમારા વડીલોનો આ પેઢી સાથ નાણા સંબંધીનો વ્યવહાર ચાલતો હતો."

આ સાંભલી બહાદુર લાલકાકા અંદર ગયા અને કીસન લવજી—કે જે બહાર કોઈ નાણા ઉપાડવાતો નહી આવ્યુ હોય. ?! એવી ફીકર કરતો ઉંચે સ્વાસે બેઠો હતો.—તેને કહ્યું "સાહેબ કોઈ કમનસીબ કરશનદાસ છબીલદાસ ભાવનગરી આપને ત્યાં રૂપૈયા વ્યાજે મુકવા આવ્યો છે."

કરશનદાસ ભાવનગરીનુ નામ સાંભલી મી. કીશનજી ચમકયો! ગુસ્સાના આવેશમાં આવ્યો. કારણ વાંચનાર પછાડી વાંચી ગયા તે ધ્યાનમાં હશે કે મી. ભાવનગરી રાધાને લેઇ નાસી ગયો હતો તે અગાઉ તેણીનો બાપ તેણીના લગ્ન આ કીશનજી સાથેજ કરનાર હતો. અને સઘલી ધામધુમ થઇ રહી હતી. એ આરસામાં કીશનજી તેને લેઈ નાઠો હતો. એથી મી. કીશનજીને હાથ ગસતુ રહેવું પડયુ હતુ અને એ દ્રેષને તેના દિલમાં બીલામાની પેઠે ચોકસ ઘર કરી બેઠો હતો. તેથીજ તે આ વખતે મી. ભાવનગરીનુ નામ સાંભલી તેનાં રૂવાં ઉભાં થયાં હતાં—તેનુ લોહી તપવા લાગ્યુ—વિસારે પડેલી રાધાની વાત તેના અંતઃકરણમાં પ્રદિપ્ત થઇ; અને કોઇ બહાને વેર લેવા તે લલચાયો. અને આ વખત આ આવેલ શિકારને ચુકવો સમજી તેને અંદર બોલાવા લાલકાકાને કહ્યું—

કરશનદાસ ભાવનગરીના લાખ રૂપૈયા. એ કીશન લવજીની પેઢીની ત્રીજોરીના તલીયાનુ સાંધણ—અને વખતે માગતા વાલાઓ કદાચ લેવા આવેતો તેનુ દિલશાંત કરવાને એ એક અચ્છુ સાધન હતું; અને કુદરતે મી. ભાવનગરીને અત્રે ન મોકલ્યો હતે તો સદરહું પેઢીની ત્રીજોરીનુ તલીયું દેખાવાની વાત પ્રસરવા ઘડીઓ ગણાતી હતી; અને છાપાં વાલાઓ એ વાત આજના પેપરમાં પ્રસિદ્ધ કરવા તલપી રહ્યા હતા. બલકે કેટલાક આપી પણ ચુકયા હતા.

કરશનદાસને તેડી લાલકાકા અંદર આવ્યા કરશનદાસ જો કે કીશનજીને બરોબર ઓલખતો નહી હતો તદપી તેનો ઠાઠમાઠ

જોઈ તેજ શેઠ હશે પેખી તેને કહેવા લાગ્યો " કીશનજી શેઠ હું આજરોજ એડન જનારછું; અને ત્યાંથી આવું એટલો વખત આ એક લાખ રૂપૈયા તથા મારા મકાનના ખતપત્રો અત્રે સંભાળથી રહેવાની આશાએ હું અત્રે મુકવા આવ્યોછું. અમો તમારા ઘણા દિવસના ગ્રાહક છીએ. બોલો સાહેબ વ્યાજની રકમ શું ગણશો.?! "

" હાલમાં અમારે નાણાની કાંઈ જરૂર નથી છતાં તમે અમારા જુના ગ્રાહકછો તો અમારાથી તમને ના કહી શકાતુ નથી, ભલે પણ વ્યાજની રકમ તમને સેંકડે ચાર આનાથી વધુ મલશે.નહી " કીશ-જીએ બે.પરવાઈ જણાવતાં કહ્યું.

" ભલે શેઠજીની જેવી મરજી " મી. ભાવનગરીએ કહ્યું.

આ ઠરાવ થયા બાદ કરશનદાસે એક લાખ રૂપૈયાની નોટો ગણી આપ્યા સાથ ઘરના ખત પત્રો વીગેરે પણ ત્યાંજ મુક્યાં. એટલે કીશનજીએ ધારા મુજબ. રસિદ લખી આપી જે લેઇ. મી. ભાવનગરી અત્રેથી ઉપડી એપોલો બંદરપર ગયા. અત્રે એડન જનાર કેટલાએક તેનાં મિત્રો મલ્યા. વાર થવાનુ કારણ પુછતાં મિ. ભાવનગરીએ તેઓને તમામ બનેલુ વૃતાંત કહી સંભલાવ્યું. આ તેના મિત્રોમાં એક રસિકલાલ નામનો ભણસાળી કોમનો એક પાંત્રીસેક વર્ષની વયનો કદાવર પણ બેઠી બાંધણીનો સખ્સ એક ખુણામાં પડેલી ખુરસી ઉપર ચસ્મા ચઢાવી " ટાઇમ્સ " નામનુ પેપર વાંચતો બેઠો હતો. મી ભાવનગરીને મોઢે એક લાખ રૂપૈયા કીશન લવજીની પેઢી પર મુકી આવ્યાની વાત સાંભલી તે ચમકયો; અને એકીટ-સરે તેના તરફ નિહાલવા લાગ્યો. તેના દિલમાં દયા ઉત્પન્ન થઇ. તે પણ માંડવી બંદરનોજ રહીશ હતો; અને કરશનદાસ તથા તે એક નિશાળના સોબતી હતા. પરંતુ ઘણા વર્ષ વિયોગમાં વિતી જવાથી તેઓ એક બીજાને ઓળખી શકયા નહી. તેણે પુછયું—" શેઠજી તમારૂ નામશું, અને આપ શી અડકે ઓલખાઓછો. ?"

"ભાઈ તમારે શું કામ પડયુછે?" મી. ભાવનગરીએ પુછયું ?

"આપની મોં કલા ઉપરથી. માલમ પડેછે કે આપ મારી પેછાન વાલાછો; અને આપણે અગાઉ ઘાટો પ્રસંગ હોય એમ માલમ પડેછે." રસિકલાલે કહ્યું "મારૂનામ કરશનદાસ છબીલદાસ; અને અટક ભાવનગરીનીછે." કરશનદાસે જવાબ આપ્યો. રસિકલાલ મી.

ભાવનગરીનુ નામ સાંભલી પોતાનો જુનો દોસ્ત મળ્યો સમજી તેણે પોતાનુ નામ કહ્યું કે "મારૂ નામ રસિકલાલ શ્યામજી સોદાગર" મી. ભાવનગરીએ પણ તેને ઓલખ્યો અને ઘણા વર્ષે મેળાપ થતાં ઉભય જણાઓ પરસ્પર ખુબ ભેટયા.

રસિક—મી. ભાવનગરી વિસ પચીસ વર્ષો બાદ આપણો આ મેળાપ થયો જેથી મને અત્યંત આનંદ ઉત્પન્ન થયોછે; પરંતુ આપને હવે ફક્ત મારે એટલુંજ કહેવાનુંછે કે તમે તમારી બૈરી છોકરાંના ગુજરાનાર્થે જાણીતી કીશનલવજીની પેઢીએ જે એક લાખ રૂપૈયા જેવી મોટી રકમ મુકી આવ્યા તે આશામીની ત્રીજોરીનું તળીયું માલમ પડયુંછે; અને તે એક બે દિવસમાં ડુબવાનો સંભવછે. આપ ઇંગ્રેજી તો સારી રીતે જાણોછો વાંચો લ્યો આ 'ટાઇમ્સ' જુવો તેમાં શું લખેછે.

મી. ભાવનગરી હાથમાં પેપર લેઈ વાંચવા લાગ્યો તો તેમાં નિચે મુજબનો આરટીકલ હતો.

જાણીતા શરાફ મી. કીશનલવજીની પેઢીની ત્રીજોરીનું તળીયું.

"મુંબઈના મશહુર અને જાણીતા શરાફ મી. જીતમલ જુડાના મુવા બાદ"
"તેની અખુટ દોલતનો તેનો જમાઈ માલીક બનેલો; અને તેણે પોતાના ના-"
"મથી "કીશનલવજી" એ નામે પેઢી ચલાવેલી આજરોજ સદરહુ નામદાર"
"પેઢીની ત્રીજોરીનું વળીયું માલમ પડયું છે; અને તેના બીનફીકરી માલીકોને"
"લીધે એક બે દિવસમા તે ઘણ દિવસની નામીચી અને બ્હોળા ફેલાવાની"
"વહીવટદાર પેઢી નાશ પામવાની વકી જણાયછે."

આ આર્ટીકલ વાંચવા સાથ મી. ભાવનગરી ભડકયા—એકદમ ચમકયા—ગભરાયા—હોંશ વિનાના થઈ ગયા તેના મિત્રોએ તેને સાવધ કર્યો. મી. રસિકલાલે તેને ધિરજ આપી અને કહ્યું કે "મી. કરશનદાસ આટલેથી ધૈર્યહીન થઈ જવું કામનું નથી. હજી કાંઈ ફીકર જેવું નથી સ્ટીમર ઉપડવાની હજુ ઘણીવારછે તે આરસામાં તમો તે પેઢીપર પાછા જાઓ; અને નાણાં ઉપાડી લાવો. તુરતને તુરત જવાથી તેઓનાથી તમને ના કહેવાશે નહી; અને અમો તમારી વાટ જોઇશું તેમ છતાં તમને કદાચિત વિલંબ થશે તો કાલે યમુના નામની સ્ટીમર ઉપડનારછે તેમાં આપણ બે જઈશું માટે જાઓ. બને તો જેમ તેમ કરી તાકીદે આવો.

આ સાંભળી મી. ભાવનગરી સાવધ થયા. અને એક વિકટોરીયા ભાડે કરી ઉકળતે અંતઃકરણે એપોલો બંદરથી જાણીતી કીશનલવજીની પેઢીપર આવ્યા. અત્રે શેઠ નહી હોવાથી તેના ચાકરના કહેવા મુજબ તેઓ વાંદરા, માહીમપરેલની ઘડી ઘડીએ આવ જાવ કરતી લોકલટ્રેનમાં બેશી તેઓ પરેલપર આવેલા કીશનલવજીને બંગલે ગયા.

પ્રકરણ ત્રીજું.

ભુતવખાર—માં—ખુન.

જેવી જેની યોગ્યતા કૃતી પણ તેવી હોય,
કરે ન માઠું સુજ્જન કો, ભલુ ન દુરજન હોય.

શત્રુના મોતથી કજીયાનું છેવટ આવશે ખરૂં પરંતુ દુર્મતને પોચેલી હાની કદી પાછી હટી શકનાર નથી. શત્રુને ઠાર કરવો એમાં સાવધપણું છે. કાંઈ શુરાપણું નથી. એમાં સવાપ્હોરની સલામતીછે પણ પલવારની કિર્તી નથી. (જી. જો. જુ.)

આગળ વાત લંબાવ્યા કરતાં, વાંચનારને પ્રથમ આ ત્રીજા પ્રકરણને મથાળે આપેલાં નામથી વાકેફ કરવા વ્યાજબી ધારીએ છીએ. આ ભુતવખારનો માલેક એક ભાટીયો કે જે આપણી વાર્તામાં "કીશનલવજી"ને નામે વાંચનાર તેને ઓળખેછે તે હતો; અને તે આ મુખ્તેસર નામવાળા જંગી બંગલાના કેટલાક ભાગમાં રહેતો હતો. આ બંગલાને તેના નામાંકીત નામથી તેમ કીશનલવજી જેવા મશહુર વ્યાપારીની વિખ્યાતીથી તેને ઓળખવા કોઈ જાતનું તેનાપર બોર્ડ અગર નિશાન રાખવામાં આવ્યું ન હતું.

આ નામાંકીત મકાન તદન અશલી; અને જુની બાંધણીનું હતું. સેંકડો વર્ષપર તે કોઈ મુસલમાની કોમના અમીર્‌ણી નવાબની મીલ્કત હતી. પરંતુ અમીરુની દોસ્તી સાથ બે પરવાઈ અને આળસાઇએ મીઆંભાઈની હાલતને ગરીબીના ચક્કર તળે કચડાવી મુકી હતી. તેથી સદરહુ બાદશાહી મકાન તેમણે અશલ જીતમલ જુકાજીના વડવાઓ—જેનો હાલ કીશનલવજી માલીક હતો—તેને વેચ્યું હતું. આ

મકાન રહેવાના મકાન કરતાં લશ્કરી છાવણી રહેવાના આકારમાં વધારે મળતું આવતું હતું. આ મકાનનો પશ્ચિમ બાજુનો કેટલોક લંબાણ ભાગ તદન વપરાયા વગરનો પડેલો હતો; કારણ જુતમકજુકાના ઘરડાઓના વખતથી એવી વાત ઉડેલી હતી કે તેમાં દેવ-દેવસ્થાન કે કોઈ પીર—પેગમ્બર દરરોજ નહીં તો આડે આડે દિવસે તે ભાગની મુલાકાત લેછે. આ ચમત્કારની વાત ઉપરથી ત્યાંના ચાકર નફરોનો વખત તો આ અદ્ભુત પ્રેતની વાતોમાંજ જતો હતો; અને એ બ્હીકને લીધે તેણી તરફના ભાગપર કોઈ ચાકર જવા તો શું પરંતુ તેણી તરફ જોવા પણ હામ ભીડતો નહીં અને તેને લીધે તે ભાગના ઓરડાઓમાં હાથ હાથ ધુળના ઢગલા થઈ ગયા હતા. આમ હવડ પડી રહેવાના તેમ ભૂત પ્રેતના વ્હેમના સબબથી તે જગા ભયંકર પણ લાગતી હતી. આ ભાગના ઓરડાઓ એવી રીતના હતા કે એકમાંથી બીજામાં; અને બીજામાંથી ત્રીજામાં સહેલથી જઈ શકાતું હતું. આ ઓરડાઓમાંથી પસાર થઈએ તો છેલ્લે ઓરડે એક ભીતમાં બારી હતી. એ બારીએ બારી ઉઘાડી જોતાં તેમાં એક પથ્થરની સીડી માલમ પડતી હતી; અને ત્યાંથી એક ભોંયરામાં ઉતરાતું હતું; કે જે ભોંયરૂં આ ગંજાવર મકાનની તળેટીમાં તે મકાનના જેવડુંજ મ્હોટું હતું. મતલબ કે મકાન તળીએથી પોલું હતું જેના ટકાવના વિશેષ આધાર માટે ભોંયરામાં પથ્થરના મજબુત થાંભલા ઉભા કરવામાં આવ્યા હતા—આ ભોંયરામાં ઉતરવા આ એકજ માર્ગ હતો, આ સીડીની જમણી બાજુ એક છુપું દ્વાર હતું; અને એ દ્વારની ડાબી બાજુએ એક ગલી હતી જે ગલીમાં રહી આ મકાનની આજુબાજુના ઉપવનમાં કેટલેક દુર એક ટેકરા પાસે હવડ દ્વાર હતું ત્યાં નીકળાતું હતું. આ દ્વાર કચરા માટીથી તદન દટાઈ ગયું હતું. આ છુપો રસ્તો ઉપલ્યા તેના અશલ મુગલાઈ—માલીકોએ બનાવ્યો હતો અને તે આ મકાનના એક બે જુના નોકરો શિવાય કીશનજી સરખાને પણ માલમ નહોતો.

ઉપર જણાવેલા ભૂતવખાર નામે પ્રસિદ્ધ થએલા ગંજાવર મકાનના એક ભાગના જમવાના ઓરડામાં કીશન લવજી તથા તેનો વડો મુનીમ લાલ કાકો આ વખત જમવા બેઠા હતા; અને જમતા પણ તેઓ વ્યાપારની વાતજ ચલાવી રહ્યા હતા.

કીશનજી મી. ભાવનગરીને અંતઃકરણથી ધીઃકારતો હતો. તેનું કારણ વાંચનારની ધ્યાનમાં ગયા પ્રકરણમાં આપણે ઉતાર્યુંછે. જેથી તે તેજ વિચારમાં હતો કે કદાચ કોઈ માગતાવાળો લેવા આવશે તો તેને આ ભાવનગરીના રૂપૈયામાંથી આપશું; અને ભાવનગરીને રડાવીશું. વખતે દુકાનપર ઉથલ પાથલ થશે તો ઠીક નહી તો દુકાન ઉપાડી નાંખી આ આવેલ રકમ લેઈ બ્હાર ગામ નાશી જઈ બીજે નામે વ્યાપાર ચલાવીશું.

કીશનજી તેની સ્ત્રીને ચહાતો નહી એવું અગાડીના પ્રકરણમાં આવી ગએલુંછે; અને જીતમલજી જીવતા હતા સે વખતે તે તેના સ્ટેટની બીજી રીતે વ્યવસ્થા ન કરે માટે તેણીના ઉપર તે વખતે તે ક્રત્રિમ પ્યાર રાખતો હતો તે આરસામાં તેને એક છોકરો અને એક છોકરી એમ બે ફરજન થયાં હતાં. કીશનજીનો એકનો એક છોકરો ઉમર લાયક થતાં તેને નહી બનતી આવવાથી કેટલોક વખત થયાં એ ક્યાંય પોતાનું નસીબ અજમાવા અત્રેથી નીસરી પડ્યો હતો. આથી તેની ખુબસુરત છોકરી જેને તે પોતાના પ્રાણ કરતાં પણ અધીક ચ્હાતો હતે તેને તેણીની માની પાસેથી જુદી હમેશ પોતાની પાસે રાખતો હતો.

લાલકાકા આ મકાનમાં ઘણા વખતથી નોકર હતો અને તે હાલ કીશન લવજીને એક છોકરવાદ ઉછાંછળા તરીકે ગણતો હતો; અને આ દુકાનનો તમામ વહીવટ પણ ઘણા વર્ષોથી લાલકાકાજ ચલાવતો આવેલ જેથી તેમાં પોતે અજાણ હોવાને લીધે કીશનજી પણ તેના કહ્યાથી આડો ચાલતો નહી આ વખત લાલકાકાને કીશનજીએ કહ્યું. "લાલકાકા, આપણા ઉપર માગનારાઓનુ ચકર ફરી વળ્યું હતું; પરંતુ આજના પેલા ભાવનગરીના એક લાખ રૂપૈઆએ આપણી એન રાખી છે. કેમ? કદાચ કોઈ એક બે જણા ઉપાડવા આવશે તો તેમને આપવાથી કઇ બુમ ઉડશે નહી. કેમ શો વિચાર કરે છે.?"

લાલકાકાએ ઘણો વખત બારીકાઇથી વિચાર કરી જવાપ દીધો— "હા, પરંતુ પેલો ભોળો વ્યાપારી કદાચ પાછો આવે તેને–?"

કીશનજી—એહ, એટલામાં શું આપડી પેઢી ઉપર કઈ ઉથલ પાથલ નહી થાય.? અને તે વખતની વાત તે વખ્તે છે. ભલા આ-

દમી ભવીષ્યનો વિચાર શુ કરવો.?"

"હા, હું તે કબુલ કરૂં છું; પરંતુ ઉથલપાથલ કેવી થશે, કેટલી થશે; અને ક્યાંથી થશે? જ્યાં લાખો રૂપૈયાની ખોટ, ત્યાં એક લાખ રૂપૈયા તે શું ગણત્રીમાં? માટે મારી ધારણા તારે ખરીજ માનવી ત્હારામાં ઝાઝી પહોંચ નથી. કહેવતમાં કહ્યું છે કે—"ડાહ્યા આદમીની અટકળ મુર્ખની ખાત્રી કરતાં વધારે વજનદાર છે" લાલકાકાએ ડાહાપણ ભરેલી રીતે કહ્યું.

આ વાત થાય છે. એટલામાં આપણો એડન જનાર ભાવનગરી આવી પહોંચ્યો—અને બુમો પાડવા લાગ્યો "કીશનજી શેઠ ક્યાં છે? અરે કીશન લવજી મને મારા રૂપૈયા પાછા આપો".

આ શબ્દો સાંભળતાંવાર કીશનજી ચમક્યો.—ઘેલા માફક બની ગયો—તેની અવસ્થા એક સ્વપ્ના માફક થઈ ગઇ. તેના વિચાર હવામાં અખાડા કરી ગયા. તેની મુખમુદ્રા નિસ્તેજ—ફીકી પડી ગઈ.

લાલકાકાની અટકળ ખરીજ પડી. જેથી તેના દિલમાં અકલ્પીત વિચારો ઘોળાવા લાગ્યા; અને તેની હયાતીના દિવસો હવે આંગળીના ટેરવા ઉપર ગણાઈ રહેવાનો વખત આવ્યો એમ તેને દિસવા લાગ્યું—જમવાની ઠેકાણે રહ્યું અને એકદમ હાથ ધોઇ બુમો પાડનાર ભાવનગરીને બોલાવ્યો; અને કહ્યું "કેમ શેઠજી કેમ કાંઈ આમ ગભરાએલા માલમ પડો છો? હુંતો તમારા બુમાટા સાંભળી ભય પામવા લાગ્યો."

ભાવનગરી—શેઠજી મને રોકો નહી મને મારા રૂપૈયા પાછા આપો. વ્હેલા થાઓ મને વધુ વખત નથી. નહી તો હું ટાઇમ ચુકી જઇશ.

કીશનજી—કેમ શેઠજી કાંઇ આજને આજ તે પાછા લેવાની ગરજ પડી? કંઇ બીજી રીતે વ્યવસ્થા કરવા ધારી છે કે કેમ? સંભાળજો સાહેબ કોઇ કંપનીના શેરએર લેતા જરા વિચાર રાખજો બજાર બહુ ખરાબ છે. અમો અમારી સાવચેતીમાં છીએ તેથીજ આટલા ટકી રહ્યા છીએ. નહી તો બીજાની પેઠે અમે પણ ક્યારનાએ ઉડી ગયા હોત.

ભાવનગરી—મી. કીશનજી તમે તો વાતપર વાત લંબાવા લાગ્યા એ સારૂ ના કેહેવાય મને એક પળ જાય છે તે બહુ કીમતી જાય છે. માટે મહેરબાની કરી નાણા ગણી આપો.

કીશનજી—શું ત્યારે અમારી પેઢીપર તમને પુરતો ભરૂસો નથી આવતો. ?

ભાવનગરી—અરે પુરતો તો શું પણ સાહેબ જરાપણ નહી.

કીશનજી—મી. ભાવનગરી તમારા મગજમાં કોઈએ સેતાનનો પ્રવેશ કરાવ્યો હોય એમ લાગે છે; અને કોઈ દુષ્મનથી-કોઇ ચંડાળથી હજારો વર્ષ થયાં મુંબઇની બીજી પેઢીયો કરતાં આ શ્રેષ્ટ પેઢી જે પાણીના રેલા માફક ચાલી આવે છે. જેને બીજી પેઢીઓ માફક કોઈ દિવસ જરાપણ ખલેલ લાગી નથી—તે દેખી શકાતુ નહી હોય માટેજ અમારી લાજ લેવા મોકલ્યા હશે; પરંતુ કરશનદાસ શેઠ એમ લાજ લેવી બહુ મુશ્કેલ છે. સમજ્યા ”—

ભાવનગરી—મારા મહેરબાન મને કોઇએ ભમાવ્યોએ નથી; અને કંઇ સેતાને ભરાયુ નથી તેમ તમારી પેઢી ગમે તેવી હશે તો તે સદા હયાત રહો. પરંતુ મારે તો મારા રૂપૈયા જોઇએ છે. કારણ હું કોઇપણ શક ભરેલું કાર્ય કરતો નથી.

કીશનજી—શેઠ તમારા નાણાં તમને પાછાં મળશે. ગભરાઓ નહી. પરંતુ તમારા કાચા દિલની મુનસફીપર વિચારકરતાં મને હાસ્ય ઉપજે છે કે તમો કેટલા બધા ભોળા છો; અને લાખો રૂપૈયાનો વ્યાપાર આ પ્રમાણે શી રીતે કરતા હશો. ?

ભાવનગરી—કીશનજી તમારી બેડસાઈ લાંઈ નહી ચાલે માટે લાંબી વાત મુકી દેઇ મને મારા રૂપીયા ગણી દયો.

મારા સાહેબ મને લાગે છે તમે કોઈ સારા આદમી નથી; અને આ તમારી શાહુકારી સારી નહી.

કીશનજીનો મીજાજ આ વખત ખસ્યો તેની મુખ મુદ્રાપર અસત્યની છાપ જણાઇ મી. ભાવનગરીને તે કહેવા લાગ્યો—“ શેઠજી અમો ગમે તેવા છીએ તેમાં તમારે શું ? તમો તમારા નાણાં સાથે કામ રાખો છો કે બીજા સાથે ? તો તે લ્યો પછી શું તેમાં મુરખની પેઠે એલફેલ બોલીમાં બગાડો છો એ સારૂ કે ?—જાઓ લીમજી સાઠ હજારની નોટો હાલ મારી પાસે છે; અને ચાળીસ હજારની મુંબઇબેંકમાંથી લઈ આવો જાઓ તાકીદ કરો સાડાત્રણ થઇ ગયા છે. વ્હેલા આવજો ” એમ કહી લાલકાકાને ઇશારો કર્યો.

લાલકાકાને ઇશારો થવાથી તેઓ સ્ટેશન તરફ વળ્યા; એટલે

કીશનજીના દીલમાં લાગ જોઇ અસત્યે પ્રવેશ કર્યો. તેનો ચ્હેરો ચિંતાતુર જણાયો. તોપણ હિમ્મત પકડી વિચારવા લાગ્યો કે " મારી પ્યારી રાધાની યાદ પાછી તાજી કરૂં. તેણી ઉપરનો મારો પ્યાર અને તેણીનો ધિઃકાર મને હિમ્મત આપશે; આમ વિચારી તેણે ચાકરને બુમ મારી; પરંતુ ચાકર હોયજ ક્યાં કે આવે એટલે ચીડાઇ બડબડવા લાગ્યો. " સાલા બધાએ મરી ગયા છે તો જરા આવોને શેઠજી મને મદદ કરો તો તમારે માટે મારી ખાનગી ત્રીજોરીમાંથી નાણાં કાડીએ "

મી. ભાવનગરીને નાણાં લેવાની ગરજ હોવાને લીધે. કોટ ઉતારી ત્યાં પડેલા એક ટેબલપર મુકી તે કીશનજી સાથ અંદર જવા તૈયાર થયો. મી. કીશનજીએ એક મીણબત્તી દીવાસલીનું બૉક્સ; અને કેટલીક કુંચીઓનો ઝુમખો લેઈ મી. ભાવનગરી સહ આગળ ચાલ્યો. એટલામાં તેની અગીયાર વર્ષની ચંદ્રમાના બચોળીયા સરખી અતિ લાવણ્યમઈ અને ખુબસુરત—વ્હાલી કુંવરી ચંદ્રા જેને તે ઘણા પ્યારથી ચ્હાતો; અને જેણીને અત્યાર સુધી લાડમાંજ ઉછેરેલી હતી. તેણી સામી મળી. બાપને આમ આજ ઉતરી ગએલે વિકાળ ચ્હેરે જોઇ તેણી પુછવા લાગી. " બાપાજી આજ તમે આમ ગભરાએલા કાં લાગો છો. ? અને ભુતવખારમેં કેમ જાઓ છો. ? હું તમારી સાથે આવું. ? !

" ચાલ રાંડ વચ્ચેથી; ત્યાં તારૂં શું દાટયું છે. " કીશનજી તેણીને ધુરકાવી કાઢી મીજાજથી બોલ્યો.

પોતાનું એક પુર્ણ વ્હાલુ ફરજન જેને હેત અને વ્હાલ માટે તેણીની માથી જુદી પાડી તે પોતાની પાસે રાખી લાડ લડાવતો હતો એટલા હેતવાળી આ અનુપમ લાવણ્યમઈ બાળાને કોઇ દિવસ નહી; અને આજ તેણીનો વ્હાલો પીતા બીન તકસીરે ધિઃકારી કાડે અને તે પણ અઘટીત શબ્દોથી—તો પછી તેણીને માઠુ લાગ્યા વનુ રહે ? નહીજ. બાપના આજ આવા શબ્દ પ્રહારથી તેણીનું કમળ પત્ર જેવું મુખાર્વિંદ તથા ગાલ રાતાચોળ થઈ ગયા. અને તેણી ઘણાજ દુઃખથી ઘાયલ થનાર માફક, બાપે કીધેલા તિરસ્કાર તથા દિધેલી ગાળો—અઘટીત શબ્દોચારથી—દુઃખી થતી પોતાની ઓરડીમાં જઇ અશ્રુપાત કરતી ઉંધે માથે એક કોચપર જઈ પડી.

મી. કીશનજી ભાવનગરીને લેઇ એક પછી એક ઓરડા ખોલતો અંદર ચાલ્યો.

મી. ભાવનગરી આ ઓરડાઓમાં માટીના ઢગલા; અને લાકડ જગા જોઈ આશ્ચર્ય ચકિત થઇ કીશનજીને પુછવા લાગ્યો—"શેઠજી આવા સરસ મકાનમાં આ બાજુ આમ રાખવાનો શું સબબ?"

કીશનજી—સાહેબ સમજ્યા નહી? કોઇ ચોર લુચ્ચા, લફંગા, લુંટારૂઓ. તેમને સ્વપ્ને પણ ખબર પડે કે અહીં દોલત છે.?! સાહેબ તેથીજ મારા ખાનગી ખત પત્રો તથા ત્રીજોરીખાંતુ ત્યાં રાખું છું. મહેરબાની કરી કોઇને કહેતા નહી હો.? તમો ભલા માણસ છો માટેજ તમને હું અંદર લાવ્યો છું નહીતો બીજાની મગદુર નહી કે દરવાજાનું બારણું દેખી શકે; અને વિશેષમાં આ બાજુના ભાગને ભુતવખાર કહે છે જેથી કોઈ અહી આવવા હામજ બીડે નહી સાહેબ કેમ કાંઈ તમે ભુતપ્રુતનો ડર રાખો છો કે?

મી. ભાવનગરી—નહીરે સાહેબ એતો ભોળા લોકોના વ્હેમછે.

આ વાત ચાલે છે એટલામાં કીશનજીએ એક બીજું દ્વાર ઉઘાડ્યું; અને એક ગંજાવર ત્રીજોરી બતલાવતાં કહ્યું. "જુવો સાહેબ આ મ્હારી પ્રાઇવેટ વેલ્થ ઑફીસ (પૈસા મુકવાની ખાનગી જગા) છે અને ખત્ર પત્રો વીગેરે લખવાનું ખાંનગી કામ હું જ્યાં કરૂં છું. મારા મ્હેરબાન પ્રથમ આપને વ્હેમ આવ્યો હશે કે કીશનજી શેઠ લોકોના નાણા પચાવી પડવાની વાત રાખે છે; પરંતુ જ્યારે આ સાથેની રૂમ (Room) તમે જ્યારે જોશો ત્યારે તમારી ખાતરી થશે કે આખા મુંબઈ શહેરનો ખજાનો ત્યાંજ ભરાયો છે. પણ શું કહું છું સાહેબ? જોજો હો! આ વાત કોઇને કહેતા નહી. કારણ હું તમારાપર પૂર્ણ ભરૂસો રાખી તમોને આ બધું બતાવું છું."

આટલું બોલતા સાથ કીશનજીએ એક ભંડારીયું ઉઘાડી તેમાંથી કાંઇ ચળકતી વસ્તુ લીધી; અને તે એવી ચાલાકીથી પોતાના ખમીસની બાંહ્યમાં છુપાવી દીધી કે મી. ભાવનગરીને તેની જરાપણ ખબર પડી નહી.

તે ઓરડો બંધ કરી તેણે બીજો એક ઓરડો ઉઘાડવા ચાંપ દાબી; એટલે તે ઝટ ઉઘડ્યો. આ ઓરડો બીજો નહી પણ પાછળ આવેલું વાંચનારની ધ્યાનમાં હશે કે જે ઓરડામાં ભોંયરામાં ઉત-

રવાની સીડી હતી તે હતો. મી. કીશનજીએ મી. ભાવનગરીને કહ્યું " આવો શેઠ હવે આ ગંજાવર ખજાનો તમને બતાવી તેમાંથી તમારા નાણાં લેઇ પછી આપણે બ્હાર જઇએ " તે ઓરડામાં એક મોટી બારી હતી તે ઉઘાડી; અને તેમાંની સીડીએથી ઉતરવા કીશનજીએ મી. ભાવનગરીને કહ્યું.

પક્કા દુષ્મનનો કીનાખોર ચ્હેરો દોસ્તીરૂપ બુરખા નીચે સદા ઢંકાએલો રહે છે જેથી મનુષ્ય હૃદય જાણનાર માત્ર જગત પીતા શિવાય બાજો કોઈ તે જાણવા શક્તીમાન નથી. તો મી. ભાવનગરી કીશનજીના આવા ખોટા ડોળપર વિશ્વાસ રાખી ઠગાયૂ એમાં આશ્ચર્ય નથી.

મી. ભાવનગરીને કીશનજીના આ વખતે બનેલા ક્રત્રિમ ડોળ ઉપર બીલકુલ અણુભરૂસો નહી આવવાથી રૂપૈયા લેવાની લાલચે સદરહુ સીડીથી તે ઉતરવા આગળ વધ્યો. કીશનજી તેના હાથમાં મીણબતી આપી પોતે તેની પાછળ આસ્તે આસ્તે ઉતરવા લાગ્યો. શું ઉતરે ! બે ત્રણ પગથીયાં ઉતરતાની સાથ બાંયમાં છુપાવેલ રક્તપાશકથી મી. કીશનજીએ વિશ્વાસુ ભાવનગરીના ગળાપર પછવાડેથી એક સજડ ઘા કર્યો ! મી. ભાવનગરી એક જબરી ચિચિયારી પાડી સીડીએથી ધીબાક લેતો નીચે પડયો.

કીશનજી મી. ભાવનગરીનું આમ ખુન કરી પોતાની ધારણા સફળ થઈ સમજી, એક પછી એક આ ભયંકર ઓરડા બંધ કરતો બ્હાર આવ્યો હવે તેના હાથ પગ ધ્રુજવા લાગ્યા—કાળજું ફફડવા લાગ્યું—કોઇએ દીઠો તો નહી હોય એવી ધાસ્તી ઉત્પન્ન થઈ; અને અને જાણે કીધેલા આ ભયંકર કૃત્યથી કંટાળો પામ્યો હોય તેમ ધાસ્તીનો માર્યો તેના ઓરડામાં આવી આંખ્યો મીચી બીછાનાપર પડયો. ચક્ષુઓ બંધ કરવાની સાથ તેને જાગતાંજ સ્વપ્નાં આવવા લાગ્યાં—મી. ભાવનગરી તેને પ્રતક્ષ દિસવા લાગ્યો—તેથી તે ચમકયો—ગભરાયો—ચમકી ચમકી ઉઠવા લાગ્યો—બહાવરો બની ગયો. ચેનથી વિરક્ત જણાયો. તેનું હૃદય ભરાઈ આવવાથી તે થરથર કંપાવા લાગ્યો. પાછો આંખ્યો મીચી બીછાનાપર આમથી તેમ આળોટવા લાગ્યો.

બારણું ઉઘડતાં, પીતાજી આવ્યા દેખી ચંદા બીછાનાપરથી બેઠી થઈ. અને આજ એટલું બધું શું કામ આવી પડયું છેકે મને ધી:-

કારી કાઢી એવો વિચાર કરતી તેણી એક જાળીયામાંથી બાપની હા-
લત નીહાળવા લાગી; અને આજ તેને ઘેલા માફક બનેલો જોઇ
તેણી તેના ઓરડામાં ગઈ. અને પુછવા–" બાપાજી આજ તમે આમ
કાં ગભરાઓ છો.? અને આ ખમીસને લોહીનાં તાજાં ધાબા શાં ?
અને તે શાથી પડ્યાં ? બાપાજી પેલો તમારી સાથે આવેલો સખ્સ–
જેને તમે ભુતવખારમાં લેઇ ગયા હતા તે ક્યાં ગયો ?"

આ વખત કીશનજીની આ અવ્યવસ્થામાં વળી તેની વ્હાલી
પુત્રીને મોઢેથી આ શબ્દો નિસરવા સાથ તે ચમક્યો–ગભરાયો–અને
ખમીસ ઉપર નજર કરી–જવાપ દેવા હિમ્મત હાર્યો. તોપણ શુદ્ધિ-
માં આવી જવાપ દેવાની તેને ફરજ પડી કારણ તે જાણતો હતો
કે છોકરી ઘણી ચાલાક છે. તેમ સત્ય બોલી છે. જેથી કદાચ આ
વખતે આ મ્હારૂ કૃત્ય તે ચેતી જશે તો તેણી કોઇને કહી મ્હારાજ
બાર વગાડવા ચુકશે નહી. સમજી તેણે ધીમા અને શાંત મીજાજ-
થી કહ્યું–" આવ દિકરા આવ બેસ. આ લોહી તો ભુતવખારમાં પે-
સતાં હવડ જગાને લીધે ગરમીના સબબથી—મારી નસકારી ફુટતાં
લાગ્યું છે; અને પેલો માણસ તો ક્યારનોએ ગયો તુ નથી જાણતી.?

" અરે પીતાજી, આ શું બોલો છો.? પેલો સખ્સ ગયો.? ક્યાં
થઈને ? જ્યાં થઈ જવાનો રસ્તો છે ત્યાંતો હું ક્યારની સુતી છું "
ચંદાએ આશ્ચર્ય ચકીત થઈ કહ્યું.

આ વખત કીશનજી વધારે ચમક્યો. ચંદાનો આ પ્રશ્ન તેને એક
સજ્જડ તમાચા માફક લાગ્યો તે વધારે સાવધ થઈ બોલ્યો " દિકરી
એતો તેને તાકીદે સ્ટેશનપર જવું હોવાથી આમ રહી જાય તો તેને
ડબલ ફેરો પડે માટે ભુતવખારની અંદર પેલું છુપુ દ્વાર છે ત્યાં રહી
ક્યારનોએ ગયો. બેટી, હાલ મારૂ માથુ દુઃખે છે માટે મને વધારે
બોલાવીશ નહી. જા અત્રેથી હમણાં બીજા હોલમાં જતી રહે."

" પીતાજી તમે આજ આમ ગલાં તલ્લાં બોલો છો તેથી મને
શક ઉત્પન્ન થાય છે કે તમે મારે મોઢે જે ખરી બીના છે તે કહેવા
છુપાવો છો. પીતાજી દગો ન રાખો તેમાં સાર નથી. પેલા આદમીને
અંદર લેઈ જવાનો શો હેતુ ? આટલા બધા ઓરડાઓ પડ્યા છે તેમાં
શું ખાનગી કામ નહોતુ થતું ? કે કોઈ દિવસ નહી ને આજ ભુત-
વખારમાં લેઇ ગયા.? પીતાજી માનો ન માનો પણ જેમ વખત જાય

છે તેમ તેમ મને વધારે ખોટા વિચારો ઉત્પન્ન થાય છે; અને તેનું વધુ કારણ આ ભ્રમાસપર પડેલા લોહીના તાજા ડાઘા અને આપના મીજાજની વર્તણુંક છે" ચંદાએ શક લાવી કહ્યું.

"છોકરી મને લાગે છે કે તારા મગજમાં વધારે લોહી ભરાઇ આવ્યું છે કે આ મકાનના કોઇ સેતાને તને દિવાની બનાવી દીધી છે? જા ત્યાંથી તારા ઓરડામાં; અને પરમેશ્વરનું નામ લેતી બે ઘડી આરામ કર.

બાપના હાવા શબ્દોચ્ચારથી ગુસ્સો લાગતાં ચંદા પોતાના ઓ-રડામાં આવી; અને તર્ક વિતર્કથી વિચાર કરતી બીછાનાપર પડી કે "ચ્હાય તેમ હોય પરંતુ પેઢીની ખટપટમાં બાપાજીને આજ કાંઇ નવું જુનું થયું છે."

અત્રે કીશનજીના દિલમાં હવે જ્વર પેદા થયો જેથી દેવીની પેઠે તેનું આંખુ અંગ ધ્રુજવા લાગ્યું જેથી દીવાનખાનામાં પડેલ તેનું બનુસ લેવા ગયો એટલામાં અફસોસ ! જેની તે બ્હીક રાખતો હતો તેજ સખ્સ તેને આ વખત આગળજ નડયો. લાલકાકાને તેણે ઇશારો કરી મુંબઇની પેઢીએ જવા જણાવ્યું હતું; પરંતુ ટ્રેન ચુકવાથી-તેમ સાંઝ પડી જવાથી-તે પાછો આવી અત્રે દિવાન ખાનામાં પડેલા એક ટેબલ પાસે ચસમા ચડાવી મુંબઇસમાચાર વાંચતો એક ખુરસીપર બેઠો હતો કીશનજી તેને જોઇ ચમકયો-અને પુછવા લાગ્યો "અરે! બુઢા તુ વળી અહીંયાં કયાંથી અને કયારનો આવી બેઠો છે.?"

ટ્રેન ચુકવાથી પાછો આવી પાએક કલાક થયાં અત્રે આવી બેઠોછું; પરંતુ પેલો ભાવનગરી કયાં ગયો ?" લાલકાકાએ ગંભીરપણે પુછ્યું.

"એ તો અત્રેથી કયારનોએ ગયોછે" કીશનજીએ ધાસ્તીના આવેશમાં આવી કહ્યું.

"ત્યારે તે તો સ્ટેશનને રસ્તે ગયો હશે કેમ ? લાલ કાકાએ આતુરતાથી પુછ્યું.

"હા, કીશનજીએ ગભરાટમાં કહ્યું.

"આમ છતાં આશ્ચર્ય લાગેછે કે તે મને મળ્યો નહી; પરંતુ તમે કઈ તેને ટુકડે રસ્તે વિદાય કર્યો હશે" લાલ કાકાએ ઉલટપા-લટ રીતે પુછ્યું.

"હા તેમજ" કીશનજીએ જેમ તેમ ઠોકવાજ માંડ્યું.

"વારૂ ત્યારે તમે તેને શી રીતે વિદાય કર્યો"? લાલ કાકાએ પુછ્યું.

"લાલ કાકા તું જાણેછે તો ખરો કે મારા બાપદાદાથી આલ્હક સમજાવવાની ટેવ ચાલતી આવીછે તે રીતે મેં એને સમજાવી કાડ્યો બહુ ઝક કરી ત્યારે ચાર આનાના આડ આના વ્યાજ કરી આપ્યું. એટલે બીચારો રાજી થઈ ચાલ્યો ગયો." કીશનજીએ બહાદુરીના ડોળથી કહ્યું.

"ઠીક પણ તે બીચારો એટલી ઉતાવળમાં ગયો કે તેના અંગપરનો ડગલો પણ તે અત્રે ભુલી ગયો?"

કીશનજીની ચાલાકીપર મુનસફી કરતાં લાલકાકાએ કહ્યું.

કીશનજી ડગલો જોતાંજ ચમક્યો. તેના મોઢાપર ફીકાશ છવાઈ રહી કદાચને લાલકાકાને કાંઈ શક તો નહી આવ્યો હોય? એજ વિમાસણમાં તેની મુખચર્ચા નિસ્તેજ થઈ ગઈ. તે ધ્રુજતે હોંઠે અને ધડકતી છાતીએ બોલ્યો "હા, તેમજ હશે. પરંતુ મહેરબાની કરી માથું દુઃખેછે. માટે વધુ મને ન બોલાવતાં બીજા હોલમાં જઈ બેસ."

આથી લાલકાકા બીજા હોલમાં ગયો જ્યાં રહી કીશનજીને તમામ કૃતી માલમ પડતી હતી કીશનજી લાલ કાકાના ગયા બાદ લાલકાકાએ મને તેમ કરતાં જોયો તો નહી હોય? એમ વિચાર કરતો બોછાનાપર પડ્યો. ચિંતાએ તેનો મગજ ફોલી ખાવા માંડ્યો. જેથી તે વિચારોથી વિમુખ રહેવા તે નિંદ્રા દેવીની આરાધના કરવા લાગ્યો. પણ ફોગટ. તે તેને પાપી સમજી તેની નજદીક આવીજ નહી. જેથી તેને હવે જાગતાંજ સ્વપ્નાં આવવા લાગ્યાં અને બરબડવા લાગ્યો. પ્યારી રાધા—પ્રથમ તું મને ધીઃકારતી હતી; પરંતુ હવે તારા પ્યારા ભાવનગરીને મેં ઠેકાણે કર્યોછે......તેનું ખુન ...... — તે ગયો......જીંદગીનો......પ્યારી, માન......પ્રથમ હું તારા ભાવન.........ઓળખતો...ન...પણ પરમેશ્વરે મને તે ઓળ ......અને તેના પાપથી......લેવાયોછે...પ્યારી...જીગર......હામ ......મારૂ રત્ન...ઉઠ......શોક......મુકી.......અને......મને... પ્રેમથી...મે......

લાલ કાકા આ તેના સ્વપ્નાવસ્થા તુલ્ય અર્ધા શબ્દો સાંભળી

પામી ગયો કે " ભાવનગરીની આ રાધાને તે ચ્હાતો હોવાથી તેણે મી. ભાવનગરીનું ખુન કર્યુંછે; અને મારાથી તે વાત તેણે છુપાવીછે પરંતુ તે તેની ધારણામાં ફરયોછે. ખેર જોઇએ હવે શું પરીણામ નિકળેછે.

પ્રકરણ ૪ થું.

પવિત્ર—પ્રેમ.

પ્રેમરૂપ પારસમણી સૌકો તેને ચ્હાય.
પામે પૂર્વે કર્યાં હશે પુન્ય જેહની કાય.

મોહબત કુદરતનો બીજો સૂર્યછે; અને એ જ્યાં પ્રકાશેછે. ત્યાં નેકીનો ઝરો ઉત્પન્ન કરેછે; અને જે પ્રમાણે સુરજ—જે દુનિયાની આંખ છે તેના—વગર સઘળા રંગો, હુન્નરો તેમજ કુદરતની ખૂબીયો માણુસ જાતને નકામી છે. તે પ્રમાણે—ઓરત જાતમાં મુકેલી સઘળી ખૂબસુરતી નકામીછે. મોહબત વગર માણુસ જાતમાં મુકેલા સઘળા નેક ગુણો ડટાએલા રહે છે—(જ્યોર્જ ચેપમેન)

પડોશમાં રહેનાર રાધાબાઈ ભલું માણુસછે મારા પીતાનું મકાન છોડી અત્રે આવ્યા બાદ હું આ મકાન ભાડે રાખી રહ્યોછું ત્યારથી તેમની ખાનદાથી જોઉછું તેમનો છોકરો રમણલાલ અને તેઓની છોકરી તારાના ગુણો વિશે તો પુછવું જ શું ?! આહા ! તેમાં તારા તે તો એક ન્હાનો ચાંદજછે. શું તેની અવર્ણનીય અનુપમ લાવણ્યતા. અહા ! શું એનું રૂપેરી ઢોળ ચડાવ્યા સમ લલાટ—તથા શું તેની નજદીકજ શોભીતી તેણીની ભ્રમર કે જે તેણીના મૃગાક્ષી લંબાકાર ચક્ષુપર ઇંદ્રના ધનુષ્ય જેવી—પોતાના કામદેવ રૂપી શસ્ત્ર કટાક્ષવડે હજારો લોકોના દિલની શાંતીનો નાશ કરનાર તરીકે ગર્વ ધરતી વિરાજીત થઈ રહીછે ! અહા ! કેવા પરવાળા જેવા હોઠ તથા શું સુંદર નાશીકા, ! શું તેણીનો નાગની ફેણી જેવો અને તેવોજ કાળો ચોટલો ! પરંતુ અહા ! જ્યારે કોઈ કોઈ વખત તેણી વાળી ઘાલેછે ત્યારે તેના મોતી તેના પરવાળા જેવા સુંદર હોઠને અડકતુંજ તે કમળની લાલ પાંદડીપર જાણે ઝાકળના બીંદુ ચળકતાં હોય તેમ શોભા આપે છે. અહા ! તેની બધી ખૂબસુરતી ઇશ્વરની બેહદ કારીગરી તથા ચાતુ-

યેતાના નમુનાછે! તેણીને હું બેહદ ચ્હાહુંછું તેમ તેણીની તથા તેણીના કુટુંબની પણ મારાપર વધારે ચ્હાયનાતછે. તેણીની માનો ખાસ વિચાર મારી સાથ તેણીના લગ્ન કરવાનો પણછે. અહા! ઉભય પક્ષનો વિચાર એક છતાં પરણવું તે પહેલાં સંસાર ચલાવાના સાધનો તૈયાર રાખવાં એ મારૂં અંતઃકરણ વધારે સારૂં સમજેછે. અને નહી તો અમસ્થુ પરણી પોતાની અને પોતાના કુટુંબની ફજેતી કરી લેવી એ કાંઈ સમજુ—શિખેલા; અને ડાહ્યા પુરૂષનું કામ નથી; અને જરૂર તારાનો મા'રાપર ગમે તેટલો પ્યારછે, તોપણ જ્યાં સુધી હું મારૂં અને હવે પછી થનાર મારા બૈરી છોકરાંનું બરાબર રીતે ગુજરાન કરવાને શક્તીમાન થઇશ નહી ત્યાં સુધી કોઈ પણ સ્ત્રી સાથ પરણવા હું કદી હામ ભીડીશ નહી; અને ગુજરાન ચલાવવા પુરતો શક્તિમાન થઇશ તો પછી "તારા" સાથેજ પરણીશ; અને આટલો પ્રેમ છતાં જો તારા બેઇમાન થઈ તો પછી તેની જુદાઈ સાથ તેની બે ઈમાનીની યાદમાં આખી જીંદગી સંસારથી દુરજ રહેવું એજ સારૂંછે. અરે! પણ "તારા" એવી ભાગ્યેજ બેઇમાન નીકળે અને એટલામાંજ મારે તેણીને બેઈમાંનીની ખોટી નામોસી આપવી મુનાસબ નહી.

આ પ્રમાણે "તારા" સાથે પવિત્ર પ્રેમમાં લુબ્ધ થવાની અણીપર આવી પહોચેલો—કામદેવના પુષ્પ સરના તીક્ષણ બાણના સપાટામાં પ્રથમજ સપડાએલો—એક ખુબસુરત અઢાર વર્ષની વયનો યુવાન સખ્સ પોતાના મકાનની ડ્રોઇંગ રૂમમાં વિચાર કરતો બેઠોછે; આ સખ્સ બીજો કોઈ નહી પણ તે "તારા" ના ભવિષ્યનો ભર્થાર; અને કીશન લવજીનો એકનો એક છોકરો "પ્રેમરાય" હતો.

તેના બાપને અને તેને કેટલોક વખત થયાં અણબનાવ થવાથી પોતાનુ નશીબ અજમાવા તે બ્હાર નિસરી પડયો હતો એવું ગયા પ્રકરણમાં આવેલછે તે વાચકવૃંદને યાદ હશે!! તેજ વખતથી તે ફરતો ફરતો સુરતમાં આવી મિ. ભાવનગરીના મકાનની સાથે એક ભાડે મકાન લઈ રહ્યો હતો. તે છબીયો પાડવાનુ તથા ચિતરવાનુ કામ કરતો હતો; અને તેમાં સુધારા થવા હજુ શીખતો હતો; અને તેના ભલા અને પાક દિલ સાથ મીલનસાર સ્વભાવથી તે મી. ભાવનગરીના કુટુંબને અતિ પ્રીય થઈ પડયો હતો. કોઈ કોઈ વખતે તે મી. ભાવનગરીના મકાનમાંજ જમતો હતો રમણ અને તેને ગાઢી મિત્રાઇ થઈ હતી; અને તેની નેક દાનતથી "તારા" પણ તે બન્નેની

ગમતમાં કોઈ કોઈ વખતે ભાગ લેતી હતી. તારાની ઉમર હાલ અગીયારમું ઉતરી બાર વર્ષની થવા આવી હતી.

પ્રેમરાએ બાપનુ ઘર છોડ્યા બાદ પોતાને કોઈ ઓળખે નહી માટે તેણે પોતાનુ નામ કાયમ રાખી બાપનુ નામ ફેરવ્યુ હતું.

તારાનો કન્યાકાળ પૂર્ણ થવા આવ્યો હવે તેણીનો પીતા એડનથી આવે તો તેણીના લગ્ન કઇ પણ થાય ખરાં.

તેણી પ્રેમરાયને વ્હાલી હતી; અને તેણીની માનો વિચાર પણ ઘણે ભાગે આ સુશિક્ષીત અને સદ્‌ગુણી પ્રેમરાય સાથ તેણીના લગ્ન કરવાનો હતો જેથી દિવસે દિવસે તેઓ પરસ્પરનો પ્રેમ તેઓના દિલમાં મજબુત ઘર કરી બેઠો હતો. તોપણ તેઓની પ્રીતિ નેક અચલ—હતી અને કોઇ પણ તરેના બદીના કૃમણ તરફ દોરાવા તેઓ પાપ સમજતાં—ઇશ્વરથી બીહીતાં હતાં—આ વખતે તારાએ પ્રેમરાયના મકાનમાં પ્રવેશ કર્યો. તેને જોઇ પ્રેમરાય વિચારથી વિરક્ત થયો પ્રેમરાયને હાથે ચિત્રેલ ચિત્રો નીહાલતી તેણી એક ખુરશીપર બેઠી. આ ચિત્રોમાં તેણીની માની પરવાનગીથી ચિત્રેલી તેણીની એક તસવીર હતી. આ તસવીર ઘણીજ ખૂબસુરત અને મન મોહક ચિતરવામાં આવી હતી, તારા વખતે વખતે અહી આવતી તો તેજ જોતી તેણી બેસતી હતી. અને આ વખતે પણ તેણી તેજ તસવિર નિહાલતી—તથા આ હુંશિયાર અને આત્મ કૌશલ્યતાવાન પુરૂષ સાથ મારા લગ્ન થાયતો કેવું સારૂં એ વિચાર કરતી—બેઠી હતી. એટલામાં ડ્રોઈંગરૂમમાં બેઠેલ પ્રેમરાય તેની નજરે પડ્યો—તેણી આ વખતે જરા સરમીંદી પડી તેણીના અંતઃકરણમાં પ્રેમરાય વિશેના પ્રેમે પ્રવેશ કર્યો—તેણી હર્ષ ઘેલી બની પરંતુ અગાડી પ્રેમરાય કહેતો હતો કે તુહારાં મા બાપ મારાં ગરીબ સાથે તહારાં લગ્ન કેમ કરે? પ્રશ્નનો જવાપ આવખ્તે "તારા" તેણીની માની પાસેથી લેઇ આવી હતી. તેથી તેણી પ્રેમરાયપ્રતિ બોલી—"પ્રેમરાય, તમારી સાથ મારી માતુશ્રીની મારા લગ્ન કરવા પરીપુર્ણ મરજીછે; અને તે વિષે આજે જમતી વખતેજ યુક્તિ પ્રયુક્તિથી મે પુછી લીધુંછે—તે બોલ્યો કે તેની હાલત ગમે તેવીછે. તદપી તે કોઇ સારા કુટુંબનો—ખાંનદાનનું ફરજન—છે એ તેનુ નુર કહી આપેછે. અને વ્હાય તેમ હોય પરંતુ એ આપણને ખપતોછે. તેમ તે જાતે સદ્‌ગુણીછે અને તેના હાથમાં એક ચિતારાનો મન પસંદ અને વખાણવા લાયક હુન્નરછે

તો તે ચ્હાય તે બાંને પૈસો પેદા કરી સકશેજ "—પ્રેમરાય તમારે વિશે મારી માનો આવો મતછે તો તમારી હાલની ગરીબી હાલત પર હવે તમારૂ ધ્યાંન ખેંચશોમા; અને એમજ સમજજો કે તારા તમારીજછે. અને છેવટે ઇશ્વરના સોગન લેઈ કહુછુ કે પરણીશ તો તમારીજ સાથ નહીતો તમારા વિયોગમાં આખી જીંદગી કુંવારી ભોગવવી હું મારા અંતઃકરણથી ઠીક સમજુછું.

"તારા" ને મોઢેથી આ દયા જનક શબ્દોચ્ચાર સાંભલી પ્રેમરાયના દિલમાં તેણીના પવિત્ર પ્રેમ વિશે ખાતરનિશા થઈ, અને પ્રથમ તેણી કદાચ બે ઇમાન થશે એવા વિચાર તે લાવતો હતો તે વિચારો આ વખત તેનુ અંતઃકરણ છોડી અખાડા કરી ગયા. તે બોલ્યો "તારા" જે તારો વિચાર તથા પ્રતીજ્ઞાછે. તેવીજ મહારી છે પરંતુ તારાં અને મારા વિચાર વચ્ચે અંતર એટલો કે તારી ઉ-તાવળને મારો હજુ વિલંબ"—"મારો વિચાર કુટુંબનું પૂરતું ગુજરાન કરવાં જેટલી સત્તા મેળવ્યા બાદ પરણવું તેવોછે; અને તે દ્રઢછે. તુ જાણેછે કે હું જે વાતનો નિશ્ચય કરૂછું તે કદી ફરવાનો નહી; અને તેટલાજ માટે આજની ટ્રેનમાં હું અલહાબાદ ઉપડી જનારછું. ત્યાં ચિત્રશાળાની યુનિવરસીટીમાં પાસ થઇ કાંઇ રોજગાર સર કરી બાદ તારી સાથ લગ્ન કરીશ. તુહારાપર ત્યાં જઇ હું પત્ર લખીશ, અને ત્યાંથી હું જે મારૂ ઠેકાણું લખુ તે મુજબ. તુ પણ મને પત્ર લખજે હા જો કે હું તારાથી જુદો પડીશ ખરો પરંતુ તુ એમ ના સમજી શકે તહારા ઉપરનો મારો પ્રેમ ઓછો થશે અને તુને તે ભરૂંસો ન આવતો હોય તો લે પરમેશ્વરના સોગન લેઈ તને વચન આપુછું કે તારાથી હું કદી ફરીશ નહી. પણ પ્રિયે નેક રહેજે વધુ કહી શકતો નથી"

પ્રેમરાયને મોઢેથી જવાનુ સાંભળી આ યુવાવસ્થાના મળસકામાં ઉજેસ મારતી પરંતુ કોઇ પણ તરેહના સંસારી માર્ગ ક્રમણમાં નહી પડેલ છતાં—આ ખુબસુરત બાળા એકદમ મુર્છાગત થઇ*—નિરાશ

* સંસારી માર્ગ ક્રમણમાં નહી પડેલ છતાં આ વિશેષણથી મુર્છા અસંભવીતછે. તથાપી પ્રેમનો એવો સ્વભાવ છે કે જડ વ-સ્તુને ચૈતન્ય કરી આપેતો પછી ચેતનની તો વાતજશું? જુવો લોહ ચુંબક ન્યાય—

થઈ—બેભાન થઇ વિયોગ થવાના સંભાવે કરી તેની ચક્ષુમાંથી ધોધની માફક બાષ્પ બીંદુ ટપકવા લાગ્યાં. પ્રેમરાયે તેને સાવચેત કરી. તેણીને આંમ વિમાસતી જોઇ તેના ચક્ષુ પણ ભરાઈ આવ્યાં તેની લાગણી પણ જરા દુઃખવા લાગી. તેણી બોલી " પ્રેમ ! પ્રેમાં તુ આ શું બોલેછે ?! અરે તુ જશે ?! મને મુકીને ? અરે ત્યારે તારી તારા કહોને સોંપતો જાયછે ?! અરે તુ આ શી હઠ લેઈ બેઠોછે ?! તહારે પૈશો શું કરવોછે ?! મારા બાપાજી બહું એ કમાયાછે તેમ મારા ભાઇને તેં પેઇન્ટરનો હુન્નર શિખવ્યોછે. તો તમો બંને એકઠા મલી અત્રેજ રોજગાર ચલાવો તો"—

" તારા તુ જાણેછે કે મારો વિચાર ફેરવવો ઘણો કઠીણછે. તુ ચિન્તા મુકી દે. મારાથી બનશેતો હું ફક્ત છ માસની અંદર આવી તને મળીશ " પ્રેમરાયે ધૈર્ય આપી કહ્યું.

તારા જાણતી હતી કે પ્રેમરાયનો વિચાર ફરવો હવે મુશ્કેલછે જેથી તેણી લાચાર થઈ બોલી—" પ્રેમરાય તારાપરનો મારો પ્રેમ કદી ઓછો થવાનો નથી એ નિશ્ચય સમજજે; અને તારી યાદગીરીમાં જીંદગી ખ્વાર કરૂં તે કબુલ પરંતુ ભ્રષ્ટ ?—અરે મુવોતે કોઇ ના લાયક તારા સિવાય મારા સામુ જોય તો પ્રિય પ્રેમ ! તે વિશે તો તુ બોલીશજ ના ! પરંતુ મને માત્ર ફીકર એટલીજ છે કે તુ જાય અને ઘણા દિવસ સુધી આવે નહી તો પછી મારી મા તથા બાપ મારી મરજી વિરૂધ કોઇ બીજા સાથ મારા લગ્ન કરે તો પછી મારૂં "

" તારા તે વિશે તું ગભરાઇશ નહી પરમેશ્વર આપણી ધારણા કદિ નિષ્ફળ નહીંજ કરે ચાલ હવે તારા કુટુંબિયો સાથ મને મળવા દે " એમ કહી પ્રેમરાય તારાના ઘરમાં ગયો તેની મા તથા ભાઇને પોતાની જવાની વાત કરી તેઓ ઘણા દિવસના બંધાએલા સ્નેહથી આ વખત તેની જવાની વાત સાંભળી ઘણાં દિલગીર થયાં પ્રેમરાયને રાધાએ ખાંનગીમાં લેઇ જઇ તારા સાથ તેના લગ્ન કરવાનો વિચાર જણાવી તેને તાકીદે પાછા ફરવા જણાવ્યું પ્રેમરાય આ પછી ટ્રેનનો વખત થવાથી આ કુટુંબની છેવટની મુલાકાત લેઇ અત્રેથી વિદાય થયો—

તારાના અંતઃકરણમાં પ્રેમના વિયોગનો કારી ઘા લાગવાથી તેણી રાત દિવસ તેના વિચારમાંજ ગુંથાઈ ઘેલા—દિવાના માફક દિન ગુજારવા લાગી.

પ્રકરણ ૫ મું.

એક ભયંકર આફત.

ભાવિ જેવું ભાગ્યમાં તેવિ બુદ્ધિ પ્રકાશ.
સિતા હરવાથી થયો રાવણ કુળનો નાશ.

ડોળ ઘાલુ, લુચ્ચા, જુઠ્ઠા, અને અદેખા આદમી આ દુનિયામાં જેટલી ખરાબી કરેછે તેટલી બીજુ કોઈ કરતુ નથી—

પ્રાણનાથને મકાન છોડે લગભગ છ માસ વીતી ગયા. દિવાળી ના દિવસો હવે નજદીક આવી પહોચ્યા, ઘેર ઘેર ઝાક ઝમાળ થવા માડયો તોએ હજુ પત્ર સરીખો પણ આવ્યો નહી. અરે તેઓ મુંબઈ જઇ કીશંન લવજીને સાં રૂપૈયા મુકી. તેની રસિદ મને બીડનાર હતા. અહા! નં આવી તે રસિદ કે ન આવી કાંઈ ખબર અરે! તેમને મારે વિશે જરાપણ દયા નહી આવતી હોય?! નાના તેવા તો તે નમેરા નથી ત્યારે શું, મને આવતાં સ્વપ્નાં પ્રમાણે કઈ જોખમ તો આવી પડયુ નહી હોય?! દૈવને ખબર—ઇશ્વર જાણે શુંય હશે! નહી તો પત્ર સરીખો પણ લખ્યાવિના રહે નહી અરે કીશન લવજી હજુ તારો મારાપર કટ્ટો દ્વેષ હશે?! નાના દસ પંદર વર્ષની વાત હવે ભાગ્યેજ તેના સ્મરણમાં રહી હશે તેમ તેની પ્રથમની ચાલ ચલગત કરતાં હાલની તેની સ્થિતિમાં ઘણોજ તફાવત પડયો હશે જેથી વ્યાપાર રોજગારમાં હું તેને ક્યાં સાંભરતી હોઇશ યુવા વસ્થામાં, માણસ જાત, કમ અક્કલ ને લીધે એક નાથ્યા વિનાના મસ્ત બનેલ સાંઢ માફક હોયછે; પરંતુ જ્યારે, તે સંસારી હાલતમાં પડેછે, ત્યારે તે દરેક ઠેકાણેથી વિંધાઈ જાયછે. તેના શરીરમાં ચિન્તા ઘર કરી બેસેછે. પછી તેને પોતાના કુટુંબના અને પોતાના ગુજરાનાર્થે ધંધારોજગારમાં ગુંથાવું પડેછે. પૈસા પ્રાપ્ત કરવાની લાલચ પડેછે— ઇજત મેળવવી સારૂ સમજેછે; અને તે વખતે ઇજત અને પૈસાને ઘેરમાર્ગે ચઢાવનાર— તેના કટ્ટા દુષ્મનો અંતઃકરણમાંથી તેને છોડી વિખુટા પડેછે. તેમ કીશનલવજી નાણાવટી સંસારમાં ગુથાયો હશે. એમ વિચાર કરતી રાધા— તેનો છોકરો કાંઇ બહાર કાર્યાર્થે ગયો હોવાથી તથા છોકરી તેના પ્રિયતમના વિયોગથી દિલગીરીમાં ગરકાવ થતી મકાનની આજુ બાજુના ઉપવનના એક ભાગમાં બેઠી હોવાથી નિશ્ચિંત પણે બેઠીછે. એટલામાં આગળનુ દ્વાર ઉઘડયું—ભણકારાથયા

અને કોઈ અંદર આવતુ હોય એવો ધસારો માલમ પડયો; અને જોત જોતામાં તેણીના વ્હાલાનો વેરી—તેના કુટુંબના દુષ્મને એકદમ પ્રવેશ કર્યો. આ આદમીને અનિશ્ચિત પણે એકદમ આવેલો જોઇ રાધા એકદમ બીધી—ચમકી—અને જ્યાં બેઠી હતી ત્યાંથી યત્કિંચિત્ પણ હાલ્યા શિવાય ત્યાંને ત્યાંજ સજડ થઇ ગઈ; અને બહાવરી અવસ્થાએ જરાવાર રહી બોલી "કીશન લવજી" ?

તે આવેલો સખ્સ તેણીની સાંમે પડેલી એક ખુરશિપર આવી બેસતાં કહ્યું—"હા, રાધા તે હું કીશન લવજીજ" અહિયાં કેમ આવવું થયું ? અને આ ઘર તને કહોણે બતાવ્યુ રાધા ફરીથી ચમકી ગભરાટથી બોલી.

"આજ પંદર વર્ષની દોસ્તી તાજી કરવાર્થેજ પાછું મારુ ત્યાં આવવું થયું છે રાધા; અને આ મકાન બતાવનાર તહારો ધણીજ છે બીજુ કોઇ નહી."

કીશનજીપ્રેમા વેશથી બોલ્યો.

આ શબ્દોથી રાધા ધ્રુજવા લાગી હવે આ દુષ્ટ શું કરશે; અને ત્યાં કેમ આવ્યો હશે.?! તે વિચારમાંજ તેણી સ્તબ્ધ બની ગઇ તેને એકે વિચાર સુઝવા લાગ્યો નહી. તેણીએ અત્રેથી ઉઠી બ્હાર જઇ કોઇની મદદ મેળવવા વિચાર કર્યો. પરંતુ તેમ કરવાથી રખેને કીશન લવજી કાંઈ સાહસ આદરી બેસે એ હેતુથી તેણી ત્યાંજ બેસી રહી અને જરા ધૈર્ય લાવી બોલી—"મારા ભર્થાર તારે ત્યાં એક લાખ રૂપૈયા વ્યાજે મુકવા આવ્યા હતાને ?"

કીશનજી—કોણ તહારો ગરીબ ભર્થાર ભાવનગરી ! મારે ત્યાં રૂપૈયા વ્યાજે ?; અને તે પણ એક લાખ ? રાધા તદન ત્હારી ભુલ છે; અને તુને કોએ ભમાવીછે.

"લબાડ તું મારૂ દિલ ઉષ્કેરવા જુઠું કહેછે. શું તેઓ એક લાખ રૂપૈયા વ્યાજે મુકવા તારે ત્યાં નહોતા આવ્યા ? રાધાએ ગુસ્સાથી ચીઢાઈ કહ્યું

કીશનજી—રાધા, તદન જુઠું–હડહડતુ જુઠું, તારી વાતમાં બીલકુલ પાયો નથી. ઉડતો તે મારો કરજદારછે. કદાચ તે અત્રેથી કાંઈ જુજ રકમ લાવ્યો હશે; પરંતુ જુગાર, અફીણ, રૂ, અને વખારના પ્વાર કરનાર સટ્ટામા તેણે સઘળુ ગુમાવ્યું હશે; આખર એડન ઉપડતી વખતે તેની પાસે એક ફુટી બદામ સરખી ન હોતી તેથી

તે મારી પાસે રૂ. ચાળીશ હજાર વ્યાજે લેઈ ગયોછે; અને તે બદલ તેણે એક દસ્તાવેજ લખી આપ્યોછે.

"અરે! તું કહે પણ તે મારૂં અંતઃકરણ કેમ કબુલ કરે!" રાધાએ ધીઃકારથી કહ્યું.

"જ્યારે તુ તેના સ્વહસ્તે લખેલા અક્ષરો જોશે ત્યારે તો કબુલ કરશેને?" કીશનજીએ પુછ્યું.

રાધા આ તેના શબ્દો સાંભળી—શું પોતાના પતિએ તેમ કર્યું હશે?! અરે ત્યારે તેના એક લાખ રૂપૈયા કઈ ગયા હશે એમ વિચારવા લાગી—તેને કહ્યું—"હા, જો તુ તેમની સ્વહૃસ્તે કરેલ સહી મને બતાવશે તો મને કાંઇક માનવાનું કારણ મળશે"

કીશનજી—ઠીકછે ત્યારે, પરંતુ તે હાલ બતાવવું જરૂરનું નથી કારણ તે જોઈ તને વધારે બેચેની ઉત્પન્ન થશે ખેર પરતુ રાધા, હવે તું મારી ધારણા સફળ કરવા સમજી હશે અને અગાડી મારી સાથ ચલાવેલ તારી બેવકુફાઈ તે હવે સુધારી હશે! કીશન લબજીને તેં હવે ઓળખ્યો કે નહી? હું પંદર વર્ષની વાત તાંજી કરવા આવ્યોછું; અને તે જો તું નહી કબુલ કરે તો હું આજથી તારો કટ્ટો શત્રુ થઇશ. પણ નહી, તેં ત્હારી અગાડીની છોકરબુદ્ધિ હવે સુધારી હશે. પ્યારી, બોલ કેમ મારે વિશે હવે તારા પ્રેમ ભરેલા મુખાર્વિંદમાં શું ઉત્તરછે.?'

એક તરફ તેના પતિના વિયોગ સાથ નીકળેલા પોગળની શીકર અને બીજી બાજુ આ ઘાતકી હૃદયના નર પીશાચના અપવિત્ર શબ્દોચ્ચાર સાંભળી રાધા વધારે ખેદયુક્ત થઈ—તેણી સર્વાંગે ધ્રુજવા લાગી—થરથરવા લાગી—કંપવા લાગી—પરમેશ્વરને કાલાવાલા કરવા લાગી. "હે સ્વયંભુ પ્રભુ! પંદર વર્ષની સુખી જીંદગી ગુજાર્યા બાદ આ દુષ્ટના ધિઃકાર ભરેલા અપવિત્ર શબ્દો મને તું પાછો સંભળાવેછે—"?!!

કીશનજી—રાધા, પ્રિય રાધા, આમ મુગી ના બન. હા નાનો જવાબ કેમ નથી આપતી?! ત્યારે શું મને ધીઃકારે છે?! વ્હાલી શું તું મને ધીઃકારેછે? અથવા તારા ગરીબ ભીખારી—ભાવનગરી કરતાં મારી પાસ દોલત ઓછી ધારેછે? અરે! શું તેના કરતાં મારી ખુબસુરતી કમી સમજેછે? અને તેમ છતાં જો તુ મને ધીઃકારતી

હોય તો તદર્થે મારે કેટલી વિપત્તિ સહન કરવી પડીછે તેનો જરા ખ્યાલ કર—

સાંભળ. ન્હાનપણમાં કચ્છના સવાઈ બ્હાદુર ખેંગારજીની નામીચી પાઠશાળાઓમાં થોડી ઘણી કેળવણી મેળવ્યા બાદ મુંબઈની જાણીતી અને નામીચી પાઠશાળાઓમાં મારા બાપે મને વિદ્યાભ્યાસ માટે મુક્યો હતો. અત્રે હું થોડુ ઘણું શિખ્યો; પરંતુ નિતી અને ધર્મની કેળવણી મને કોઇએ આપી નહી. તેથી હું છાકટા દોસ્તોનો શિરદાર બન્યો. તેઓ પણ મને ખાનબહાદુરજ માનવા લાગ્યા. રંડીબાજી અને *નાટકશાળાઓમાં રાત દિવસ નિસરવા લાગ્યો. મારા બાપ જે મહોટા વ્યાપારી હતા. જેનાથી તું અજાણ નથી—તેમને દરમાસે રૂ ૧૦) મોકલતા હતા. એટલી જુજ રકમથી મારૂં પુરૂં નહી થવાથી ખાતુ પાડી રૂપૈયા ઉપાડવાનો વખ્ત આવ્યો. થોડા દિવસમાં બસો રૂપૈયા થઈ ગયા મારવાડીનું આંગપરતું બે દોકડાનું વ્યાજ દિવસે દિવસે વધવા લાગ્યું. આથી હું ઇભરાયો; અને મારા બાપને ઠગવા મે યુક્તિ કરી; એકદમ તાર કર્યો કે હું ઘણો શિકછું; અને મારી સ્કુલના વડાની મારફત એક સરજનની દવા ચાલેછે; અને તેને દરરોજ દસ રૂપૈયા ફી આપવી પડેછે. માટે ખર્ચ મોકલજો. વધુ ફીકર કરશો નહી કારણુ તે સરજનની દવાથી મને સારો ફેરછે. મારા બાપનો હું એકનો એક છોકરો એટલે તેઓએ મારા મંદવાડની વાત સાંભળવાથી એકદમ રૂ ૪૦૦)ની એક હુંડી મોકલી. મારો કીધેલો પ્રયાસ એકદમ ફળીભૂત થયેલો પેખી આ વખત મને અત્યંત આનંદ ઉત્પન્ન થયો. મારવાડીના રૂપૈયા આપતાં બાકી જે કંઈ રહ્યું તે વડે, ભણુવાનું દુર મુકી દરરોજ વાલકેશ્વર મહાલક્ષ્મી કરતા રહ્યા. બાપે મોકલેલી રકમ બે વર્ષ ચાલે તેવી હતી. તે દસ પંદર દિવસમાં ખરાબ દોસ્તીની સંગતીથી ખરાબ કર્યા. તમામ રકમ ખલાસ થઈ. હવે પાસે એક દોકડો સરખો પણ રહ્યો નહી. વિશીમાં પણ પૈસા આપી જમવાના સાંસા થયા. અફસોસ! બાપે મોકલેલી રૂ ૪૦૦)ની રકમ થોડા દિવસમાં ખલાસ થઈ ગઈ તો હવે એટલા થોડા દિવ-

* આ વાત લંબાવવાનું કીશનજીનું કારણ રાધાનું દિલ પોતાપર ખેંચાવા માટેજ હતું અને એ બાને વધુ રોકાણ થાય. એજ બીજુું નહી.

સમાં તેઓ પાસેથી બીજા રૂપીયા શી રીતે મંગાવાય ?! અને એમ કરવાથી કદાચ પોગળ પ્રદર્શિત થાય; અને એ વિમાસણમાં મને ઘણીજ વ્યથા પ્રાપ્ત થઈ. આ વખતે મને ખાનબ્હાદુર માનવાળા મારા દોસ્તો વિશે મને નક્કી થયું કે તેઓ મને નહી પણ પૈસાને માન આપતા હતા. જે ઓરડીમાં હું રહેતો હતો તે ઓરડીની સાથેની ઓરડીમાં મારો એક બીજો દોસ્ત રહેતો હતો તે જાતવાન–બુનિયાદ–શાણો હતો. તે મારી ચાલ સુધારવા મને ઘણું કહેતો પરંતુ તે વખતે મને તેના બોલો દુષ્મન માફક લાગતા હતા. પરંતુ આ વખ્તે મારાપર ગુજરેલી વ્યથાનું વાસ્તવિક કારણ તેને મેં વિદિત કીધું આ સમયે તેણે મને કાંઈ ઠપકો આપ્યો નહી પરંતુ પ્રથમ તે મને ઘણી સુસમજ આપતો તે આ વખત મારે યાદ કરી અફસોસ કરવાને બસ હતું તે મિત્રે મને અત્રેથી દેશમાં જવા ફરમાવ્યું. પરંતુ બાપના બોલાવ્યા શિવાય જવા મને ઘણી શરમ દિસવા લાગી. તેમ પાસે ભાડાના પણ પૈસા નહી હોવાથી તે દોસ્તના કહેવા મુજબ તેની પાસેથી રૂ ૨) લેઈ મેં મારા બાપને તાર કર્યો. આ વખ્તે આ મારા સુભેચ્છકે પણ મારાથી કાંઇક છાનો મારા બાપપર તાર કર્યો. જેની મતલબ પછીથી મને માલમ પડી કે તે—મારા બાપને મને અત્રેથી બદચાલના કુંડમાંથી બચાવી લેવાનો હતો—મારા બાપે બે દિવસની અંદર જે મકાનમાં હું રહેતો હતો તે મકાનનો માલીક તેઓનો મિત્ર થતો હોવાથી તેના ઉપર મને ખરચ આપી તથા કંઈ કરજ કર્યું હોય તે પતાવી મને અત્રેથી માંડવી મોકલી દેવા તાર કર્યો તેથી તેણે મને થોડાક રૂપૈયા આપ્યા. જે લેઈ મેં વિશીવાળાને, ધોબી, હજામ, તથા મકાનનું ભાડુ, તથા પેલા મારા મિત્ર જેણે મને તાર કરવા રૂપીયા આપ્યા હતા તે વીગેરે દેવું પતાવી, નિરાશપણે મુંબઈ નગરીના છેવટના દર્શન કરી આગબોટને રસ્તે હું માંડવી આવ્યો.—કમનસિબની કહાણી કાંઈ અજબજ હોયછે—

અત્રે આવી જોઉ છું તો મારા પીતાશ્રી સખ્ત મંદવાડમાં પડેલા છે.–તેઓ મરવાની અણીપરજ આવી ગયા હતા; અને જાણે તેઓ ફક્ત મારૂં માહુ જોવાનેજ જાણે ખોટી ન હોય તેમ થયું મને આવેલો જોઈ તેઓ બોલ્યા–"બેટા હવે અમો તો જાઇએ છીએ–સંભાળીને ચાલજે–પછી તમે માલીક છો. બેટા શેઠની શિખામણ ઝાંપા સુધી." એટલું બોલી તેઓનો પવિત્ર આત્મા આ ફાનિ દુનિયાનો ત્યાગ કરી

સ્વધામે પહોચી ગયો. મારા પીતાના આ છેવટના શબ્દો મારા અં-તઃકરણુમાં આ સમયે સજ્જડ ચોટી રહ્યા—પરંતુ તે થોડા વખતનેજ માટે—પડી ટેવ તે તો ટળે કેમ ટાળી—તેમ થયું હવે તો મારા બાપની હજારો રૂપૈયાની દોલતનો હું માલીક થયો, દોસ્તો પણ હવે ઘણા મળવા લાગ્યા. તેમાં ઘણો ભાગ ખુશામતિયા અને આપમત-લબીઆઓનો હતો. કોઈ કોઇ વખતે મારા પીતાના શબ્દો મને યાદ આવતા તે વખ્તે જરા ડહાપણુ ધારણ કર્તો. પરંતુ કુસંગતીના સંસર્ગે કરી તે ડહાપણ મારી પાસે વધારે વખત ટકી શકતુ નહી. એટલામાં એક વાડીલાલ નામના મારા દોસ્તે આવી મને કહ્યું "શું યાર તમે દોલતવાળા શા કામના? આ જમે એક ખુબ સુરત ઇંદ્રની અપ્સરા જોઇ! અહા! એ સાથે લગ્ન કરી સુખ માણ્યું હોય તોજ જીવ્યા પરમાણુ.

મારા મિત્રને મોઢેથી આ શબ્દો નિસરતાંજ હું લલચાયો—કામા-વેશમાં આવ્યો આટલો વખત થયાં હુ પરણ્યો નહોતો. સબબ મારી બદ-ફેલી મારી આખી ન્યાતમાં માલમ હોવાથી મારે ઘેર મારે માટે કોઇ માગુ મોકલતુ નહી. મારા પીતા તે ગોઠવણુમાંજ હતા. પરંતુ મારા કમભાગ્યે તેઓ વધુ જીવી શક્યા નહી પેલી મારા મિત્રે કરેલાં વર્ણન વાળી રંભાને એક વખત નજરે નિહાળવા મે નિશ્ચય કર્યો:—અને તેણીને જોવા મારૂં દિલ એટલું ઉશ્કેરાયુ કે ખાધા પીધા શિવાય એક નાનજી નામના મારા દોસ્તને ત્યાં ગયો. તેનો બાપ આ વખ્તે મ-કાનમાં નહી હોવાથી તે દોસ્તને કાંઇક બ્હાને સમજાવી તેના મ-કાનમાં પ્રવેશ કરવા મને હરકત પડી નહી. મારા દોસ્તના દિવાન-ખાનામાંથી તેણીતું દિવાનખાનું સ્પષ્ટ રીતે દેખાતું હતું મારા દોસ્તને કંઇક બ્હાંનાથી પુછતાં તેણે તેણી મને ઓળખાવી આ વખત હિંદુ-સ્તાનના નકશા તરફ નિહાળતી તેણીને મે જોઇ—ઓળખી—તેણી મા-રીજ ન્યાતના એક માતબર વ્યાપારીની એકની એક પુત્રી હતી"

ગરીબ બીચારી રાધા આ વાતની શરૂઆતથીજ કંપીત હૃદયે ખુરશીપર બેઠી હતી તે આ વખત ઘણી અકળાઈ અને નહી રહે-વવાથી બોલી "માફકર કીશનજી મને તારી વાત સાંભળવાની જ-રૂર નથી."

"નહી જો તુ મને ધીઃકારે છે તો જરૂર તારે તે સાંભળવીજ પડશે. તેણી મધ્ય ઊંચાઇએ છે; અને તેનો આકાર ગોળ, નાજુક-

તાઇથી ભરેલો છે. તેની આંખ્યો કાળી લંબધાટી, અને સેંજ આશમાંની છે; અને કલ્પના કરૂં છું કે જ્યારે નિર્મળ આંસુ આ આંખોમાં ઉભા રહે છે ત્યારે તે ઝાકળમાં પળલેલા એક ખુબસુરત ફુલની માફક દેખાય છે. તેના વાળ કાળા અને કુમાશમાં રેશમ જેવા છે; અને સફાઇમાં નાજુક તથા ઉમદા છે. જેની ભ્રકુટી વર્તુળાકારે છે. તેની સફાઇની હદ બાંધેલી છે; અને તે વાળ કરતાં જરા કાળી છે. વધારે કાળી નથી—આંખ્યની પાંપણો કાળી—લાંબી—તથા જાડી છે; અને મારી વાર્તાની આ બહાદુર સ્ત્રી જ્યારે નિચુ જોઇ તેને સંતાડવા ચ્હાય છે ત્યારે તેની ખુબ સુરત કીકીયોને ઢાંકવાને તે એક ખુરેખા અથવા ઝુલના જેવી માલમ પડે છે તેના હોઠ હિંગલોકીયા રંગ જેવા ચળકતા નહી પણ કાંઇક સુંદર લાલાશવાળા છે. કે જે ઝાકળની ભીનાશની માફક છવાએલા લાગે છે.”

“બસ કર કીશનજી બળી તારી વાત બંધ કર હું તે સાંભળવા ખુશી નથી.” રાધાએ અતિશય કંટાળી કહ્યું.

“ના જ્યારે તુમને ધીઃકારે છે તો તે સાંભળવા તુ બંધાએલીજ છે.—

જે યુવાન સ્ત્રીનું હું બ્યાન કરૂં છું તેની અગવણુ કાંતી કાંઇક ઝાંખાશ માલમ પડે છે. અને તેના ગાલનો રંગ જો કે સુંદર ઝાંખો અને સ્વચ્છ છે. તો પણ હું ખાતરીથી કહું છું કે તેને જો એક સુખાવાસમાં મુકી હોય તો યુવાની અને તંદુરસ્તીપણું આ લાલગાલને ગુલાબના ફુલ અથવા ગુલે અનારના જેવો રંગ આપી શકે તેનું કપાળ સુંદર અને વિશાળ છે. તેનો ચ્હેરો ગોળ પૃથ્વીના જેવો છે. તેનું નાક તેલની ધાર જેવું છે; અને તેની ચામડીની સ્વચ્છતા વિશે અપારદર્શક ધોળાપણું છે. અહા ! રાધા ! આ સ્ત્રીની આકૃતી મારા અંતઃકરણમાં ચોટી રહી છે. તેણીએ નકશો જોવો બંધ કીધો, અને ડાબી બાજુ ગોઠવેલા કબાટમાંથી એક અતિ સુંદર પુંઠાવાળી બુક કાઢી જેનાપર—સેક્સપીયર વિરચિત—રોમ્યો અને જુલ્યટ—એવું મોટા અક્ષરે સોનેરી નામ લખેલું માલમ પડતુ હતું સદર બુક વાંચતી તેણી થોડો વખત એક ઇઝીચેરપર બેઠી એટલામાં અંદરથી કોઇએ બુમ મારવાથી તેણી અંદર ગઇ—ગઇ તેણી ગઇ ! હું ત્યાં ઘણો વખત સુધી થોભ્યો. પરંતુ તે પછી તેણી ત્યાં આવીજ નહી આથી નિરાશા ધારણ કરી હું મારે ઘેર ગયો. મારૂ શરીર મદન વ્યથાથી

વ્યથીત થયું. શરીરથી સથે મનોવ્યાધી ઉત્પન્ન થઇ—ખવાય નહી પીવાય નહી. ફીકરમાં ને ફીકરમાં હુતો લેવાતો ગયો—ગાંડા જેવા બની ગયો. એક બીછાના ઉપર રાતદિવસ વિચારના વમલમાં ગોથાં ખાતો પડયો રહું. આ વખત મારી હાલત અરેબીયન નાઇટ્સમાં કાજીની પુત્રીપર આશક થએલા. જવાન કે જે પછીથી લંગડો થયો હતો તેના જેવી થઈ હતી. મે પેલા મારા દોસ્ત કે જેના મકાનમાં રહી મે તેની સુંદર અનુપમ લાણ્યતાવાળી મુખમુદ્રાનું દર્શન કર્યું હતું તેની મારફત એક બે પત્રો લખી મોકલ્યા હતા. જેનો જવાપ પત્ર દ્વારાએ નહી પણ મોઢેથી હાલની મારી બનેલી દુઃખાવસ્થાને સાહાય થયો હતો. આથી વળી મારા દુઃખ અને ચિંતામાં ઉમેરો થયો બહુ બહુ કોટા લડાઉ ઘણી ઘણી યુક્તિઓ કરૂં પરંતુ તે ફોગટ. આખર કેટલીક વગવસીલાહથી મારી સાથ તેણીના લગ્ન કરવા તેના બાપને ભલામણ કરાવી. તેણી હજુ સુધી કુંવારી હતી; અને ઉમર લાયક થઈ હતી. તથા તેણીને લાયક કોઈ વર મળી આવવો મુશ્કેલ હતો. તેમ તેના મળતીયાઓ, અને સલાહકારોને કેટલુંક નાણું આપીએ ફોડ્યા હતા જેથી તેઓ પણ તેની પાછળ ખઈ પીને મંડ્યા રહેતા હોવાથી આખર મારી સાથ તેણીના લગ્ન કરવા તેનો બાપ કબુલ થયો. આથી મારી સઘળી બીમારી દુર થઇ હૃદયમાં હદપાર આનંદ વ્યાપ્ત થયો. અને તેણીને પરણી લાવી સુખ શાંતિમાં રાખવાને મકાન સુધારવા લાગ્યો કેટલું ફરનીચર મુંબઇથી મંગાવ્યું જેનો આંકડો રૂ. બાર હજારનો થયો હતો. પરણવાના દિવસ માત્ર હવે પાંચ બાકી રહ્યા એટલામાં અફસોસ!! મારી તમામ ધારણા નિષ્ફળ ગઈ, નસિબ ધોવાઈ ગયું—કીધેલો ખર્ચ માથે પડયો. સાંજના ચારને સુમારે ખબર મળી કે તેણી એક તેના રાજકોટ ટ્રેનીંગ કોલેજમાં ભણતા દોસ્ત સાથે નાસી ગઇ. ખરેખર એક તરફી પ્રીતિ પાણીને મુલે જાય છે. તેવી મારી દશા થઇ. તેણીના બાપે તેની ઘણી ખોળ કીધી. તેમ મે પણ તેણીને ખોળવા પાછળ બહુ પ્રયાસ કર્યો. પણ તે સર્વ ફોગટ ગયો—તેઓ હાથ આવ્યાંજ નહી અફસોસ તેમની વધુ તપાસ થયે પણ સારૂ નહોતું. કારણ તેણીનું નાસવાનું કારણ મારા વીશે તેણીના તરફની નાપસંદગી હતી. અને નાહા અગાઉ તેણીએ તેના બાપને મારી સાથ પરણવા ના કહ્યું હતું તેમ તેણી હવે ઉમર લાયક થઇ હતી. એટલે કાયદાથી પકડવા પણ તેનો

બાપ અશક્ત હતો સૌ થઇ રહ્યું. આપણે તો એક બાયડી ગઇ. અને વળી બાપ કમાઇ મુકી ગયા હતા તે તમામ દોલત ધોઇ ધાઇ ખોઇ બેઠા દોસ્તોમાં આબરૂ ગઇ–એકે વાતે આપણને તો સુખ થયું નહી લોકમાં થેકડી થવા લાગી. એટલામાં જીતમલ જુડાજી નામનો મુંબઇનો એક લક્ષાધિપતિ શરાફ માડવી આવ્યો. તેની છોકરી ઉમર લાયક થઈ હતી. અને બીજે કોઇ વરમળી નહી શકતાં તેને કંઠે પ્રાણ આવ્યા હોવાથી મારી હુંશિયારી અને સાબાશી ઉપર નહી. પણ મારા કુટુંબની આબરૂ પર તેણે તેની પુત્રીના મારી સાથ લગ્ન કર્યાં. બાદ મને તે મુંબઇ લેઈ આવ્યો તેની છોકરી જો કે ખુબસુરત હતી. તદપી મને તે પસંદ નહી હતી તોપણ તે મોટો પૈસાવાળો એટલે તેના આગળ મારાથી જરાએ ચુંચ્યા થતી નહી. અને એટલામાં મારી એ અણમાનીતીને બે ફરજન થઈ ગયાં હતાં. થોડા વર્ષો બાદ તે જીતમલ જુડાજી મરણ પામ્યો. એટલે તેની દોલતનો અખુટ ખજાનો મારે હાથ આવ્યો. હજુ પણ પેલી મારી આંશના કે જેણે મને બધી વાતે એક વખત સજ્જડ હાર્ય ખવરાવી છે તેને હું ભુલી ગયો નહોતો કેટલાક વર્ષો વિત્યાબાદ તે સ્ત્રીની ખબર મળી તેણીનો ધણી કાંઇ કાર્યાર્થે મારે ત્યાં આવ્યો. મે તેને ઓળખ્યો. રૂપૈઆ આપી મારો કરજદાર બનાવ્યો. અને તેની પાસેથી ઠેકાણું મેળવી મારી વ્હાલી પણ એક રીતે મારી દુસ્મનના દર્શને આવ્યો. તેણી એક ખુરશીપર બેઠી છે હજુ તે મારૂ કહેવું મંજુર રાખતી નથી; અને દુસ્મનાઇમાં વધારો કરવા મારૂ દિલ ઉશ્કેરે છે. પણ તેની ઉપર જુલમ કરવો એવું હું ધારૂં તો તે તક મને મળી છે, અને તે તક મારી પ્રતક્ષ એક ખુરસીપર બેઠી છે. પ્રિય રાધા ? તે તુજ કે જેને હું વ્હાલી છું. અને તે તુજ કે જેનું હું આ બ્યાન કરૂં છું. !!!

આટલું બોલી ને રાધાને પકડવા ગયો. રાધા જે આ વખત ઘણાજ કંટાળા સાથ આ પાપી હવે ત્યાંથી શી રીતે જાય તો હું છુટી થાઉ એ વિચારમાં બેઠી હતી. તે એકદમ ચમકી; અને ખુરસીપરથી ઉઠી તેને સામો આવતો અટકાવ્યો. આ વખત તેણીની આંખ્યમાં ગુસ્સાએ પ્રવેશ કર્યો. તેનું શિયળ સાચવનાર દેવે તેને સાહ્યતા આપી. તેણીના દિલમાં ઝનુની પ્રાપ્ત થઈ તેણી તેની બેવકુફાઇથી રાતી પીળી થઇ ગઈ. તોપણ પોતાની વફાદારી અને ખા-

નદાનીને છાજતો ચ્હેરો ધારણ કરી બોલી "દુષ્ટ કીશનજી તારી બચપણની તરેહવાર અને ધીઃકારવા લાયક વર્તણુંક પાછી યાદ લાવવા તું શરમાતો નથી. !!નાદાન, જા નીકળ. હમણાં ને હમણાં આ મકાનમાંથી તારી હાજરી આ મકાનને બહુ બહુ અપમાન અને નાપાક કરે છે તું જાણે છે કે આ મકાન મ્હારૂં છે; અને અત્રેથી તને એકદમ ધક્કા મારી કાઢી મુકવા હું શક્તિમાન છું. જા બેશરમી દુર થા. હવેથી યાદ રાખજે કે કોઈ દિવસ પણ આ મારા વાડીના દરવાજાની પાયેરીએ ચઢી આવ્યો તો મોત થયુ.સમજજે.

રાધાના આ શબ્દો તેને કડવા ઝેર જેવા લાગ્યા; અને પ્યાર જો કે આંધળો છે તદપી તેને પોતાનુ અપમાન થએલું જોઈ. ઝનુની ઉપજી પણ પોતે હાલ પરાયા ઘરમાં આવેલ છે તેમ તેને હાલ પ્રાપ્ત થએલી આબરૂથી ડરી તે અપમાન સહન કરી તે બોલ્યો— "રાધા, તારા શબ્દો મને એક તીર માફક લાગે છે. પરંતુ વિશેષ ગુસ્સે ન થા. હું આ ચાલ્યો. પણ જો જે ખુબ યાદ રાખજે કે એ થોડાને માટે. અને પરમેશ્વરને આ તારી મગરૂરી નાપસંદ પડી ચુકી છે. જેથી હવેથી મને બીન હરકતે આ મકાનમાં આવવાનુ ભાગ્યેજ રોકી શકીશ. લે ખુશી થા. હવે હું તારાથી જુદો પડુ છું. પરંતુ તને એક વખત આ પેપરમાં આપેલ આર્ટીકલ વાંચવા ભલામણ કરૂં છું"

" રાધાએ આ ન્યુસપેપર મધેનો ફકરો કે જેપર કીશન લવજીએ લાલસાહીથી સાઇન કીધુ હતું તે વાંચવા માંડયો જેની મતલબ નિચે મુજબ હતી.

" મુંબઇના બારામાંથી ગઇ તા, ૨૫ મી જુલાઇને રોજ સ્ટીમીરશીપ. "Kumoodabandhava" (કુમુદબાંધવ) એડન જવા ઉપડી હતી તેનો હજુ પત્તો નથી તેથી તેના લાગતા વળગતાઓને બહુ ચિંતા થાય છે"—

આ ઉપરનો ફકરો વાંચતાંજ એકદમ રાધા ચિચીયારી પાડી જમીનપર મુર્છાખાઇ પડી--તેણી બે ભાન થઇ—આ લાગ જોઇ કીશન લવજી તેણીની કમરે ખોસેલ કુંચીયોનો ઝુમખો કાઢી લેઇ અ દરના હોલમાં ગયો. અને એક કબાટ ઉઘાડી કેટલાક કાગળીયાઓ તથા તેની પાસે બીજા પાકીટમાં પડેલી ત્રણ તસ્વીરો લેઇ અત્રેથી તે સપાટાબંધ ન્યુસપેપર ત્યાંજ રાખી પલાયન કરી ગયો.

પ્રકરણ ૬ ઠું.

કાવત્રાં.

દુષ્ટ જનો ડરતા નથી, હરવા પરનું સુખ;
પાછળથી પસ્તાય છે, દેખે જ્યારે દુઃખ.

રાધાના મકાનમાંથી કાંઇક કાગળ તથા ત્રણ છબીઓ કીશનજી ચોરી લેઇ ગયો. તેમાં એક મી. ભાવનગરીની તથા બીજી રમણ અને તારાની હતીયો. તે સુરતથી મુંબઈ આવ્યો; અને બારોબાર તેના પરેલપરના ભૂતવખારને બંગલે ઉતર્યો. આ વખત લાલકાકા ત્યાં હાજર હતા. કીશનજી અત્રેથી અમદાવાદનુ નામ દેઇ ઉપડી ગયો હતો; પરંતુ તેંજ દિવસેથી લાલકાકાના દિલમાં શંકાએ પ્રવેશ કર્યો; અને તે શંકા ખરીજં પડી કીશનજીની લુચ્ચાઇ તેની નજરે આવી ઉભી. કીશનજી પણ સમજ્યો કે લાલકાકાએ વાત જાણી નથી તદપી જાણશેજ; અને હું જો નહી કહી જણાવું તો મારાથી ભીન્ન ભાવ રાખશે. વિચારી બોલ્યો કે "લાલકાકા મારે તમારૂ એક કામ છે, અને તે કામમાં તમારે મને મદદ કરવાની છે."

"કીશનજી તુ મારાથી ગમે તેટલી લુચ્ચાઇ ચલાવવા પ્રયત્ન કરે છે તો ખરો પરંતુ તે ચાલી નહી શકવાથીતુ મને કહે છે તોપણ ખેર બોલ તારે શા કામમાં આશ્રય જોઇએ છે?" લાલકાકાએ સભ્યતાથી પુછ્યું.

કીશનજી—ઠીકપણ લાલકાકા પેલો ભાવનગરી થોડા દિવસપર આપણે ત્યાં આવ્યો હતો તેને તમે ઓળખો છો કે?!

"હા તેના નામથી ઘણો વખત થયાં ઓળખુ છું" લાલકાકાએ જીજ્ઞાસાથી કહ્યું.

"ત્યારે સાંભળો તે બીચારો મરી ગયો!!" કીશનજીએ દિલગીરી બતાવતાં કહ્યું.

"અરે! તેમ કેમ બને?! કેમ શા ઉપરથી કહે છે" લાલકાકાએ આશ્ચર્ય બતાવી પુછ્યું.

"અરે, તમે જાણોછોની કે સ્ટીમરસીપ કુમુદબાંધવ એડન જતાં રસ્તામાં ભાંગી ગઇ છે તેનો હજુ પત્તો નથી.!" કીશનજીએ કહ્યું.

"હા એવું સમાચારમાં વાંચ્યુંતુ ખરૂં?" લાલકાકાએ કહ્યું.

"તેમાંજ મી. ભાગનગરી ગયો છે." કીશનજીએ કહ્યું.

"તે શા ઉપરથી સમજાય કે મી. ભાવનગરી તેમાંજ ગયો હોય. ?" લાલકાકાએ કહ્યું.

"નહી નહી લાલકાકા, તે તેમાંજ ગએલો. કારણુ અત્રે તે ઘણી ઉતાવળ કરતો હતો તે તેમાં જવાનેજ માટે અને અત્રેથી ખુલાસો થતાં તે ગયો તે વખત સમય પોચતો હોવાથી તે તેમાંજ ગયલો કારણુ તેપણુ તેમાંજ જવાનું કહેતો હતો. વાસ્તે ખચ્ચીત તે સ્ટીમર સાથ ડુબીજ મુવો હોવો જોઇએ અને તેથી હું તેના રૂપૈયા દબાવી પડવા માગુ છું" કીશનજીએ કહ્યું.

"વાહ ! કીશનજી તારા વિચાર ઠીક હવામાં કીલ્લા બાંધે છે. આવું તારૂ પ્રમાણીકપણું કે ? પણુ સ્ટીમર કદાચ ભાગી હોય તો તેમાંથી તે બચ્યો કેમ ન હોય ? અને ખેર તે ડુબ્યો તો તારી બલા ગઇ પરંતુ તેની પાછળ કોઇ રડનાર કુટનાર તો હશે કે નહીં ? ! ! તે તને કેમ પચવા દેશે, ?" લાલકાકાએ કહ્યું.

"તેઓ પાંસે તેનો શું પુરાવો ? !

"કેમ નહી ? તારા હાથની રસિદ કયાં ગઈ ?" "તેતો મી. ભાવનગરી સાથ દરીયામાંજ ગોથાં ખાતી હશે."

"એમ કેમ બને ? તેણે અત્રેથી ઉપડી જતાં અગાઊ પોષ્ટમાં નાંખી કાંન હોય ?"

"લાલકાકા તુંતો મારૂ માથુ ફેરવે છે. હવે ટુકી કર જો, તારો કોઇ વકીલ બકીલ ઓળખીતો છે કે.?"

"ત્યારે એમજ બશિમરને કે તારે લુચ્ચાઇજ કરવી છે. બોલ વકીલનું શું કામ છે. ?"

"જુઓ હું તમારાથી છુપુ રાખી શકતો નથી હું સુરત ગયો હતો; અને ત્યાંથી મી. ભાવનગરીને મકાનેથી કેટલાક તેના હસ્તદસ્તકો લાવ્યો છું એ પ્રમાણે તેની સહી કરી—આપડે ત્યાંથી જે દિવસે તે ગયો તેના એક દિવસ અગાઉનો એક દસ્તાવેજ કરવો અને તે એવી રીતે કે તેની પાંસે આપણે રૂા ચાળીસ હજાર માગીએ છીએ; અને તેને પેટે આપણે ત્યાં મુકેલું પેલું વાડીનું ખત તેણે ગીરો મુકયું છે. એમ ગોઠવવું અને મુદત નાખવી તે મુદત અંદર રૂપૈયા ભરીદે તો તેની વાડી સાથનું મકાન ભરેભાદરે સામાને આપણુ થાય. એ મુજબ લેખ કરી તેમાં તારી સાક્ષી જોઇશું."

"નારે ભાઇ એ બલામાં કોણ પડે. ઇશ્વિર એ લુચ્ચાઇથી મારા પર કેમ રાજી રહે ? અને હાવા કાવત્રાં ફરવાંથી જમના મારથી મને કોણ છોડાવે ?"

"લાલકાકા હજી તુ ટાયલાંમાજ રહ્યો. કોણે જોયાછે જમના માર; અને કોણે જોયાછે નર્કના કુંડ. એતો આ ભોળી દુનિયાને બમાવા બ્રામણોએ પાંના ચિત્રી શાસ્ત્ર રૂપી ગપાષ્ટક. ઉભાં કર્યાછે. માટે તે પર ધ્યાંન નહી આપતાં. તારો ફાયદો વિચારી આ કાર્યમાં મદદ કર. જો તુ તેમ કરશે તો રૂ. અઢીસોની રકમ દર વર્ષે તને વર્ષાસન તરીકે આપીશ."

"છીટ, એમ તો નહી મગર વર્ષે દિવસે પાંનસો રૂપૈયા આપે તો કબુલ કરૂં" લાલકાકાએ કીશનજીને પેચમાં લેતાં કહ્યું.

"હા, તેમ પછી ? કીશનજીએ કબુલ કરતાં કહ્યું.

ઠીક ત્યારે ચાલ એક મારો દોસ્ત વકીલ છે. તે દરરોજ જુદા દસ્તાવેજો બનાવી ખોટાં કોટાંથી ગુજરાંન નિભાવે છે; અને તે હાલ માખ્યો મારતો બેસી રહેછે. માટે તેની પાસે જઇએ. પરંતુ જો જે હોં એનો હાથ ડાબવા કાંઈ જોઇશું ! !"

"વારૂ ચાલો પણુ તાકીદ કરીએ કારણુ આવેલી તક ગુમાવીએ તે ઠીક નહી"

હા, ! પૈસા ! પૈસા! તુજ સમાન જીવ લેનાર જમ આ દુનિયામાં કોઈ નથી તુ રૂપેરી મુરતી એ સઘળી માણુસ જાતને પુજારી બનાવી બરી માયાના મંદીરમાં તારાં પાપની પુંજા કરતાં બેસાર્યા છે. પૈસાના પુન્યથી પાપીના નાવ તરેછે; અને પૈસાની કુમકેજ નિચકુલનાઓ સરજોરી કરેછે—

પ્રકરણ ૭ મુ.

ઘરબાર વિનાનાં.

સુખ દુઃખ વારા ફરતી છાયા, કાર્ય વિધીનું એવું.
સંકટ સમયે ધીરજ ધારી પ્રભુ રાખે તેમ રૂહેવું;
સત્ય સદા ફળશે—આખર બદીનો નાશ થશે.

આ જીંદગીમાં સુખ અને દુઃખ એ સદ્‌ગુણનું નહી પણ ક-

હાપણનુ પરીણામ છે. દરેક સુખ દુઃખને પરમેશ્વર એવી તો નજીવી બાબત ગણે છે કે, તેની વહેચણુ કરવામાં ધ્યાંન આપવું એ અયોગ્ય સમજે છે—ગોલ્ડસ્મિથ.

"દુનિયાના રસ્તા ઉપર ચાલતાં જ્યારે, વિપત્તિરૂપી કાંટા; અને બાવળના ઝાડ આવે ત્યારે તેની આગળ બેશી રડવાનાં કરતાં, તેની ઉપરથી કુદિ જવાની તજવીજ કરવી એ વધારે સારૂંછે દિલગીર અને રડતા માણસની જીંદગીનો દોરો. સદા ટુંકો હોયછે; અને, જીંદગીના માર્ગમાં ડાહાપણુ ભરેલી ચાલ અગત્યની છે. દુઃખ આવી પડેછે, ત્યારે દિલગીરી અને ઉમેદી તેને બરતરફ કરતી નથી. ત્યારે બહેતર છે કે બેસિને શોક કરવા કરતાં તેનો ઉપાય શોધવો—

(બમન)"

કીશનજી રાધાને બેભાંન અવસ્થામાં રડતી મુકી કાંઇક કાગળીઆ લેઈ ચાલ્યા ગયાને થોડો વખત થયો એટલામાં તારા જે તેના પ્યારાના વિયોગથી વલોપાત કરતી પાસેના ઉપવનમાં બેઠી હતી તે અત્રે આવી; અને રમણુ પણુ બ્હાર કાર્યાર્થે ગયો હતો. ત્યાંથી ઘેર આવ્યો.

પોતાની વ્હાલામાં વ્હાલી જનેતાને એકદમ આંમ દુઃખાવસ્થામાં પડેલી જોઈ તેઓ ગભરાયાં—બ્હાવરાં બની ગયાં—રડવા લાગ્યાં, અને જોત જોતામાં એક કલાકની અંદર આ મકાનમાં રડાકુટ ત્થા કોલાહલ મચી રહ્યો એ સાંભળી આજુબાજુનાં પાડોશીઓ ભરાઈ ગયાં તેઓએ રાધાની હાલત જોઈ તેણીની આસના વાસના કરી. છોકરાંને રડતાં છાનાં રાખ્યાં. રાધા તેના બાળકોને રડતાં જોઈ આંખ્યના આંસુ લુછી નાખી સાવધ થઈ છોકરાંને છાંના રાખવા લાગી. બચ્ચું-એ માતાને હરખ અને પીતાની આશા છે. તે મુજબ રાધાને આ વખ્ત દુનિયાની વ્હાલામાં વ્હાલી ચીજ મુજબ તેના ફરજન લાગ્યાં. આ મકાંનમાં થતો કોલાહલ સાંભળી દોડી આવેલ સખ્સોમાં એક વકીલ હતો. જેનુ નામ જમીયતરાય, ઓછવરાય, અને સોરઠીઆની અડકે તે ઓળખાતો હતો. જાતે તેવડ નગરેનાગર હતો. મુંબઇમાં કેટલાંક વર્ષો થયાં તડામારથી પોતાનો ધંધો ચલાવતો હતો. એ આરસામાં કીશોરપ્રસાદ નામનો તેનો એકનો એક યુવાન છોકરો એલ. એલ. બી. ની પરીક્ષામાં પાસ થઈ તેજ શાલમાં કોલેરાના દુષ્ટ ઉપદ્રવને ભોગ થઈ પડવાથી તેને પોતાના એકના

એક પુત્રનો શોક અંતઃકરણમાં સજડધા કરી બેઠેલ હોવાથી હાલ તે સદર ધધો કેટલાક દિવસથી છોડી અત્રે પોતાના વતનમાં આવી સર્વે દુનિયા જુઠી સમજી ઇશ્વર સ્તવનમાંજ કાલ નિર્ગમન કરતો રહ્યો હતો. તે ભાવનગરીનો એક મિત્ર થતો હતો અને તેના ઘરમાં શોક ધ્વનિ નિસરતો સાંભળી તે અત્રે આવ્યો હતો તેણે રાધાને પુછ્યું. રાધાબાઈ તમને શું થયુંછે; ? અને આમ ગભરાએલાં કાં દિસો છો ”

“ જમીયતરાયભાઇ મારા દુઃખની હવે હદ રહી નથી, અને મારાથી કહેતાં હવે જીભ ઉપડતી નથી. જુવો આ ન્યુસપેપરમાં શું લખેછે ” ? રાધાએ નિશ્વાસ નાખતાં કહ્યું

“ એમાંતો કુમુદ બાંધવ ગુમ થવાનુ લખેછે. તેથી શું સમજાય. ” ? જમીયતરાએ જીજ્ઞાસાથી કહ્યું.

“ અફસોસ ! તે કુમુદ બાંધવજ તમારા ભાઇની ભોગ લેનાર નીવડી છે તેઓ તેમાં બેસી એડન જતા હતા. ” રાધાએ અશ્રુપાત કરતાં કહ્યું.

જમીયતરાય આ સાંભળી આશ્ચર્ય ચકિત થયો—દિલગીર થયો—અને થોડા વખત સુધી સ્તબ્ધ થઇ ઉભો જ રહ્યો. બાદ તેણે વિચાર કીધો કે આ વખ્તે આ લોકોને જો હું ધૈર્ય નહી આપુ તો તેઓના દુઃખમાં હદપાર ઉમેરો થઈ તેઓ હેરાંન થશે સમજી તે રાધાને કહેવા લાગ્યો “ રાધાબાઇ તમે ભુલ કરોછો. એ ઉપરથી કેમ સમજાય કે કરશનદાસ તેમાં જ ગયા હોય ? ! તમે આજુ બાજુ નિશ્ચય કરી જોયો—? ”

“ ના ભાઈ મેં પ્રતિતી તો નથી કરી જોઈ પરંતુ આજ રમણને મુંબઈ ખબર કાઢવા મોકલનારછું.” રાધાએ નિરાશાથી જવાપ આપ્યો.

“ વારૂ કાંઈ તે બચ્ચાંને માટે ગોઠવણ કરી ગયા છે કે ? ”

રાધા—ભાઈ હું મારી શિ કર્મ કથા કહું. તેઓ અત્રેથી ઉપડનાર હતા. તે દિવસે કહેતા હતા કે વખતે દરીયામાં કેમછે કેમ નહી. માટે મારાં છોકરાં અને તારે માટે કીશન લવજીની મુંબઈની મશહુર પેઢીપર એક લાખ રૂપૈયા મુકતો જઇશ. તે નાણાંની નોટો મને તેઓએ બતાવી હતી. હવે તે નાણાં તો ક્યાંઈ ગેબ થઈ ગયાં

અને ઉડતું ખબર કાડતાં કીશનજી રૂ. ચાળીશહજાર અમારાપર લેણા કાઢે છે આ વાત ઉપરથી મને તે નાણાવટીની લુચ્ચાઇ માલમ પડેછે.

જમીયતરાય—હા, રાધાબાઈ અમો પણ ધારતા હતા કે કરશનદાસ પાસે એક બે લાખની મુડી છે તો આમ કેમ બને ? પરંતુ કીશનલવજી જેવો નામીચો શરાફ એટલા માટે જુઠુ બોલે એમ કેમ મનાય ?”

રાધા—અરે ભાઈ ! એ લુચ્ચા દગાખોર નાણાવટીનું તો નામ જ દેશો માં. મનુષ્ય જાતના નામને એબ લગાડનાર દુનિયામ બીજો કોઈ પેદા થયોહોય તો તે કીશનલવજીજ છે !

જમીયત—શું ત્યારે, તમે તેને ઓળખોછો ?

રાધા—હાજી, હું એ નાલાયકને બચપણથી ઓળખુ છું; અને તમારા ભાઇને મેં * * * * * એટલું બોલી રાધા રડવા લાગી.

જમીયતરાય—રાધાબાઈ ધીરજ ધરો અધીરાં ન થાઓ. આ કામમાં જો દગલબાજી હશે તો તમારા બાળકોના હિતાર્થે હું આજ રોજ મુંબઈ જઈ ખાતરી કરી આવીશ. અને રમણને પણ મારી સાથે મોકલજો. તે પણ તપાસ કરશે.

જમીયતરાય દયાળુ અને પરોપકારી મનુષ્ય હતો જેથી રમણને લેઈ તે મુંબઈ ઉપડી ગયો. રમણને જાણીતી આફીસોમાં તથા વ્યાપારીઓને ત્યાં ખબર કાડવા મોકલ્યો. અને પોતે કીશન લવજીની દુકાનપર ગયો. તપાસ કરતાં મી. ભાવનગરીએ કરી આપેલું લખત ખરૂ ઠર્યું બાદ જે વકીલને ત્યાં તે લખ્યું હતું તેને ત્યાં જઈ તપાસ કરી પરંતુ તેઓ લુચ્ચાઓની પાકી લુચ્ચાઈ તેને જરા પણ માલમ પડી નહી. આણીપાસ રમણને પણ કુમુદ બાંધવ ભાગી ગઈ છે એ શિવાય વધુ પત્તો નહી લાગવાથી તેઓ બને પાછા સુરત આવ્યા. જમીયતરાએ બનેલી હકીકત રાધાને વિદિત કરી અને કહ્યું કે “લખેત મી. ભાવનગરીની સહીનુછે. અને તેમાં લખ્યું છે કે મુદત અંદર રૂપૈયા વસુલ ન થાય તો સુરતનું મકાન ભરેભાદરે સામાને તેના કબજે થાય. જે મુદત પુરી થવાને ફક્ત હવે આઠ દિવસની જવારછે. આ ઉપરથી રાધા ઓર વિમાસણમાં પડી. રડવા લાગી. જમીયતરાએ તેને ધૈર્ય રાખવા કહ્યું. જેથી રાધા ધૈર્ય પકડી ભવિશનો વિચાર કરી ચુપ રહી. અને પોતાના મકાનમાં જે કાંઈ રાચરચીલું જણસ ભાવ હતું તે આ દયાળુ અને પરોપકારી જમીયત-

તરાયના હસ્તે વેચાવી ધોબી, માળી, ચાકર નફર વગેરેનો પગાર ચુકવી તેણીએ મુંબઇ જવાનો વિચાર કર્યો. અને રમણને પોતાને સારૂ મકાન રાખવા અગાડીથી મોકલ્યો. તેણીનો વિચાર એવો થયો કે છોકરાં કાંઈ ધંધો રોજગાર કરશે એટલે ટકુ નભશે; અને વળી જોઇએ કાંઈ પતિનો પતો મળેછે. !! પોતાના ભર્થારના મરણની શક પડતી વાતપરથી રાધા તેણીના સૌભાગ્યમાં કાંઈ ફેરફાર કરી શકી નહીં. પરંતુ બાર વર્ષ સુધીમાં મી. ભાવનગરીનો પત્તો નહી લાગે તો. પછી તેનું શાસ્ત્રોક્ત વિધીએ સ્નાન કરી લોકાચાલ કરવો અને ત્યાં સુધી શોકીયાં વસ્ત્ર ધારણ કરવા તેણીએ વિચાર રાખ્યો.

રમણે મુંબઈ જઈ માંડવી.બંદર પાસે બાપદેવ સ્ટ્રીટમાં રસિકલાલ શ્યામજી ભણશાળીના માળામાં બે ખંડનું એક કાતરીયુ ભાડે રાખ્યું. સાત દિવસ થયાં તો પણ કીશનજીએ રાધાને ઘર છોડી જવા સરખી નોટીસ પણ આપી નહી તોપણ ખુરશી ટેબલ કોચ પલંગ અને બીજું જે કાંઈ ફરનીચર રાચરચીલું હતું તે ત્યાંજ પડતુ રાખી પુરી થતી તા. ૨૪ જાન્યુઆરીની રાત્રે તેણી તારાને લેઈ દુઃખી અવસ્થામાં સુરત નગરીની છેલી મુલાકાત સાથ બાકી રહેલા રૂ ૫૦૦) જેવી નજીવી રકમ લેઈ રાધા મુંબઈ ઉપડી ગઈ. નિમેલી મુદ્દતે રમણ પોતાની મા અને બ્હેનની ચરનીરોડ સ્ટેશનપર વાટ જોવા લાગ્યો. એટલામાં રાધા અને તારા ટ્રેનમાંથી ઉતર્યા. એટલે તે પોતાના રાખેલ ઉતારે લેઈ ગયો.

દુષ્ટ અને ઘાતકી હૃદયના કીશનજીનો વિચાર મુદ્દત પુરી થયે એકદમ રાધાના મકાનપર કાચી જપ્તી લેઈ જવાનો હતો; પરંતુ મુદ્દતને દિવસે ત્યાં જઈ જોતાં કોઈ નહી હોવાથી હાથ ઘસવા લાગ્યો—ધારેલા શિકાર હાથમાંથી છટકી જવાથી તે દિલગીર થયો. પરંતુ તેનું મકાન કબજે કરી તે પાછો આવ્યો.

પ્રકરણ ૮ મું.

તારાનો પ્રયાસ.

વિધ્યા ધન ઉધ્યમ વિના, કહોજી પામે કોણ ?
પવન મલે પંખા તણો, વિના હલાવે પાણ ?

ગરીબાઇ દુઃખ તો છે. પરંતુ સારા માણસો જેઓ એ સુખના સ્વાદ ચાખેલા તેઓપર તે વધારે જબરૂ દુઃખ થઇ પડે છે; અને તોપણ એ દુઃખમાં પોતાના વળેલા હાડકાંથી તેઓ જેટલાં સુખી થાય છે તેટલા એવાં જે સુખીઆં આખા હાડકાના આળસુ બેસી રહી પોતાના આગલ્યા સુખ અને હાલના દુઃખને યાદ કરે છે. તેઓ સુખી થતાં નથી. દુઃખના સામુ જોવાથી—તેનિ સાથે લડવાથી—અને કામમાં પડવાથી સઘલુ દુઃખ ભુલી જવાય છે; અને આવતા સુખ માટે તૈયાર થવાય છે—

સુરતથી ઉપડી મુંબઈ આવતી વખતે રાધાની પાસે ફક્ત રૂ. ૫૦૦) હતા, તે હવે આસ્તે આસ્તે પુરા થવા આવ્યા અને એ પુરા થઇ રહેતો. પવન ખાઇ પેટ ભરવાનો વખત હતો રમણની ઉમર હાવે વર્ષ અઢારની થવા આવી છે. આટલી ઉમરમાં તેને બી એ ની ડીગ્રી સંપાદન કીધી હતી. પરંતુ નોકરી ક્યાં ? તે દરરોજ બ્હાર ભટકતો; અને ન્યુસપેપર—ચોપાન્યા વીગેરેમાંની જાહેર ખબરો વાંચતો—અને અરજ કરતો. પણ અફસોસ ! ! નહી દાદ કે નહી ફરીયાદ ! અહા ! કેવો જમાનો છે ? ! થોડુંઘણું ઇગ્રેજી ભણી વગવસીલાથી અથવા તો કોઈ મોટાના ખીસાં તર કર્યાથી ઝટ નોકરી મળી જાય છે; અને બીચારા મેહેનત કરી. બી. એ થએલા સખ્સો. પંદર વિસની નોકરી માટે ગોથાં ખાય છે. એ થોડુ આશ્ચર્ય જનક છે. ? ! મુંબઇમાં અગાઉ થોડુ ઘણુ ઇગ્રેજી જાણતો હોય તો. ભાઇ બપા કરી મનધાર્યો પગાર કરી આપી રાખતા; અને હાલ મોટા ગ્રેજ્યુએટો નોકરી માટે—જામે—રાસ્ત—ટાઇમ્સ—તથા એડવોકેટ વીગેરેની જાહેર ખબરો વાંચી ફાંફાં મારતાં સદરહુ પત્રોની ઑફીસોના દાદરો ઘસાવી નાખે છે. હાય. ! કેલવણીનો જથ્થાબંધ વધારો થયો તો પછી તેની કિમ્મત ઓછી થાય તેમાં શું નવાઇ! અરે ! આગળના વખત વહી ગયા; અને હવે તો ધંધારોજગાર અગર હુન્નર શિખ્યા હોય એ તો કઈ નસિબો તેજ સમજવો નહી તો બીએ. અને એમ. એ. ના ખીતાબો; અને મેળવેલાં સરટીફીકેટોને મધ લગાડી ચાટી પેટ ભરવાનાંજ સમજવાં. ઇગ્રેજી રાજ્યમાં એવું તો પછી દેશી રાજ્યનો તો એક પંથજ ન્યારો ત્યાં તો દેશી બીચારા રખડી મરે અને લાગ વગવાળો પરદેશી. પેશી જાય. એ બધી કાળ બળનીજ વાતછે. ! !

અત્રે આવ્યે વર્ષ પાંચ પુરાં થઈ ગયાં સુરતથી લાવેલ રકમ બાળકોને ભણાવા તથા ખાવા ખર્ચમાં પુરી થઇ ગઇ. રાધા બીચારી શીવવા ભરવામાં ઘણીજ મહેનત કરતી તો સાત રૂપૈયા ભાડાના આપતાં ત્રણ રૂપૈયા બાકી રહેતા હતા. તેમાં સાધારણ રીતે ગુજરાન કરતી અને કોઇ કોઈ વખત તો તેણીને પૈસાના દાળીયા લેઇ ફાકવાનો વખત આવતો હતો. અફસોસ! નસીબ! નસીબ! તુ માણુસને તેઓની નેકી માટે પ્રભુ તરફથી મલતુ ઇનામ છે. તો આ કુટુંબે એવી તે શું બદી કરી છે કે તેઓના ઉપર તુ કટ્ટો દ્રેષ્ટ કેલવે છે! અહા! કેવા સુખમાં દિવસો કાડતાં હતાં કે જેને દિવસ કયાં ઉગે છે એ માલમ પણ નહોતું તેઓની અંગ સમોવડ કાંતીઓ સુકાઈ ચ્હેરા ફિકા પડી ગયા છે. અહા! કુદરત તારી ખુબી તો એક ન્યારીજ છે—

"જે મનુષ્ય સબુરી શું ચિજ છે તે જાણે છે તેનેજ દુનિયા યારી આપે છે.—

રાધા બીચારી આડોશી પાડોશીનુ શિવવા સાંધવાનુ; અને સાડીની કોરો ભરવાનુ કામ કરી થોડુ ઘણુ કમાતી; પરંતુ આખો દિવસ ગધેડા સમ વૈતરૂ કરે કાંઈ એકલી કમાઇમાં ત્રણનુ પુરૂ થાય નહીજ.

મી. ભાવનગરીએ તારાને ઇંગ્રેજી માસ્તરો રાખી પોતાને ઘેર સઘળી કેલવણી આપી હતી. તેમાં તેની મુખ્ય હુંશિયારી—પીયાનો, હારમોનિયમ, તાઉસ. વીગેરે વગાડવામાં તથા. ગમે તે વસ્તુપર સારી રીતે ગુંથી ભરી જાણવામાં વિશેષ હતી તેણીની ઉમર હવે વર્ષ સોલની લગભગ થવા આવી છે જેથી તેણે પણ હવે બહાર પડવાનો ઇરાદો કર્યો.

રમણ દરરોજ ટાઇમ્સની ચાર ચાર આના આપી એકેકી નકલ ખરીદતો હતો; અને એમાં આપેલી પોતાને લાયકની જાહેર ખબર માટે અરજીઓ કરતો પણ તે ફોગટ.! નસીબ દેવી તેઓની શત્રુ થઈ બેઠી હતી. જેથી તેઓની ધારેલી દરેક આશા નિષ્ફલ થતી હતી.

પાછુ આ કુટુંબની ઉપર પ્રભુની કાંઇક મહેર થતાં તેઓનુ નસીબ ચકર ફરવા લાગ્યું—તારાના હાથમાં એક જાહેર ખબર

આતી; અને તે બે પારસી છોકરીઓને લખતાં વાંચતાં તથા પીયાનો વગાડતાં શિખવવાની હતી આ જાહેર ખબર આપનાર એક મહેરબાઇ નામની પારસી સ્ત્રી હતી. પોતે હિંદુ અને સ્ત્રી જાત. એટલે પારસીને ઘેર જવા માટે તારાને દુસહ્ય તો લાગ્યું; પરંતુ તેમ સમજવા કરતાં તેઓને ભુખમરાનુ દુઃખ વધારે હતું જેથી તેણી ત્યાં બાણાવાજનામાં બાધ ન ગણતા પેપરમાં દર્શાવેલે ઠેકાણે ચાલી ગઇ.

જે સ્ત્રીએ પેપરમાં જાહેર ખબર આપી હતી તે એક પૈસાદાર વિધવા સ્ત્રી હતી; અને તેને ચાવળી તથા હલકા પેટની સાધારણ ખુબસુરત—કે જે ખુબ સુરતી ને તેના ચાવળા પણાએ બેડોલ અને બદ સુરત બનાવી દીધી હતી—એવી બે છોકરીઓ હતીઓ. તારા તેને ઘેર જઇ પુછતાં મહેરબાઇ તેની છોકરીઓને કહેવા લાગી "આય, માય, બાનુ! આ કેવી મઝાની હિંદુ છોકડી છે?!" તારા પ્રતિ "કેમ છોકરી કેમ આવીચ્?"

તારા—"કોઈ સ્ત્રી માસ્તર મેળવવા આપે પેપરમાં જાહેર ખબર આપી છે.?"

"હા, પન, તુ ઇંગરેજી ભણેલીચ? તને પિયાનો વગાડતા આવરેચ? વળી તુ ભરી ગુંદી જાણેચ?" મહેરબાઇએ પરીક્ષા લેતાં પુચ્છયું.

"હા બાઈ તે બધું હું જાણુંછું" તારાએ નમ્રતાથી જવાપ આપ્યો.

મહેરબાઈ—ઠીક છે. ત્યારે તું કોઈ લાગે ચ્ તો સાહુગ્રહસ્થની છોકડી. એટલે મારૂ ઘર સોભાવશે. પન બોલ બાઈ તુ કોઇ સારા આદમીની ઓલખ આપશે?

"હા, સુરતના વકીલ જમિયતરાય જેઓ અત્રેની હાઇકોર્ટમાં વકીલાત કરતા હતા. જેઓ દેશમાંથી થોડો વખત થયાં અત્રે આવેલ છે. તેઓ મને અને મારા કુટુંબને ઓળખે છે.—" આટલું બોલતાં તારાની આંખમાં—પોતે કોણ અને આવી પડેલ દુર્ધાફતને લીધે ઓળખણ માગવાનો વખત આવ્યો પેખી દિલગીર થઈ—આંસુ ભરાઈ આવ્યાં. પરંતુ તે લુછી નાખી પાછી હિમ્મતપર આવી.

મહેર—ઠીકછે છોકરી હું તેવેણુને પુછાવી ખાતરી કરશ બાદ કાલથી તુ આવજે પણ તુ કાં રહેછે?

તારા ત્યાંજ અટકી અને બોલી " હું બાપદેવ સ્ટ્રીટમાં રસિકલાલ ભણુશાળીના માળામાં રહુંછું. પણ બાઈ પગાર ?

મહેર—હા, હું તે ભુલી જાઉચ્. અરે ! પણુ તારો ભણાવા સંબંધીનો આ પ્રથમ પરીયાસ લાગેચ્ માટે તને પે'લાં તો પગાર મળી શકશે નહી. પન આ છોકરીયોના બાવાજી પૈસાવાલા અને ઓહોલા દીલના હતા. તેમ મારૂ પન દીલ ઉદાર અને ઓહોલુ ચ્ જેથી તુને હું મહીને દિવસે આઠ રૂપૈયા આપસ. પન આતવારને દિવસે બી આવવું પડસે હોં ? !

તારાને પોતાની ધારણા કરતાં આ રકમ ઘણી જ થોડી લાગી પરંતુ પોતાની હાલની હાલતપર વિચાર કરી તેણીએ તે કબુલ કર્યું.

મહેર—જો છોકરી તયારે તુને ટાઇમ કેઉચ્ બપોરે એકથી સાડા ત્રણ, બસ અઢી કલાક.

દરરોજ અઢીકલાક બહારકોટથી મહાલક્ષ્મી; અને ફક્ત આઠ રૂપૈયા એટલે કલાકના લગભગ પોણા બે આના ? મુંબઇનો એક ગરીબ હેલકરી અથવા ઘાટી બ્હારકોટથી મહાલક્ષ્મી એક ચીઠી લેઈ જવાને લગભગ ચાર આઠ આના લે પરંતુ તંગી; અને ભુખમરાની લાચારી હાલત આગળ ઘર બેઠાં પોણા બે આના ક્યાંથી પ્રાપ્ત થાય કે બીચારી તારા તે નજીવો પગાર લેવા ના પાડે ! ! !

" કેમ છોકરી થંબી કાંય ગઈ !" મહેરબાઇએ પુછ્યું.

" કાંઈ નહી બાઈ કાલથી આવીશ " તારાએ નમ્રતા સાથ નિરાશાથી જવાબ દીધો.

મહેર—ભલે તયારે જા તુને રજાછે.

તારા ગઈ એટલે મહેરબાઇએ પોતાની છોકરીયો પ્રતિ કહેવા માંડયું–" કોંય, આય, માય, મે ઠીક કીધુચ્ની ? તે દિવસ પેલી બુત, સ્તોકીંગ ચરાવેલી સુધરેલી મરમ આવી હતી જેનો, દેખાવ રાતવરત ખાબમે આવી હોય તો બીહી મરીએ એવો ડાકણ જેવો જેનો સાદ કાગરા જેવો તથા જેણીનો રંગ તો તદન ખોદાઈજ જાનથીજ આફ્રીકાના સીધીયો જેવા તેણીને બખસવામાં જાણે આઇવ્યો ન હોય ! તેણીને રૂ ૧૫) કહીયા તોબી નાય પાડી. અને આઈ બીચારી બુલબુલ જેવી ખુબસુરત જેને બોલતાં બોલતાં તો મોઢે ફાકા પડેચ

તેણીએ આઠ તો આઠ કબુલ કીધા. માયરાં પેટ, એટલી ખાનદાનીના ફરજનમાં ફેર પરેચ્ ઠીક આવે તે જાતેજ સદગુણી માલમ પરેછ તો પછી તેની ઓલખ લેવાની આપનને ખટપટ શાને જોઇએ ?

કાંય, આય માય ઠીકને ?

આયભાય—હાં હાં, માયજી ઠીક તાલ કીધોચ્

પ્રકરણ ૯ મું.

નિરાશા.

માણુસ યત્ન કરે પણ પૂર્ણ થશે તે ઈશ કૃપાય થકી
ધીરજ ધરવી મનમાં, અંતે ધિરજમાંથી લાભ નકી

(કું—ક)

જ્યારે મનુષ્ય પોતાનું ભવિશરૂપી છાબડું બરોબર સરખી સપાટીપર લાવી ગોઠવેછે. ત્યારે દુરભાગ્યના દુષ્ટ ઝાપટાં એકાએક આવી તેમાં એકાદુ તણખલુ નાંખી દેઈ તેની બીચારાની સઘળી ગણત્રીયોનો ગોટો વાળી દેછે; અને વળી જે ભાગમાંથી તે વાયુ આવવા બીલકુલ વકીજ હોતી નથી. તથા જ્યાં આગળ આકાશ પણ વાદળાં રહીત–સ્વચ્છ–હોયછે તેજ ભાગમાંથી કુદરતી રીતે એકાએક તે વાયુ આવેછે શું નશિબની ગતિછે ? ! !

તારા આઠ રૂપૈયે નોકર થઈ; અને રમણ કોઈ સારા આદમીની વગથી એક પેપરમાં ઈંગ્રેજી પ્રુફ સુધારનાર તરીકે બાર રૂપૈયે જોડાયો.

હવે રાધા સીવી સાંધીને દસ રૂપૈયા પ્રાપ્ત કરતી અને બને છોકરાંને વિસ મળી મહીને દિવસે તેઓ ત્રીસ રૂપૈયા મેળવવા લાગ્યા. પરંતુ તેમાં રાજી થવા જેવું ન્હોતું. જેઓ પૈસો પ્રાપ્ત થવા લાગ્યો તેનો ખર્ચ રાખ્યા શિવાય ચાલ્યું નહીં.

મહેરબાઇની છોકરીઓ હવે પરણવા લાયક થઇયો હતીયો. પરંતુ તેણી પૈસાની ઘણી લોભીએણ હોવાને સબબ તેનો વિચાર કોઈ પૈસાવાળાને ત્યાં તેણીયોને દેવાનો હતો. જો કે તેણીનો ધણી ઘણો પૈસો મુકી ગયો હતો. તદપી તેણીએ આ ઉદ્ધત સ્વભાવની ચાવળી છોકરીઓને લાડ લડાવા તેણીએ ઘણા પૈસાનો નાશ કીધો હતો. અને

તે વિચારથી આજ તેણીએ એક મહેરવાનજી નામના નામાંકીત પૈસાવાળા વકીલને પોતાને ત્યાં મીજબાનીમાં બોલાવ્યો હતો; અને તેની સાથ કીશન લવજી—જેના હસ્તુક પોતાની જે કાંઈ નાણાંની રકમ હતી તે મુંબઈ બેંકમાં મુકી હતી તેને પણ બેઠકમાં ભાગ લેવા બોલાવવામાં આવ્યો હતો કીશન લવજી અને મહેરબાઇનો ધણી પ્રથમ એકઠો વ્યાપાર કરતા હતા; અને તે વખતે તેણી સાથ કીશન લવજીની સારી પ્રીતિ બંધાઈ હતી પરંતુ વખત જવે. તેણીની અવસ્થા વૃદ્ધ થવાથી હવે કીશનજી તેણીથી કંટાળતો હતો. અને કાર્યાર્થે કોઈકજ વખત તેણીને ત્યાં તે આવતો.

મહેરબાઈ તેણીનો ધણી ગુજર્યા બાદ પોતાના ઉછાંછળા ખર્ચથી પૈસો ખલાસ થવા આવ્યાથી કીશન લવજીને નિચોવાનો રાખતી હતી; અને તેણી જાણુતી હતી કે કીશનજી સ્ત્રી લંપટ છે જેથી—જો કે મને તો હવે તે ચ્હાતો નથી પરંતુ—મારી બુલબુલ જેવી મોટી છોકરીપર આશક થઈ મને કાંઇક ઇશારો કરે તો હું તેમાં ઘણું કબુલ કરી તેને ખુબ નિચોવું. આવા હાર્દથી જુવાનીમાં છીનાળાં અને વૃદ્ધાવસ્થામાં દલાલાં કરનાર આ દુષ્ટ મહેરબાઈ સ્વહસ્તે તનયાઓનાં દલાલાં કરી પૈસો પ્રાપ્ત કરવા ચ્હાતી હતી. ધીઃકાર ધીઃકાર એવી માતાઓને આજકાલ હાવા પ્રતક્ષ દાખલા કેટલીક ઊંચ કોમમાં જોવામાં આવેછે. એ ઘણું શરમ ભરેલુંછે* જો ધણી પીએર મોકલતા નથી તો દુનિયા ચુંટી ખાયછે અને કદાચ મોકલે તો ખુદ જનેતાજ મહેરબાઇરૂપ નીસરે તો પછી તે ધન્યવાદને ક્યાં પુરી મુકવો ? ધીઃકાર હજો એવી કુટણી માતાઓને પ્રભુ એમનું કોકાળે પણ ભલુ ન કરશો.!!

મીજબાનીમાં કેટલાએક ગ્રહસ્થોને આમંત્રણ કરવામાં આવ્યું હતું. તેમાં મહેરવાનજી વકીલ મુખ્ય હતા. મહેરવાનજી વકીલ કીશનજીને સારી રીતે ઓળખતા હતા. ખાણું થઈ રહેવા બાદ બેઠક થઈ. એક બાજુ ખુણામાં પડેલી ખુરસીપર તારા બેઠી હતી; અને તેની સાથે ઘણાજ ઠાઠમાઠથી મહેરબાઈની બન્ને છોકરીયો બેઠીયો હતીયો. પીયાનો વાગવા લાગ્યો —મહેરબાઇની બને છોકરીઓએ ગાવું શરૂ કીધું. થોડો વખત થયો તેણી ગાઈ ગાઈ થાકીઓ. પરંતુ મહેરવાનજી

---

* એક ખરાબ બીજાને નામોસી લગાડેછે. પરંતુ બધાં તે કાંઈ તેવાં હોય ? નહીજ.

વકીલના હોઇ તેઓની સુંદર છબ્બી અને રાગને જરા પણ આકર્ષણ કર્યું નહીં. આ બધો વખત મીજબાનીમાં ભરાએલા સખ્સોનું તો-મહેરબાઇની છોકરીઓના ચાળા ચસ્કા તરફ નહી પણ-ફક્ત તારા જે પીયાનો વગાડતી હતી. તેણી તરફ સર્વેનું ધ્યાન હતું. કીશન લ-લજી આ હિંદુ બાળાને જોઈ ચમક્યો. અને કુદરતી રીતે તેનું દિલ ઉશકેરાયુ-તેની હદપાર આત્મકૌશલ્યતા જોઈ તે ચકિત બન્યો-તે કોણછે તે જાણવા દિલ થયું પરંતુ બેઠેલી મીજલસમાંથી ઉઠી મહે-રબાઇને પુછવા જવું મુસ્કેલ હોવાને લીધે તે હાલ તો મુગે મોઢેજ તેને નિહાળતો બેસી રહ્યો. બેઠકના સખ્સોનું આ વખ્તે એવું માગણું થયું કે તારાએ કાંઈ ગાવું.

તારાને જો કે ગાવાનો શોખ નહોતો. તેમ આ મીજલસમાં અને વળી પરાયા ઘરમાં ગાવું એ સારૂ તો લાગ્યું નહી પરંતુ ઘણી વખત મીજલસના ગ્રહસ્થોનું માગણું થવાથી આખર તેઓનું અપમાન કરવું. નાદુરસ્ત લાગવાથી તેણીએ ગાવું શરૂ કીધું—

"નથી અવર કશ્યુ લાભકારી, પ્રભુ એક તુજમાંછે આશ અમારી.
"તુજ પદ મોટુ પ્રભુ પામવાને, સંસારના બાંધ ભારી,
"માટે પ્રભુ અળગાં રહીને કહીએ, લીલા તમારીછે ભારી.
"વિશ્વતણો તું તાત કેવાણો, રચિ જગતની રચના તેં ન્યારી,
"મેરનો તરણોને તરણાનો મેર, કરે ઘડી એક નવારી.
"પ્રહલાદ ઉગાર્યો હરિશ્ચંદ તારા, રોહિતાસ્વ, જેસ્તધારી,
"સાહ્ય થયા રાખી લજ્યા મોરારી, તુજ પદ અપરંપારી.

(ચંદ્રબાલા)

તારાના કોકીલ સ્વર; અને કરૂણા રસથી ભરપુર ગાયનથી આખી બેઠક સ્તબ્ધ થઈ ગઈ. આખર તેના ગાણા બદલ મહેરબાઇની છોકરીયોને નહી પણ તારાને સાબાશી આપી સર્વે વિદાય થયા.

મહેરબાઇએ પોતાની છોકરીઓને માટે ધારેલો વિચાર નિષ્ફળ જતાં ખુબ રાતી પીળી થઈ ગઇ અને તારાપર ગુસ્સો કરી મગજ ગુમાવા લાગી.

ગાણુ બંધ થતાં વેતજ કીશનજી ઉઠી મેહેરબાઈ પાસે આવ્યો અને આ ખુબસુરત હિંદુ બાલા વિશે પુછવા લાગ્યો. જેથી તેણીએ ઉકળતે અંતઃકરણે જવાપ દીધો—"મોઈ રાંડ તીતુડી કોઈ કરશ-નદાસ ભાવનગરી કરીને છે તેની તે છોકરી મોઇછે.

કરશનદાસ ભાવનગરી, એ નામ સાંભળતાં જ કીશન લવજી ચમકયો. તેના રૂવાં ઉભાં થયાં તેણી જો કે પેલી પડાવેલી તસવીર કે જે કીશનજી તેને ત્યાંથી ચોરી લાવ્યો હતો. તેના કરતાં હાલ તેનામાં ઘણો ફેર પડયો હતો. તોપણ કીશનજી જાણે તેને ખાસ દિઠેલી જ ન હોય તેમ સમજવા લાગ્યો. તેના મગજમાં કીનાએ પ્રવેશ કર્યો; અને દિલમાં બરબડવા લાગ્યો—"અરે મારા દુષ્મનનુ કુટુંબ અત્રે આવી પાછું વસ્યુ છે! અત્રે પણ તે સારી સ્થીતિમાં હોય તે મારાથી હવે કેમ દેખી ખમાય. તેને તો હવે પાયમાલજ કરવાં. અરે રાધા! તુ એમ ના જાણુતી કે મારો તિરસ્કાર કરી તુ સુખ પામે. પણ અરે હજુ હુ તારો કીનો લેવા ચુકનાર નથી (મહેરપ્રતિ) મહેરબાઈ એ કયાં રહેછે, મહેર—અ્રરે રાંનનુ નામ જવાદોને સેતજી. મોઈ રાન કહેતી તી તો ખરી કે બાપ દેવ સીતમાં કોઈ રસિકલાલ ભણસાલી છે તેના માલામાં રેઉછું.

કીશનજી—ઠીક પણ મહેરબાઈ તમે કેવાં માણસ છો. અરે તમે એક બુરામાં બુરૂ કામ કીધુ છે. અરે તમકે કોઈ નહી કોઈ નહી ને આય છોકરી કયાંથી મળી? મારા ધારવા પ્રમાણે તે તમારે ઘેર આવે તેમાં તમારી ઇજતને ખલેલ લાગે તેમ છે."

"કાંય શેઠજી એમ કાંય,? મહેરબાઇએ આશ્ચર્યતાથી પુચ્છું.

કીશનજી—અરે તેની માતો તેના બાપને ઘેરથી પરણ્યા અગાઉ એ ભાવનગરીને લેઈ નાસી આવી છે. અને એજ હલકી પાયરીની એ છોકરી છે.

મહેરબાઇ—હાં! એમચ? તારે તો બલા ટલી સારૂ થીયુ કે તમે કહીયું. અમો સુ જાણીએ કે તે રાન તેવી ચપરાસ છે.! રાંનની આંખો જ ફરેલી લાગેચ જોવોને સભાની વચ્ચે જાને. તેના બાવાજીનો મકાન હોય તેમ સમજી રાગરા કારવા લાગી. રાંનને જરા સરમ બી આયવી કે. પરાયા મકાન મે કાંય ગવાય?!

આ વાત થઇ. કીશનજી વીગેરે અત્રેથી ગયાં એટલો વખત તારા બ્હારના દિવાનખાનામાં હતી. તેણી અંદર આવી અને વખત થઈ જવાથી મહેરબાઇ પાસે ઘેર જવા રજા માગવા લાગી.

મુળ તો પોતાની છોકરીઓનુ તેણીના આગળ માંન ન રૂહેવાથી ગુસ્સે થએલી અને તેમાં વલી કીશનજીનો તેણીને માટે મળેલ

અભીપ્રાયથી મહેરબાઇ તેણી પોતાને ઠગી સમજી વધારે ક્રોધમાં આવીને બોલી—"લુચ્ચી છોકરી આજથી તુ મારી પાએરીએ પગ મુકતી નહી"

તારા આ શબ્દો સાંભળી એકદમ ચમકી—પોતાનુ અપમાન થવાથી તેણીનો ચ્હેરો ફીકાશ મારી ગયો. તોપણ ધૈર્ય લાવી બોલી—"કેમ બાઇ મે કાંઈ ખોટુ કામ કીધુંછે. ?"

"અરે તે એક બુરામાં બુરી ઠગાઇ કરી છે; અને આટલે વર્ષે તુ મને ઠગીછે. !" મહેરબાઇએ ચીઢાઇ કહ્યું.

"તે કેમ સમજાય ? તમે બોલોછો એવું મે કોઇ પણ ફેલ કર્યું નથી. તારા ઓશીઆળે ચ્હેરે બોલી.

"એ બુનિયાદ. શું તુ તારી માની વાત મારાથી છુપાવી શકી નથી ?! શું તે તારા બાવા સાથે લગ્ન કીધા શિવાય નાસી ગઇ નહોતી ?" મહેરબાઇએ કહ્યું.

મહેરબાઇના આ શબ્દોચ્ચાર તારાને હાડોહાડ લાગ્યાં. તેણીની મુખમુદ્રા ફીકી પડી ગઇ તેણીને અપમાન શું તેનો અનુભવ મળ્યો નહીં હોવાથી તેણીના ગાલપર લોહી ચઢી ગયું તેણીની આંખો રાતી પીલી થઇ ગઈ તેમ છતાં પણ તેણી ખાંનદાંનનુ ફરજન્દ હોવાથી કુદરતી રીતે તેણી ખાનદાનીને ઘટતા શબ્દો બોલી—"શું તમે મારી માને વિશે હલકુ મત ધારોછો ! ! માફ કરો—તેણી વિશે તમે વધુ શબ્દો બોલવા જુબાંન ચલાવો નહી. કારણ મારી માના જેવી આ દુનિયામાં બીજી ભાગ્યેજ સ્ત્રી હશે; અને તમે પણ મારી માની સરખામણીમાં કશિ વિશાદમાં નથી. એ હું હિમ્મતથી કહુંછું—કે જેને હું મારા જીગરથી વધારે ચ્હાઉછું; અને એવા કોણ બદમાસે તમને ભંભેર્યાં છે કે નાહક તેણીના નામને બટ્ટો લાગે. ? !"

મહેરબાઇ—છોકરી વધુ ના બોલ. તે તારી માયને બચપણથી ઓલખેચ; અને તેજ બદચાલ ઓરતને પેરે તુ પેદા થઇચ.

તારા—બસ બસ મહેરબાઇ ઝાઝી જુબાંન ન ચલાવો હું તમને મારી નોકરીનુ રાજીનામુ આપુછું; અને જે ધણીએ મારી માના નામને ખોટો બટ્ટો લગાડવા. ગેબી વાત કીધી છે તે આશામી જાતેજ તેવો નિચ હોવો જોઇએ. બસ માફ કરો હવે હું તમારી સાથે વધુ ભાષણ કરવા ખુશિ નથી—

મહેરબાઈ—જે આશામી એ વાત કઇચ તે નામાંકીત સરાફ્ છે. તે કાંય ખોટુ બોલે. ? શું તારી માય તેણીના બાવાજીનુ ઘર છોડી તારા બાવાજી સાથ નાસી નથી ગઇ ?

" ત્યારે જો તમે બરાબર જાણુતાં હો તો કહો હું તે જાણુવા હકદાર છું " તારા ચીઢાઈ બોલી.

" નાંહીબાઈ મારાથી વધુ કહેવાય નહી. મારા મકાનને અયેબ લાગે ફક્ત એટલામાંજ સમજ કે કાલથી તુ આવીસ ના ' મહેરે કહ્યું.

તારા ચિઢાઇ બોલી—" મહેરબાઈ તમે હવે એમ ધારો છોકે દસ વાર તમે બોલાવો તોય હું આવું ? અને હવે મારૂ અંતઃકરણુ અહી આવવા ચ્હાય ? નહી તમારી પાએરી પર પગ મુકવા હુ જરા તેજ ખુશિ નથી. અને છેવટ એટલુંજ કહુછુ કે પરમેશ્વર હવે સ્વપ્ને પણુ આપના દર્શન ન આપે" આટલું બોલી તારા ચાલી ગઇ.

મહેરબાઇ બોલી—" આય, માય, ? આ જોઇ કે રાંન ઘેયડી, વટલેલ તુરકડી. ! રાંન બાંમચનને મીજાજ કેટલોચ જાને કોઈ બડા રાજાની રાંનીજ તો. બીચારા કીશનજી શેઠે આટલેથી સમજાવીયાં ન હોતે તો રાંન આપણુ મકાંન વગોવતે ઠીક થોયુ રાંન ટલી તોટલી પન પંદર દિવસનો પગાર તો બચીયો."

પ્રકરણ ૧૦ મું.

આશા.

જનના તનમાં વસતાં આલસ્યનેજ મહા રીપુ ધારો;
ઉદ્યમ સમ નહી બંધુ, નાશ ન પામે ઉદ્યમ કરનારો.

કંગાલીયત—મુંસ્કેલી—એ મ્હોટો દેવ છે; અને જ્યારે માણુસ તેથી બ્હીએ છે. ત્યારે જ તે તેની મુલાકાત લે છે પણુ તેથી ન ડરતાં જે સબુરીના મેદાંનમાં ઉદ્યોગની ઢાલ; અને હિમ્મતની તલવાર લેઈ તેના સામે લડેછે. તેનાથી જ તે નાસતુ ફરેછે—"

મહેરબાઇને ત્યાંથી આવી તારાએ ત્યાંનુ તમામ વૃતાંત સંતાપ ન થાય માટે પોતાની માને ન કહેતા તેઓ પરગામ ગયાંછે જણા-

વ્યું. અને પોતે દિલમાં સંતાપ કરતી બેઠી. તારાની નોકરી પૂર્ણ થવાથી તેઓના ગુજરાંન માટે પાછા કાંઇક દુઃખમાં દિવસ નિકળવા લાગ્યાં.

અરે બીચારી તારા ! જેણે સોના સરખો બાપ ખોયો વળી કમ ભાગ્યે જે સખ્સને તેણે દિલ આપ્યું હતુ તે પણ ક્યાંય ગુમ થયો તેની નહી ખર કે ખબર ! હવે તો તેણી કંન્યાવસ્થાની બ્હાર નિકલવા યોગ્ય થઈ હતી છતાં પૈસાની તંગી અને ન્યાતથી દુર હોવાના બાયસથી તેણી લગ્ન કરવું અટકી પડ્યું હતું; અને આ કારણથી તેણી ઘણો અફસોસ કરતી હતી. અરે પણ તે અફસોસ કરતાં ભુખ મરાનો અફસોસ થોડો નહોતો તેણી પોતાની માને શિવવા સાંધવામાં મદદ કરતી પરંતુ તેથી શું બને? વળી કર્મ ભાગ્યે. હવે ભરવા શિવવાનુ પણ ઘણુ ઓછુ આવવા લાગ્યું. એટલે ફક્ત પોતાના ભાઇના નજીવા પગારપર તેઓનુ ગુજરાંન મહા મુસ્કેલીએ ચલાવુ પડતુ હતું.

જેણે ચાકર, નફર, ગાડી, ઘોડાની રેલછેલમાં દિવસો કાઢેલા તેઓને રમણની નજીવી બાર રૂપૈયા જેવી રકમમાં શું પુરૂ થાય. !!. પણ શું કરે ઉપાય શું. ?

આખર થોડા દિવસ થયા એટલે વળી તારાનો ચંદ્ર ચઢતો થયો. તેણીએ એક ન્યુસપેપરમાં જાહેર ખબર વાંચી કે " એક ઇંગ્રેજી બીજુ ત્રીજુ ઘોરણ ભણાવી શકે એવી હિંદુ સ્ત્રી માસ્તર જોઇએ છે ઉમેદવારે બી. ટી ખંભાતને શિરનામે ગોવાલીયા તલાવ પર નં.-૧૦૫ વાળા બંગલામાં મળવું. "

તારાએ આ જાહેર ખબરનો લાભ લેવા નાસ્તો કરી ચાલવા માડયું કયાં માડવી બંદર પાંસેનુ બાપદેવસ્ટ્રીટ..અને કયાં ગોવાળીઆ તલાવ. ?! આ સોલ વર્ષની નાજુક; અને ખુબસુરત છોકરી જેણે ગાડી ઘોડામાં જન્મારો કાઢેલો તેથી ચાલી શકાય ? અલબત ચાલવુંજ જોઇએ ! નહીતો ઉપાય શો. ? ગોવાળીઆ તલાવ જવા આવવા ગાડી કરેતો તેનુ ભાડુ તેના કુટુંબના બે દિવસના ગુજરાંન જેટલુ થાય ખેર બિચારી રસ્તામાં બેસતી બેસતી ગોવાલીયા તલાવપરના નંબર. ૧૦૫ વાળા બંગલે જઇ પહોચી સદર બંગલામાં એક

પચાસ વર્ષનો પારસી ગ્રહસ્થ ચસમાં ચઢાવી એડવોકેટ ઓફ ઇન્ડીઆ વાંચતો એક ખુરશી પર પડયો હતો આ પુરૂષ એક નામીગો વકીલ હતો; અને તેની એકની એક વ્હાલી છોકરી ગુજરી જવાથી તેના સ્મરણાર્થે તેણે તે છોકરીના નામની એક ગર્લસ્કુલ સ્થાપી હતી જેમાં ઈંગ્રેજી બીજુ ત્રીજુ ધોરણ ભણાવનાર સ્ત્રી કાર્યાર્થે પોતાને દેશ જવાથી તેની ખાલી પડેલી જગાપર બીજી સ્ત્રીની નીમણુક કરવા તેને આ જાહેર ખબર આપવી પડી હતી. તેની પાંસે પણ થોડેક દુર દાદારની નજદીક તેનો એક પટાવાલો બેઠો હતો તારા દાદરે ચઢી; અને પટાવાલાને પુચ્છયું. "બો. ટી. ખંભાતા." આ બંગલામાં રહે છે?"

જવાપ મલ્યો. "હાજી"

"તેઓ હાલ ક્યાં છે.?"

"હાજી"

"જરા જઈને કહો કે એક બાઇ આપને મલવા ઇચ્છે છે"

પટાવાલાએ તેના શેઠને જઇ કહેતાં શેઠે હાથમાંથી પેપર ટેબલ પર મુકી તેણીને ઉપર બોલાવા પટાવાલાને કહ્યું તારા ઉપર આવી અને નમ્રતા સાથ તે ગ્રહસ્થને પુચ્છયું.

"સાહેબ, બી. ટી. ખંભાતા આપનુ નામ?"

"હા બાઇ, કેમ?" તે ગ્રહસ્થે કહ્યું.

"આપે ઇંગ્રેજી બીજુ ત્રીજુ ધોરણ ભણાવી શકે તેવી હિંદુ સ્ત્રી માસ્તર માટે ન્યુસપેપરમાં જાહેર ખબર છપાવી છે?" તારાએ કહ્યું. "હાજી. આપ તે ભણાવી શકશો?" તે ગ્રહસ્થે પુચ્છયું "જીહા, હું ઇંગ્રેજી પાંચમુ ધોરણ ભણેલી છું" તારાએ નમ્રતાથી કહ્યું "ભલે ત્યારે તમારે કાલથી ખેતવાડીની ત્રીજી ગલીમા ડાકટર વિલસન સ્કુલની નજદીક "નૌરોજ કન્યાશાળા" એ નામની સ્કુલ છે, ત્યાં જઇ બીજા તથા ત્રીજા ધોરણના માસ્તરનો ચાર્જ તપાસી લેજો તમને દરમાસે રૂ ૨૦) આપવામાં આવશે પરંતુ તમો જો કે દેખીતાં સદ્ગુણી અને સદ્ગ્રસ્થના ફરજન માલમ પડો છો તોબી રીવાજ મુજબ આપને જરા આપની ઓળખાંણ આપવી પડશે? તે ગ્રહસ્થે કહ્યું.

તારા—આપે જે પેપરમાં જાહેર ખબર આપી છે તેમાં મે-

નેજીંગ કલાર્ક; અને આશીસ્ટંટ એડીટરનુ કામ મારા ભાઇ કરે છે. તેને આપ ઓલખતા હો તો હું તેની ઓલખાણ લાવું!

ગ્રહસ્થ—"હાં" તે તમારા ભાઇ થાય? શું તેઓનુ નામ રમનલાલ તો નહી.?"

તારા—હાજી તેજ.

ગ્રહસ્થ—ઠીક છે ત્યારે તેઓ વિશે મારી ખાતરી છે એટલે બીજી વધુ ઓલખાંણ મેળવવાની જરૂર નથી. વારૂ પણ બાઇ મહેરબાંની કરી કહેશો કે આપનુ નામ શું?"

તારા—મારૂનામ તારા, પીતાનુ નામ કરશનદાસ-ભાવનગરી છે

ગ્રહસ્થ—વારૂ હવે હું તે સ્કુલના સેક્રેટરીને લખીશ તમે કાલથી જજો.

તારા—બહુ સારૂ, સાહેબજી.

ગ્રહસ્થ—હા બાવા સાહેબજી.

એટલુ કહી. અત્રેથી તારા ખુશાલીના આવેશમાં ઘર તરફ વળી.

પ્રકરણ ૧૧ મું.

ચંદા.

પેસે જઈ પાતાળે, છુપાય જઇ કો આભ તણી માંઈ,
પ્રેમ રૂપ પારસમણી, છાનો નવ રહે મળે પ્રેમી જ્યાંઈ.

એક બાજુ તારા સ્કુલમાં ડાખલ થઈ—ન્હાના; અને અણસમજુ છોકરાંના ઘાંટા—ઘુમાટા-સાંભળી તેઓને બોલતાં અટકાવી તેના કોકીલ સ્વરથી ઘાંટા પાડવા પડતા. તેથી થતા ઉપદ્રવની કંટાળા ભરેલી જીંદગી ભોગવતી હતી. ત્યારે બીજી તરફ રમણ પ્રેસનું કંગાલ અને ગધેડાસમ વૈતરૂં મુકી દેઇ પોતાનો સ્વતંત્ર ધંધો ચલાવવા ઇચ્છા રાખતો હતો. મુંબઈ ગામમાં કેળવણીવાળાઓનું કેટલું માન છે; અને તેઓ સંખ્યાબંધ નોકરી માટે ફાંફાં મારે છે તેનો તેને હવે પુરતો અનુભવ થયો હતો તેણે પેઈન્ટરનો ધંધો તેને હાથ અચ્છી કલમ બેસવાથી પોતાનો કરી લીધો હતો બલકે આધુનિક જમાનામાં હિંદુસ્થાનમાં પ્રખ્યાત થયેલ રાજા રવિવરમાના ચિત્રો જેવાં તે હાથે

ચિતરતો હતો, જેથી જોઈતી ચીજો બજારમાંથી વેચાથી લાવી મકાનમાં તરેવાર જાતનાં ચિત્રો પાડી તે વેચી તેના પૈસા ઉભા કરી પોતાના કુટુંબનું ગુજરાન ચલાવવા તે ઘરમાં ઘાંચીના બળધીયાની પેઠે વૈતરૂ કરતો હતો.

એક દિવસ તે ગીરનારનો ડુંગર, પોંપીનો સ્થંભ વડોદરાનો રાજ મહેલ. આગ્રાનો તાજ મહાલ વીગેરે સુપ્રસિદ્ધ જગાઓનાં ચિત્રો ચિત્રી તે એક વોરાની દુકાને વેચવા ગયો; અને વોરાને કહ્યું. "શેઠ આ પીકચરો રાખશો?" વોરાએ તે હાથમાં લેઈ ધારી ધારીને જોઇ કહ્યું "ભાઇ હમણાં તો કાંઇ ખપ જેવું નથી. જુવોને આ તમારાં પિકચરો કરતાં બી દસ ગને દરજ્જે ચહટાં અમોએ વલાટથી મંગાવી એ વડસ ઠીયાં ડુકાનમાં ચોરા કડી મુકીયાં છે. પન કોઇ બાપ બી ખડીદટુ નઠી. જો કે ટમોએ હાડનું કામ કાંઈ ખોટુ કીધુ નઠી પન ભાઈ ટેને હાલ ખરિદનાર કોણ? ટમે જાનો છો કે હાવેટો દેશિ કાડીગડી ઉડી ગઇ ને વલાટનુ બઢા પસન કરે છે".

રમણ આથી નિરાશ થયો. તેની બુદ્ધિ-આત્મ કૌશલ્યતા-તેને વરાળ વિનાના સરસ એન્જીન જેવી લાગી. પ્રયાસ ફળીભૂત ન થવાથી તે પસ્તાવવા લાગ્યો અને નિરાશાથી બોલ્યો "ત્યારે શેઠજી એવું કાંઇ પણ ઉત્પન્ન થશે કે નાહી?"

"ભાઇ ગરજવાલા હોય ટે છેવટ કાંઇ પન આપે પન ટમે જાનો છો કે એવા ગરજુ કોઢા કારન વલાટનો માલ સોંઘો ને સફાઇ બઢ આવે ટે છોડી દેશી કાડીગડીને કોણ હાડ લગાડે?"

વોરાનું હાવું બોલવું સાંભળી રમણ વધારે શોકાતુર થયો. અને બોલ્યો "ત્યારે શેઠજી જાંગડ રાખશો.?"

"અરે ભાઈ પન ડુકાનમાં મુકવાની બી જગા જોઈયે કે ખાલીજ?"

વોરાના આ શબ્દોથી તો રમણ ઘણોજ વિલો પડી ગયો અને છેવટ ઉચર્યો કે "શેઠજી ત્યારે મહેરબાની કરી મને કાંઇ નોકરી અગર કામ સોંપશો તો હું આપનો ઉપકારી થઇશ."

"ઠીક છે હાલટો કાંઇ એવું નઠી. કામ આવેઠી ટમને બોલાવસું."

ઉપરના છેવટના શબ્દો રમણના મુખાર્વિંદમાંથી નિસરે છે એ-

ટલામાં હોરાની દુકાન પાસે બે ઘોડાની કેરીયેજ આવી ઉભી અને તેમાંથી એક પરીરૂપ અતિ લાવણ્યમઇ—પંદર વર્ષની ઉછરતી વયની ભાટીયા કોમની મુગ્ધા કુમારીકા ઉતરી હોરાની દુકાને આવી ગાડીમાંથી ઉતરતી વખ્તે રમણુ અને હોરાજી વચ્ચે થતુ ભાષણુ તેણે ખાસ કરી સાંભળ્યું હતું; અને કુદરતી રીતેજ તેણીને રમણુના કરૂણાજનક શબ્દોચ્ચારપર રહેમ ઉત્પન્ન થઇ હતી.

" સઘળુ જગત પ્રીતિના પાસમાં સપડાએલુ છે " વાર્તાનો નાયક રમણુલાલ તો તેણીને જોઇ સ્તબ્ધજ થઇ ગયો. અને તે અવસ્થામાંજ તે એક દુકાનના ઓટલાના ખુણામાં ઉભો રહ્યો હતો. તેણીપર કુદરતી રીતે તેને મોહ ઉત્પન્ન થયો. પરંતુ પોતાની ગરીબી હાલતના યોગે કરી તે મોહ તેનો જીગરનો અંદરને અંદરજ ચુરો કરવા લાગ્યો. આ રમણી સાથ રંગ માણવાનુ પોતાના નસિબમાં ક્યાંથી હોય ! એવા વિચાર કરતો તે દુકાનેથી તે બીચારો ઉતરી નિરાશાએ ઘડી ઘડી પાછુ વાળી જોતો ચાલવા લાગ્યો, પ્રભુની કળાની શું બલીહારી છે! કુદરતનો વિચાર તેને નિરાશ નહી કરવાનો હોય કે પ્રભુ જાણે પરંતુ જેવો તે ચાલતાં ચાલતાં પાછુ વાળી જોય છે એટલામાં પેલી દુકાનપર ઉભી રહેલી હિરણાક્ષીએ નયન બાણુ યુક્ત આધારો વડે તેને જરા થોભવા ઇશારો કર્યો. આહા ! પ્રભુ તારી શી કુદરત છે.—

નથી નિપજતો પ્રેમ, વાડીમાં પાંણી પાતાં,
નથી નિપજતો પ્રેમ, તેલ ચોળ્યાથી તાતાં.
નથી મળતો કાંઇ પ્રેમ ગાંધી દોશીને હાટે
નથી મળતો કાંઈ પ્રેમ ખોળતાં વાટે ઘાટે.
નથી મળતો પ્રેમ તપાસતાં ગુજરી ગામો ગામની,
કહે નરભો પ્રેમ પુરો મળે, કૃપા હોય શ્રી રામની.

પ્રેમ ! પ્રેમ ! તે એક પ્રભુની કૃપાથીજ મળે છે. પ્રીતિ ! પ્રીતિ ! તે પૂર્વના પુન્યથીજ બંધાય છે. ઇશ્વરની માયાવિ શક્તિયોને આ શોભિતા જોડાને અન્નોઅન્ન પ્રીતિ બધાવવી ગમતુ હોવાથી. નાયક રમણુલાલ ઘણી આશ્ચર્યતા સાથ શા માટે મને થોભવા કહ્યું હશે?" એ વાતના તરેહવાર વિચારોમાં ગુચાતો તેણીની રહા જોતો ત્યાંજ થોભ્યો.

આ વિદ્યુતમય ચપળ કુમારીકાના મગજમાં રમણના છેવટના શબ્દોએ ઘણીજ દયાની લાગણી ઉત્પન્ન કીધી હતી. તેણી ઉદાર—સખી–દિલની હતી. તેમ તેણીનો પીતા તેણીનાપર ઘણો પ્યાર રાખતો હોવાને સબબે તેણી જેમ ચાલવા માગે તેમ ચાલવા સ્વતંત્ર હતી. હજુ તેણીના લગ્ન તેઓની જ્ઞાતીના તરેહવાર રીવાજને લીધે એક વર્ષ બાદ કરવાનો તેણીના પીતાનો ઇરાદો હતો.

રમણ કે જેની પાઘડીના દેખાવથી પોતાની ન્યાતનો તેમ કોઇ બુલંદ મા બાપનો પરંતુ કાંઇક કર્મ યોગે દુઃખમાં આવી પડેલ છે. સમજી તેની લાચારીપર સખાવત કરવા તેણીનુ દિલ ઉશ્કેરાયું. તેમ કુદરતને પણ તેમ કરવું યોગ્ય લાગવાથીજ તેના દિલને ઉશ્કેરાવા દિધુ હતું તેણી રમણની નજદીક આવી આ વખત અજાણ્યા સાથ કેવા સ્વરૂપમાં વાત કરવી વીગેરેની બાબતોથી જેવો રમણ ગભરાયો હતો. તેવીજ તેણી પણ ગભરાઇ હતી. તોપણ હિમ્મત લાવી તેણીએ એકદમ નાયકને સ્વાલ પુછયો "શું તમને નોકરીની અગત્ય છે.?" "હા બાઇ મારે કાંઇપણ કામ કરી પૈસા મેળવવાની અગત્ય છે" રમણે ઘણીજ. નમૃતાથી કહ્યું અને કોઇપણ જાતનુ કામ હશે તો ચાલશે કે નહી ? શું તમે પેઇન્ટરનુ કામ જાણો છો ?" આ અનુપમ લાવણ્ય મઇ બાલાએ હર્ષિત મુખચર્ચાએ પુછયું.

"હાજી, તે કામ હું સારી રીતે જાણું છું. પરંતુ એ શિવાય પણ ગમે તે કામ ફરમાવશો તે હું કરીશ.—કારણ ગ્હાય તેમ કરી મને મારાં વ્હાલાંનુ ગુજરાંન કરવું છે" રમણે લાચારીથી કહ્યું.

"હાં,! તમારાં વ્હાલાં ? શું તમે પરણ્યા છો ?" તેણીએ આશ્ચર્યતાથી પુછયું.

આ સવાલ પુછવામાં આવ્યો એટલામાં ગાડી પાસે ઉભેલી તેણીની એક પચાસ વર્ષની ચંપા નામની ચાકરડી તેને બુમ મારતી પાંસે આવી અને બોલી. "બ્હેન તું રસ્તામાં પરાયા માણસ સાથ બોલે તે આપણને સારાં આદમીને ઘટે નહી તારો બાપ કદી જાણશે તો તને–" જેમ પ્યારનો આતસ માણસની નાજુક જુવાનીમાં કલેજામાં સળગે છે. તે મુજબ આ મુગ્ધા બાળાનું દિલ કુદરતે રમણ સાથ મોહ પાસમાં સજડ સપડાવી લુબ્ધ કીધુ હોવાથી તેણી બોલી ચંપા કાકી તમારી ટકટક બંધ રાખો. આ છોકરા સાથે મારે

કાંઇ કામ છે માટે આજે તો મને બોલવાજ દ્યો. તમે જાણતાં નથી કે જેમ હું વર્તવા ચ્હાઉં તેમ મારો બાપ મને ખુશીથી વર્તવા દેછે!

ચંપા કાકીને વશ્ય આ તેની ભત્રીજી એવી નહી હોવાથી તે બીચારી ત્યાંથી દુર જઈ ગાડીનું બારણું ઝાલી ઉભી રહી.

"કેમ ભાઈ બોલતા નથી" તે પદ્મનયનિએ પુછ્યું.

રમણ—ના બાઇ હું ભાગ્યવાન છું કે હજુ સુધી તે વળગણ મને વળગ્યુ નથી. નહી તો આવા સમયમાં મારા શા હાલ થાત! હાલ તો મારે મારી એક રાંડેલી મા અને નાની પુરી બ્હેન છે. તે શિવાય કોઇ નથી.

"ઠીક છે ત્યારે પરંતુ તે કામ સોંપવામાં આવે; અને કદાચ તમે તેની ના પાડો તો?" તે લલિતવદનીએ પુછ્યું.

"એવો તે કોણ કમભાગ્ય હોય કે હાવી લાચારી વખ્તે પૈસા પ્રાપ્ત કરવાનુ મળતુ સાધન ગુમાવી પોતાનાં વ્હાલાને સુખી કરવા-તક ખુવે?" રમણે ખુલાસો કર્તા કહ્યું.

"સારૂ ત્યારે મારે એક પુરો ભાઈ છે. કે જે હાલ કેટલાંક વર્ષ થયાં મારા પીતાને ને તેને બનતી નહી આવવાથી મકાન છોડી કોણ જાણે કયાં ગયો છે. તે પેઇન્ટરનું કામ ઘણી સારી રીતે જાણતો હતો અને મને તેના ચિત્રો બહુ પસંદ પડતાં હતાં તે મારો પ્રિય ભાઇ કેટલાંક ચિત્રો અધુરા મુકી ગયો છે તે ચિત્રો તમારે પુરાં કરી આપવાં; અને તે બદલ મારા પીતાજી તરફથી તમને સારો પગાર આપવામાં આવશે; અને અમારા મકાનમાં રહી કામ કરવા તમને એક હોલ મળશે. મને અહુણાં વધુ રોકાવા વખ્ત નહી હોવાથી વધુ ખુલાસો હું મારા પીતા તરફથી તમને ટપાલ મારફત જણાવીશ હાલ તો મારૂ નામ લ્યો" એમ કહી આ યોવન સંપન્ન બાળાએ પોતાની પાંસે રાખેલા એક હાથીદાંતના કેસમાંથી પોતાના નામનું કાર્ડ આપ્યું.

આ કાર્ડ વાંચતાંજ રમણ ચમકયો—તેની પ્રેમ ભરેલી મુખ મુદ્રા જરાવારમાં નિસ્તેજ થઈ ગઈ તે એક પગલું પાછુ હટયો તેનુ અંતઃકરણ આશ્ચર્ય ચકિત થવા લાગ્યુ આ જોઈ તેણીબોલી—"તમે મારા પીતાને ઓળખતા જણાઓ છો કેમ? પણ તેમાં નવાઇ જેવું નથી; કારણ મારા પીતાને આ મુંબઇ શહેરમાં ભાગ્યેજ કોઈ ઓ-

ળખતુ નહી હોય પણુ મને હવે વખત ઘણો થઇ ગયો છે. માટે બોલો આપનુ નામ શું; ? અને જરૂર તમારે વિશે મારા પીતાજીને હું કહું કે ?

આ વખત રમણુ કુદરતે બુદ્ધિ સુઝાડ્યાથી તે યત્કિંચીત પણુ વિલંબ કીધા શિવાય પોતાનુ નામ ફેરવી. બોલ્યો. "હા ઘણી ખુશીની સાથે; અને મારૂ નામ-સુંદરજી રતનસી મલબારી છે—રહુછું ,"બા પહેવસ્ટ્રીટ ઘર નંબર ૧૩૫ રસિકલાલ શ્યામજીના માળામાં.

આ ચપળ વૈસ્ય કંન્યાએ તે ઝટ લખી લેઇ "ઠીક છે ત્યારે. તમને બે દિવસમાં જવાપ મળશે." એટલુ કહી નેત્ર કટાક્ષથી પ્રેમ દર્શાવી વધુ વિલંબ ન કરતાં ગાડીમાં બેસી ઝટ ચાલી ગઇ.

અહા! આ હરિણાક્ષી કટાક્ષ મારી રમણનુ અંતઃકરણ હરીગઈ અને તેણે તો ફક્ત મદન જવરજ હોરી લીધો જેથી હવે તે મનોહર કાંતીવાલી કુમારીકાથી વિરક્ત થતાંજ રમણલાલ આશ્ચર્ય સમુદ્રમાં નિમગ્ન થઇ સ્વપ્ન સ્તે સ્વર્ગ નિહાલવા લાગ્યો અને ઘણો વખત સુધી આ એક ચટકાંની માફક બનેલ દુર્ઘટ બનાવ વાસ્તવિક રીતે સાચો હતો કે સર્વરમણીય સ્પપ્ન હતુ તે વિશે વિચાર કરતો હાંજ થંભી રહ્યો; અરે કેટલીક વારે હું બજારમાં છુ એવી શુદ્ધિ આવતાં મન સંયમ કરી તે ઘર તરફ વલ્યો પ્રિય, વાચકવૃંદ ! આ મુગ્ધા કુમારીકાને તમે ઓળખી તો હશે કેમ ? તે બાલા બીજી કોઈ નહી, પરંતુ રમણના કુટુંબના કટ્ટા શત્રુ કીશન લવજીની એક ની એક પુત્રી ચંદ્રા; અને રમણના ભવિષ્યની સ્ત્રી હતી અને કાર્ડ વાંચતાં પોતે દુષ્મનની છોકરીના પ્યારમાં પડેછે તેમ માલમ પડવાથી તેણે ચમકી પાછાં પગલાં ભર્યા હતાં.

અહા ! કુદરત કેવી ન્યારી છે. ! કીશન લવજીની છોકરી રમણને મદદ કરવા ઉષ્કેરાય. ? અને રમણ તે કબુલ રાખે. ? પણ અરે તે બધો સંયોગ મેળવનાર ભવિષ્યજ છે. જોઇએ છીએ હવે શુ બને છે. !

રમણે જે વિચાર કરી હા કહી હતી તેની મતલબ એ કે કીશનજીએ તેઓને ઘરબાર વિનાના કરી દીધાં હતાં પરંતુ બીજી તરફ ખ્યાલ કરતાં તેમાં તેને તેનો વાંક માલમ પડયો નહી; કારણુ તેણે વિચાર્યું કે. તેણે રૂપૈયા; અને તે સરત મુજબ પાછા નહી આ

પાયાથી. ને લેવા તેણે દયા વગરના પગલાં ભર્યાં પણ તેમાં તેને કેમ દોષ દેવાય ? કારણ કદાચ કોઈ બીજો હતે તોપણ તેમ કરતેજને. ?

રમણ ઘેર ગયો પરંતુ તેને યત્કિંચિત પણ ચેન પડયું નહી, તે વિચારમાંને વિચારમાં પત્ર આવવાની રાહ જોતો. એટલે બેસી રહ્યો હતો. કારણ તેના બનાવટી નામનુ કાગળ આવે; અને કદાચ તેની મા તે જાણે તો તેને કાંઇ સવાલ પુછવાની તક મળે.

એ દિવસ આંમને આમ વર્ષાદની પેઠે રાહ જોયાબાદ ત્રીજા દિવસની સાંજના એક પોષ્ટમેન રમણના હાથમાં તેના બનાવટી નામનુ પત્ર મુકી ગયો જેની મતલબ નિચે મુજબ હતી.

મુંબઇ પરેલ.

શેઠ સુંદરજી રતનસી મલબારી તા. ૨-જુન.

જત મારી પુત્રી ચંદ્રાની મરજીથી હું મારા છોકરાનાં પાડેલ ચિત્રો પુરાં કરી આપવા તમને નોકર રાખવા ખુશિછું તમોને તે બદલ દરમાસે રૂ ૫૦) પગાર મળશે. તેમ અમારા મકાનમાં તમને રહેવા એક હોલ મલશે. પરંતુ રીવાજ મુજબ તમારી કોઈ સારા માણસ સાથ ઓલખાંણ જોઇશું એજ.

લી.

કીશનજી લવજી શરાફ.

પ્રકરણ ૧૨ મું.

રમણનો રોજગાર.

કુદરત આગળ કોઈ પણ મલે નહી સમર્થ
ભાવિ પરમાણે મલે. દુનિનો એ અર્થ.

કીશન લવજી શરાફનો પત્ર આવતાં રમણલાલ ધી બોમ્બે માંડવી સ્કુલનો હેડમાસ્તર નામે દામોદર હેમરાજ જે તેની ન્યાતનોજ હતો—અને જેને ને રમણને ઘણા દિવસ થયાં દોસ્તી હતી. તેની પાંસે તે ગયો; અને પોતાની સર્વ બીનાનુ વ્રતાંત. તેને વિદીત કર્યું. મી. દામોદરદાસ ખુશમિજાજી; અને દાંનો હોવાને લીધે પોતાના મિત્રનુ ભલુ થતુ જોઇ. તેના ઓળખાણ માટે રમણના કહેવા મુજબ

મી. કીશનજીપર તેણે એક નોટ લખી આપી રમણ આ ચીઠી લેઇ રેલવે રસ્તે પરેલ ગયો; અને જાણીતા. કીશન લવજીના ભુતવખાર-ને નામે ઓલખાતા ગંજાવર મકાન તરફ વલ્યો.

કીશન લવજીએ તેની છીકરીની આ હુજડાઇને કેમ ઉત્તેજન આપ્યુ હતું. તે તરફ હવે ધ્યાંન લંબાવીએ.

ચંદાનુ બાપ સાથે ઘણુ ચાલતુ હતું; અને કીશન લવજી પણ તેણીને હદપાર ચ્હાતો, તે પોતાના છોકરાને ધીઃકારતો હતો; અને તે થીજ કરીને કુદરતી રીતે તેનો બધોપ્યાર આ એક તેની પુરી બેટી પરજ હતો. ચંદાને તેણે ઘણી સમજાવી પણ તેણીએ તેની હઠ મુ-કીજ નહી. અરે પણ તે કેમ મુકે?—કીસ્મતનો યોગ એવો હતો કે રમણ તેને ત્યાં આવે; અને તેના પાપોથી વાકેફ થાય. તો પછી કુદરત આગળ કીશનજીનુ શું ચાલે.?!

વાર્તાનો નાયક રમણલાલ ભુતવખારના ગંજાવર બંગલા પાં-સે આવી પહોચ્યો. બંગલો અને તેની ચોતરફ આવી રહેલો વિસ્ત-ર્ણ બાગ જોઈ તે દિંગ થઈ ગયો. પોતાના વિચારમાંને વિચારમાં આગળ જતાં કોઈ દુઃખી મનુષ્યનો રડતો અવાજ તેની કર્ણેંદ્રીપર અથડાયો આથી તે અટક્યો. આજુબાજુ દ્રષ્ટિ ફેકી પરંતુ ઝાડપા-નની વિસ્તીર્ણ અને ઘટ ઘટાને લીધે તે મનુષ્યને તે દ્રષ્ટિગોચર કરી શક્યો નહી. આથી તેને વિશેષ આશ્ચર્ય લાગવા માડ્યું; અને તે ભ્રાંતી દુર કરવા. જે તરફથી તે શોક ધ્વનિ આવતો હતો. તે તરફ તે વળ્યો. અને થોડે દુર તે ગયો નહી એટલામાં એક વૃક્ષ નીચે પ-ડેલી એક વિશાળ શલ્યા ઉપર એક સાઠ વર્ષનો વૃદ્ધ આદમી રડતો બેઠેલો તેની દ્રષ્ટીએ પડયો. તેના દેખાવપરથી તે આ બાગનો રક્ષક હશે. એમ તેને લાગ્યું.

રમણ તેને નિહાળતો કેટલોક વખત સુધી ઉભો રહ્યો. એટલામાં તે નિચુ ઘાલી બેઠેલ વૃદ્ધ માલી બબડવા લાગ્યો—અરે! પ્રભુ! અરે હાય! તુ એનું અઘોર કર્મ કરનારને કેમ છોડેછે? અરે રાંમ! અરે દુષ્ટ! પાપી! ખુની!!

રમણની કરણેન્દ્રીપર આ કરૂણા જનક શબ્દોચ્ચાર અથડાવા સાથ કુદરતી રીતે તેની લાગણી ઉષ્કેરાઈ તેનુ અંતઃકરણ ધડકવા લાગ્યું. તોપણ ધૈર્ય લાવી આસ્તે આસ્તે તે માલીની પછવાડે જઈ બેસેછે એટલામાં તે માળી તેના તરફ ભય ભરેલી દ્રષ્ટિ ફેકી બબડ-

વા લાગ્યો. "તુ કુણસે ? ઓય કેમ આવ્યોસે ? ખુન કરવા આવ્યો સે ? ! તુને કોને મોકલ્યો સે ?" વૃદ્ધ મનુષ્ય ધિરજ પકડ. હું પરાયો મનુષ્ય છું; અને અહી તને અફસોસ કર્તો જોઈ છાનો રાખવા આવ્યો છું" રમણે ધૈર્ય આપતા કીધું.

"ઓય, પરાયો ? ! શું તુ પરાયો ? ! નાસ ? ભાગ! ખુન ! મરી ગયો ! નાસો !—અધોર કર્મ! દોડો ! હાય !" એટલુ બોલી તે માલી જમીનપર પડયો.

"ભલા માણુસ અહી કોણછે ? તથા તુ શું બોલેછે તેની જરા સમજ તો પાડ" રમણે તેને સાવધ કર્તા કીધું

"સમજ ! સેની સમજ ? ! હું કોય નહી બોલ્યો ! તુ મને ઓળખે સ ? ? હું મોટો શેઠ મરી ગીયો તીના બાપનો, નિમકહલાલ નોકરછું તે બીચારો બહુ ભલો હતો. તે મારાપર બહુ દીયા રાખતો હતો. પણ કીશનજી ખરાબ ! લુચ્ચો ! ખુની ! પાપી ! નીચ ! હાય, પ્રભુ ! મારો હવે છુટકો લાર !!! " એટલું બોલી તે માલી પાછો રડવા લાગ્યો અને નિચુ જોઈ ભોંય ખોતરવા મંડયો

રમણે કોઈ ચાકર ઘેલો થએલ છે પેખી ચંદાને મળવાના વિચારમાં તેને રડતો રાખી પોતે બંગલામાં ગયો. આ વખ્તે તેની સ્નેહાર્દ્ર ચંદા હાજરજ હતી. તેમ તેણીનો પીતા પણ હાંજર જ હતો. રમણ કીશનજી પાસે ગયો; અને તેને પેલી નોટ આપી કીશનજીએ તે વાંચી તેને નોકરી પર બ્હાલ કર્યો; અને જોઇતાસામન (પેઇન્ટરનો) સહીત ભરેલી એક રૂમ તેને બતાવી રમણ તુરત પોતાને કામે લાગ્યો. પરંતુ તે કામમાં ચંદાના પ્યારમાં ફસાઇ પોતાની મા બ્હેનને પુરી વાતની જાણ્ય કીધા શિવાય તે એક બીજું જ એ ડ્રેસ બતાવી અત્રે આવ્યો હતો. તે વીશે તેને ઘડી ઘડી વિચાર આવતો હતો.

પ્રકરણ ૧૩ મું.

વ્હાલાનો દેખાવ.

ઉર ઉમંગ પ્રિતિનો છુપાય નહી મુખ દંગથી કો કાળે.
સુગંધના ચોરોની મળી જાયછે જેમ તરત ભાળે.

સદ્ગુણી આદમીના જ ઘણા દુશ્મન હોયછે કારણ ફળથી ઝુમી જતા ઝાડપર જ લોકો પથ્થરા ફેંકેછે—

તારા સ્કુલમાં શીખવવા રહી હતી પણ ત્યાંય બિચારી ઈર્ષાના અણીઆળાં દુઃખની ભોગ થઈ પડી હતી. બીજી સ્ત્રી શિક્ષકો કર્તાં સ્કુલના સેક્રેટરીએ તારાની આત્મકૌશલ્યતા, હુંશિયારી તથા લાયકાત ઉપર ધ્યાન આપી. તેણીને ધીરે ધીરે ચઢતે દરજ્જે ચઢાવી દીધી હતી. જેથી બીજી સ્ત્રી શિક્ષકોના દિલમાં તેણીને વિશે ઈર્ષાની ઉરમીયો. ફિઝાળા મારી રહી હતી. આ ઈર્ષાખોર સ્ત્રીએમાં એક સોના નામની બ્રહ્મ કન્યા મુખ્ય હતી. આ સ્ત્રી જો કે તારા કર્તા ચાલાકી તથા લાયકાતમાં સો ગણે દરજ્જે ઉતરતી હતી તેમ છતાં તેણી આત્મ કૌશલ્યતાનો મિથ્યાં ગર્વ ધરી બીજાનો તિરસ્કાર કરતી હતી. બીજી સ્ત્રી શિક્ષકો તેનું બોલવું હાં એ હાં કરતીયો પરંતુ તારા તેનો દરકાર ન કરતાં તેના દમમાં તણાતી નહી હોવાથી— તેમ પોતાના કર્તા ઘણા દિવસ બાદ આવી પોતાના કર્તા ચઢતો દરજ્જે. ભોગવતી હોવાથી—પોતાને વધવાનો ચાન્સ નહી મળવાથી તેણી હાય વરાળ કરીને તેણીને કોઇ પણ બ્હાને નરમ પાડવાને માટે તેણી પ્રયત્ન કર્યા કરતી હતી—એક અદેખી ઓરતના જોસ ભર્યો પુકારો એક ઘેલા કુતરાના કરતા પણ વધારે ઝેરી થઈ પડે છે એ કવી સેક્સપીરનું વાક્ય કુટીલ સોનાને લાગુ પડ્યા વિના રહેશે! નહીજ. તેણી ચઢતો દરજ્જો મેળવવા આ સુશિલ અને નિરદોષ બીચારી તારાને હરેક બાંને ફંદામાં ફસાવા લાગજ ખોલતી હતી.

અરે! અદેખાઈ! અદેખાઈ! તે અદેખી ઓરત લાગ મળતા ગરીબ તારાંને પંજામાં ફસાવી કેવી સીતમ ગુજારેછે તે હવે આપણે જોઇશું. પરંતુ હાલ શું બનેછે. તે તરફ વાંચનારનુ ધ્યાનં લંબાવીએ

એક દિવસ તે સ્કુલના વડાએ તેના એક ગરીબ મિત્રને મદદ કરવાર્થે એક ફંડ તરીકે કોન્સટ (ગાનારી) મંડળી ઊભી કરી; અને તેમાં આવનાર પાંસે રૂ ૨) ફી લેવા ઠરાવી હતી. આ વડો ઇંગ્રેજી રીત ભાત સારી રીતે જાણતો હોવાથી ઇંગ્રેજોની નકલ કરી આ મંડળીમાં તેણે સઘળી સ્ત્રીયોનેજ ગાનારીયો. તરીકે દાખલ કીધીહતી તેમાં પણ પ્રમુખસ્થાન આપણી નાયિકા તારાને આપવામાં આવ્યું હતુ. આ કોન્સર્ટમાં મુખ્ય કરીને સદ્ગ્રહસ્થોજ બીરાજ્યા હતા.

કોન્સર્ટ શરૂ થઇ પ્રમુખ સ્થાને બીરાજેલી નાયિકા તારાને આ બધા ભરાયલા જન સમુહ વચ્ચે ગાવું ના દુરસ્ત તો લાગ્યું પરંતુ પોતે ન ગાયતો સ્કુલનો વડો ગુસ્સે થાય; અને મળના પગારમાં ખલેલ લાગે. તેમ જે કોઈ બીજી ગાનારીયો હતી પોતે પણ પોતાની સ્કુલની સ્ત્રી શિક્ષકો જ હતિઓ તેમ નીતિથી પોતે સુધરેલ વિચારની હોવાથી તેણીએ દિલ દઢ રાખી હારમોનીયમ છોડયુ. અને નીચેનુ ગાયન શરૂ કર્યું.

વિનતી અમારી પ્રભુ દીલમાંહી ધરજો.
નિજ જન જાણી સરવ દુઃખ હરજો.-ટેક
* * * * *
મંગળ દિવસો સત્વર બતાવી.
આશ અમારી પ્રભુ પુરણ કરજો.
* * * * *
ભવ દુઃખ ભંજન છો આપ કૃપાળું.
દાસની વારે તમે પ્રભુ ચડજો.

(ચંદ્રબાલા.)

વાંચનાર તમે આ ગાયન નાયિકા તારાને મોઢે કાંઇક તુટક શબ્દોએ ગવાયુ છે તેનુ કારણ સમજ્યાં ?

તેનુ કારણ એજ કે ગાતાં ગાતાં સ્ટેજપર તેની નજર લંબાવતાંજ તેના હૃદયમાં એક સજડ આચકો લાગ્યો હતો—તેણીનુ અંતઃકરણ લોહી વિનાનુ થઈ ગયુ હતું અને પોતે ગાવા નારાજ થઈ પરંતુ તે ગાયનની શરૂઆત થતાંજ ભરાએલા જન સમુહને તેણીના ગાયનપર ઘણી મીઠાશ લાગી હોવાથી એકીદમ બંધ ગાડવા તેણીથી બની શક્યું નહી તોપણ બનતી જોગવાઇએ સદરહુ ગાયન તેણીએ પુર્ણ કરી દીધું.

વાચકવૃંદ, ? આ મંડળીમાં એવું તે કોણ હતુ કે, જેને જોઇ તારાને આટલી બધી વિટંબણા સહન કરવી પડી ?

પ્રેમરાય ! પ્રેમરાય ! તે તારાનો વ્હાલો પ્રેમરાય હતો તે પોતાના ક્રિશ્ચીયન પોશાગમાં બે રૂપૈયા ફી આપી અત્રે સાંભળવા આવ્યો હતો સુરતથી ઉપડી અલ્લાહાબાદમાં ભરાએલી ચિત્રશાળાતેજક સભામાં પહેલે નંબરે પાસ થતાં તેને રૂ. પાંચ હજારનુ ઇનામ મળ્યું

હતું. આ વખત એક સદ્‌ગ્રહસ્થે તેને સલાહ આપવાથી વકીલાતનુ શિખી બેરીષ્ટર થવા વિલાયત ઉપડવા તે અત્રે આવ્યો હતો; અને સ્ટીમરને ઉપડવાનો વિલંબ હોવાથી તેણે ફુરસદ મળતાં આ કોન્સર્ટમાં આવવા ભાગ લીધો હતો.

આ વખ્તે સ્ટેજપર તેની દૃષ્ટિ પડતાં તે પણ તારાને જોઈ ચોકયો તો ખરો. પરંતુ—તારાનો ચહેરો જો કે ખુબસુરતીમાં ઓછો થયો નહી હતો. તદપી ગરીબી અને તંગીએ તેની પ્રથમની અનુપમ લાવણ્યતાને ઓશિયાળાની છાપ મારી ઝાંખી કરી દીધી હોવાથી—તેણે જે બીના તકરાર ખુબસુરતી ભરેલો ચ્હેરો પ્રથમ જોયો હતો તે હાલ વક્રાકૃતીનો તથા નિસ્તેજ માલમ પડતાં તેમ તેણી તો સુરતમાં છે, તેમ પૈસાવાળાનુ ફરંજન છે. જેથી અત્રે હાવા પબ્લીક સ્થાંનમાં—ગાવા કયાંથી આવે. પેખી અથવા તેવી કોઈ બીજી હશે. સમજી તે નિશંસય થયો હતો.

આણી બાજુ તારાએ વિચાર કીધો કે—મંડળીવિસરજન થતાં તેને જઈ મળીશ; અને તેમને મળવા રોકાશે. પછી હું મારી પર વીતેલી વ્યથાનુ વાસ્તવીક કારણ તેને વિદીત કરીશ.

પણ નહીજ! તેને શું માલમ કે તારા ત્યાં છે?! તે કોન્સર્ટ વેરાતાં બહાર નિસરી ચાલ્યો ગયો. તેણે અલાહાબાદથી તારાપર એક બે પત્ર લખેલા પરંતુ તેનો પ્રત્યુતર નહી આપવાથી–તેણીના બાપે તેણીના કોઈ બીજા સાથે લગ્ન કીધાં હશે. જેથી તેણી મને હવે પત્ર લખવા શરમાયછે. પેખી—પ્રેમરાય તેણીના તરફની આશા છોડી હવે તે તરફની બીન કાળજી રાખતો હતો. અહા! કેવા સમય? તે બીચારાને શું ખબર કે મારા બાપે તારાને તથા તેના કુટુંબને ભીખારી અવસ્થામાં લાવી મુકયાં છે???!

બીજી તરફ તારા બ્હાર આવી જોતાં પ્રેમરાયને નહી દેખવાથી નિરાશ થઈ. તેનું દિલ પ્રેમના વિયોગથી ચકચુર થયું. અહા! કેમ ન થાય! આ દુનિયામાં પ્રીતિ બંધાયેલા જોડાપર વિયોગનો વન્હી પડવાથી જુદાઈમાં તડપતા એક પ્રેમી–આશક–કરતાં વધુ કંગાલ કોણ છે? કોઇજ નહી. તો તારા તેના પ્રેમીની જુદાઈમાં નિરાશ થાય તેમાં શું નવાઈ?!

તારા તેનો પ્રેમ નહી મળવાથી તે બેઈમાંન થયોછે. તથા મ-

રીબ તારા તેને હવે ગમતી નથી-એવો વિચાર લાવવા લાગી; અને તે વિચારમાં બળાપો કરવા સાથ વિયોગથી ઉત્પન્ન થયેલા આતસથી બળતી તેણી મકાન તરફ વળી.

પ્રકરણ ૧૪ મું.

ખુબસુરતીના દુષ્મનો.

સ્વારથી દુનિયા સર્વ આ, નહી સ્વારથ વિણ દામ
દોરંગી દુનિયા મહી, જ્યાં ત્યાં સ્વારથ કામ

ગાયન ! ગાયન ! ત્હારો દાવો અજબછે ! ત્હારો હુન્નર આશ્ચમાનીછે. ત્હારી શક્તિ અપારછે ! ત્હારી લ્હેજત પવિત્રછે.

કોનસર્ટમાં ઉપલ્યો બનાવ બન્યો તે વખ્તે ત્યાં વળી એક બીજુ કાકડુ ગુંથાયું હતુ. અરે ! તે વિશે બીચારી નિર્દોષ તારાને શું ખબર ?! અરે ! તેને કોણ કહે કે તારી અનુપમ લાવણ્યતા તથા કાંતીપર આશક થનાર કટ્ટા દુષ્મનો તને લુંટવાની બદ દાનત ધરાવતા ઉભા છે ! તે દોસ્તદારો બીજા કોઈ નહી પણ આધુનિક સમયમાં અધુરી કેળવણીથી કુચાલમાં પડી મોજમઝાથી કુકર્મ કરવાં એમાંજ આબરૂ સમજનાર સભામાં આગલી હારમાં બેઠેલા ચાર શેઠીઆઓના છોકરા હતા. જેઓ પૈસાવાળાના ફરજન એટલે બચપણથીજ તાલીમબાજી ટોળીયોની સરદારી ભોગવવા શિખ્યા હતા; અને તેજ કારણથી તે-બાપ દાદાઓની મેળવેલી ઈજ્જતપર તેઓએ પાણી ફેરવી વાળ્યું હતુ. એ ટોળીમાંનો એક તો સાફ કોઢીલો; અને ઊંધી પુતળીયોનો હતો. બીજો જરા દોઢ ટાંગ, અને ત્રીજો જો કે ખોડ ખાંપણ વગરનો હતો પરંતુ ખૂબસુરતીની વ્હેંચણ વખતે એ ભાઈ જરા રીસાઈ બેઠેલા હોવાથી પરમાત્માએ પક્ષપાત કરી તેઓને આફ્રીકીના જંગલી સીધીયોની ખુબસુરતીનો કેટલોક ભાગ બક્ષો હતો. અને ચોથો જો કે બધી વાતે જાણે ઠીકજ હતો. પરંતુ તેના આ નામદાર દોસ્તોની ખોડ ખાંપણના ગુણે તેને હમેશને માટે સોબતે અસરનો નમુનો બનાવી દીધો હતો.

આ બડેજાઓ, મહેરબાનોમાં પહેલાનું નામ લાલજી લધા-જેને

લાલુ કહી બોલાવતા હતા. બીજાનું નામ ભાઇદાસ. ત્રીજાનું નામ મનમોહનદાસ; અને ચોથો તેઓનો અશલ દોસ્ત કીશન લવજી હતો; અને પ્રથમ જે દિવસે તે મુંબઇમાં ભણવા આવેલો તે વખતે આજ દોસ્તોના પ્રતાપે તે ખરાબીની ખાઇમાં આવી પડયો હતો.

મનમોહન માંડવી બંદરવાળા હજારીમલ સુંદરજી જેવા મશહુર વ્યાપારીનો શાહજાદો હતો. પરંતુ આ કુમારગે ચડાવનાર ચંડાળ ચોકડીની સોબતથા તે આ હાલતે પહોચ્યો હતો. તેના પ્રથમના બંને દોસ્તો મખ્ખીચુસ હતા. પરંતુ મનમોહન ઉડાઉ અને પૈસાવાળો હોવાથી તેઓ જે કાંઈ મોજમઝા મારતા. તે આ મનમોહનદાસનુંજ હતું. કીશનજી તો આ જુના દોસ્તોની કોઇકિજ વખ્તે મુલાકાત લેતો હતો પરંતુ તેઓની મીજબાનીયોમાં તે પોતાના ભાગ લેવા ચુકતો નહી.

કોન્સર્ટમાં તારાને જોઈ તેઓ એક દિવાના માફક બની ગયા હતા; અને કીશનજીને તો તેણીને જોઈ પોતાની દુષ્મન ઉપર વેર લેવા દિલ ઉષ્કેરાયું અને તેને માટેજ તેઓ તે વખ્તે એકમેકના વચનથી બધાયા હતા. કે તેને કોન્સર્ટ પુરી થતાં ઉપાડવી. પરંતુ તારા કેવે રસ્તે થઈ અત્રેથી ગઈ તે તેઓને જરા પણ જણાયું નહીં જેથી તેઓ હાથ ઘસતા રહ્યા. કીશનજીનો વિચાર તેના દોસ્તોની માફક તારાપર બદદાનતનો ન હતો પરંતુ તેને કબજે લેઈ સંતાડી રાખવાથી રાધા ઝટ વૃશ્ય થશે એજ તેની મતલબ હતી. અને તેમ કરવાને માટે આ દોસ્તોને તેણે તેણી મેળવવાની લાલચ આપી ઉષ્કેર્યા હતા.

"કેમ દોસ્ત કીશનજી, તું મારો જુનો દોસ્તછે. બોલ તેં તેણીને ઓળખી કે નહી?" મનમોહને કહ્યું.

"હા, મેં તેણીને ઓળખી તો ખરી પણ જરા શક રહી ગયો છે. અરે! પણ એ કઈ સ્કુલમાં નોકર છે ખરી?" કીશનજીએ પુચ્છયું.

લાલુ—હા, તે ઓલી ખેતીવાડીની સ્કુલમાંજ. આપણી સાથે પેલા કોઈ સખ્સ બેઠા હતા. તેને મેં—તેણી ગાતી હતી તે વખતે—પુછતાં તેઓએ નહી કહેલું?

કીશનજી—ધેટ્સ રાઇટ. ત્યારે તો હવે ઠીક તાલ બેસશે. ડુ યુ અન્ડર સ્ટેન્ડ મીસ્ટર ભાઇદાસ. ધનતેરશને દિવસે પેલા વચલા ભોઇવાડાવાળી ધનકોરને ત્યાં આપણે ગયા હતાં. તેની છોકરી સોના પણ તેજ સ્કુલમાં નોકરછે કેમ?

ભાઇદાસ—હા હા ખરી વાત.

મનમોહન—તો તેને શું ?

કીશનજી—તેને શું ! અરે તે કેવી પહોંચેલીછે; અને અગાડી મારા એક ડૉક્ટરને તેણીએ સારી રીતે મદદ કરી એક મહાભારત કામ પાર ઉતારી આપ્યું હતુ. તો આ કાર્ય આપણુને સહેલથી તેણી પાર ઉતારી આપશે. પણ ભાઈ જરા દોઢીયાં ખરચવાં પડશે !

મનમોહન—તેની તુ કાંઈ ફીકર ન રાખ. ચ્હાય તે બાહાને આપણે તો તેને મેળવવી. પછી ગમે તેટલા દોઢીયાં ખર્ચ થાય તો પણ શું. હું મારી બૈરીનો વાંકછે તે ઉઠાવી લાવીશ. બસ ?

લાલુ—હાં હાં. ભલી કરી. ચાલો ત્યારો હવે ખોટી નહી થવુંજોઇએ.

કીશનજી—સબુર. પરંતુ આજ તેણી મળે કે ન મળે.પરંતુ કાલ રવીવારછે જેથી તે ચોકસ મળશેજ માટે કાલ જાઇશું.

લાલુ—ઠીક ત્યારે તે ઠરાવ પકકે પાયે ?

કીશનજી—હા પકકે પાયે

મનમોહન—હા. પરંતુ તુતો હવે મોટો ટીંડુશા થઇ બેઠો છે એટલે તારો મેળાપ કયાં ?

કીશનજી—હું જરૂર મારી દુકાને હોઇશ. તમો બધા કાવસજી પટેલ ટેન્ક પાસેના પેલા હોટલમાં એકઠા થજો દસ વાગે હું આવીશ. વખ્તે વાર લાગે તો તારા ઘાટીને મારી દુકાને ચીઠી લખી મોકલજે કે તુરત આવી ઉભો રહીશ.

લાલુ–વારૂ ચાલો તે તો હવે નક્કી થયુ પરંતુ ભાઇયો. આ ખુશાલીમાં જરા કાંઇ ઉડાવવુ જોઇએ હોં :

મનમોહન—ચાલો ત્યારે પેલા ભાઇદાસની દુકાને આ ઠરાવ કરી આ નેકીના દુષ્મન અને બદીના ભાઈબંધો મીઠાઈવાળાની દુકાને ગયા.

અફ્સોસ ! નિરદોષ બાળકી તારા તને કયાં ખબર છે કે આ છાકટા ભામટાઓ તેને હેરાન કરી તારૂ શિયળ લુટવા ચ્હાય છે ? અરે ! તારી અનુપમ લાવણ્યતાએ મનમોહન તથા લાલુ જેવા ચંડાળ હતેસીયોને ખરો પ્યાર શું એ શિખવ્યું હતુ અને કીશનજીએ તને જોઇ દિલમાં કેવો બુરો વિચાર કીધો છે ! તેની તને કેટલી થોડી ખબર છે. પણ ફીકર નહી. આખેર સત્યનીજ ફતે છે અને શિયળ એજ દુનિયાનુ ભુષણ છે.

પ્રકરણ. ૧૫ મું.

બદબખ્ત—આશક.

પ્રાણી માત્ર વિશે મનુષ્ય તન છે અત્યંત જે કીમતી,
કામી તેની કરે અચેત બનીને નિશ્ચેજ માઠીમતિ;
મિથ્થાવાદ કરી ખુવે કુમતીએ વિશ્રાંતિ સોનાસમી,
સ્વેચ્છાએ વરતી અતિ મુઢ જનો કીયા કરે કારમી.

* * * * * * * *

વગર સમજ વાંણી રાવણે ઉર આણી.
કનકમય પુરી લંકા, થઇ ગઇ ધુળ ધાણી.
નવલ મદ ભરેલી. નારીમાં બુદ્ધિ નાણી.
નહીં નહી નહી લપટા. અત્ર રામા પ્રમાણી.

(ચં—કા)

નેકીના ફુલને કોઈ પણુ મોશમ અનુકુળ થઈ પડેછે. પછી તે ગરમી હોય; યા ઠંડી હોય. વર્ષારૂતુ હોય. યા ઠાર હોય તોપણુ તે લીલુ અને સદા તાજીગી ભરેલુ રૂહેછે; અને તેના માળીને આબરૂ અને વખાણનુ ઇનામ મલેછે.—

પેલા તેના રાવબ્હાદુર દોસ્તોથી વિરક્ત થતાંજ કીશનજીને પાછો રાધાનો પ્યાર યાદ આવ્યો. તેને નિંદ્રાદેવી પોતાના સપાટામાં લેઈ શકી નહી; અને આખીરાત તેના વિચારમાંજ કહાડી. એટલામાં પ્રાતઃકાળ થયો. દિવસના દસ વાગ્યા મહેરબાઇને ઘેરથી તેને માલમજ પડ્યુ હતુ કે તેણી રસિકલાલ ભણુશાળીના માલામાં બાપ દેવસ્ટ્રીટમાં રહે છે. એટલે. તે તેણી તરફ વલ્યો. જો કે આજ રવીવાર હતો, એટલે સ્કુલમાં રજા હતી. તોપણુ તારાને કાંઇ પત્રક સુધારૂવા સંબંધીનુ કામ હોવાથી નિશાળે જવું પડ્યું હતું. છોકરીને જમાડી વિદાય કરી રાધા ઘર ધંધાથી ફારગ થઇ એક પીરોજા રંગની સાડીની કોર ઉપર ઝીક ભરતી એક ચિનાઇ સાદડીપર બેઠી હતી એટલામાં ઉપર કોઈ આવતુ હોય એવી રીતે દાદરપર ધમકારા થયા. રાધા. ઘણે દિવસે રમણુ મલવા આવ્યો હશે સમજી આનંદદાયક મુખમુદ્રાથી પોતાના ફરજનને નિહાલવા આતુર થઇ એટલામાં તે ધબકારા કરી ચઢનાર ક્રુર આવી ઉમરા પાંસે ઉભો રહ્યો. રમણુ ને બદલે આ સખ્સને જોઇ રાધા એકદમ ચમકી—તેણીનુ અંતઃકરણુ થરથર

કંપવા લાગ્યુ—ધડક, ધડક થવા લાગ્યું. એને એકદમ હબકી બોલી ઉઠી "અરે દુષ્ટ કીસન લવજી.?! પાપી તુ વલી અહીયાં ક્યાંથી તને આ ઘર કોણે બતાવ્યુ? અને અહીં આવવાનુ તને કામ શું?!!

પ્યાર! પ્યાર! વ્હાલી રાધા તારો પ્યારજ મને અહી લાવનાર છે. જો કે તુ મારી સાથ એ અદબી ભરેલી રીતે ચાલે છે તોપણ પ્યાર સદા આંધળાજ છે. એ અપમાંન શું એ સમજતોજ નથી. તેમ તે કાંઈ ગરીબ અથવા તવંગર પણ જોતો નથી. જેથી જો કે હાલ તુ ગરીબ સ્થિતીમાં છે. તોપણ હું તો તને જાણે પ્રથમ તારા પીતાના મકાનમાં જોઈ હતી તેવીજ મને લાગેછે; અને પ્રથમ જેટલો જ હાલ પણ તુને ચ્હાવુછું માટે હવે. મારા હુકમને તાબે થઈ દુઃખીથી છુટી સુખમાં આવ. કીસન લવજી પ્યારના આવેશમાં આવી બોલ્યો.

"ચુપ રહે દુષ્ટ, ઘાલ ત્હારી જીભમાં કાંટા ચ્હુલામાં પડો તારો પ્યાર; અને આગ ઉઠો ત્હારી દોલતમાં એક પૈસાને ખાતર હું તારી સાથ વ્યભીચાર કરી—એક સ્ત્રીનુ સર્વથી કિમ્મતી અને બે મુલી કીરતી નેકી; જેની કિમ્મત આગળ ત્હારી તો શુ પરંતુ આખી દુનિયાની દોલત રદછે-તેને ખલેલ લગાડું? કદી નહી! અને હું તારા જેવા દુષ્ટને મોઢે નિસરતુ ભાષણ. સાંભલવા જરા પણ ખુશી નથી જો કે સુરતમાં તુ આવ્યો હતો તો એક લેખે તારાં અમે કરજદાર હતાં જેથી તે મકાનમાં આવવા ત્હારો હક હતો. પરંતુ આ મકાન તો અમે ભાડે રાખ્યુ છે; એટલે તેમાં આવવા તને હક નથી.

અમો અત્રે જાતી મહેનતથી અમારૂ ગુજરાંન કરીએછીએ અને તુ અમારી પાંસે એક અરધી સરખી માંગતો નથી તો પછી તારે અહી આવવાનુ શું કામ? ચાલ દુરથાજે રસ્તે આવ્યો તે રસ્તે વિદાય થા. નહી તો આબરૂ ગુમાવી જવું પડશે. અમો ગરીબ છીએ તો ભલે પરંતુ અમારા દિલથી તો અમો મોટાં છૈએ રાધાએ પતિવ્રતનો ટેક દર્શાવતાં જોરસાથી કહ્યું.

"રાધા,! પ્રિય રાધા, તુ કહેછે તે હુ સમજુછું પણ હુ અત્રે તારા દુષ્મન તરીકે નહી પણ દોસ્ત તરીકે આવ્યોછું" કીસનજીએ નરમાશથી કહ્યું.

"શું દોસ્ત તરીકે? અરે એક દગાખોર પુરૂષ સાથે કામપાડી ખરાબી અને પાયમાલી, શિવાય બીજી ચિજની આશા રાખવી એ

એ દરીયાની રેતીયા દોરડાં બનાવવાની અથવા ગટરમાં અત્તરછાંટી ખુશ્બો આગવાની સુખાઇ જેવું છે.” રાધાએ ધીઃકારથી કહ્યું.

“ હું ખચિતથી કહુછું કે મિત્ર તરીકેજ હુ અત્રે આવ્યોછું; અને વળી આશાભેર ” કાશનજીએ મ્હોઅલકાવી કહ્યું.

જા, કીશનજી જા, તારૂ ચંડાળ મોં બતાવી કંટાળો આપ્ય નહી. તુ તારી બુરી નેમમાં કદી ફાવનાર નથી. તુ સમજતો હશે કે હું ગરીબી અવસ્થામાં આવેલછું તેથી તારો આશરો કબુલ કરીશ ! પણ તેમાં તદન તુ ભુલેછે. આતો શું પરંતુ એવી ગરીબી હાલત થાય કે છેવટ દુઃખે પીડાઇ મરવાની અણીપર આવું પરંતુ તેમાથી બચવા તારા જેવાને શર્ણ રહેવા કરતાં મારી નેકીના બચાવાર્થે મરવું હું દુરસ્ત ધારું છું ” રાધાએ તેને ધીઃકારથી કહ્યું.

“ રાધા તુ મને જ્યાદે ન સતાવ તુને જોઇ અને મારી આગલી યુવાવસ્થા યાદ આવે છે. અરે ! રાધા ? તારે માટે હું તન મન, અને ધનથી બહુ ખરાબ થયો છું તે તરફ ખ્યાલ કરી મારી ઘંદર વર્ષપર ત્રુટેલી તારાપરની મોહબતને તુ ઉત્તેજન આપ્ય. વિચાર કર બૈરાંની બુદ્ધિ સદા પાંનીએજ રહે છે તે માફક તારી બુદ્ધિ ન ચલાવ અને લક્ષ્મી ચાંલ્લો કરવા આવી છે ત્યારે કપાળ ધોવા ન જા. તુ સમજુ છે. માટે તેમ નહીજ કરે વિચાર પછી હું તને હીરા માણેકમાં કેવી મઢી લેઉ છું ” કાશનજીએ લાલચ આપતાં કહ્યું

“ શંખ શિરોમણી તારી બુદ્ધિ મારી ગએલી લાગે છે. ! તે આગળ ચાલી કેમ શકિત નથી ? અરે ! મને લાગે છે કે હવે તારૂ મોત આવી રહેલ છે. કાળ ચક્ર તારા મસ્તકપર ફેરા મારી રહ્યું છે. દુનિયામાં ખરૂ નુર એક પાતિવ્રત શિવાય હું દેખતી નથી. તારા હીરા મોતીને ઝવેર તેના એક લાખ ધણા હિસ્સા બરાબર નથી. એક શિયળવંત સ્ત્રી જો કે ભીખારી હશે અને એક બદચાલ ઓરત કરોડો રૂપૈયાની માલીક હશે તે બંનેની સરખામણી કરતા શિયળવંતીનુ ત્રાજવું સદા નમ્યા વિના રહેનાર નથી. માટે જા મારી આટલી સમજણ ગ્રહણ કરી તારૂ સારૂ ઇચ્છતો હોય તો. તારા નાપાક પગલાં અત્રેથી દુર લેઇ જા. એક વખત ભુખે મરી પેટે પાટા બાંધીશ તે કબુલ પરંતુ મારૂ શિયળ તજી તારો નિચ આશરો ભોગવવા પ્રભુ મને સ્વપ્ને પણ વખત ન આપે” રાધાએ તેનો તિરસ્કાર કરી કહ્યું.

રાધાના આ શબ્દોચ્ચારથી કીશનજીને ઘણુ ખોટુ લાગ્યું જેથી તે ગુસ્સો કરી બોલ્યો "ઠીક છે. હાલ હું તને કાલાવાલા કરવા આવ્યો છું ત્યારે તુ ખેચતાણુ કરે છે તો હવે તારી મને કાંઇ દરકાર નથી પણુ સાંભળ ઓ ચંડાળ ઓરત આજથી તારો હુ હવે કટો દુશ્મન બન્યો છું; અને તારી સાથે વેર લેવાના પગલાં ભરૂ છું. પરંતુ મિત્ર તરીકેની મારી અરજ તું સાંભળી લે તે તેજ કે તારી પુર્ણીમાના ચંદ્ર જેવા મુખાવિંદવાળી એક ખુબસુરત અને અનુપમ લાવણ્યમઇ જુવાન છોકરીને મુંબઈ જેવા શહેરમાં બે પરવાઇથી હજારો લોકોની વચ્ચે ફરવા દેવી નહી આ કઈ આપણું માંડવી કે તારૂ સુરત ન હોય. પરંતુ હજારો લોકોની વસ્તીવાળુ; અને લુચ્ચા લફંગાઓથી ભરેલું શહેર છે; અને તેમાં જુવાન બાળાઓને નિશાળમાં માસ્તર બનાવી હજારો આદમીયો વચ્ચે વાજીંત્રો વગાડી ગાવું વીગેરેની રીતનુ સ્વતંત્રપણું આપવું એ એક નેક વફાદાર શિયળવંત કુલીન; અને પ્રમાણીક સ્ત્રીને બહુ જોખમ ભરેલુ છે." કીશનજીએ રોષથી કહ્યું.

"જા દુષ્ટ જા તેની મને પરવા નથી. મારી છોકરી કેવી નેક અને વફાદાર છે. તેમને માલમ છે કે આ મુંબઇ તો શું પરંતુ એથી સો ગણી ચઢીયાતી વસ્તિમાં પણુ એક શિયળવત સ્ત્રી આગળ ગમે તેવા તારા જેવા માથાના ફરેલાઓ જખ મારે છે, અને મારી છોકરીના શરીરના એક રૂવાંટાના સોમાં હીસ્સા બરાબર પણુ તારી લાખો રૂપૈયાની દોલત નથી. માટે જા હવે તારૂ પાપી મોં મને બતાવતો ના." રાધાએ ગુસાથી કહ્યું.

"બહુ સારૂ ત્યારે જોતી રહેજે થોડા વખ્તમાં શું બને છે.! અને તુજ આખર મારી પાસે માફી માગતી આવે છે કે નહી. પણુ યાદ રાખજે ફાટેલુ કપડુ દોરાથી સંધાય છે તુટેલ દોરો ગાંઠથી બંધાય છે. ભાગી ગએલું વાસણુ હિકમતથી સંધાય છે. પરંતુ તુટેલુ દિલ કશાથી સંધાતુ નથી. માટે આખર તુ આવી કાલાવાલા કરશે. તે સમયે હું આંખ આડા કાન કરી જવા ચુકીશ નહી" એટલું બોલી ઉમરા પાસે ઉભેલો કીશનજી ગુસ્સામાંજ ચાલ્યો ગયો.

પ્રકરણ ૧૬ મું.

સોનાની અદેખાઇ.

ભુંડું થાય ભુંડાઈથી, મનમાંનો નિરધાર
ખાડ ખોદશે અવરનો તેનો કુપ તૈયાર

અદેખાઇ એ લોઢાના કાટ જેવી છે; અને એક અદેખો અને બદચાલ પુરૂષ જેટલી ખરાબી કરી શકે છે તેથી દસઘણી ખરાબી એક બદચાલ–પાપી–સ્ત્રી કરી શકે છે.

પોતાની ધારણામાં નિષ્ફળ જતાં ઉલટુ અપમાન થયુ પેખી. આગથી બળતો અને ઉછળતા લોહી સાથ કીશનજી રાધાને ત્યાંથી પાછો ફર્યો .તેની આટલી ઉમરમાં તેણે કોઇનો હુંકારો સરખો સાંભળ્યો નહી હતો છતાં આવી એક કંગાલ ઓરત જાત તેને નજરમાં આવે તેવા શબ્દોચ્ચારથી તિરસ્કાર કરે તે એને માથાવાઢ જેવું લાગે એમાં શું આશ્ચર્ય ? !

તેણે હવે રાધાનો ગર્વ નરમ પાડવા પક્કો ઠરાવ કીધો અને જો કે તેના દિલમાં દયા તો હતીજ નહી તદપી જે કાંઇ હતી તે પ્યારની પેનકશિ પુરી નહી પડવાથી તેના દિલમાંથી દયાએ દેશવટો લીધો. તે હવે પેલા મનમોહન અને લાલુ વીગેરે કાવસજી પટેલ ટેન્ક પાસે આવેલા હોટલમાં બેઠા છે તે તરફ વળ્યો.

તેના ભામટા દોસ્તારો બીજબાંની ઉડાવતા અત્રે બેઠા હતા કીશનજીને બોલાવા મનમોહને ચીઠ્ઠી લેઈ ઘાટીને તેની દુકાને મોકલ્યો હતો પરંતુ તે તો રાધાને ઘેર ગયો હોવાથી તે ઘાટીને ક્યાંથી મળે ? તેથી ઘાટી પાછો આવતાં મનમોહને તેના ગીરગામના બંગલે હશે પેખી ઘાટીને ચીઠ્ઠી લેઈ ત્યાં મોકલ્યો.

કીશનજીની સ્ત્રી જેનુ નામ સુંદરબાઈ હતું તે જાતે પતિવૃતા શિયળવંત હતી.

કીશનજી ખુબસુરત અને નખરેબાજ સ્ત્રીયોને ચ્હાતો હતો. પરંતુ તે જાણતો નહોતો કે. ખુબસુરતી તે તો તેનો (સ્ત્રીયોનો) જાહેર શણગારછે. પરંતુ નેકી તો તેના બખ્તર જેવીછે—જે નેકી વગરની ખુબસુરતી સૂર્ય વિનાના દિવસ જેવીછે—

જેથી તે આ બીચારી સુશિલ.અબળાને પોતાના ગીરગામપરના ચીના બાગ પાસેના એક બંગલામાં રાખતો હતો.

આ પવિત્રતા સ્ત્રી અત્રે બે ત્રણ નોકરો સાથ રહી આખો દિવસ ઇશ્વર સ્તવનમાંજ કાળક્ષેપ કરતી હતી.

આ વખ્તે તેણી પોતાના મકાનની બારીએ એક "સાવિત્રી" નામનુ પવિત્ર પુસ્તક વાંચતી બેઠી હતી એટલામાં કીશન લવજીનુ નામ પુછતો એક ઘાટી આવ્યો સુંદરબાઇએ ચાકરડી પાસે પુછાવતાં મનમોહનદાસે ચીઠ્ઠી લેઈ મોકલ્યો છે એવુ માલમ પડયું સુંદરબાઈ મનમોહનદાસને સારી પેઠે ઓળખતી હતી. જેથી આજ વળી તેની શું નેમ છે તે જાણવા તેણીએ ઘાટી પાસેથી ચીઠી મગાવી વાંચવા માંડી તો તેની અંદર નિચે પ્રમાણેની મતલબ હતી.

તા. ૧૫. એપ્રીલ.

મી. કીશનજી.

"ગઈ કાલ આપણે એકઠા થઈ પેલી ખુબસુરત બાલીકા ને માટે સોના બાજાણીને ત્યાં જવા ઠરાવ્યુ હતું. તે મુજબ અમો કાવસજી પટેલ ટેન્ક નજીકના હૉટલમાં બેટા છીએ માટે આ ચીઠ્ઠી વાંચી તાકીદે આવવું.

લી. શેઠ,

મનમોહનદાસ.

આ ચીઠ્ઠી વાંચી સુંદરબાઈ દીલગીર થઈ. પોતે શિયળવંત હતી. અને કીશનજી ગરીબ અબળાઓને જોર જુલમથી કબજે કરી કમજાત દોસ્તોની મદદથી નાહક બીચારીઓને હેરાન કરેછે એવુ તેણીને માલમ હોવાથી આ કોઈ ગરીબ છોકરીને ફસાવાનુ તેઓનુ હાર્દ તે સમજી ગઈ; અને આ આવેલ તક નહી ખોતાં તે ગરીબ બાળા કોણછે. તથા આ લુચ્ચાઓ તેને કેવા પ્રકારે વ્યથા કરવા ચ્હાય છે. એ સમજવા તેણીએ એક છુપા જાસુસને—જેને કીશનજી ઓળખતો નહી હતો તેને—કાવસજી પટેલના તલાવ પાસેના હોટલમાં તેઓ ત્યાં શુ કરેછે—ક્યાં જાયછે વીગેરે જાણવા મોકલ્યો. અને ચીઠ્ઠી લાવનાર ઘાટીને કહેવડાવ્યું કે જા શેઠ આવેછે. આથી તે ગયો.

ચીઠ્ઠી આપી આવ્યાને પાંચ સાત મીનીટ થઈ એટલામાં કીશનજી અત્રે આવ્યો. એટલે તેના દોસ્તો તેને ચિઠ્ઠી પહોચી હશે એટલે તે આવ્યો પેખી તે વિશે વધુ પુછપરછ ન કરતાં તેઓ સર્વે અત્રેથી વચલા ભાઇવાડાવાળી પેલી ધનકોરને ત્યાં ગયા.

જે મકાનમાં ધનકોર તથા તેની છોકરી સોના રહેતાં હતાં તે મકાન જમનાદાસ નામના એક લાડવાણીયાનું હતું. ધનકોર આ મકાનમાં ઘણા દિવસથી રહેતી હોવાથી ઘણા દિવસનુ જુનુ ભાડુત સમજી મકાનના માલેકોએ. તેને થોડે ભાડે વધારે જગા ભોગવવા આપી હતી જે ઓરડાઓમાં તેણીઓ રહેલી હતીયો તે ઓરડાની અગાડી બેઠકનો ઓરડો સરસ ફરનીચરથી શણગારેલો હતો. જેની અંદર સોના આ વખ્તે એક પડેલ કોચપર અવ્યવસ્થિત રીતે પડી પડી સુડાબહોતેરીમાંની સોળમી વાર્તા વાંચતી હતી. તેણી જોકે સાધારણ ખુબસુરત પરંતુ ડોળદાર—અને નખરેબાજ હતી. પરંતુ બેદરકારી સાથ તેણીની માની ખરાબ કેલવણીએ તેની ખુબસુરતીપર અસર પેદા કીધી હોવાથી તેણીનો ચ્હેરો ચીડકણો બની ગયો હતો કે જે ચ્હેરાપર અસૂયાના સોનેરી અક્ષર ઝળઝળાટ મારી રહ્યા હતા. તેણી પરણી હતી. પરંતુ તેણીની નામદાર માએ તેણીને એટલે દરજ્જે કેળવણીમાં પાવરધી કરી દીધી હતી કે તેણી સાસરામાં ટાંટીયો થોબાવતી નહી—ઘરથારની તાબેદારી ઉઠાવ તેણીને બીલકુલ ગમતુંજ નહી. તેના આ કુલક્ષણને લીધે તેના પતીએ તેનાપર સોક્યનુ સાલ ઉભુ કર્યું હતું. આથી તો તેણી હવે તેણીની માની સાથ બીન ધાસ્તીએ રહી સ્વચ્છંદતાએ વર્તતી હતી. કોઇની વગવસીલાથી તેણી નિશાળમાં નોકર થઈ હતી. પરંતુ એટલામાં પુરૂ ન થવાથી કુકર્મને રસ્તે કીશનજી જેવા પાસેથી થોડુ ઘણુ પ્રાપ્ત કરતી હતી; અને વધુ ગુજરાન માટે તેની આબરૂદારમા કોઈ સારા ઘરની બૈરી—છોકરીને પોતાના ફંદામા ફસાવી—ગોઠીઆ મેળવી આપી કુરસ્તે ચઢાવી. દલાલાં કરી કેટલુક પ્રાપ્ત કરી તેનો ઉડાઉ ખર્ચ નિભાવતી હતી.

આ વખ્તે આપણા નામદાર સાહેબો પધાર્યા. એટલે તેઓને જોઇ સોના સ્વસ્થ થઈ બેઠી થઈ; અને આવેલા મહેમાનોને સદ્કાર આપી સામે પડેલી ખુરસીઓપર બેસવા કહ્યું. કીશનજીને તેણી ઓળખતી હતી. પરંતુ તે સાથેના પુરૂષોને તેણી નહી ઓળખતી હોવાથી કીશનજીએ તેણીને ઇશારતયુક્ત ભાષ્યથી સમજાવી વાત લંબાવી "કેમ સોના કોન્સર્ટનો થાક હજી ઉતર્યો નથી કે ?"

"નહી જી કોનસર્ટથી થાક તો કાંઈ નથી પરંતુ આખો દિવસ છોકરીઓ સાથ માથુ ફોડવું પડે છે. તેથી મગજ પાકી જાય છે.

સાહેબ માસ્તરનું કામ કરવું કાંઈ સે'લ નથી. અને એટલી મહેનત કર્તાં પણ સ્કુલનો વડો મોઢુ જોઇને થપડ મારેછે. જુવોને આજ-કાલની ભામટી ચંદરેલ પેલી તારા આવીછે. તેના પર તો જાણે સે-ક્રેટેરીના ચારે હાથ થોડા જુલમ ! આજ બે વર્ષ થયાં હું થોડી મહેનત લેઈ નોકરી કરૂંછું ? ત્યારે આ માસથી મને સતર અને તેણીને પાંત્રીસ આપે છે.

મનમોહન—વારૂ તે તારા કોણછે ? આપ તેને ઓળખોછોકે ?

સોના—હાજી, તે માંડવી બંદર પાસેજ રહે છે તો વળી કો-ન્સર્ટમાં પણ એને॰પહેલો નંબર અને પાછી આઠ દિવસ બાદ બીજી કોન્સર્ટમાં પણ એ પહેલીજ મરશે.

લાલુ—વાહ ! એનેજ પહેલો નંબર આપવો ઘટે છે શું એની ખુબસૂરતીછે ? ખરે મ્હારૂ દિલ તો તેને જોઇછે ત્યારનું તેણીની મુ-લાકાત માટે વલખાં મારેછે.

સોના—અરે મોઇને એ ખૂબસુરત હોતી, ધોળી ચામડી થઈ એટલે ખુબસુરત થઈ ગઈ ? રાંડ સુકી લાકડા જેવી જાણે જીવતી ડાકેણ "

કીશનજીને આપસ્વાર્થ કાઢી લેવાનો હોવાથી તેણીની વાતને ટેકો આપ્યો એટલે તેણી પાછી બોલી.

સોના—વળી કીશનજી શેઠ જાણોછો કે ? રાંડ બેડસઈમાંથી તો જરા હાથ નથી કાડતી અને આવડી મોટી એની મા જેવડી થઈ તોએ હજુ પરણી નથી; અને રાંડ રાત દિવસ સેક્રેટેરીના ઘરમાં પડી રહેછે; અન તેને રાખીને બેઠીછે.

કીશનજી—સોના, જે વાત તમે તમારા દુષ્મન વિશે ઉપાડી છે તેને વિશેજ કાંઈ કહેવા અમારે અત્રે આવવું પડ્યુંછે આ આપણા મનમોહનદાસ તેણીપર ફીદા થઈ ગયાછે; પરંતુ તેણી મનમોહનદાસને ચ્હાતી નથી. માટે તમારા તરફથી કાંઈ તેની ગોઠવણ થાય તો તેને કબજ કરી ઘરમાં ઘલાવીએ. આથી તમારી એક દુષ્મન ટળશે; અને વળી આપણા દોસ્તનું કામ થશે. તેમાં તમોને પણ રાજી કરવામાં આવશે.

સોના આ દુષ્મનપર કીન્નો લેવાનો આવેલો લાગ જોઈ તેમ પૈસા મળતા જોઈ લલચાઈ. આવેલા શિકારને નિચોવા તેણે નિશ્ચય કીધો; અને બોલી "આ કામ પાર પાડી આપું તો મને શું આપશો ?"

કીશનજી—પાંનસો રૂપૈયા રોકડા અને એક ઝીકની કોર મુકેલી ઓઝલીઆની કેસરી સાડી.

સોના—નાજી. એટલે તો ન બને. તમે જાણતા નથી. કે કામ ઘણું મુશ્કેલી ભરેલુંછે. તમે મારી મહેનત સામુ પણ જોતા નથી તો

કીશનજી—જા, સાતસો પછે કાંઈ ?

સોના—ના, હજુ મારૂ મન માનતું નથી. રૂપૈયા પુરા કરો; અને અમારા પાડોસી પેલા ડૉકટર સાહેબના વહુંજીના જેવી એક બીજી તેજ જાતની બલુરંગની સાડી અપાવો. મને તેનુ ઘણું મનછે.

કીશનજીએ મનમોહન સામું જોયું. મનમોહને ઈશારો કર્યો એટલે કીશનજીએ બે ઓઝલીઆની સાડીઓ તથા રૂપૈયા હજાર રોકડા. કામ થએ આપવા કબુલ કર્યા અને બાના તરીકે રૂપૈયા પચાસની એક નોટ આપી.

પૈસો ! પૈસો ! એ કુતરાની ચાટ બરાબરછે. તે આજ છે ને કાલે નથી નાણાંની લાલચમાં લપટાઈ ને પ્રમાણીક પણાનો ભોગ આપવો. એ લાયક મનુષ્યનુ કામ નથી અશાસ્વત સુખોપભોગને સારૂં અનતકાળનું સુખ બગાડવું વ્યાજબી નથી. અપ્રમાણીકપણે પૈસો પ્રાપ્ત કર્યો હોય તે દિર્ઘ કાળપર્યંત ટકી શકતો નથી—"

એક હજાર રૂપૈયા રોકડા અને પચાસ પચાસની બે મન પસંદ સાડીયો મળવાનુ અને બાનામાં રૂ ૫૦) રોકડા મળતા જોઈ સોના જેવી કુલટા સ્ત્રી લલચાઈ બીજાનું બુરૂ કરવા પગલાં ભરે એમાં કાંઈ નવાઈ નથી. તેણી ખુશ થઈ કીશનજીને કહ્યું. "કીશનજી શેઠ જો કે ઘણા દિવસ થયાં હું ને તેણી બોલતાં નથી. તોપણ મારે તેણીની સાથ બોલી પાછી દોસતી તાજી કર્યાનુ ડોળ કરવું પડશે;

મનમોહન—સોના મને ખાતરી છે કે તમે ગમે તેવુ કાર્ય નિર્વિઘ્ને પાર પાડી શકશોજ.

આ મનધાર્યો ઠરાવ થતાં તેઓ અત્રેથી ઉઠયા, અને રસ્તામાં વાતોના મોટામોટા ગપ્પા મારતા ચાલ્યા. તેમાં લાલુ બોલ્યો કે "કીશનજી શેઠ બધુ તો ખરૂ પરંતુ તેણીને ગાડીમાં નાખી આપણે ક્યાં લેઈ જવી ?"

કીશનજી—અરે ગાંડા એની શું ફીકર રાખે છે. મારો પરેલપરનો બંગલો ક્યાં ન્હાનો છે."

મનમોહન—હા. પરંતુ ત્યાં કોઈ આદમી નથી.?

કીશનજી—મારી છોકરી અને એક ચિતારો તથા એક બે બુઢા ચાકરો છે તેમાં છોકરી અને ચિતારાને બે દિવસ વાલકેશ્વર જાફતે મોકલીશું એટલે પછી થયું.

આ વાત સર્વેને પસંદ આવતાં તેઓ ખુશી થતા થતા સૌ સૌને ઘેર ગયા.—

પ્રકરણ ૧૭ મું.

એક ભયંકર ભેદ.

ફેરવી રૂપ દગાથી ફસાવી અરે નર અંતર ફોગટ ફુલે
છાની રહે નહીં છેક હમેશ ખરેખરી વાત કદી પણ ખુલે
ભોળવીએ ભરમાવી ભલે પણ ભોળપણે ફરીથી નહી ભુલે.
કાગળ હાંડલી કોઈ કરે કદી એકજવાર ચડે પણ ચુલે ?

ક. દ. ડા.

એક ને એક ચિજપર વિચાર કર્યાથી માણસ પોતાની જીંદગી વધારે ખરાબ કરે છે—એક ઘસારાનો ઘા થાય છે-થોડાનુ ઘણુ થાય છે મશ્કરી અપમાનનુ રૂપ પકડે છે. નહાની ધાસ્તી ભયંકર થાય છે; અને નાના માંદગીમાં તેનોજ વિચાર કરવાથી ભેજાપર અસર થઈ ને તે સારી થવાને બદલે મોત ઉપર જાય છે.—

વાર્તાનો નાયક રમણલાલ કીશનજીને ત્યાં નોકર રહેવા આવ્યો; અને ભુતવખારનાં કંપાઉંડમાં દાખલ થતાં જે ઘરડા માળીને તેણે ગાંડા તરીકે ગણ્યો હતો-તેનુ હમેશને માટે અત્રે રહેવાનુ થવાથી ફુરસદની વખતે તે બાગમાં ફરવા જતાં-તેની એક બે વખત તેણે મુલાકાત લીધી હતી. જેથી તે માળીના બોલવા વિશે તેને ભારી શંકા ઉત્પન્ન થઇ; અને તે શંકાનુ નિરાકરણ કેવી રીતે કરવું એજ વિચારમાં તે રાત દિવસ હેરાંન થવા લાગ્યો.

એક તરફથી ફરજ એમ કહેતી હતી કે ભરમ ખુલો કરવો જોઇએ; અને બીજી તરફથી પ્યાર કહેતો હતો કે ચંદાને ખાતર તે વાત ઉપર તારે ધ્યાંન આપવું જોઇએ નહી. અરે ! પણ તે પોતાના મગજને ઘણુએ વારવા લાગ્યો; પરંતુ તેના અંતઃકરણમાંથી તે વૃદ્ધ બાગ રક્ષક ખસ્યો જ નહી આખર તેણે દ્રઢ વિચાર કીધો

કે “ જો હું બેચેની દુર કરવા ઇલાજ નહી લેઉ અને એ ભરમ શું છે. તેનો મારા દિલને સંતોષ કારક ખુલાસો નહી કરૂં તો એને એ વિચારમાં તે માલીના જેવી મારી સ્થિતી થશે; અને મારા મનના વિચારો તે ગાંડાપણુમાં હું લવે જઇશ. તો કીશન લવજીના હાથમાંથી સહીસલામત છુટવું ભારી પડશે. માટે બને તો આજ રાત્રીએજ તેનો ખુલાસો મારે લેવો ” એવો વિચાર કરી તે પોતાના કાર્યમાં ગુંથાવા લાગ્યો;પરંતુ જેનું ચિત્ત અસ્થિર બીજે ઠેકાણે—તેનાથી કામ શી રીતે થાય? તેને ચેન નહી પડવાથી કંટાળી પાછો ચંદા વિશેના વિચારમાં તે ગુંથાયો. ચંદાને તે ઘણા પ્યારથી ચ્હાતો હતો; અને તેણીની વાતચીત તથા ચિકીત્સીક ગુણો જોતાં તેણી પણ તેને ચ્હાતી હતી. જો કે ચંદાની અને તેની હાલની સ્થિતીમાં ઘણો તફાવત હતો તદપી તેના પ્યારમાં પડી તે સાથે લગ્ન કરી સંસારસુખ ભોગવવાની તેણુને ઘણી અકાંક્ષા હતી.

રમણ આ ઉપરના વિચારોમાં ઘેરાતો બાગની બારી તરફ બેઠો છે. એટલામાં એક બુઢ્ઢી પોણોસો વર્ષની ચાકરડી તેની પાંસે રહી આમથી તેમ ફરવા લાગી. તેને જોઈ તે બોલ્યો “ કેમ ચંપા કાકી શા વિચારમાં છો ? ખુશી તો ખરાંને ? ”

“ ભાઇ બળી અમારી ખુશી હવે તો પ્રભુ મોત આપે તોય સારૂં ” ચંપાએ નિશ્વાસ નાખતાં કહ્યું.

“કેમ વારૂ એમ બોલોછો. વળી તમારે શું દુઃખ પડ્યું છે?” રમણે આશ્ચર્યતાથી પુછ્યું.

“ જુવાને ભાઈ દુઃખ પડે છે ત્યારે કાંઈ બાકીજ રહેતું નથી. આજ કેટલાંક વર્ષ થયાં મારા નાનેરાભાઇને ચિતભ્રમ થયો છે તે હજુ ઠેકાણેજ આવતો નથી. કહો વારૂ એથી તે વધારે શું દુઃખ હોય ? નથી ખાતો ! નથી પીતો ! અને એકને એક વાતપર ચિત લાગ્યું છે ” ચંપાએ ગળગળીત કંઠે કહ્યું

ચંપાના આ જવાપપરથી તેનું ધ્યાન પેલા માળી તરફ પાછું દોરાયું; અને આ તેની બ્હેન થાય છે. જેથી પોતાના પ્રયાસમાં તે એક ટેકારૂપ નીવડશે. તેણે હાવભાવથી મોટાં ભા કરી પુછવા માંડયું “કેમ વારૂ તે તમારા ભાઇને શું થયું છે; અને તે કીંદા’ડાનુ ?”

ઘરડાં માણુસ વાતોનાં બહુ રસિલાં હોય છે તે મુજબ રમણે

વાત લંબાવતાં ચંપા તેની પાસે આવી બેઠી; અને રડવા જેવું ડોળ કરી બોલી "જુવોને ભાઈ આજ ચાર પાંચ વર્ષ થયાં આ મકાનની પેલી હવડ જગ્યાની ફ્રાંટમાં એ જુવે છે; અને ખુન ! લોહી ! બારી ! દિવો ! એમને એમ જાણે કંઈ વળગણ વળગ્યું હોય એમ બક્યા કરે છે."

"ચંપાકાકી એતો વ્હેમ છે. એમ બકેથી કાંઈ બલા સમજાય ?! રમણે વધુ વાત મેળવવા કહ્યું.

"કોણ જાણે બા ત્યારે કેમ હશે ! પણ મને તો એમ લાગે છે કે થોડા વરસ ઉપર એક કોઈ ભાટીયો અત્રે આવ્યો હતો તેને લેઈ કંઈ કામ સારૂ કીશનજી શેઠ બત્તી લેઇ ભોંયરામાં ઉતર્યા હતા. ત્યારે તે જોતાં તે ભુત છે. એમ કદાચ તેને વ્હેમ આવ્યો હશે; અને ભાઈ ! તેજ દિવસથી તેનુ મગજ ખશ્યુ છે.! જાણે તે આવેલ માણસેજ તેનુ કલેજુ ખેંચી લીધુ ન હોય !!" ચંપાએ શંકાયુક્ત રીતે કહ્યું.

રમણ—તે માણસ કોણ હતો ?

ચંપા—બલાજાણે મ્હારી હું અને ચંદા બ્હેન એક દિવસ વૈશાગ માસમાં ગરમીના સબબથી બપોરે અંદરના હોલમાં હીંચકા ખાતાં બેઠાં હતાં; અને કીશનજી તેના મુનીમ લીમજી સાથે રસોડામાં જમવા બેઠા હતા. તે વખતે એક કોઇ ભાટીયો. "મારા રૂપૈયા પાછા આપો. એવી બુમ મારતો અત્રે આવેલો. કીશનજી શેઠે તેને અંદર બોલાવી ધીરજ આપી એટલે લીમજી મહેતા ઘેર જવાનો વખ્ત થવાથી સ્ટેશનપર ગયા. બાદ કીશનજી શેઠ તે આવેલ આદમીને લેઈ અંદર ગયા પછીથી હું તો કામ હોવાથી બહાર ગઈ પછીથી શું થયું તે હું જાણુતી નથી. પરંતુ આવી ત્યારે શેઠ ગાંડા જેવા માલમ પડતા હતા. મેં એઓને બહુએ પુછ્યું પણ મને જરાએ જવાપ આપ્યો નહી.

"ત્યારે શું તેજ દિવસથી તમારા ભાઇનું મગજ ખશી ગયું છે. ?" રમણે આતુરતાથી પુછ્યું.

"હા ભાઈ તેજ દિવસનો તે દિવાનો બન્યો છે" ચંપાએ દિલગીર થઈ કહ્યું.

રમણ—ચંપાકાકી તમેતો ભોળીયા આદમી છો. ભુતપ્રેતની

વાતો અમારા જેવા સુધરેલાના મગજમાં અસર કરે નહી. પરંતુ હજારો ડાહ્યા વિદ્વાનો તે માને છે તો તે બદલ ખાતરી કરવાની મારી મરજી છે. વારૂ તે બાજુની કુચીયો કહોની પાસે રહેછે. ? ' નહી બા તુ ખાલી છોકરમત ન કર. એમા સારૂ નહીં. અને કુંચીયો પણ કીશનજી શેઠ પાંસે રહેછે" ચંપાએ ડર બતાવતાં કહ્યું.

"ત્યારે ત્યાં કોઈ સાફ સુફ કરવા જતુ નથી ?" રમણે વધુ સમજવાની આશાએ પુછ્યું.

"ના ભાઈ ત્યાં શેઠ ત્રીજોરી રાખેછે; અને ખાનગી ખતપત્રો પણ ત્યાં જ લખાયછે.—મુકાયછે; અને ત્યાં રખડતાં પડ્યાં રહેછે. જેથી તે પર મણ મણ ધુલના ઢગલા થાય તોપણ ત્યાં જવાનો કોઇને હુકમ નથી" ચંપાએ બેદરકાર ભરેલી રીતે કહ્યું.

ત્યારે ત્યાં જવાનો કોઈ બીજો રસ્તો નહીહોય ?" રમણે આતુરતાથી પુછ્યું.

"જોને ભાઈ આ બાગમાં થોડે દુર પેલા મોટા વડની ડાબી બાજુ ટેકરો છે તેની નિચાણ પાસે એક બારી છે.—હું નહાની હતી ત્યારથી મને માલમ છે કે તેમાં રહી અંદર જવાયછે. પરંતુ તે જગા હવડ છે. જેને વિશે કીશનજી પણ અજાણ છે. પણ જોને ભાઈ હોં મે આ વાત કહી તે ફુજડાઈ કરી કોઇને કહેતો નહીહોં નહી તો શેઠ જાણશે તો તને અને મને બેને હેરાન કરશે સમજ્યો ચંપાએ ધાસ્તી બતાવી કહ્યું.

"નાના ચંપાકાકી હું કાંઈ એવો બેવકુફ માણસ નથી. જો કે મને તે જોવાનુ ઘણુ દિલ થાયછે; પરંતુ શેઠને વ્હેમ આવે એમ એવું હું કદી કરૂ એવો નથી. અને એ દ્વાર પણ ક્યાંય પડ્યું હશે. અંધારે જતાં કદાચ ઝાડીમાં કાંઇ કરડે તો વળી જીવથી જઇએ. માટે હું કાંઈ એવો બેવકુફ નથી કે નકામી ઉદ્ધતાઇ કરૂં" રમણે ચંપાને ટાડા દિધા.

"ત્યારે તો સારૂ બા હવે ડાહ્યો" ચંપાએ નિરાંતથી કહ્યું.

સંધ્યાકાળ થયો જેથી—દિવા કરવાનો વખત થવાથી ચંપા અત્રેથી ઉઠી બંગલામાં ગઈ.

ચંદા આ વખત મકાનની અંદર કાંઇ કાર્યમાં ગુંથાઈ હતી. તેણી બીચારીની તેના ઘરનાં આદમીઓની લાજને લીધે રમણુની

રૂમમાં ઘડી ઘડી અવાતુ નહી તોપણ તેણી દિવસમાં એક વખત અત્રે આવી તેની મુખ મુદ્રાના દર્શન કરી નેત્ર દ્વારાએ તેનો પવિત્ર પ્રેમ દર્શાવી જતી હતી.

જે વાતનો ખુલાશો મેળવવાની જરૂર હતી. તે બીન પયાસે મળી જવાથી રમણને ખાતરી થઇ કે કીશનજીએ કોઇનું ખુન કર્યું હોવું જોઇએ; અને તે આ માળીના જોવામાં આવવાથી તે એકદમ ચમકી દિવાનો બન્યો છે. માટે આજ રાત્રે પેલી ચંપાએ કીધેલી બારીએથી તેમાં દાખલ થઇ જોવું કે અંદર શું છે" આ ઠરાવ કરી રમણ જંબાનો વખત થતાં રસોડામાં ગયો. પણ ચિતારૂપી ચિંતાગ્નીથી જેના દિલ વ્યગ્ર બનેલાં હોયછે, તેને કશુએ ગમતુ નથી—જે બ્રમણામાં તેનુ ચિત રમણ કરી રહ્યું હોય. તેજ તરફ દિલ આકર્ષાયછે. જો કે ચંદા પણ આજ રશોડામાં તેની નજદીક જ બેઠી હતી તદપી તેના અતઃકરણમાં ઘર કરી બેઠેલ ભમતા ભૂતે આ વખત તેનો કશ્યો પણ દરકાર રાખવા નહી દેવાથી બોલ્યા ચાલ્યા શિવાય જેવું તેવું જમી પાછો તે પોતાની રૂમમાં જઈ વિચાર કરતો બેઠો. વિચારમાં ને વિચારમાં અગીઆર થયા. એટલે તે ઉઠયો બારણુ ઉઘાડયું અને ચારે તરફ નજર લંબાવતાં સર્વ સુનકાર માલમ પડયું. મકાનના તમામ આદમી નિદ્રા દેવીનાં સપાટામાં પુર્ણ રીતે સપડાએલાં માલમ પડ્યા. એટલે પાછો મકાનમાં આવી એક દિવાસળીનું બૉક્સ તથા એક મીણબતી લેઈ પોતાના ખીસામાં મુકયું.

રાત્રી ગંભીર અને નિઃશબ્દ હતી. ચંદ્રના ઉદય વિના પૃથ્વી ભયંકર લાગતી હતી ચોમેર અંધાર વ્યાપી રહ્યું હતું. તો પણ રમણની હિમ્મતે યતિકચિંત પણ પાછાં પગલાં ભર્યાં નહી. અહા ! કેવું કઠોર હૃદય ! કે આવી અંધારી ભયંકર રાત્રીએ એવું ભયંકર સાહસ કર્મ કરવા કોઈ લશ્કરી અમલદાર પણ હામ બીડી શકે નહી. ! !

તે ચંદાને ચ્હાતો હતો. કે જેનો બાપ કીશન લવજી હતો ચંદાનો પ્યારનો વિચારની વચ્ચે આવી તેને સમજાવતો કે રમણ એ કામ તુ પડતુ મુકય પણ રમણે તેની શલાહ માની નહી. તેણે તો સત્ય શોધવા નિશ્ચય કીધો; અને તે સંદેસો લાવનાર પ્યારને કહ્યું " હા. હું ચંદાને ચ્હાઉછું—મારા અંતઃકરણથી ચ્હાઉછું; અને તેણી પણ મને ચ્હાતી હશે. પણ એક વખત મારે જોવું જોઇએ

કે તેનો બાપ ખુની છે કે મોટો દેવછે! ભલે પછી ગમે તે હોશે. મને તેની દરકાર નથી પરંતુ આ દુનિયામાં મારી ફરજ છે કે અસત્યનો જેટલો બને તેટલો નાશ કરી સત્યને રજેશમાં લાવવું અને જે મને વ્હેમ છે તે મુજબ કદાચ હોય; તેની તપાસ ન થાય તો ફીશન લવજી તે કામમાં ફાવે. જઈ બીજી વખત પણ તેવાં કસ્ત કરવાં ડરશે નહી. માટે મારે તે કામ કરનારને અટકાવવા તેની તપાસ કરવીજ જોઈએ. આ મુજબ ઠરાવ કરી આખર ચંદાના પ્યારને હરાવી તે તેના ઓરડામાંથી બહાર નીકળી પડ્યો.

રમણનો ઓરડો બીજા બધા ઓરડાઓ કરતાં અલગ અને છેવાડો હતો. જેથી આ વખત અગાડીનો દરવાજો કે જેને ફક્ત દોડેક•માથોડા જેટલો ઉંચો કીલ્લો હતો. તે કીલો કુદી બ્હાર ગયો એટલે તેને કાંઇ હરકત નડી નહી; અને ત્યાંથી તે નિયમીત જગાએ આવ્યો. બારી જોતાં તે ઘણા દિવસની હવડ પરતુ થોડા દિવસ ઉપર જાણે કોઇએ ઉઘાડી હોય એમ માલમ પડી. તેને કાંઈ સાંકળ કે તાળું મારવાનું ન હતું. પરંતુ મટોડી કહાડી અંદર હાથ ઘાલી આગળો ખસેડી ઠેલવાથી તે ઉઘડતું હતુ રમણ તે ઉઘેડી અંદર ડાખલ થયો. સીધેને સીધો ગલીમાં રહી ઠેઠ અંદરની બાજુના આવેલા આગુખજુના કીલ્લા પાસે તે ગયો આ ગલી એક જ આદમી ચાલી શકે તેટલી પ્હોળી હતી; અને તે ફક્ત આ કીલ્લા સુધી જ હતી.

તે આગળ જતાં અટક્યો તેના મો પર જાળાં તથા હવડજગાની માટી લાગવાથી તે આ વખત એક અદભૂત દેવજ બની રહ્યો હતો. તેણે બત્તી સળગાવી હતી તેથી તે વતી જોતાં તેને એક બારણુ માલમ પડ્યું પરંતુ તે બારણુ અદર તાળાં મારી મજબુત કરી લીધું હતું જેથી તે નિરાશ થયો. પરંતુ તેના પ્રયાસમાં તે સમુળગો નાહિમ્મત થયો નહિ, તે ઘણો ગુંગળાવા લાગ્યો તોપણુ તે દ્વાર સાથ ફરતા કીલ્લાની પ્રદક્ષણા કરવા લાગ્યો એટલામાં ઇશાન ખુણે જતાં તેને એક બીજુ ન્હાનુ દ્વાર માલમ પડ્યું જે ઠેલતાંજ જાણે તેનેજ માટે કોઇએ ઉઘાડું મુક્યું ન હોય! તેમ ઉઘડ્યું. તે આ વખ્તે ઇશ્વરનો પાડ માંની અંદર ડાખલ થયો; અને અંદરખાનેથી પેલા પશ્ચીમ બાજુના દ્વાર તરફ પાછો ફર્યો. તો તેને ચાર મજબુત તાળાં મારેલાં જોયાં; અને થોડે દુર જોતાં એક પથ્થરની

સીડી જણાઈ તે સીડીની સામે દક્ષિણ તરફ તેણે એક દ્વાર જોયું જે દ્વાર વાડીના કીલ્લા પાસે દક્ષણ તરફના હવડ ભાગપર જ્યાં પેલો ગાંડો માળી બેશી રહેતો હતો ત્યાં હતું તે દ્વાર પણ મજબુત રીતે બંધ હતું પરંતુ તે હવડ હોવાથી અંદર કાંટયો પડી ગઈ હતી. તે સીડી પર ચડયો તો તેને એક દ્વાર દેખાયું જે દ્વાર મજબુત રીતે બંધ હતું. જેથી તે પાછો ફર્યો; અને નીચે ઉતરી આજુબાજુ તપાસ કરી જોયું તો એક બાજુ કાંઈ ચકચકીત વસ્તુ તેને જણાઇ. નજીક જઈ જોતાં તે છરો હતો, તે તેણે ઉપાડયો; અને છેક છીડીની ડાબી બાજુ તપાસવા લાગ્યો તો એક લોહીથી ખરડાએલો રૂમાલ તેને મળ્યો. આ ચિન્હ જોતાં જ રમણની નસોમાં લોહી ઉછળવા લાગ્યું. તેનો મગજ ફરવા લાગ્યો. નક્કી કોઇનું ખુન થયુંજ છે એથી ખાતરી કરી વિશેષ તપાસ કરતાં કાંઈ નહી માલમ પડવાથી તે આવેલ રસ્તેથી ઘણી સંભાળ સાથ પેલી ચીજો ખીસામાં સંતાડી બ્હાર નિસરી પોતાની ઓરડીમાં આવ્યો.

પ્રકરણ ૧૮ મું.

રસિકલાલ ભણશાળી.

શુદ્ધ સત્યતા કોઈ દી શ્યામ ન જરીએ જણાય.

અસત્યતાનો કુંભ કદી ટકે ન પૂર્ણ ભરાય.

ધૈર્યથી સંકટ ખમતો ભલો આદમી દુનિયાની એક મોટી વસ્તુ છે, અને તેથી પણ મોટામાં મોટી વસ્તુ એક ભલો આદમી તેવા આદમીને સંકટમાંથી છોડાવવા ધાય છે તે છે—ગોલ્ડ સ્મિથ.

જેમ એક ગુલાબ પોતાની જાતિ ખવાસમાંથી ખૂશબો કાઢે છે; તેમ એક પરોપકાર બુદ્ધિના માણસના દિલમાંથી સારા કામનીજ સુગંધી નિકળે છે (જી. જો. જુ).

વાચકવૃંદને યાદ તો હશેજ કે જે મકાનમાં રાધા રહેતી હતી તે મકાંન રસિકલાલ ભણશાળીનું હતું રસિકલાલ વ્યાપારાર્થે એડન ગએલ તે હાલ પાંચ સાત દિવસ થયાંજ અત્રે આવેલ છે. એક દિવસ ભાડુતોની ખાતાવહી તપાસતાં " રમણલાલ કરશનદાસ ભાવનગરી " એ વાંચી તેને પોતાના દોસ્ત મી. ભાવનગરીની—જેને પોતે એડન

ઉપડતી વખ્તે કીશન લવજીની પેઢીએ રૂપૈયા પાછા લેવા મોકલ્યો હતો. જે નહી આવવાથી પોતાને એક દિવસ રોકાવું પડ્યું હતુ તેની દોસ્તી પાછી યાદ આવી; અને તેનું પછી શું થયું તેને રૂપૈયા પાછા મળ્યા કે નહી—તે જાણવા જીજ્ઞાસા થઇ. જેથી આ કોઈ તેના કુટુંબીયોમાંનુ હશે સમજી તેને બોલાવા ભૈયાને કહ્યું. ભૈયો રમણને બોલાવા ગયો પરંતુ તેતો અત્રે નહી હોવાથી તેની માએ કહ્યું. "ભાઈ એતો આજ બે ત્રણ માસ થયાં નોકરી ઉપર રહે છે તે ઘેર આવતાજ નથી માટે શું કામ છે તે કહો. મારાથી બને તેમ હોય તો હું આવું" ભૈયાએ તે પ્રમાણે જઇ શેઠને કહેતાં તેણે તેણીને આવવા કહ્યું આથી રાધા બીચારી બ્હીતી બ્હીતી ઘણી સભ્યતા સાથે મર્યાદા ભરેલી રીતે નીચુ ઓડી રસિકલાલ પાસે આવી દુર બેઠી. જો કે તેણીએ સૌભાગ્યવંતી સ્ત્રીના જેવો તમામ શણગાર રાખ્યો હતો. પરંતુ તે ઘણોજ સાદો અને શોક ભરેલો હતો. જેથી રસિકલાલ તેને રાંડેલી સમજી ખેદ યુક્ત થયો. પરંતુ તેણી તેજ ભાવનગરીની સ્ત્રી કે બીજાની તેની પ્રતિતી કરવા તેણે તેણીને પુછ્યું "બાઇ તમારા ધણીનું નામ શું કરશનદાસ છબીલદાસ ભાવનગરી?"

"હા ભાઈ" આટલુ બોલતાં આ દુખીયારી અબળાનું અંતઃકરણ ઘણુંજ ખેદયુક્ત થવા લાગ્યું; અને ચક્ષુમાંથી ધોધની માફક બાષ્પ બિંદુ વહેવા લાગ્યાં. રસિકલાલની ખાતરી થઈ કે તેણી તેજ ભાવનગરીની પત્નિ છે; અને તે ગુજરી જતાં તેના કુટુંબને આફતે ઘેરી લીધેલ હોવાથી તેઓ દુઃખના માર્યા અત્રે આવી રહેલ હોય એમ માલમ પડે છે. "વારૂ બ્હેન કરશનદાસભાઈ ગુજરી ગયાને કેટલું થયું અને તે શાથી?" રસિકલાલે દિલગીરી દર્શાવતાં કહ્યું. "ભાઇ મારા અને મારા છોકરાના કમનસિબે અમારી એડન ઉપરની વખારમાં આગ લાગવાથી તેઓ ત્યાં જવા અત્રેથી રૂપડી ગયા; અને અડધે રસ્તે બોટ ડુબવાથી તેઓ ગત થયા જેને આજ પાંચ વર્ષ થઈ જવા આવ્યાં" આટલુ કહેતાં રાધાની ચક્ષુમાંથી અશ્રુ નીસરી પડ્યા.

રસિક—બ્હેન ગભરાવ નહી—જોકે તમારી વાત સાંભળી મ્હારૂ અંતઃકરણ ઘણુંજ ખિન્ન થાય છે. કારણ કરશનદાસ મારા પુરા મિત્ર હતા પરંતુ તમો જે વાત કહો છો તેમાં મને કાંઇ શંકા ઉત્પન્ન થાય

છે. તે એજ કે—હા, આગબોટ ડુબી એ વાત ખરી પરંતુ જે દિવસે મી. કરશનદાસ બોટપર ચડવા આવ્યા. તે દિવસે તેઓને મોઢેથી કીશન લવજીની પેઢી ઉપર એક લાખ રૂપૈયા મુકી આવ્યો છું. તે વાત સાંભળતા મે તે શાહુકારની વીજેરીનુ તળીયુ માલમ પડ્યુ છે. તેવું પેપરમાં આવેલ હોવાથી એ રૂપૈયા પાછા લેવા તેઓને મે તે શાહુકારને ત્યાં મોકલેલા; અને તેઓ તે રૂપૈયા પાછાલેઈ આવે તેટલે વખત રાહ જોવા મે તેમને કહેલું તેઓ સાયંકાળ થઇ તો પણ આવ્યા નહી આથી મને તેમનો સંગાથ છોડી જાવું દુરસ્ત નહી લાગતાં હું ખાસ તેઓને માટેજ રહ્યો; અને બીજા દિવસના દસ વાગતા સુધી વરસાદની પેઠે તેઓની મે રાહ જોઇ પરંતુ તેઓ બીજે દિવસપણ નહી આવવાથી હું તે દિવસે ઉપડનારૂં—સ્ટીમર "યમુના" માં બેસી એડન ગયો. મારા સુભાગ્યે તે 'કુમુદ બાંધવ" સ્ટીમરમાંથી હું કરશનદાસ ભાઇને માટેજ ઉતર્યો. ખરેખર કરશનદાસભાઇજ મારો જાન બચાવનાર તરીકે નીપજ્યાં. "કુમુદ બાંધવ" અધવચ રસ્તામાંજ અકસ્માત થતાં ભાંગી ગઈ જેમા બેઠેલાં હજારો ઉતારૂઓનો જાન નિર્માશ માત્રમાં જતો રહ્યો. જેમાંના એકનો હજુ પત્તો નથી પરંતુ તમો કહો છો કે આગબોટ ડુબવાથી તેમાં ગત થયા તે કઇ આગબોટ ડુબવાથી તેમાં ગત થયાં. તે કઇ આગબોટ? એડન ઉપડનાર આગબોટોમાં આજ દસ વર્ષે થયાં એક "કુમુદ બાંધવ" શિવાય એકે જોખમમાં આવી નથી; અને જે જોખમમાં આવી છે તેમાં મી. ભાવનગરી બેઠાજ નથી. એ હું નિશ્ચયથી કહુ છું નહી તો તેમને સારૂ મને શા માટે રોકાવું પડતે?

"શું ત્યારે, ભાઇ તેઓ ગુમ થએલી આગબોટમાં નહોતા? રાધાએ અધીરી બની પુછ્યું.

રસિક—ના, બ્હેન. નહીજ. અને બેશક, આ વિચાર મને તે દિવસનો આવેલ કે તે રૂપૈયાનુ પછી શું થયું.

રસિકલાલને મોઢે આ વાત સાંભળી રાધા બેહોશ થઈ—ધૈર્યહિન થઇ—ગઇ. તેને વાત કરવાની હાંમ રહી નહી; અને મોટો નિશ્વાસ નાખી અફ્સોસ કરવા લાગી કે "અરે! રે! પ્રભુ! ત્યારે તેઓ ક્યાં હશે.?! શું ગજબ?! અને શો જુલમ?! હેં ભાઇ ત્યારે

મારે હવે શું કરવું? ક્યાં ખોળ કરવી? શું તેઓ કીશનજીના ભોગ થઇ કદી ન પડ્યા હોય.! શું ત્યારે તે દુષ્ટે તેઓને મારી તો ન નાખ્યા હોય?!" રાધા અશ્રુપાત કરતી ગભરાએલી અવસ્થામાં બબડવા લાગી.

રસિક—બ્હેન તે કેમ મનાય? કીશન લવજી જો કે તંગીમાં આવી પડ્યો હોય તદપી મુંબઇનો તે મશહુર શરાફ છે. તેનાથી તેવું કાર્ય બનેજ કેમ! અને કદાચ ત્યાંથી આવતાં રસ્તામાં કાંઇ અકસ્માત થયો હોય તો!"

રાધા—અરે ભાઇ તમે એ લુચ્ચા કીશનજીનું તો નામ લેશો જના. તમે તેને હજુ ઓળખતા નથી. એ સખ્સ માણસ મારતાં જરાએ ડરે તેવો નથી. તેનું હૃદય ઘાતકી છે; અને આપના કહેવા મુજબ તેમ ન થયું હોય; અને રસ્તામાં કાંઈ થયું હોય, તો તે માલમ પડ્યા વિના રહે?! અરે ભાઈ! તમારા ભાઇ એવાતો કાબેલ છે કે પાતાળ ફોડીને પણ ગમે તે વિઘ્નમાં આવી પડ્યા છતાં અમારી ખબર લેવા ચુકે નહી. અરે! ઇશ્વર! પણ હવે કેમ થાય? અને ક્યાં તપાસ કરવી. અરે આફ્ત તે તો હવે અમારાપર દુખના ડુંગરો ઉભા કરી અમને પાયમાલીના શિખરે ચડાવી દીધાંછે.!

"બેન, ગભરાઓ નહી તમે મારી ધર્મની બ્હેન છો; અને તેઓની તપાસ કરવા જે કાંઈ મારાથી બનશે, તે હું તન, મન, અને ધનથી મદદ આપીશ. માટે હાલ શાંત થાઓ ગભરાએ કાંઈ બને નહી, જુઓ મુસ્કેલીથી જ્યારે આપણે ડરીએ છીએ, ત્યારેજ તે આપણી મુલાકાત લે છે માટે કોઈ પણ વાતે ઉતાવળાં ન થતાં ધીરજથી આપણે તેઓની ભાળ માટે પગલાં ભળવાં જોઇએ જુવો વિદ્વાનો પણ કહી ગયા છે કે—નેકીના ઘોડા ઉપર નિતીનો સાજ નાખી; ઉદ્યોગની લગામ નાખી ધીરજના પેંગડાં પ્હેરી. હાથમાં ખંતની ચાબુક સાથે જે કોઈ સ્વારી કરેછે તે ગમે તેવો વિકટમાં વિકટ રસ્તો પણ નિર્વિઘ્ને પણ પસાર કરી શકે છે—માટે હલ કેવી રીતે પગલા ભરવાં તેનો નિશ્ચય કરવો જોઇએ. કે જેથી આપણે આગળ નભી શકીએ" રસિકલાલે રાધાને ધીરજ આપી કહ્યું.

રસિકલાલના બોધથી તેમ તે પોતાનો મદદગાર છે. સમજી રાધા ધીરી પડી અને શાંતતાથી બોલી "ભાઈ તેઓ જ્યારે તમારી

પાંસે આગબોટપર આવ્યા ત્યારે કાંઈ એવું કહેતા હતા કે કીશનજી અમારી પાંસે અમુક રકમ માગેછે ?"

રસિક—ખોટું, તદ્દન ખોટું—તેઓએ એકલાખ રૂપૈયા મુકી આવ્યો છું; અને તેની આ રસિદ લાવ્યોછું—એમ કહી મને તે રસિદ પણ બતાવી હતી. "ત્યારે અમારા ઉપર રૂપીયા ચાળીસ હજારનું કરજ બતાવી અમારૂં સુરતનું ઘરબાર કબજે કીધું તે દસ્તાવેજ તો ખોટો જ કેમ ?" રાધાએ આતુરતાથી પુછી કીશનજીએ વીતાડેલી તમામ હકીકત તેને કહી સંભળાવી.

રસિક—અલબત મારા ધારવા પ્રમાણે તો તે દસ્તાવેજ ખોટોજ હોવો જોઇએ.

રાધા—ત્યારે હવે આપણે કેવી રીતે પગલાં ભરવાં જોઇએ ?

રસિક—જુવો બ્હેન. પ્રથમ તો એજ કે કરશનદાસ આગબોટમાં બેઠા જ નથી. એ તો નિશ્ચય સમજવું. ત્યારે હવે કીશનજીની પેઢીએ તેઓ ગયા હતા કે નહી; અને ગયા હતા તો ત્યાંથી ક્યારે પાછા વળ્યા એ જાણવુ જોઇએ; અને તે બાતમી કીશનજી લવજીના વડા મુનીમને પુછવાથી થાલમ પડી આવશે. માટે ચાલો આપણે તેના મુનીમને મળવા તેની દુકાને જઇએ.

રાધા—હા ભાઈ ચાલો ત્યારે.

આ ઠરાવ થતાં રસિકલાલ અને રાધા ગાડીમાં બેસી કીશન લવજીની પેઢીપર ગયા.

આ પેઢી ઉપર આ વખત કીશન લવજીનો ખુધો મહેતો લીમજી—લાલકાકા—ખાતાવહીના પાંના તપાસતો બેઠો હતો રસિકલાલ અને રાધાને દુકાનમાં આવતાં જોઈ તે આશ્ચર્યચકિત તો થયો પરંતુ બીજાજ ક્ષણમાં તણાઈ તેઓ નજીક આવે ત્યાં સુધી આંખ આડા કાન કરી ખાતાવહીનાં પાંના ફેરવતોજ બેઠો. એટલામાં તેઓએ દુકાનમાં પ્રવેશ કર્યો. અને રસિકલાલે પ્રશ્ન કર્યો—"મી. કીશનજી શેઠના વડા મુનીમ તમેજ છો કે ?"

"હાજી છેએ તો ખરા" લાલકાકાએ કઇડાગીમાંજ જવાપ દીધો.

રસિક—વારૂ અમોને પુછવાની જરૂર છે કે, આશરે પાંચ વર્ષ ઉપર આ પેઢી ઉપર કાંઈ ઉથલપાથલ થઈ હતી તે તમને યાદ

છે? "યાદ નહી હોય તો યાદ કરી શકીશું ખરા બોલો તમારે શું કામ છે" લાલકાકાએ દમામથી કહ્યું.

"પાંચમાં વર્ષની તા. ૨૫મી જુલાઇના રોજ એક કરશનદાસ ભાવનગરી નામનો બ્યાપારી આ પેઢીપર એકલાખ રૂપૈયા બ્યાજે મુકી ગયો હતો તે તમને યાદછે?" રસિકલાલે પુછ્યું.

"હાજી તે વાત હજુ મારા દિલમાં તાજી જ છે. પરંતુ તે તો અત્રેથી રૂપૈયા તુરત પાછા લઈ ગયો હતો. કારણ તેને કોઇએ ભમાવ્યો હતો. અને રૂપૈયા મળતાં તે તુરત અત્રેથી વિદાય થયો હતો" લાલકાકા આ મનુષ્યોને મોઢે ભાવનગરીનું નામ સાંભળવાથી તેના ભણી ટીકી ટીકીને જોતાં બોલ્યા.

"ત્યારે તે તેના નાણાં પાછાં લેઈ ગયો." રસિકલાલે પુછ્યું.

"કીશનજી શેઠ તો તેમ કહેતા હત" લાલકાકાએ શેઠને માથે ઢોરાડતાં કહ્યું.

"તમે કહી શકો છો કે તે નાણાં પાછાં લેઈ ગયો હતો? રસિકલાલે લાલકાકાથી પુછ્યું.

"મારા મહેરબાન કાંઈ કાન બાંન ઘરાણે મુકી આવ્યા છો કે કેમ? સાંભળતા નથી? ભુત વખારના બંગલેથી હું ઘેર જવા જે વખતે સ્ટેશન પર ગયો તે વખતે મી. ભાવનગરી ત્યાં હતો. ભોગજોગે ટ્રેન ચુકવાથી હું પાછો આવ્યો ત્યારે શેઠે કહ્યું ભાવનગરી નાણાં પાછાં લેઈ ગયો. કારણ તે વખ્તે તેને નાણા ન મળતે તો તે એડન ઉપડનાર સ્ટીમરમાં જતો રહી જતે." લાલકાકાએ વાત ફેરવી કહ્યું.

"રહી જાત શું? રહી ગયો! તે દિવસે અને બીજે દિવસે દસ વાગે ઉપડનાર સ્ટીમરમાં મળી બંને ટ્રેનમાં તે આવ્યો જ નથી. હવે વધુ બેડસાઈ રહેવા દેઇ ધ્યાન આપો. તમો એક વખત કહી ચુકયા છો કે ભુત વખારના મકાનમાં જણાવેલી તારીખે મી. ભાવનગરી નાણા લેવા આવ્યો તે તમે જોયો હતો. હવે મુદ્દાના સવાલ માત્ર બેજ રહ્યા. તે એકઃ—હકદાર ધણીને તેના નાણાં પાછા આપવામાં આવ્યાં કે નહી; અને બીજો સવાલ મી. ભાવનગરી ત્યાંથી સહી સલામત જવા પામ્યો કે નહી?!" રસિકલાલે દમ ભીડાવી કહ્યું.

ખુંધા લાલકાકા આપદાર આદમીની છટાથી ચોંકયો; અને પાપ ફુટવા માડ્યું સમજી થરથર ધ્રુજવા લાગ્યા તેણે જાણ્યું હવે કાયદેસર કામ ચાલવાનો વખ્ત આવ્યો અને એમ થાય તો કીશનજીની હયાતીના દિવસ હવે આંગળીના ટેરવાપર ગણાઇ રહ્યાં જ સમજવા " તોપણ શેઠની કાંઇક નિરદોષતા જણાવતાં કહ્યું —"ભલા માણસ ત્યારે શું તમે એમ ધારો છો કે અમારા શેઠ એકલાખ રૂપૈયા જેવી નજીવી રકમ માટે કોઇનું ખુન કરે ? શું તેની પાસે નાણાંની ખોટ હતી ? તો બા ! તો બા ! શિ દુનિયા છે !!

" હા જો કે અહુણા કીશનજી પાંસે લાખો રૂપૈયા છે; પરંતુ તે વખ્તે તેની ત્રીજોરીનું તળીયું માલમ પડયું હતું. ત્યારે શું તે ગાબડુ કરશનદાસ ભાવનગરીના નાણાથી પુરી લીધું હોય એમ માનવાને શું કારણ નથી ? રસિકલાલે ઉલટપાલટ તપાસથી પુછ્યું.

" દુનિયા દોરંગી છે. તેને મોઢે કાંઇ તાળુ દેવાયછે. તે તો ગમે તેમ બોલે માટે તેમ કેમ મનાય? માફ કરો સાહેબ. હવે મારો મગજ ફરેછે. અમે કાંઈ તમારા વ્યાપારીને જોયો નથી " લાલકાકાએ બેપરવાઇથી કહ્યું.

" ઠીકછે મહેતાજી હાલતો જવાપ નહી દેવાય. પરંતુ જ્યારે કોર્ટમાં કેસ ચાલશે; અને કાયદેસર ઉલટપાલટ તપાસ થશે. પુરાવા રજુ કરવામા આવશે ત્યારે તમે પુરતો જવાપ આપશો. મને ખબર છે કે તમે બહુ પહોચેલી માયાછો. પરંતુ હવે પાપ પ્રસિદ્ધ થવા લાગ્યું છે. હું હમણાં જઈ પોલીસને ખબર આપુછું મુંબઇની પોલીસ ચાર દિવસમાં મિ. ભાવનગરીનો પત્તો મેળવી આપશે !" રસિકલાલે ખુબ દમ ભીડાવી કહ્યું રસિકલાલના આ દમથી તો લાલકાકાના મ્હાંઆં ગગડી ગયા વાત ફુટશે; અને મદદગાર ખપીશું. જેથી અલગ રેહેવામાંજ સારૂછે. સમજી નમ્રતાથી કહ્યું—" મુરબ્બી શેઠ તમે તો જોયાના જોયા શિવાય મારા જેવા વૃદ્ધ આદમીને એકદમ દમજ ભરાવા માડયો. પરંતુ તમને મદદ કરવી હું દુરસ્ત ધારૂછું માટે કંઈ પત્તો લાગે તો કયાં લખી જણાવું. ?"

રસિક—" કરશનદાસ છબીલદાસ ભાવનગરીની ધણીયાણી. બાપદેવ સ્ટ્રીટ ઘર નંબર ૧૭૫ બ્હારકોટ મુંબઈ.

લાલકાકા—વારૂ સાહેબ.

રસિકલાલ અને રાધા ધન્તરફ પાછાં ફર્યાં તેઓએ કીશન લવજીની પેઢીપર હવે ચાંપતા ઉપાયો લેવા નિશ્ચય કર્યો. પરંતુ તે અગાઉ તેના મહેતાને હાથમાં લેવો તેઓએ દુરસ્ત ધાર્યું. અને તેણે ખબર મળે લખવાનું કહ્યું. તે લખે છે કે નહી તેની થોડા દિવસ રાહ જોવા ઠરાવ કર્યો. અને રાધાએ આ તમામ વૃતાંતનો રમણુજે પરેલપર નોકરછે તેને પત્ર લખી જણાવ્યો.

પ્રકરણ ૧૯ મું.

ખુનનો શક.

ચિંતાથી ચતુરાઈ ઘટે રૂપ ગુણ ઉડ જાય,
ચિંતા બડી અભાગીણી, લોહી માંસકુ ખાય.

(તુલસીદાસ)

ચિંતારૂપી ચિતાગ્નિથી જેનાં ચિત હમેશ બળ્યા કરેછે તેના શરીરના અવયવ ચેતન રહીત જણાય તેમાં કાંઈ આશ્ચર્ય જેવું નથી.

નયિક રમણુલાલ જ્યારથી ભોંયરામાંથી છરો અને રૂમાલ લાવ્યો ત્યારથી તેને ભારી શંકા ઉત્પન્ન થઈ; અને તે શંકાએ તેના શરીરના અવયવ ચેતન રહીત કરી નાંખ્યા. તે મકાનમાં બત્તી સળગાવી તે લાવેલ લોહીથી ખરડાએલ છરો અને રૂમાલ જોતો બેઠો; અને બબડવા લાગ્યો કે "માળીની વાત ખોટી તો નહીજ. નક્કી કીશન લવજીએ ખુન કર્યુંછે. અને તેણે થતાં જોયુંછે. નહી તો ત્યાં આ રક્તપા છરો શો?! હાય તેમ હોય. પરંતુ ખુન થયું છે એ વાત તો સાબેત. ત્યારે મારે હવે શો ઉપાય લેવો? પોલીસમાં જાહેર કરવું? ના ના, તેમ તો નહીજ કરવું. કારણ ચંદ્રા મને ધીઃકારશે. અહા! તેણી બીચારીએ મારાપર દયા લાવી મને રખડતો રઝળતો ઠેકાણે પાડયો. તેને શું દગો દેવો?! નહી, તેમ કદી મારાથી થવાનું નથી; અને આમાં તેણીનો શો વાંક? કાંઇજ નહી. અને કદાચીત પોલીસમાં જાહેર કરૂં તો તેણીએ તેના બાપ પાશે હઠ કરી મને રખાવ્યો. તે વિશે તેણીને થોડો પ્રશ્ચાતાપ થાય? અરે મને કેવો નિમકહરામ ગણે?! છટ છટ, કીશનજી ખુન કરેજ નહી. મારૂં મગજ પણ પેલા વૃદ્ધ માળીની માફક ખશી ગએલું માલુમ પડેછે."

એમ વિચાર કરી તે થોડો વખત સ્તબ્ધ બન્યો અને ચંદાને ખાતર મન સાથ સમજુતી કરવા લાગ્યો. પરંતુ નિરર્થક! ખરી બીના તેનું મગજ ફોલી ખાવા લાગી; અને છુપી રીતે કુદરત પોતે પણ તેને ઉષ્કેરવા ક્યાશ રાખતી નહી હોવાથી પાછો તે ઉષ્કેરાયો; અને મન સાથ બબડવા લાગ્યો "ત્યારે શું મારે આ અઘોરકર્મ છાનું રાખવું? ઉજેસમાં નહી લાવવું? રમણ તારી ભુલછે. આ દુનિયામાં મનુષ્યની ફરજછે કે નેકીના કામ કરવા અને બદીનો નાશ કરવો. માટે અ-લબત કીશનજી ખુનીજછે અને તેના કરપીણ કામ બદલ મારે પો-લીસને ખબર આપવીજ જોઇએ. ચંદા મારાપર ગુસ્સે થશે તો ભલે તેણીની મરજી—મારૂ નસિબ—પણ નહી. મારાથી આ અઘોરકર્મ છુપુ રાખી શકાયજ નહી. પરમેશ્વરનો ગુન્હેગાર થાઉં અને થઇ રહ્યું. મારે હવે અત્રે નોકરી પણ કરવી નથી—એવો વિચાર કરી તેણે પોતાના સામાનના રાત્રીએ ને રાત્રીએ કોથળા બાંધ્યા અને તેપર શીલ કર્યાં. અને ચંદાની તેનાપર માયા ભરેલી વર્તણુંકના ઉપકાર સાથ રાજીનામું લખી તે અંદર પેલા પેક કીધેલા કોથળા પોતાને ત્યાં મોકલાવી દેવાનું જણાવી તે એક ટેબલપર મુક્યું. અને પ્રાતઃકાળ થતાં ચંદાથી છાનામાના નિસરી પડવાનો ઇરાદો કર્યો. એટલામાં અરૂણ સારથીએ આવી સૂર્યોદય થવાના સમાચાર આપ્યા. કે ઝટ તે સામાનના કોથળા સાંજ પડતા મુકી આ મકાનમાંથી ચંદાને જોયા શિવાય વિમુખ થયો. (એ ઇરાદો કે જો તેણીને જોઇશ તો તેનો પ્રેમ મારા કાર્યમાં ખલેલ કરશે.) તે ત્યાંથી ચાલી સ્ટેશનપર ગયો. અત્રે ટ્રેન આવવાનો વિલંબ હોવાથી તેને યાદ આવતાં તે પોષ્ટ ઑફીસમાં ગયો. પોષ્ટ માસ્તર તેનો ફ્રેન્ડ હતો; અને રમણે અત્રે બનાવટી નામ રાખેલ હોવાથી તેની મા બહેનના તેના અશલ નામપર આવતા પત્રો તે તેને ખાનગી રીતે પહોચાડતો હતો. આ વખ્તે તે પોષ્ટ ઑફીસમાં જતાંજ માસ્તરે તેના નામનું એક બીડેલું કવર આપ્યું. જે લેઈ—કદાચ કાંઈ આફત તો નહી હોય! સમજી—ધ્રુજતે હાથે અને થથરતે અંતઃકરણે તે ફોડી વાંચવા લાગ્યો. તે વાંચતાંવાર તેના હોશ કોશ ઉડી ગયા! આ પત્ર રસિકલાલ ભણુશાળી મળ્યા પછી રાધાએ લખ્યું હતુ તેજ હતું.

આણીબાજુ ચાકર નાસ્તો કરવા રમણને બોલાવા આવ્યો પરંતુ તેને હૉલમાં જોયો નહી તથા સામાન સર્વ પેક કીધેલો દેખી તે

એકદમ ચંદા પાસે દોડી ગયો; અને તેને આ બીના કહી. ચંદા આ વાત સાંભળાંજ એકદમ અધીરી બની ગઈ; અને દોડતી રમણની રૂમમાં આવી. આજુ બાજુ નજર લંબાવતાં સર્વ સામાન પેક કીધેલો તથા ટેબલપર એક પત્ર મુકેલો જોયો. ઝટ તે પત્ર લેઈ વાંચતાં સાથ તેણી નિરાશાના સમુદ્રમાં છોળ્યો ખાવા લાગી. પ્રેમીના વિયોગમાં તેનું અંતઃકરણ છેદાવા લાગ્યું. તેણી એક કોચપર માથે હાથ દેઈ અફસોસ કરવા લાગી " અરે સુંદરજી ! સુંદરજી ! તને આ શું સુઝયું ?! અરે તું ગયો તો ગયો. પરંતુ મને મળીને તો જવું તું શું તને કોઇએ કાંઈ કહ્યું ? અથવા તો તારૂં દિલ કોઇએ દુઃખાવા માંડયું ? કે તું એકદમ આમ સાહસ કરી મારાથી વિમુખ થયો ?! અરે ! તારે જો આમજ કરવું હતે તો અત્રે આવવુંજ નહોતું. અરે ! તું કેવો નિર્દય ? ! તારી જુદાઇથી મારી હાલત કેવી થશે. તેનો તને જરાપણ વિચાર ન આવ્યો ?! અરે સુંદરજી ! સુંદરજી ! તારા પ્યાર અને મહોબતની ભરતીના જોસમાં હું તણાઈ જાઊંછું; અને જો તું પાછો નહી આવે તો તારા વિયોગમાં દર પળે દુઃખના ખડગ સાથ અથડાઈ મરવાની ધાસ્તીમાં આવી પડીછું. અરે ! આ તોફાની તારા વિયોગરૂપી દરીયામાં ડુબતી મને તારા શિવાય કોણ ખેંચી લેશે ?! અરે ! તું પાછો આવ્ય, અને જે તીર તેં તારી મ્હોબતની કમાનમાંથી છોડી મારા જીગરને વિંધી નાંખ્યુંછે તે તીર પાછો કહાડી; મને આરામ કરી તારા દર્શનનો લાભ આપી સદા ખુશાલીના બાગમાં બેસાડ. અરે ! આ ત્હારૂં રાજીનામું અને તેમાં સમાવેલા હૃદયમર્મચ્છીદ વચનો મારૂં અંતઃકરણ ભેદી નાંખેછે. તારી મ્હોબતનો અગ્ની મને ઉભીને ઉભી બાળી મુકેછે. અરે ! તે તું આવી બુઝાવશે નહી તો હું ખચીત બળી મરીશ !" આ પ્રમાણે રમણના વિયોગમાં ઝુરતી આ યોવન સંપન્ન મુગ્ધા બાળા ચંદા અત્રેથી પોતાના હોલમાં ગઈ. તેણી અંતઃકરણમાં ઘણુંજ આક્રંદ કરવા લાગી. નાસ્તો ન લીધો; અને જમવાનો ટાઇમ થતાં જમી પણ નહી, અને માથું દુઃખવાને નિમીશે વિયોગના વન્હીથી બળતી અને અશ્રુપાત કરતી તેણી બીછાનાપર પડી રહી.

આણી બાજુ રમણના હાથમાં તેની જનેતાનું પત્ર આવતાં તેની આજ સુધીની શંકાઓ હવે તેના અંતઃકરણમાં મજબુત પાયો નાંખી ઘર કરી બેઠી. વૈશાગ માસમાં એક સખ્સ કીશન લવજીને ત્યાં આવેલો; અને તેને લેઈ કીશનજી અંદર ગએલો પરંતુ તેની સા-

હેના સખ્સને બહાર નિસરતાં જોયો નહોતો. એવું ચંપાએ કહ્યું હતુ તે સખ્સ બીજો કોઈ નહી પરંતુ મારો બાપ કરશનદાસ ભાવનગરીજ હોવો જોઇએ; અને તેનો અત્યાર સુધી પત્તો નહી લાગવાનું કારણ કીશન લવજીએ તેનું ખુન કર્યું હોવું જોઇએ.

આ પત્ર વાંચી તેણે ભુતવખારમાં પાછા જવાનો ઠરાવ કર્યો. આ પત્રની બીનાથી; અને ભુતવખારમાં થએલા રમખાણ—ચમત્કારથી તેનું મગજ અત્યંત ભ્રમીત વિચારોથી ઘોળાવા લાગ્યું. તેના નેત્રો તેને દેવ ચક્ષુ સમાન દિસવા લાગ્યાં; અને નજર આગળ ખુન લોહી! છરો! રૂમાલ! વગેરે જોવા લાગ્યો. લથડતે પગે; અને ધ્રુજતે અંતઃકરણે તે કોઈ જાણે નહી તેવી રીતે તેની રૂમમાં દાખલ થયો અને હવે શું ઉપચાર કરવો—શિ રીતે કાર્ય પાર પાડવું એજ વિચારમાં તે તર્કવિતર્ક દોડાવા લાગ્યો. એટલામાં તેને એક વાત યાદ આવતાં તે ઉઠયો; અને પેક કીધેલા કોથળા છોડી તેમાંથી એક વસ્તુ કાઢી તે બદીયાંનમાં છુપાવી બ્હાર નિસરી પડયો.

પ્રકરણ ૨૦ મું.

છબીની સાક્ષિ.

મનુષ્ય સાક્ષીરૂપ નિવડવા, છબી તેનુ હથીયાર,
સો વર્ષે જો કદી મળે, ઓળખતાં નહી વાર.
રમણુ ક્યાં ગયો?

કીશન લવજી જે દિવસે રાધાને સુરત મુકામે ન્યુસપેપર વંચાવા ગયો હતો તે દિવસે રાધા બેભાન થતાં કબાટ ઉઘાડી ખત પત્રો સાથે જે ત્રણ તસવીરો તે લેઇ ગયો હતો તે તસવીરોમાંથી એક તેના ખાનગી કબાટમાંથી ચંદા પોતાના હોલમાં ટાંગવા ઉપાડી લાવેલી, કામ પ્રસંગે રમણુનુ ત્યાં જવુ થતાં તેણે પોતાના બાપની તસવીર જોઈ કાંઈક બ્હાનાથી તેણી પાસે તેણે લીધેલી તે તસવીર આજ તેને યાદ આવતાંજ તે લેઈ—પેલા વૃદ્ધ બાગવાન પાસે તે આવ્યો બાગ રક્ષક તેને જોઈ બોલ્યો "આવ મ્હારા દોસ્ત આવ, તુ બહુ ભલાસે નિમક હલાલસે કીશનજી લુચ્ચો—ખુનિશે.!—"

રમણુ તેની નજીક જઇ તેને ધય આપી બોલ્યો બુઢા મનુષ્ય

તુ આમ ખોટા વિચારમાં કર્યું. વારૂ જો મારે એક તારી મદદ જોઇએ છીએ. બોલ્ય આ છબીવાળાને તુ ઓળખે છે?"

વૃદ્ધ બાગવાન પ્રથમ તો આ ફોટાને તાકી તાકીને જોવા લાગ્યો બાદ બોલ્યો "છોકરા તું એમ કેહેશેકે આંને તુ ઓળખેસે? અરે! પણ એજ મારો દોસ્ત જેને હું રાત દિન ઝંખુ છું તેનેજ રાત દિન જ્યાં દેખુસું. અરે! પણ હાય! એજ તે બીચારનુજ ખુન! શેઠ ખરાબ! ઓ પરભુ! તોબા! તોબા!" એટલું બોલી તે અશ્રુપાત કરવા લાગ્યો.

નાયક રમણુલાલ માળીના આ શબ્દોચ્ચાર સાંભળી એકદમ મુર્છાગત થયો—ધરણીપર ઢળી પડ્યો છબી એક બાજુ, અને પોતે એક બાજુ પડ્યો. મોમાં ધુળ ભરાઈ ગઈ. કેટલીકવારે શુદ્ધિમાં આવતાં તે સ્વસ્થ થયો. આ વખ્ત તેના પિતાનુ ખુનજ ફક્ત તેની દૃષ્ટિ સમક્ષ આવી ઉભુ રહેવા લાગ્યું,

જેમ તેમ કરી અત્રેથી ઉઠી પેલી તસવીર ખીસામાં મુકી; અને હવે શું કરવું એમ વિચારકરતો તે પોતાના હોલમાં આવી એક કોચપર પડ્યો.

ચાકર બીજી વખત તેની ભાળ કાઢવા આવ્યો તો તેને કોચપર પડેલો જોઇ તે ચંદા પાસે દોડી ગયો; અને કહેવા લાગ્યો બ્હેન સુંદરજી તો લુગડાં બુટ સુદ્ધાં ઉંધુ માથુ ઘાલી કોચપર પડયોછે."

આ સાંભળી ચંદા એકદમ તેને જોવા સ્વસ્થ થઇ. જોકે અંદરખાનેથી તેઓના દિલ મળતાંહતાં તદપી એકદમ તેની પાસે જતાં કોઇ દેખેતો અમર્યાદ સમજવા લાગી તેમ છતાં પણ આખેર પ્યાર છુપાવવા બનતુ કરી એક ધરમાં રહેલા સખ્સને રહેમથી જોવા પુરતુ ડોળ કરી તેણી ચંપાને લેઇ તેના હોલમાં ગઇ.

દર્દીની હાલત આ વખત વિક્રાળ બની ગઇ હતી. તે પેલા વૃદ્ધ બાગ રક્ષકની માફક લવારો કરતો હતો. આ જોઈ ચંદા ગભરાઈ; અને એક ચાકરને ડાકટરને તેડી લાવવા મોકલ્યો.

કોને ચટપટી થાય?! કોના દિલમાં લાગણી થાય? તેને જે પ્રાણુથી અધિક વ્હાલુ હોય તેના દિલમાં જલાનાર હતું. તેની પ્રણુતી ચંદા શિવાય તેનુ અત્રે કોઇ અંતઃકરણનુ વ્હાલું નહી હોવાથી તેણીજ બીચારી તેની સારવારમાં રોકાઇ પરંતુ પોતે રમણને વ્હાય

છે. એવું કોઇને માલમ ન પડે માટે તેણી જે કામ કરતી તે ઘણીજ સંભાળથી અને પરોપકારાર્થે બતાવી કરતી હતી. આ વખ્તે ચંપાને કંઈ કામે મોકલી અને બીજુ કોઇ નીકટ નહી હોવાથી તેણી વિચાર સુન્ન થઇ સ્વમાવસ્થા રૂપે વિચાર કરવા લાગી. અહા ! સુંદરજી ઘણોજ આત્મ કૌશલ્યતાવાંન છે; અને તે ખાંનદાંન કુટુંબનુ ફરજન્ત છે એવું ભાગ્યેજ કોઈ જાણુતુ હશે આવો સદ્‌ગુણુ સંપન્ય ભર્થાર હું ખોઈ બેસુ તો આથી તે વળી બીજો પ્રભુ મને કેવો મેળવી આપનાર છે?! અરે! અમારા અંતરયાઈ પ્રેમ વિશે કોઈને શંકા ઉત્પન્ન થતી હશે?! ભલે થાય. એમાં શું ! જગતને મોડે કાંઇ તાળુ દેવાય?! પરંતુ સાચને કદી પણુ આંચ લાગતી નથી. હું પવિત્ર છું તેમ સુંદરજી પ્રતિ મારો પ્રેમ પણુ પવિત્ર છે. તેમ તેવોજ તેનો છે. તો પછી આખુ જગત જખ મારે છે. અરે! પણુ એની આ અવદશા ક્યારે દુર થશે?! પ્રભુ દીનદયાળ મ્હારાપર રહેમ લાવી એને જલદીથી સારો કરો." આમ પ્રેમાવેષના વિચારમાં ચંદા સજડ લુબ્ધ બની બેઠી છે એટલામાં ડાકટરને લઇ ચાકર તે હૉલમાં દાખલ થયો.

"આશાએ મનુષ્યનો પ્રાધાન્ય જીવનોપાય છે" ચંદાએ ડૉકટરને આવતો જોઇ તેને દુર લેઈ જઇ કાંનમાં કહ્યું "કાંઇ ધાસ્તી જેવું હોય તો મને જણાવજો."

ડૉકટરે દરદીની નાડ બરાબર તપાસી ચંદાને કહ્યું. "કેસ ઘણો ધાસ્તી ભરેલો છે. મારા ધારવા પ્રમાણે શરદી અને બીનાશમાં ફરવાથી આ ઉપદ્રવ થએલો માલમ પડે છે; અને લવારો પણુ જબરો છે મને લાગે છે કે કોઇએ કંઇ ભુત પ્રેતની વાતો તેને કહીયો હોય અને તે તેના મગજમાં ભરાઈ રહેલી હોવી જોઈએ."

ચંદા—નાજી સુંદરજી કાંઈ એવો વ્હેમી નથી કે તે ભૂત પ્રેતની વાતો માને કારણુ તે કેળવણી લીધેલ અને હુંશિયાર છે.

"અરે ઘેલાં! એવી વાત સાથ કેળવણીને સંબંધજ ક્યાં છે. ચોપડીયો વાંચવાથી કાંઇ નબળા મગજપર એક ચિજની અસર થતી અટકે?" ડૉકટરે હુંશિયારી દેખાડતાં કહ્યું.

"ત્યારે ધાસ્તી તો ખરી કેમ?" કષ્ટ અને નિરાશાથી ગ્લાની પામેલ મુખારવિંદ ચંદાએ કહ્યું. "હાજી તેની સંભાળ રાખજો.

ભેજાના તાવના દર્દીઓ બારીવાટેથી પડતુ મુકે, માથુ ફોડે, ફાંસો ખાય સમજ્યાં?! માટે તેની આગળ તો જાપતો રાખવો જોઇએ" ડૉક્ટરે કહ્યું.

"ત્યારે કોઈ સરજનની એમાં જરૂર પડે તો બોલાવજો. તેની કાંઇ હરકત નથી" અધિરાઇથી ચંદાએ કહ્યું. "નાજી એમ તો અમે કાંઇ હજામ છૈએ; અને વખતે તેની જરૂર પડશે તો થઇ રહેશે. પરંતુ હાલ તો હું દિવસમાં બે ત્રણ વખત તપાસ લેઇ જઇશ." ડૉક્ટરે ફી લેતાં કહ્યું.

ડૉક્ટર દવા આપી ગયો. પરંતુ તેના અભીપ્રાયથી ચંદાનુ શરીર નિઃસત્વ બની ગયું તેણી થરથર ધ્રૂજવા લાગી. તેના સજળ લોચનમાંથી બાષ્પ બિંદુઓ ધોધની પેઠે વ્હેવા લાગ્યાં. તેની આશા નિરાશાની અણીપર આવવાથી તેણીનુ હૃદય સિથિલ થઈ ગયુ—તેણી પાંણી પાંણી થઈ ગઈ; અને કંપીત હૃદયે એક પુરી હાય મારી કોચપર પડી—મુર્છાગત થઈ. ચાકરોએ તેના કુસુમ કલીકા સમ—પણ હાલ નિરાશાની વ્યથાથી મ્લાંન બનેલાં—મુખાર્વિંદપર ગુલાબ જળ છાંટયું. જેથી કેટલીકવારે તેણી શુદ્ધિમાં આવી; એટલે તેણીએ આ સર્વ બીના જણાવા તેના બાપને મુંબઈ તાર કર્યો. તાર વાંચતાજ કીશનજી અલ્પ સમયમાં અત્રે આવી ઉભો રહ્યો ચંદાએ તેને રમણના મંદવાડની ખબર કીધી.

તારાને કોઈ પણ વ્હાને પોતાના પંજામાં લાવી-સપડાવા કીશનજીએ જે સોના નામની બ્રાહ્મણીને અગાડી કહ્યું હતું પરંતુ તેણી પ્રતિ આ દુષ્ટાચાર મંડળીનુ કાંઈ પણ ટકુ નભી શકતુ નહી. અને અને તેને તે ખટપટમાં ઘણો સમય નીસરી ગયો.

અને આજે પણ મી. કીશનજી એજ ખટપટમાં રોકાંણો હતો અને એમાંથી તાર આવતાં નજીવા કારણસર પોતાને અંહી આવવું પડ્યું સમજવાથી તે ચંદાપર ગુસ્સે થયો; અને બોલ્યો ચંદી, તુ કેવી બેવકુફ! તારા ચિતારાને જરા તાવ આવ્યો એટલામાં તેં મને તાર કર્યો; અને તે પણ એવો સખ્ત કે જાણે કોઈ બાપ કાકો મરી જતો ન હોય?! કેવી હુજડાઈ; અને આમ વ્હાવરી કેમ બની છે?

"પીતાજી ડૉક્ટર કહી ગયો કે સુંદરજીની બીમારી ઘણી સખ્ત છે; અને આપણા બંગલાની ઉત્તર બાજુના ભાગમાં ભૂત પ્રેત છે વીગેરેની કોઈ ચાકરે તેને વાત કરવાથી તેને જબરી અસર થ-

એલી માલમ પડેછે; અને ઓરડામાં પડયો પડયો ખુન થયું ! છરો માર્યો ! એમને એમ કહ્યા કરેછે. તે તે શું કહેવાય ? ચંદાએ આશ્ચર્યતાથી પુછ્યું.

ચંદાને મોઢેથી " ખુન " શબ્દો નિસરવા સાથ કીશનજી ચમકયો. જુની વાત યાદ આવતાં તે ફીકો પડી ગયો. જાણે પોતે ખુનિ ન હોય ! અને હાલજ જાણે. પોતે ખુન ન કર્યું હોય તેવુ તેનુ ડોળ દિસવા લાગ્યું. ચંદાના પ્રશ્નનો પ્રત્યુતર તે નહી આપી શકતાં ઉલટો ગભરાએલો માલમ પડવા લાગ્યો.

" બાપાજી તમે કંપીત હૃદયના માલમ પડોછો ? અને ગભરાઓછો કેમ ? મહેરબાની કરીને કહો કે તેમ થવાનું કારણ શું " ચંદાએ આશ્ચર્યતાથા પુછ્યું

કીશનજીએ બોલવાની તજવીજ કીધી પરંતુ જુબાન હલાવા પુરતી તેનામાં શક્તિ આવીજ નહી. તેના કરેલા કૃત તેની સનમુખ આવી ઉભા રહ્યા. આખર તે શુદ્ધિમાં આવી ઘણીજ મુસ્કેલીથી બોલ્યો. " કાંઈ નહી બેટા એ તો મને કોઈ કોઈ વખત ધ્રુજારી છુટેછે પરંતુ ચાલ સુંદરજીને કેમ છે તે જોઇએ. " એટલું બોલી કીસનજી ચંદા પાસેથી અખાડા કરી જઈ સુંદરજીની રૂમમાં ગયો.

ચંદા તેની પછવાડે તેને નિહાળતી—વિચાર કરતી ઉભી રહી; અને બબડવા લાગી કે ' ખરેખર માંન ન માંન પણ આજ કાંઈ પાછો આ મકાનમાં ચમત્કાર છે. કારણ જે કોઈ બોલેછે તે ભેદ ભરેલુંજ માલમ પડેછે. ચાર પાંચ વર્ષ પર પેલો કોઈ આદમી આવ્યો હતો—અને તેને લેઈ બાપાજી ભુત વખારમાં ગયા હતા અને જેવા બન્યા હતા તેવાંજ ચિન્હ કાંઇક આજે પણ લાગેછે. પ્રભુ સત્યને રહાય કરો!!!

પ્રકરણ ૨૧ મું.

દુશ્મનનો છોકરો.

ભાવિ ભમાવિ ભુલાવે, ભાંખે સુદ્ધ અસુદ્ધ.
વિનાશ કાળે થાયછે, સૌની વિપરીત બુદ્ધ.

કીશનજી રમણના ઓરડામાં ગયો; અને તેને ધારી ધારીને

કેટલોક વખત સુધી જોઈ વિચાર કરવા લાગ્યો. કે "આ સુંદરજી કોણ હશે? અને એને મારી વાત કોણે કહી હશે.? અહા! આટલે દિવસે પાછી એ વાત તાજી થવાનું શું કારણ? ભોંયરાના બારણા-પરતો મજબુત તાળાં માર્યાં છે. ત્યારે હવે મારે કરવું શું?" એમને એમ દિલસોજી કર્તા તેનું હૃદય કંપવા લાગ્યું, છાતી ધ્રુજવા લાગી. તેના પગ અને હાથ ઠંડાગાર થઈ ગયા. પાછો તે ધૈર્ય લાવી રમણ સામું જોવા લાગ્યો. એટલે કોઈ વખત તેને જોયો હોય એવું દિસવા લાગ્યું પરંતુ ક્યાં અને ક્યારે તેની તેને સ્મરણ શક્તિ રહી નહી. આ વખત ચંપા તેની પાંસે સારવાર કરતી બેઠી હતી; અને ચંદા એક બારણાની ફાંટમાંથી જેતી બીજા હોલમાં ઉભી હતી.

"હજુ તે ગાંડું ઘેલું લવેછે કે ઓછું છે."! કીશનજીએ ચંપાને પુચ્છયું.

"હા શેઠજી, બહુ બકેછે પણ અહુણાં જરા મુગો રહ્યો છે" ચંપાએ ડોળથી કહ્યું.

"પરમેશ્વર એને જલદી સારો કરે" કીશનજીએ દિલગીરી ભરેલે ચ્હેરે કહ્યું.

"હાજી પેલા મ્હારા ભાઇની મીશાલે પેલા બંધ ઓરડા ભણી જોયછે; અને ખુન, લોહી, છરો? એવું એવું બકે જાયછે; અને આપનું નામ દેછે" ચંપાએ કહ્યું.

"એવું કાંઈ નહી. જેના દિલમાં અસર થઈ તે ગમે તેમ બકે જાય કોઈ ચાકરે ત્હારા ભાઇની પેઠે એને ભમાવેલો લાગેછે" કીશનજીએ ચંપાને કહ્યું.

"હાજી એમજ માલમ પડેછે" ચંપાએ કહ્યું.

આ વાત ચાલે છે એટલામાં રમણ જાગ્યો; અને કીશનજીને જોઈ તેના સામી લાલચોળ આંખ્યો કરી. વિકાળ મુખચર્યાએ બોલ્યો "કીશનજી—લુચ્ચા, ચોર દગલબાજ ખુની! મારા બાપનું ખુન કરનાર! મારો તેને ખુબ મારો!!" એટલું બોલી તે તેનાપર તલપ મારતાં પછાડ ખાઈ જમીનપર પડયો.

"જેયું શેઠજી આમને આમ કર્યા કરેછે!" ચંપાએ કીશનજીને કહ્યું.

"ચંપા, તેમાં કાંઇ નવાઇ જેવું નથી. એક વખત કાચા દિ-

લમાં વાત ઠસી તો પછી ગમે તેમ લવ્યાજ કરાય; અને આજકાલના ઉછળતી વયનાં યુવાનીયાઓ તેઓના કાચા દિલથી અરેબીયન નાઇ-ટસ જેવી વાતો વાંચી તે વાતો અંતઃકરણમાં ચોટવાથી જાણે તે-માંનો પાર્ટ પોતે જ ભજવતા ન હોય તેમ તેઓ દિવાનાની માફક થઈ જઇ કામ—ધંધો કરતા અટકે છે. એ એવા કાચા દિલના છો-કરાઓ ઘણા જોયાછે. આજ આમ બોલેછે ને કાલે વળી શુંય બો-લશે. માટે તેથી શું? પણ ચંપા, તેની સંભાળ રાખજે તેની પાસેથી ખશિષ નહી. જા તુ જમી ન હોયતો જમી આવ ત્યાંસુધી હું અત્રે થોભુંછું ” કીશનજીએ પોતાનું હાર્દ છુપાવતાં ચંપાને કહ્યું.

“ ના શેઠજી તમે શું કામ તરદી લ્યોછો? હું હાલ બેઠી છું પછી જઇશ. ” શેઠને સારૂ લગાડવા ચંપાએ કહ્યું.

“ ના ના જા જમીને વહેલી આવ ” કીશનજીએ કહ્યું બીચારા રમણ વિશે ખરેખર અત્રે લાગવાનું કહોને? એક બીચારી ચંદાને તેના પ્રણય બદલ અને કીશનજીને તેનો દુષ્મન પેદા થયો તે બદલ તેમાં બીચારી ચંપાને શું? તે શું કરવા હાથ મારવો ચુકે? કીશનજી એ બીજી વખત કહેતાં વેતજ તેણી ઝટ ઉઠી જમ્બા ગઇ.

કીશનજી રમણને નિહાળતો તથા તેની હાલતપર ખ્યાલ કરતો એક ખુરસીપર બેઠો છે. એટલામાં પાછો રમણ જાગ્યો અને તેના સામો ઉછાળો મારી બોલ્યો “ કીશનજી ખુની! પાપી મારો ”

રમણના આ શબ્દોચાર સાંભળી પાછો કીશનજી ચમક્યો આ વખતે ટેબલપર પડેલા એક રૂમાલપર તેની નજર પડી તે ઉપાડી જોતાં તેમાં કાંઈ બાંધેલું માલમ પડયું તે છોડી જોતાં તેમાંથી એક ફોટો અને એક કવર તેને મળ્યું તે ફોટો બીજા કોઇના નહી પણ તે કરશનદાસ ભાવનગરીનોજ હતો જે રમણ હવે પેલા વૃદ્ધ બાગ-વાંન માળીને બતાવી ખાતરી કરી આવ્યો હતો. કીશનજી તે જોતાં જ એકીદમ ચમકી ઉભો થયો અને વિચારવા લાગ્યો કે સુરત મુકામેથી હું આ ફોટો લે આવેલો અને તે મારી ખાંનગી રૂમની કબાટમાં ઘણી સંભાળથી મુકેલો તે આજ સુંદરજીની પાંસે ક્યાંથી! એને કોને આપ્યો હશે?!” એમ થોડો વખત વિચારનાં વમળમાં ગોથાં ખાવા લાગ્યો વળી તે કાગળ વાંચતાંજ તેના હોશ કોશ ઉડી ગયા. તેના હોઠ સુકાઈ ગયા. તેને આ સૃષ્ટિ એક સ્વમ

આફ્રુ લાગવા લાગી. તેની ખાતરી થઇ કે સુંદરજીએ ખરૂં નામ નહિ પણ રમણનુ ધારણ કીધેલું નામછે. બાકી ખરૂ નામનો રમણછે; અને તે પેલી કરશનદાસ ભાવનગરીની ધણીયાંણી રાધાનો જ છોકરો થાયછે! જેણીએ આ કાગળ તેના ફરજન્દ ઉપર લખેલો સાફ માલમ પડેછે. હાય! હવે શું કરવું દુષ્મનોનું વાદળુ એકાએક મારી આસપાસ ફરી વળ્યું છે; અને હું નથી જાણતો કે ક્યા બારી સીતમનો હવે મારાપર વર્ષાદ આવશે.! હવે મને બચવાનું બારૂ સુઝતુ નથી. અરે મે દુષ્ટ છોકરીની હઠ માંની દુષ્મનના છોકરાને ઘરમાં રાખ્યો. તેથી આ સીતમ આવી અરે! હું કેવો બેવકુફ! એવી રીતે પસ્તાવાનો કીડો તેના કલેજામાં પેદા થયો. પાછો તે ધૈર્ય લાવી જરા વિચાર કરી બોલ્યો. "અરે! ખેર! હવે ફીકર કરવી સારી નહી. કારણ હાવી નજીવી બાબત પર હાંમ હારી જવું એ હીચકારાનું કામછે. આંમેય હું દુષ્મનોથી ઘેરાયોતો ખરો ત્યારે હવે પુરૂ કરૂ કરશનદાસ ભાવનગરીના કુટુંમ્બમાં લોહીની રંગીન નદીયો વહેતી કરૂં. અને કીન્નાથી ખરડાએલા. મારા હાથ તેમાં ધોઉં. હવે શા માટે બાકી રાખુ ? પાપમાં વધુ ગીરફતાર થાઉ. આ દુષ્ટને આજ અને કાલે તારાને ઉરાડુ; અને રાધાને જરાવારમાં રડવડતી કરી તાબે કરૂં. તોજ હું ખરો. પછે તેના કુટુંબની કોણ દાદ કે ફરીયાદ લેનારછે. મે જોતાંને વાર જાણ્યું કે તેને મે કંઈ જોયો છે. તે એજ કે ફક્ત તેની તસવીર. જે હું સુરતથી ઉપાડી લાવ્યો હતો તેજ એ છોકરો. હવે ભરમ ખુલ્લો થયો પણ તેને ખુન કેમ માલમ પડયું.?! તે વિશે હજુ શક રહેછે. શું એણે કંઈ તપાસ કરી હશે.?! અગર તપાસ કરવાર્થેજ શું તે અત્રે નોકર રહ્યો હશે? નહી નહી એમ ન હોય, કારણ તેની માનુ કાગળ તો હાલ બે ત્રણ દિવસનું તાજુછે; અને અંદર લખેછે કે આજ રોજ ખબર કાડતાં માલમ પડેછે. ત્યારે બે ત્રણ દિવસ થયાંજ આ વાતનો પત્તો લાગેલો માલમ પડેછે. અરે! એઓએ શું પત્તો મેળવ્યો હશે?!શાથી મળ્યો હશે?! અરે! કોઇ આદમીએ એ કૃત્ય કરતાં મને જોયો હશે?! નહી! નહી! તે વખતે તો કોઈ નહોતુ. અને લીમજી પણ પછી આવ્યો હતો. જેને મે દાદ ન આપતાં સમજાવી કાડયો હતો જેથી તે પણ એમાંનુ કશું જાણતો નથી. ત્યારે કેમ અને શાથી ખબર પડે? નહી, નહી એતો કદાચ અમસ્તુ તેણીએ લખ્યુ હશે;

અને કદાચ ખરૂ હશે તોપણ શું ? હવે માથે સંકટ આવી પડતાં ફીકર કરી ડરવું એ નામર્દનું કામછે; અને એમ ગભરાએથી કદાચ મ્હારૂજ મગજ ખસી જાયતો પંચાત અને દુષ્મનો આજુબાજુ કીલ્લો કરી રહ્યા છે જેથી હવે મારે સ્થીર થઈ બેસી રહેવુંન જોઇએ અને દમમા દમ છે ત્યાં સુધી પાછા હઠવુંજ નહી. ભલે પછી ફાંસીએ જાઉં તોપણ શું ?" આમ કીશનજી પોતાના મન—રાજના તરંગમાં ગુચવાવા લાગ્યો. એટલામાં ચંપા આવી એટલે તે બોલ્યો "ચંપા હવે આંની સંભાળ રાખજે કંઈ ઉઠી જવા દેઈશ નહી; અને તેને આરામ થાય ત્યાં સુધી હું પણ ત્યાંજ રહેવાનોછું. કેમ તને કંઇ રાત્રીએ ઊંઘ બુંધ આવેછે કે ?

"જી, જરા ડોલુ આવતાં એક ચાયનો પ્યાલો ચઢાવુંછું." ચંપાએ બ્હાદુરીથી કહ્યું.

"ગાંડી ચાહા કરતાં કાફી સારી તે પીધા કરજે અને હું રાત્રીએ મારો પ્યાલો થશે તે વખત તને પણ મોકલાવીશ." કીશનજીએ કપટ ચર્યાની ગોઠવણમાં કહ્યું.

"વારૂ શેઠજી તમારૂ ભલુ થાઓ અમો ગરીબપર રહેમ રાખો છો તો પ્રભુ તમારૂ કલ્યાણ કરશે" ચંપાએ સ્વાર્થ વશ્ય થતાં કહ્યું.

કીશનજી હવે રમણને ઠેર કરવાના વિચારમાં ગુંથાયો તેણે કલ્પના કરી કે જો એકદમ મારી નાખુ તો જુરીના અભીપ્રાયથી હું ખુની ઠરૂં માટે દવામાં ઝેર નાખી કંઇક ગોઠવણ ઉતારૂં કે માલમ ના પડે અને તેને માટે મારા દોસ્ત ડોકટર ભોદલજીને ઘેર જાઉં કે જે મારી પ્રાણ પ્યારી ધનકોરનો પ્યારનો એક તરફી ભાગીયો થાય છે. અરે ! પરંતુ તે તો હાલ તેની ત્રીજી બૈરી ગુજરતા મારી છોકરી ચંદા સાથ પરણવા તેણે માગુ કરેલુ અને તેણીના ના કહેવાથી મે તેને ના કહ્યું છે તેથી રીસાણો છે તો તે મારા કાર્યમાં કેમ મદદ આપશે ?! અને એના સીવાય આ કામમાં કોઈ મદદ કરે તેવો બીજો કોઈ નથી. ખેર ચાલો જે થાય તે ખરૂ આખર રૂપૈયાથી નહી બનેતો ચંદા તેની સાથ પરણાવવા કબુલ થઇશું. પરંતુ તે આ કાર્યમાં દીલ દેઈ મદદ તો કરશે." આમ વિચારી આ સ્વાર્થી પીતાએ પોતાની છોકરીનો સ્વાર્થ ડુબાવા ડાક્ટર ભોદલજી જેવા નિચને ઘેર પગલાં ભર્યાં.

પ્રકરણ ૨૨ મું.

ડાકટર ભોદલજી.

લાલચમાં લપટાઇને કરે, દુષ્ટ કૃત્ય જેહ;
આખર બહુ પસ્તાયછે, પ્રસિદ્ધ થાતાં તેહ.

જેમ સમુદ્ર મોટી મોટી નદીયોથી પણ ધરાતો નથી, તેમ લાલચુ માણસની લાલચ મોટો લાભ થયો હોય તોપણ ઘટતી નથી. લાલચમાં લપટાઈ સારા માણસ પણ નિચ કૃત્ય કરવા ડરતા નથી.

ડાક્ટર ભોદલજી ભાટીયા કોમનો એક યુનાની હકીમ હતો, તે પોતાની દુકાન મચ્છી બજાર પાસે એક ગલીમાં રાખતો હતો. આ હોસ્પીટલ ઘેલાં-દર્દી આદમીને સાજા કરવાની નહી, પરંતુ સાજા આદમીને ઘેલાં બનાવાની હતી. કારણ આજકાલ એલ. એમ. એન્ડ એસ. ની પદ્દીવાળા ગલીએ ગલીએ બલકે ઘેરેઘેર પસરાઈ ગયા હતા. તો મી. ભોદલજી જેવા યુનાનીન આ મુંબઈ શહેરમાં ટટ્ટુ શું ચાલે ?! જેથી તે આ ધંધો આદરી બેઠો હતો. લુચ્ચા, લફંગા, ચોટા, છીનાળવાનો તે સરદાર હતો, અને આપણા કીશન લવજી જેવાનો-કે જેનાથી કેટલાક આદમીયોને ખરાબ કરવાથે હજારો રૂપૈયા આજ સુધી મળેલા તેનો-તે ખેરખાહ દોસ્ત હતો. કીશનજી થોડા દિવસ થયાંજ અત્રે નહી આવતો હતો કે જે નહી આવવાનું કારણ તેની છોકરીનું માગણું મી. ભોદલજીએ કરવા છતાં તે ભોદલજીને આપી નહી શકવાથી ભોદલજીની ઇતરાજી થઈ હતી તે હતું.

મી. ભોદલજીની દુકાન અને તેની પછવાડે આવેલા તેના દર્દીયોને રાખવાના મકાનનો દેખાવ તરેવાર અને તે એક સરકારી જેલના જેવો હતો અને તેમાં આવેલી દરેક ઓરડીમાં જુદી જુદી જાતના દરેક દર્દીયો-કે જે દર્દીયોમાં ઘણુંકરીને ઘણાજ જોખમ ભરેલા અથવા દુનિઆએ તજી દીધેલા કમનસીબ બંધવાઓનો ઘણો ભાગ હતો.

ડાકટર ભોદલજીની ચાલ ચલગત વિશે વાંચનારને ઉપર ઇશારો કરી સમજાવ્યાછે. એટલે તે વિશે વધુ કહેવાની કાંઈ જરૂર નથી પરંતુ

એટલું તો જણાવવું જરૂરનું છે કે આ મુંબઈ નગરીમાં જે કાંઇ પાપ થતુ હતુ તે પાપી કામોની આ ઇસ્પીતાલ એક જનરલ શાખા હતી. તે ઇસ્પીતાલમાં એક બાજુ દર્દી આદમીયોને રાખવામાં આવતા તથા બીજી બાજુ દિવાનાઓ—કે જેને માટે કેટલાઓના તરફથી આવતી મોટી મોટી રકમ માટે તેઓને અંદરજ પુરી રાખવામાં આવતા તે હતા.

કીશન લવજી આ મકાનમાં ડાખલ થયો. આ વખત ડાકટર સાહેબ નવરાજ હતા. તેથી કીશનજી તેને પ્રાઇવેટ રૂમમાં લેઈ જઈ બધી બીનાથી જાણ્યુ કીધો. ડાકટરે તેનું અગાડીનું માગણું સ્વીકારવા કહ્યું. કીશનજીએ તેને ઘણાં નાણાં આપવા માંડ્યાં, પણ તે તો બોલ્યો કે "તારા પરતાપથી મને નાણાંની ખોટ નથી પરંતુ તારી પુર્ણીમાના ચાંદ જેવા મુખની છોકરી સાથ મારા લગ્ન કરવા ખુશી હોય તો હું આ કામમાં હાથ ઘાલું" ડાકટરના આવા જવાપથી કીશનજી ફાવ્યો નહી અને આખર તેનું માગણું કબુલ રાખી તે બદલ તેના કહેવા મુજબ એક દસ્તાવેજ કરી આપ્યો. આથી મી. બોદલજી હરખાયા, અને એકોનાઇટ્ નામની (Aconite) ઝેરી દવાની નાની શીશી તેને આપતાં કહ્યું "આ શીશીની અંદરથી તેની દવામાં બે બે ચાર ચાર ટીપાં નાખી બે ત્રણ દીવસ તેમ કરી દવા પાવાથી બે ત્રણ દિવસમાં બેડો પાર પછે કંઇ ? પણ સંભાળથી કામ લેજો. કોઈ જાણે નહી.

કીશનજી—વારૂ મહેરબાની આપની સાહેબજી ?

બોદલજી—હા પધારો પણ મને ખબર આપતા રેહજો.

કીશનજી—વારૂ. એમ કહી કીશનજી મતલબ સરતાં ચાલ્યો અને ડાકટર ધાર્યું થતાં ખૂબ ફુલાવા લાગ્યો.

પ્રકરણ ૨૩ મું.

પ્રાણહારક શીશી.

બીજા જનનું બગાડવા, બુદ્ધિથી કરે કામ;
સરે કારજ કહો કેમ અરે! જેને રાખે રામ!

બદકામ બજાવનારાઓને તેમ છુપી મસલત કરનારાઓને ખુની કરી કહીએ તો ચાલે કારણ "જમ" પણ પોતાનું બુરૂ કામ છુપી રીતે કરેછે. એવું કામ કરનારાઓને તેઓના દિલની ધારતીજ કહી આપેછે કે તેઓના કૃત્ય આખરે તેઓનેજ સપડાવી દેવાનાં.

(જી. જો. જુ)

બપોર અને સાંજનો વખત એક અણસારામાં ચાલ્યો ગયો; અને જોત જોતામાં દિવસે સૂર્યના તાપથી તપી ગયેલું આકાશ તારાના છંટકાવથી અત્યંત શિતળ બની રહ્યું હતું. આ વખત કીશનજી પેલી લાવેલ શીશીમાંથી રમણની દવામાં ભેળસેળ કરવાનો વિચાર કરતો એક ખાનગી ઓરડીમાં બેઠો હતો.

આણીપા પ્યારથી ફીકરના પંજામાં સપડાએલી બીચારી ચંદા પણ નિંદ્રાદેવીની આરાધનામાંથી અળગી થઈ બેઠી હતી. તેણીના અંતઃકરણમાં આ વખત તેના પ્યારાને પેદા થયેલો ઉપદ્રવ સજ્જડ પાયો નાંખી બેઠો હતો. આવતા વિચારો દૂર કરવા તેણીએ બહુ બહુ ફાંફાં માર્યાં, ઘણા ઉપચારો કર્યા.–ચોપડી વાંચવા બેઠી–ચિત્ર નિહાળવા લાગી; પરંતુ નહી તે નહીજ તે ફીકર તેનું અતઃકરણ છોડી દૂર થઈજ નહી. તેણી ઘણાજ દગ્ધાન્તઃકરણે તેણીના પ્યારાને પેદા થયેલ ઉપદ્રવ વિશે વિચાર કરતી બેઠી. "અહા! સુંદરજીને હું ચ્હાઉછું. તેમ છતાં તેને સાજો કરી શકતી નથી. તેમ ઘરના માણસોની અમર્યાદાથી ઘડી ઘડી તેની ખબર પણ લેવાતી નથી અફસોસ! સુંદરજી આખર તું મને દગો તો નહી દેને?! અરે મારી ધારણા નિષ્ફળ તો નહીજ કરેને?! અરે હું તારી મોહોબતના દરીયામાં ડુબી પડવા અધીરાઈના ખડકની ઊંચી ટોચે ઉભી રહી છું.

પ્રભુ તને ઘણું આયુષ્ય આપો-તારી બીમારી દૂર કરો; અને આપણો પવિત્ર પ્રેમ સદા કાયમ રહો !"

આવા વિચારમાંને વિચારમાં રાતના બારપર એક વાગ્યો. રાત્રીના જે કંઈ વિચારો આવેછે તે બહુ ભયંકર અને વ્હેમ ભરેલા માલમ પડેછે, તેવી રીતે ચંદાને રમણ વિશે થવા લાગ્યું. તેણીના દિલમાં આ વખત કુદરતી ચટપટી થઈ; માયાવિ આશાએ તેના હૃદયમાં-(તેને મળવાનાં) આશાકીરણો ઉત્પન્ન કીધાં; તેણી બીછાનાપરથી ઉઠી; અને ચંપા જો ઉંઘી ગઈ હોય તો પોતાના પ્રણયીને મળી તેની કુશળતા પુછવા તેણીએ ઈરાદો કીધો. તેણી પોતાની રૂમમાંથી (Room) અંદરની બારીનું એક દ્વાર ઉઘાડી અને રસોડાની પછવાડે આવેલા હોલમાં ડાખલ થઈ અને ત્યાંથી અંદરની બારી ઉઘાડી જોયું તો રમણના હોલમાં બત્તી ઝળઝળાટ પ્રકાશી રહી હતી. ચંપા ઇઝી ચેરપર જોસ્સાબંધ ઝોકાં ખાધે જતી હતી. અને નિંદ્રાને લીધે તેના નાકનો અવાજ આ શાંત ઓરડામાં એક સરખી રીતે ગડગડાટ મચાવી રહ્યો હતો; "ભયથી પ્રેમ બળવાનછે." આ સમય જોઈ તેણી સદરહુ ઓરડામાં ડાખલ થઈ. દર્દી આ વખત ' ભરઉંઘમાંજ પડેલો હતો; આધી, વ્યાધીના કષ્ટે કરી તેની મુખચર્યા આ વખતે મ્લાન માલમ પડતી હતી. તેણી પાક દીલથી તેના નયનાનંદકની કુશળતા પુછવા તેના પલંગ તરફ પગલાં ભરવા લાગી. એટલામાં બ્હારથી કોઈ અંદર આવતું હોય એવો તેને ગણસારો માલમ પડ્યો. આ વખત તેણી ગભરાઈ. તેણીનું હૃદય નિઃસત્વ થઈ ગયું; અને અત્રેથી નાશી જવાના ઉપચારો કર્યા પણ કંઈ લાગ નહી ફાવવાથી ત્યાંને ત્યાંજ એક ઉભા કીધેલા નેતરના માંચડા પછવાડે તેણી છુપાઈ ગઈ. આ વખત તેણીનુ હૃદય ઘણુંજ કંપવા લાગ્યું; અને આવા અચોકસ વખતે અત્રે આવ્યા બદલ તેણીને કોઈ કદી દેખે તો બુરો વિચાર કરે માટે પશ્ચાતાપ કરવા લાગી. સંભળાતાં પગલાં આગળ ને આગળ વધતાં ગયાં અને આસ્તે રહી નિશાચરની પેઠે બારણું ઉઘાડી એક ચાળીસ વયનો મર્દ અંદર દાખલ થયો. આ મર્દ બીજો કોઈ નહી, પરંતુ તે કીશનજી પોતેજ હતો.

માંચડામાંથી કોણ આવ્યું કોણ નહી એ સ્પષ્ટ રીતે દેખાતું હતું ચંદા આ અનિયમીત વખતે પોતાના બાપને અત્રે આવેલો પેખી તેણે જાણ્યું કે સુંદરજીની તે ખબર લેવા આવ્યો હશે; તથા

ઊંઘતી ચંપાને સચેત રહેવાનું કહેશે, પરંતુ ફોગટ. તેમાંનું કશુંએ બન્યું નહી; અને ઉલટો તે એક મીણબત્તી સળગાવી રમણના પલંગ તરફ આવ્યો, અને તેને તાકી તાકીને જોઈ કહેવા લાગ્યો. "બચ્ચા જોયા કર હવે" વળી તે ચંપા તરફ વળી તેણીને ઝોકાં ખાતી જોઈ બોલ્યો "ઠીક કારીની મેળવણીથી આપણ ઠીક બન્યા છે." તેના આ શબ્દોચ્ચાર સાંભળી ચંદા એકદમ ચમકી–તેણીને એક મોટું સંકટ માલમ પડ્યું. તેણીના દિલમાં કુદરતી ધ્રુજારી છુટી. જે ધ્રુજારી–કંપારીની મતલબ તે જાતે પણ સમજી શકી નહી. તો પણ પાછી તેણી ભાન લાવી સંકુચિત રીતે તે માંચડામાંથી હવે શું બને છે તે જોવા લાગી. કીશનજી જ્યાં બત્તિ બળતી હતી ત્યાં પડેલા એક ટેબલ પાસે ગયો; અને તેનાપર દવાની એક ખાલી અને એક ભરેલી એમ બે શીશાયો મુકેલી હતી, તેમાંથી ખાલી શિશી ઉપાડી. અને બીજા હાથેથી ગજવામાંથી એક નહાની શીશી કાઢી જેમાંથી ઘણી સંભાળથી પેલી ખાલી શીશીમાં પાંચ સાત ટીપાં કંઈક રેડ્યું, અને તે પાછી સાચવી ખીસામાં મુકી. પેલી રહેલી દવાની શીશી જેમાં બે ટંકની દવા હતી તે પેલી ટીપાંના નાંખેલી શીશીમાં રેડી દીધી. પ્રથમની દવા સફેત પાણી જેવી દિસતી હતી. અને આ મેળવણીથી તેના રંગે રાક્ષસી કાળાશ પકડી. આ પ્રમાણે કાર્ય કરી પેલી બંને સીસીયો હતી તેમની તેમ ગોઠવી. જે કાર્ય વસાત પોતે આવેલો તે ફત્તેમંદ નિવડ્યું સમજી જે રસ્તેથી તે આવ્યો હતો તેજ રસ્તે રહી તે પલાયમાન કરી ગયો.

આ ચમત્કાર જોઈ સ્તબ્ધ બની ગએલી ચંદાની સ્થિતિ કોઈપણ આદમીથી ખમી શકાય એવી ન હતી. તેણીએ પ્રતિતી કીધી કે મારા બાપે ઘણુંજ ઘાતકી કામ કરવા માંડ્યું છે. તેણે દવામાં કાંઈ પ્રાણહારક વસ્તુ મેળવી છે; નહી તો આટલી રાત્રીએ નિશાચરની પેઠે આવી દવામાં શેળભેળ શા માટે કરવી જોઈએ ? વળી "જોયાકર બચ્ચા હવે" એ શા માટે કહેવું ?! હાહા નક્કી તેઓ ખુનીજ છે, એમ જણાય છે. ચંદા તેનો પીતા જવાથી બ્હાર આવી અને પેલી દવાવાળી શિશીમાં જોયું તો તેમાં પ્રાણહારક પદાર્થ ઝેર ઝબકતું હતું તે શીશી તેણીએ ઝટ ઉપાડી અને એક તાકામાં બીજી તેવીજ એક ખાલી શીશી પડી હતી તેમાં પાણી ભરી આ દવાની શીશીની જગાએ બરોબર તે ગોઠવી પેલી ઝેરી શીશી લેઇ તેણી

આ હોલનો પરીત્યાગ કરી પોતાના હોલમાં આવતી રહી. આ શિશી નાકી તાકીને જોઇ તેણીએ ઘણોજ વખત વિચારના વમળમાં ગોથાં ખાધાં. આખર તેને મજબુત બુચ મારી તેને પેટીમાં મુકી તે પેટી બંધ કીધી.

અહા ! જોવાનું જોવે રહ્યું ! કુશળતા પુછવાની બીજી બાજુ રહી અને વચ્ચે આ અણધારી આફતઆવી પડવાથી બીચારી ચંદા નું અંતઃકરણ સ્થિર રહી શક્યું નહી. તેણીનું હૃદય અતિશય કંપવા સાથ વદનપર પાણીના ઝોબે ઝોબ વળવા લાગ્યા આ વખત તેણીને બુરાજ વિચારો આવવા લાગ્યા. કે જે વિચારો તેનુ અંતઃકરણ ફોલી ખાતા હતા. તેનાં બાપના ઘાતકી કામથી તેના હૃદયમાં કંપારી છુ-ટવા લાગી. આ વિચારોથી આખર હારી—થાકી—અને નિદ્રા લે-વાની યુક્તિયો કરી પણ તે યુક્તિયો ઝાઝીવાર ટકી શકી નહી. કારણ આ રાત્રીના અણધાર્યા બનાવની ધાસ્તી તેણીના ચક્ષુને નિંદ્રા સાથ મુલાકાત ન થવા દેવા ખડી ચોકી કરતી હતી.

આખર પ્હોફાટયો અંધારાના કટ્ટા શત્રુના પધારવાથી કુદર-તના પુત્રો સૌ સૌને કામે વળગ્યા. આ વખત જંબાના સમય થતાં કીશનજીએ ચંદાને જંબા બોલાવી; પરંતુ જંબા ન ઉઠતાં પોતાના બાપના સામુ તેણી એકીટસરે જોઇજ રહી. આ વખત કીશનજી રા-ત્રીએ આદરેલા અઘોર કર્મથી જરાપણ ડરેલો માલમ પડતો ન હતો તેણે પુછ્યું " શા માટે નથી ખાવું ? "

" બાપાજી મને પુછશોજના આપની મર્યાદા જ્યાં સુદ્ધી મા-રાથી ન લોપાય તે હું વધારે સાર સમજુ છું; અને એટલુંજ કહું છું કે તમારાં કૃત્ય જોઇ હું કંટાળી ગઈ છું. જે કૃત્ય શું છે તેનો વિચાર તમે પોતેજ કરો હવે હું તમારી પાંસ રહેવા ખુશી નથી" ચંદાએ દિલગીરી ભરી મુખ મુદ્રાએ કહ્યું.

કીશનજી છોકરીને મોઢેથી કોઈ દિવસ નહીંને આજ આવા શબ્દો નિસરતા સાંભળી ચમક્યો; અને તેનાપર વધારે ગુસ્સે થઇ બોલ્યો. "ચુલામાં પડ ના ખાવું હોય તો" એમ કહી તે રસોડામાં જઈ જેવું તેવું જમી. ચંદા રમણપર આશક છે એવી શંકા લાવતો વિચારભુ-વનના એક હોલમાં જઇ બેઠો. અને વિચારવા લાગ્યો કે "આજની દવાની શીશીમાં રાત્રે મેળવણી વધુ પડી છે. માટે રમણનો તો આ-જજ ઘાટ ઘડાઈ જશે,' અને પછી ચંદીને તો ડાકટર બાદલજી સાથ

પરણાવાની છે; એટલે પડે ચુલામાં પછી એનો પ્યાર શા કામમાં આવનાર છે. ખેર જોયા કરૂ હવે શું થાય છે;"—આમ વિચારતો તે રમણના મરણની રાહ જોતો ઘડીયાળ સામો ઘડી ઘડી જોજો કરતો બેઠો. અગીયાર વાગ્યા; બાર અને એક વાગ્યો એમ વખત તેની શરમ રાખ્યા વગર બેમર્યાદ થઇ જવાજ લાગ્યો તોય કાંઇ નહી જણાવાથી પાછો તે રમણના હોલમાં જોવા ગયો. રામ રાખે તેને કોણ મારી શકે?—કીશનજીને તેનો કટ્ટો શત્રુ હજુ જીવતોજ માલમ પડયો, રમણ એટલામાં તેને જોઇ બબડી ઉઠયો.

"લુચ્ચા ચોર દગલબાજ ખુની કીશન લવજીને મારો. તેજ મારા બાપનુ ખુન કરનાર છે."

કીશનજી હવે ગભરાયો. તે તેને ઝેર પણ પાચન થઈ ગયેલું પેખી આશ્ચર્ય ચકિત થયો; અને પોતાની પ્રેરેલી યુક્તિ નિષ્ફળ જવાથી કંઇક શંકાશીળ થઈ ચંપાને પુછવા લાગ્યો—"ચંપા સુંદરજીને દવા કોણ આપે છે?"

"શેઠજી હું આપુ છું."

"તે બરાબર પીએ છે કે ઢોળી દે છે?"

"હાજી પીએ છે. ઢોળી કેમ નાખે કાંઇ પૈસા નથી બેસતા."

પોતે પ્રયાસમાં નિષ્ફળ ગયો; અને દુશ્મનો આજુ બાજુ જાળ નાંખી રહ્યા છે. માટે હવે તાકીદે કામ સરાડીએ પડી જવું જોઇએ પરંતુ આ કામ ઉતાવળ કરે બને તેમ નથી જેથી ડાકટર ભોદલજીને ત્યાં એને મુકું તો સારૂ અને તેને પણ પરણવાની લાલચ છે જેથી તે તેને રાખશે; અને અસ્તે આસ્તે ઝેર કરશે. માટે ચાલ તેને ત્યાં જઇ આ બીનાથી તેને વાકેફ કરૂં" આમ વિચારી કીશનજી શેઠ અત્રેથી ડાકટર ભોદલને દવાખાંને જવા મુંબઈ ઉપડી ગયા.

આણી બાજુ ચંદાએ વિચાર કીધો કે "મારો બાંપ ખુની છે પરંતુ મારે પ્રથમ જોવું જોઇએ કે તે દવામાં ઝેર છે કે બીજુ કાંઇ અને તેની પારખં કરવા કોઇ ડાકટરને બોલાવું" એમ વિચારી તેણીએ અત્રે રહેતા પ્રખ્યાત ડાકટર જહાંગીરજી ફ. ખંબાતા જેઓ મેડીકલ કામમાં ઘણાજ હુંશિયાર નિવડેલ છે. તેમને બોલાવ્યા. ડાકટર જહાંગીર આવ્યા. પ્રથમ તેને દર્દીના ઓરડામાં લેઇ જવામાં આવ્યા બાદ તેની હાલત પુછતાં તેને પણ કેસ ભયંકર લાગ્યો. પછી

તેણી તેને પોતાના હોલમાં લેઇ ગઈ; અને બોલી "ડાકટર સાહેબ મ્હારે તમને એક સલાહ પુછવી છે?!

"બોયલો શું?" ડાક્ટરે ઉભા રહી કહ્યું.

"આ શિશીમાં કેવી જાતનો રંગ છે?" ચંદાએ શિશી બતાવતાં કહ્યું."

"અરે! આયતો પોઇઝનની મેળવણીવાળી દવાય છે તમે કાંથી લાયવ્યાં?" ડાકટરે સુંધી જોતાં કહ્યું.

"શું ઝેર છે! હું રંગવાળાની દુકાનેથી લાવી છું એનું શું નામ હશે" ચંદાએ અજાણ બની પુછ્યું.

"એને ઇગ્રેજીમાં "એકોનાઇટ કહે છે" ડાકટરે કહ્યું.

"એથી શું થાય?" ચંદાએ પુછ્યું.

"શું થાય?" કેવાં ઘેલાં! ઝેર શું કરે તે બી તમે નથી જાણતાં! અને આ દવામાં જેટલી મીલાવટ થાઈ છે તેટલીજ પ્રાણ જાતાં વાર બી ન લાગે; સંભાળ રાખજો નહી તો નકામું હોય તો તે શીશી મને આપો અગર ઢોળી નાખો તમો છોકરાંની પાસ એ રહેવું સારૂં નહી." ડાકટરે કહ્યું.

"નાજી બીજી નથી આતો આટલુંજ છે. જેથી કાંઇ ફીકર જેવું નથી" ડાકટરને ફેરાની ફી આપતાં ચંદાએ કહ્યું.

"તમારા દર્દની જો તમારે દવા કરવી હોય તો તમારા બાવાજી સાથ ઠરાવ કરેથી હું આવસ" ડાકટરે લાલચથી કહ્યું.

"વારૂજી હું તેઓને પુછી જોઇશ" ડાકટરને વિદાય કરતાં ચંદાએ કહ્યું.

ડાક્ટર ગયો. એટલે ચંદા અફસોસ કરતી સુદ્ધી વીનાની થઇ એક કોચપર પડી. "અરે પ્રભુ! હવે મારૂ શું થશે?! નિરદોષ સુંદરજીને ઝેર દેવાનુ કારણ હવે પુરતી રીતે હું સમજી. મારો બાપ ખુની છે; અને તેને ખુન કરતાં સુંદરજીએ જોએલું લાગે છે અને તે વાત બરબડવાથી કોઇને ખબર પડે માટે તેને મારી નાંખવા આ યુક્તિઓ કરવા માંડી છે. અરે! પ્રભુ પણ સાચને આંચ લાગતી નથી મારો બાપ ખુની છે તો તે તેના ફલથી લેવાશે શું દુનિયા છે. સારાં અને ખાનદાન આદમીયોજ જ્યારે હાવું કરે ત્યાં પછી બાકી શું રહ્યું!! અહા તેના ડોળ અને સાખ્યપરથી કોઈ માને કે તે હાવો ઘાતકી છે?!

આમ વિચારના વમળમાં ચંદા ગોથાં ખાય છે એટલામાં ચંપાએ આવી તેના હાથમાં કાંઈક કાગળ આપ્યો. તે ઉઘાડી વાંચતાંજ તેણી ચમકી ઉભી થઇ; અને પુર્ણ વાંચી રહેવા સાથ કપાળે હાથ દેઇ એક પુરી હાય મારી તેણી બેશુદ્ધ થઇ જમીનપર પછાડ ખાઇ પડી.

પ્રકરણ ૨૪ મું.

ચંદાનુ સ્વપ્ન.

પ્રેમી તણો વિયોગ પ્યાનો, ઘા લાગે જે દિલમાં;
પુરી શકે એવો કો ન દિઠો, આકાશને પૃથ્વિમાં.

પીડ્યા અણુસાધી, જાણે વૈદ શું તે વ્યાધી—ચંદ્રબાલા.

વખત રાતનો હતો. રાત્રી ચંદ્ર રહીત અને ઘણી ભયંકર હતી; વિજળીઓના ચોપાસ ચમકારાથી મનુષ્યના દીલમાં કુદરતી રીતે ધ્રુજારો છુટે તેમ હતું. આવા ભયંકર સમયે બારપર એક વાગતાંજ ભુતવખારના દરવાજામાં એક ઘોડા ગાડી આવી ઉભી રહી આ વખત દરવાજો ખુલ્લો ન હોય પરંતુ શેઠ અત્રે સુના અને તે નહી આવ્યા હોવાથી ચાકરે જરવાજો ખુલ્લો રાખ્યો હતો ગાડી ચાલતી અટકી એટલે તેમાંથી બે સખ્સો ઉતર્યા. આજુ બાજુ જોતાં મકાનમાં સઘળે શાંત હતું. ઘરના તમામ માણસો નિંદ્રાદેવીના સપાટામાં સપડાએલાં હતાં. આ લાગ જોઇ પેલા બેજણા આસ્તે રહી દર્દી (રમણ) ના ઓરડા તરફ ચાલ્યા; અને બારણુ ચાપથી બંધ કીધેલુ હોવાથી સાથે રાખેલા એક હથીયારથી નિશાચરની માફક ઉઘાડયું અને અંદર દાખલ થયા. ચંપાને તો આ વખત પાછલીજ રાત હતી જેથી પેલા સખ્સો તુરત દર્દીના પલંગ પાસે ચાલ્યા; અને તેને ઉંઘતો જોઈ. પેલા બે સખ્સોમાંના એકે પોતાના ખીસામાંથી એક શિશી કાઢી દરદીને સુંઘાડી કે દર્દી બેભાન થયો એટલે ઝટ પેલા બે સખ્સોએ તેને ઉચકયો અને આસ્તે રહી બ્હાર લાવી ગાડીમાં નાંખી પેલા બે સખ્સોમાંથી એક તેને લેઇ ચાલ્યો ગયો. અને બીજો અત્રેજ રહ્યો.

વાંચનાર સમજ્યા તો હશે કે પેલો દર્દીને લેઈ જનાર ડાક્ટર ભોદલજી અને અત્રે રહેનાર કીશનજી લવજી પોતેજ હતો. કીશનજીના કહેવાથી ડાક્ટર ભોદલજી રમણને પોતાની ખાનગી હોસ્પિલમાં લેઈ ગયો અને કીશનજી તેને વિદાય કરી પોતાની રૂમમાં આવી નિશ્ચીંતપણે સુતો.

મળસ્કાના ચાર થયા. દિવાકરના ચોપદાર કુકડાઓ નેકી પુકારવા લાગ્યા. આ વખત નિંદ્રા દેવીએ ચંપાને પોતાના પંજામાંથી બ્હીલી મુકી. તેણી દર્દીને દવા પાવા ઉઠી. અને બીછાના તરફ તેની અર્ધી ઉંઘે ઘેરાએલી આંખ્યો લંબાવતાં દર્દીને નહી દેખવાથી પાછી આંખ્યો ચોળી જોવા લાગી તોપણ દર્દી બીછાનાપર માલમ પડયો નહી. આ બનાવથી તેણી ચમકી. અધીરી બની ગઈ. અને કીશનજી કદાચ ઊંત્રને લીધે મારી બેદીકરાઈ જાણશે તો મને ઠપકો આપ્યા સાથ હેરાન કરશે. સમજી ગાભરી ગાભરી તેણી ચંદાના હૉલ તરફ દોડી; અને આસ્તે રહી બારણું ઠોકયું.

ચંદાના હાથમાં ચંપાએ જે કાગળ આપ્યું હતું કે જે વાંચવાથી તેણી પછાડ ખાઈ પડી હતી તે પત્ર કીશન લવજીએ ડાક્ટર ભોદલજી સાથ પોતાની છોકરીના લગ્ન કરી આપવા કીધેલા કરારની નકલ હતી. અને ઉતાવળમાં જતાં તેના ખીસામાંની નીકળી પડતાં ચંપા ચંદા પાસે લાવી હતી. જે વાંચી ચંદા પછાડ ખાઈ ધરણીપર ઢળી પડી હતી. ચંપાએ તે વખત તેને સાવધાન કરી બીછાનાપર સુવાડી હતી—ચંદા એને એ વિચારમાં ગુંથાઈ હતી. આખર રાત્રી થઈ તોપણ તેણીએ ખાધુ નહી; અને એ દિવસની સખત ભુખ તથા આ આવી પડેલા વિઘ્નથી પોતાના નાજુગ બદનને દુઃખાવતી આ કોમળ—મુગ્ધબાળા વિચારના વમળમાં ગોથાં ખાતાં થાકી જવાથી કેટલીક વારે નિદ્રાદેવીની ભોગ થઈ પડી હતી

તેણીના બાપનો કતલી ખેલ કેટલોક તેણે સ્વચક્ષુઅ જોયો હતો; અને તેનાં પ્યારા પર પડતી આફતનો બાકીનો ખેલ કુદરતે આ વખતે સ્વપ્ન રસતે તેણીની ચક્ષુ સમક્ષ મુકો હતો જેથી આ વખત તેણી નિદ્રા દેવીના પુર ઝપાટામાં સપડાઈ. પોતાના નયનાનંદકપર પડતી સર્વ વ્યથા સ્વપ્ન રસ્તે નિહાળતી હતી એટલામાં તેણીની કરણેન્દ્રીપર કોઇનો બારણું ઠોકવાનો અવાજ અથડાયો. તેણી એકદમ ચમકી—સ્વપ્નથી વિમુખ થઈ—અને ભયભીત થઈ આજુબાજુ નિહાળવા લાગી ચંપાનો બીજી વખ્ત અવાજ થતાં તેણીએ તેને ઓ-

ળખી—બીછાનાપરથી ઉઠી બારણું ઉઘાડયું અને આ વખત આવવાનું કારણ પુછયું ચંપા ગળગળી થઈ ગઈ અને ઉતરી ગયેલ મુખ સાથ ગદ્દ્ગદીત સ્વરે જવાપ દીધો "મને જરા નિંદ્રા આવતાં હું ઊંઘમાં ઘેરાઈ અને થોડીવાર રહી જોઉછું તો દર્દી તેના બીછાનાપર નથી એવું માલમ પડેછે. મેં આજુબાજુ ઘણુંએ જોયું પણ કંઇ જણાતો નથી;

આ સાંભળી ચતુર બાળા ગાભરી બની ગઈ. તેણીના શરીરમાંથી હોસ કોશ ઉડી ગયા. તેને આવેલ સ્વપ્ન ખરૂ લાગ્યું. અને કોઈ પોતાનું અંતરનું સગુ મરી જાયછે અને એકદમ તે સાંભળી જેમ શરીરમાં સજ્જડ ચોટ લાગેછે. તેવી રીતે તેણીને થવા લાગ્યું. તેણીનુ વદન પાણી પાણી થઈ ગયું. મ્હોડું વિહ્વલ થઈ ગયું. હોઠ ધોળી પુણી સરખા દિસવા લાગ્યા. તેણી ત્યાંજ બેસી પડી અને ગદ્ગદીત કંઠે ઉચરી "ચંપાકાકી હવે કેમ થશે?! અરે! તે કયાં ગયો હશે? જુવોને મારા પીતાજી રાત્રે મુંબઈથી આવ્યા છે કે નહી."

ચંપા કીશનજીના હૉલ તરફ દોડી; અને બારણુ ધકેલી જોતાં અંદર સાંકળ મારેલી માલમ પડવાથી પાછી આવી અને કહેવા લાગી "શેઠ આવ્યા છે."

આ સાંભળી ચંદા વિચારમાંજ લીન થઇ ગઈ તેના બાપે સ્વપ્નમાં દીઠેલ બનાવ પ્રમાણે બરાબર ઘાતકી કામ કર્યુ છે. એવું તેને મન નક્કી થયું. તેણી સાવધ થઈ; અને ચંપાને સાથે લેઈ રમણના હોલમાં ગઈ; અને આજુબાજુ નીહાળતાં કંઈ માલમ નહી પડવાથી તેણી પાછી આવી પ્યારાના વિયોગથી નિસ્તેજ અને વિહ્વલ મુખ મુદ્રાએ વિચારના તરંગમાં નિમગ્ન થવા લાગી.

પ્રાતઃકાળ થયો. અરૂણે સોનાની કુચીવડે પૂર્વ દિશાનો મ્હોટો દરવાજો ઉઘાડયો; અને સુતી દુનિયાને કામે લગાડવા જાહેર કીધું—કીશનજી ઉઠયો; અને ચંદાના ઓરડા તરફ આવતાં, તેણીને ઉતરી ગએલે મુખારવિંદે તથા દિલગીરી ભરેલે દેખાવે અને રડવાથી સુજી ગએલી આંખ્યોએ જોઈ તે અંદર આવ્યો આ વખત તેણીપર તેને કાંઇક હેત આવવા લાગ્યું. પરંતુ પાછો વિચાર આવતાં તેણે મીજાજ બદલી ગુસ્સાથી કહ્યું. "કેમ મીજાજી છોકરી આજ આમ ઢેલ કરતી પડી રહી છે"?

"કાંઈ નહી, મારૂં માથું દુઃખેછે" ચંદાએ તીરસ્કારના આવેશ-માં ગુસ્સાથી કહ્યું.

"માંથું દુઃખે માટે ખાવું નહી પીવું નહી. અને બીજાને કનડી આખો દિવસ રહ્યા કરવું કેમ?" કીશનજીએ ગુસ્સાથી કહ્યું.

"માફ કરો પીતાજી મારૂં માથું ઘણું દુઃખેછે. માટે કોઇની સાથે વાત કરવા તથા કોઇની વાત સાંભળવા હું હેરાન છું" ચંદા-એ કંટાળી ગુસ્સાથી કહ્યું.

"ત્યારે દવા કર ચાલ હું ડાકટરને બોલાવું" કીશનજી સ્નેહ-યુક્ત શબ્દોચારથી ઉચર્યો.

"નાજી દવાનું અને ડાકટરનું કંઈકામ નથી તેથી મારૂ દરદ નરમ થાય તેમ નથી કારણ ગરમી કે શરદીનું માથું નથીદુઃખતું" ચંદાએ ગુસ્સાથી કહ્યું.

"ચંદા તું ઘેલી થએલી માલમ પડેછે. કાલ સવારે તેં જે મા-રી સાથ વાત કરીછે. તેવી રીતે ભાગ્યેજ કોઈ ઘરડો સખ્સ મને કહે શે.—માટે તારા મસ્તિકમાં (મગજમાં) શું છે? કીશનજી જીજ્ઞા-સાથી બોલ્યો;

"પીતાજી શું કહુ ગઈ કાલ મને એક સ્વપ્ન આવ્યુ છે જે હજુ સુધી મને સખ્ત રીતે હેરાન કરેછે; અને એનેજ લીધે ખાવું પીવું બલકે કોઈ સાથ બોલવું પણ મને ગમતું નથી જો આપ સાં-ભળોતો હું તે ભયંકર સ્વપ્ન આપને વિદીત કરૂં?" ચંદા પોતે એ સ-ર્વ વાત જાણેછે એવું જણાવા કીશનજીને કહ્યું. "જો તે કહેવાથી તારા દિલમાંથી દિલગીરી દૂર થતી હોય તો કહે" કિશનજીએ કહ્યું.

"પીતાજી મારી દિલગીરી તો હવે પેલે ભવ દુર થશે; અને બાકીની જીંદગી હવે કંગાલ હાલતમાં ગુજરે એમ ધારૂંછું. એટલું બો-લી ચંદાએ સ્વપ્નની વાત શરૂ કીધી. પેલો મારો ચિતારો કે જે હાલ આપણા દર્દી તરીકેછે તેનાપર કોઈ ભયંકર આફતે પોતાના હાથ લંબાવ્યા છે. પરંતુ તે આફત તેનાપર કેવા રૂપમાં ઉતરનારછે. તે હું સમજી શકી નહી. એ સમજવાને મેં ઘણા ફાંફાં માર્યાં—ઘણી યુક્તિયો કરી. પણ તે સર્વ ફોગટ. આખર કુદરતના સામું મારૂ કંઈ પણ જોર નહી ચાલવાથી હું મારો ઓરડો તજી તે દર્દીના ઓરડામાં દાખલ થઈ. વોલસેટ ઝગઝગાટ ચળકતો હતો. તે બીચારો ભરનિંદ્રામાં

ઊંધે મસ્તકે પડયો હતો. એક બાજુ ચંપાકાકી બેશીકરાઈ ધારણ કરી અફીણીની માફક ઝોકાં ખાતાં આરામ ખુરસીપર હિંદોળે ચઢ્યાં હતાં હું તે દર્દીને નીહાળવા તેના બીછાના તરફ જાઉંછું. એટલે બ્હારથી કોઇ માણસ અંદર આવે એવા ગણુસારા થયા. આથી હું ગભરાઈ અને મને કંઈ જવાનો રસ્તો નહી સુઝવાથી એક નેતરના ઊભા કીધેલા માચડા પાછળ હું ભરાઈ ગઈ. અરે પીતાજી કેવી આફ્ત !" આટલું બોલી ચંદાથી ન રહેવાતાં રડી પડી.

"ચંદી તુ દિવાની થઈ છે. એક ઘરના ચાકરડાને તાવ—લવરીનો ઉપદ્રવ થતાં તેને બદલ તુ ત્હારૂં મસ્તિક દુઃખમાં નાખેછે. કેવી બેવકુફ" કીશનજીએ દિલગીરી સાથ કંઇક ગુસ્સાથી કહ્યું.

"પીતાજી દયા એજ આ દુનિયામાં ધર્મનું મુળછે; અને અભીમાન એજ પાપનું મુળછે. માટે જેનાં દિલમાં દયા નથી તેનું જીવ્યું વ્યર્થ છે."

સાંભળો મારા સ્વપ્નનો છેડો એટલી નજીવા બીનાથી આવતો નથી પણ તે એક ભયકર બીનમાં પ્રવેશ કરાવેછે.

જેવી હું પેલા ઉભા કીધેલા મંચ પછવાડે ભરાઈ તેવોજ પેલો સખ્સ આસ્તે રહી યુક્તી પ્રયુક્તિથી દ્વાર ઉઘાડી નિશાચારતી પેઠે અંદર દાખલ થયો; અને દર્દીને ઊંઘમાં ઘેરાયલો-તથા ચંપાકાકીને ઘોરતાં જોઈ જાણે તે ખુશ થયો હોય તેમ ચ્હેરો કરી તે ત્યાં પડેલા ટેબલ પાસે ગયો ત્યા પડેલી દવાની શિશિયોમાંથી એક ખાલી શિશી તેણે ઉપાડી; અને પોતાના ખીસામાંથી એક ન્હાની શીશી કાઢી. તેમાંથી પેલી ખાલી શીશીમાં કંઈક ગણતરીનાં ટીપાં તરીકે રેડયું. બાદ પેલા બીજી શીશીમાં દવા હતી તે પેલી ખાલી શીશી—જેમાં પેલાં ગણતરીનાં ટીપાં રેડવામાં આવ્યાં હતાં—રેડી પોતાનું કાર્ય કૃત્ત થયેલું સમજી તે આવેલે રસ્તે ઝટ પાછો વળ્યો."

કીશનજી આ ચંદાનું સ્વપ્ન સાંભળી અકળાવા લાગ્યો; તેણે જાણ્યું કે તેણીએ મને તે કૃત્ય કરતાં જોઓછો જેથી તેણીને ધમકાવી તે બોલ્યો "દિવાની છોકરી તારો મગજ હવે હાથમાંથી ખસ્યો હોય એમ માલમ પડેછે."

"પીતાજી સાંભળો એટલેથી તે સ્વપ્નનો હજુ અંત આવતો નથી" એમ કહી ચંદાએ આગળ લંબાવ્યું.

તે ગયાને થોડીવાર થઈ નહી એટલામાં એક આદમીને લેઈ એ પાછો આવ્યો. તેઓ બંનેએ તેને બીછાનેથી ઉઠાવ્યો; અને તેને બ્હાર લેઈ ગયા; અને પેલા પહેલા આદમીએ દર્દીને ઝબે કરવા બીજાને સોંપ્યો. અફસોસ! પીતાજી આ થોડી દિલગીરી?! એક કંગાલ અને ગરીબ નોકરપર હાવી મોટી-ભયંકર-આફત આવે તે આપણાથી કેમ દેખી ખમાય?! અને વધુ દિલગીરી મને એ થાયછે કે જે પહેલો સખ્સ આવ્યો હતો તે નિહાળીને જોતાં આપનાજ જેવો માલમ પડતો હતો."

કીશન લવજી આ સ્વપ્નનું વૃતાંત સાંભળી સ્તબ્ધ થયો તેને નક્કી થયું કે આ સ્વપ્ન નહી પરંતુ તેણીએ તમામ કત્લ કરતાં મને જોયોછે; અને તે પણ હવે મારી શત્રુ નિવડશેજ. માટે તેને હવે ડર બતલાવવો જોઇએ. એમ વિચારી ગુસ્સાથી બોલ્યો-" બેમર્યાદ છોકરી વિચાર કીધા વીના અતિશે શું લવેછે! તારો મગજ ખસી ગયોછે કે શું?? ચિત્ત ઠેકાણે લાવી જેમ આવડ્યું તેમ બોલ્યા મા કર. નહી તો આ યુવાવસ્થાનો વખત કોલાબાની મેડ હાઉસમાં કાડવો પડશે. સમજી?! તુ એ દુષ્ટ ચાકરડાપર આશક થઈ છે. એમ મને માલમ પડી ચુકયુંછે. તેમ ન થતાં તારાં લગ્ન બેચાર દિવસમાં જ પેલા ડાકટર ભોદલજી સાથ કરનારછું; અને એ હરામખોર ચાકરડાને એ ડાકટરોના અભી પ્રાયથી આજે જ અત્રેથી વિદાય કરી એક ખાનગી ઇસ્પીતાલમાં મોકલ્યોછે-બેવકુફી રીતે બકયા કરેથી મારા કુટુંબને-નામને-આબરૂને ખલેલ લાગે એવું હું કેમ થવા દઉ; અને યાદ રાખજે કે જો હવે તેં કંઈ લવારો કર્યો તો તારા પણ એ હાલ થશે" એટલું બોલી કીશનજી ગાડી જોડાવી અત્રેથી મુંબઈ ચાલ્યો ગયો.

ચંદ્રા તેના બાપના આ અઘટીત શબ્દોચાર સાંભળી પછાડ ખાઈ એક કોચપર પડી. પોતાનુ કત્લ છુપાવા તેણીનો બાપ તેને મહેણું મારી ગયો; અને ડાકટર ભોદલજી સાથ હવે પોતાને ખચીત પરણાવશે. એ બાબતનો તેણીને અંતઃકરણમાં સજ્જડ ઘા લાગ્યો. તેણી જરા વાર રહી શુદ્ધીમાં આવી ઉઠી. અને વિચારવા લાગી. "ખેર મારા બાપે મને ગમે તેમ કહ્યું. તો ભલે. અરે! પરમાત્મ પ્રભુ હું તારી પાસે એટલું માગુછું કે જે કુદરતે તેને ઝેર પીતો બચાવ્યોછે. તેજ કુદરત તેની આફત દુર કરી તેનું રક્ષણ કરજે" આટલું બોલી રાત પડતા પોતાના નયનાનંદકને વ્યથામાંથી મુક્ત

કરવાના સાધન મેળવવા તથા ડાકટર બોદલ જેવા બદમાસ સાથ થનાર લગ્નથી બચવા તેણી ગએબ થઈ ગઈ. કીશન લવજી આવી જુવેછે તો પક્ષી પીંજરામાંથી ઉડી ગયું જોઈ તે ઘણોજ દિલગીર થયો; અને તેણીની ખોળ કરવા પાછળ પગલાં ભર્યાં.

પ્રકરણ ૨૫ મું.

બુરાની સોબતમાં ભલાનો નાશ.

દુષ્ટ થકી દૂર જઈ વસિયે ખશિએ ખળનો પરખી પડછાયો,
હેત વિશાળ થવું નહી કલ્પિત શું થયું જો ગુણ ગણી ગાયો;
ગર્દભની કદી° પાય ન ગાય ગમાર ભલે જમનાં જળ નાયો,
દુષ્ટની સોબતથી હલાપત નથી જગમાં સુખ કોઈ કમાયો.

મકસદમાં કીનો દુ:ખકારકછે. કરતુકમાં કીનો ભયંકરછે. કીનાખોરે ઉઠાવેલી કુવાડી ગમે તેવી નેમથી તાકીને લગાવી હોય; તોપણ ધારેલે ઠેકાણે આબાદ કવચિત લાગેછે; પછી જુઓ. અંતે શું બનશે તેજ કુવાડી પાછી ઉછળીને તેના પોતાનાજ કપાળને જખમી કરી નાંખશે—(જી. જો. જુ.)

નાતાલ આવ્યાં. સ્કુલમાં પણ કાલથી રજાઓ પડશે. ફક્ત આજનોજ દિવસ સ્કુલમાં જવાનુંછે; અને બીચારી નિરદોષ તારાને પણ દુ:ખ–આફતનાં વાદળાંમાં ઘેરવાનાં પગલા ભરવાનો પણ આજનોજ દિવસ મુકરર થયોછે. દસ વાગ્યા, તારા સ્કુલમાં દાખલ થઈ; અને પોતાના કલાસમાં જઈ બેઠી. તેવીજ સોના જે કે આજ દરરોજ કરતાં અગાડીથી સ્કુલમાં આવી બેઠી હતી. તે તેણી પાસે આવી, અને બોલી "બ્હેન આજ સુધી મારી કમ અકલને લીધે–મારી બેવકુફાઈથી હું આપના તરફ વિના કારણે ધી:કારની નજરથી જોતી હતી. પણ તેને માટે હું દિલગીરછું; અને તે બદલ આપની પાસે માફી માગુછું. મે જે તમારી સાથે દુષ્મનાઇની ધી:કારવા જોગ આજ સુધી વર્તણુંક ચલાવી તે ફક્ત ખરાબ લોકોની શિખવણીથીજ.

પણ વખત જવે હું જોઉછું તો તમ જેવાં સદ્‌ગુણી મનુષ્યપર બીજાની શિખવણી ગ્રહી કરડી નજરે જોતી હતી. તે મારી ઘણી જ મુખાઇછે એમ હું માનુંછું, અને મારા તે મુરખત્વ ભરેલા ગુન્હા વિશે પસ્તાવો કરી ચુકીછું. માટે વિનંતી કરૂછું કે તે ગુન્હાની આપ પણ મને માફી આપશો."

તારા તેના આ શબ્દોચ્ચાર સાભળી (જો કે તેણી એક કટ્ટા શત્રુ પ્રમાણે વર્તણુક ચલાવતી તોપણ આ વખતે શરણે આવેલ જોઈ) તેનાપર દયા લાવી બોલી—"એમાં શું માફ કરવાનું હતું. કાંઈ નહી. હું મારે માર્ગે અને તમે તમારે માર્ગે ચાલતાં હતાં બીજું મારે વિશે તમેં અને તમારે વિશે હું અજાણ હોવાથી મારે માટે તમે જે કંઈ વિચારો લાવતાં તેની હું દરકાર રાખતી ન. હતી.

"પણ આજથી આપણે એકમેકને દોસ્તીની. નજરે જોવું." સોનાએ દયામણું મુખ કરી કહ્યું.

"મને એમાં કયાં નાછે" તારાએ બેદરકારી દર્શાવી કહ્યું.

આમ અરસપરસ સાધારણ થતાં વાત ઘટ થયો એટલે પોતપોતાના કલાસમાં જઈ તેઓ કામે વળગ્યાં બાદ સાંજ પડી એટલે સોના પાછી તારા પાસે આવી. અને બોલી "તારા બ્હેન, મારૂ એક તમારી પાસે માગણુંછે. જે આપ કબુલ રાખશો."

"મારાથી બને તેવું હશે તો તે હું કબુલ કરીશ. બોલો શું છે" તારાએ પુછયું.

"તે કબુલ થાય તેવુંજ છે; અને તે બીજું કાંઈ નહી પણ કાલરોજ મારી માનતાની ગોયણીયો જમવાનીછે; અને આપણે આજ ઘણે દિવસે દોસ્તીનો હક તાજો કરી બોલતાં થયાં. તેમ કાલે રજા પણછે; એટલે આપે મારે ત્યાં જંબા પધારવું." સોનાએ ખુશામતખોરે ચ્હેરે કહ્યું.

'કોઇને ત્યાં જંબા જવું એ મને પસંદ નથી તેમ આજ સુધી હું અત્રે કોઇને ત્યાં જંબા ગઈ નથી. પરંતુ મારાપર તમારો આટલો સ્નેહભાવછે તો ભલે હું તે બદલ મારી માતુશ્રીને પુછી તમને જુવાપ દેઈશ" તારાએ પોતાને માથે ન રાખતાં કહ્યું.

"ત્યારે હું તમારી સાથે આવુંછું ચાલો મને ખાતરી છે કે તમારી માતુશ્રી મારૂ માગણું નામંજુર કરશે નહી" સોના તેની ઠગાઇ પાર પાડવાના ઠરાવથી બોલી.

"ભલે ત્યારે હું ક્યાં નાખુશછું" તારાએ કહ્યું.

પાંચ વાગ્યા. એટલે સ્કુલ છુટતાં તારા ઘેર જવા લાગી. સોના પણ તેની સાથે ગઈ. અને તેણીની માને પોતાથી થાય તેટલાં ચરીત્ર કરી ઘણી આજીજી કરી સમજાવી. જેથી રાધાએ તેણીનું હેત જોઈ જંબા મોકલવા હા પાડી.

"ઠીકછે ત્યારે વખત થએ હું જાતેજ ગાડી લેઈ બોલાવા આવીશ." સોનાએ પોતાની મતલબ સરવાથી મલકાતે ચ્હેરે કહ્યું.

રાધા—સારૂં આવજો.

જંબાનું માગણું કબુલ રહેવાથી સોના હરખાતી હરખાતી ઘેર આવી. આ વખત કીશનજી તથા તેના દોસ્તો વીગેરે ત્યાં આવી તેણીની વાટ જોતા બેઠા હતા. સોનાએ આવી કીશનજીને તમામ વૃતાંત કહ્યું અને બોલી "પણ કીશનજી શેઠ અંદર મારૂં કોઈ બી રીતે નામ આવે નહી.

કીશનજી—સોના મેં એક અચ્છો પેચ રચ્યોછે. અને તેમાં તારૂં નામ બીલકુલ આવે તેમ નથી. જો સાંભળ તેણી તારે ત્યાં જંબા આવે બાદ તેને પાંચ છ વાગતા સુધી અત્રેજ રાખવી; અને તારે ત્યાં આવનાર પેલા મારા એક ડાક્ટર દોસ્તને ત્યાંથી હું એક શીશી લાવીશ તે તેને અત્તરને નામે જાળવીને–સંભાળથી— સુઘાડજે. એટલે તેણી બેભાન થશે. એટલે અમો બરાબર છને આશરે નિચે ગાડી લેઈ ઉભા રહીશું તું અમને ઇશારો કરજે એટલે અમો ઉપર આવી તેણીને નિચે લેઈ જઈ ગાડીમાં નાંખી ચાલ્યા જઇશું એટલે બેડો પાર.

સોના—હા પરંતુ પેલી રકમ હવે તૈયાર કરજો અને સાડીયો સવારમાં મોકલી આપજો કારણ એક તેણીને બોલાવા જઇશ ત્યારે મારે પહેરવા જોઇશું અને બીજી તે વખતે તેણીને આપવા જોઇશું. માતાનો સારો દિવસ છે તે કહી આવીછું જેથી તે દિવસ કંઈ સાધારણ કપડાં પહેરાયકે?

કીશનજી—નાં, કોણ કે છે કે સાધારણ પહેરો સવારમાં સર્વે મોકલી દઇશું.

સોના—ઠીકછે ત્યારે સવારમાં મોકલવા ચુકસો નહી.

કીશનજી—ઠીક. લો હવે રજા લઇએ છીએ.

સોના—હા પધારો.

અત્રેથી આ અક્કલના દુષ્મનો કાલની વાત માટે હવામાં કીલા

બાંધતા ચાલ્યા જાયછે. પરંતુ તેઓને ઓછીજ ખબર છે કે તેઓ ની મુરાદ નાબુદ કરનાર; અને તારાને સંકટમાંથી બચાવી તેની તમામ આફ્તોને દુર કરનારનો એક ફીરસ્તો તેઓની પાછળ ભમ્યા કરેછે; અને વખત પણ તે તેઓની સાથે પણ જરા દુર અજાણ્યા મનુષ્યની પેઠે ચાલતો હતો. તે ફીરસ્તો સુંદરબાઇએ મોકલેલો છુપો જાસુસ હતો. આ દોસ્તોની દરરોજની મુલાકાત કાવસજી પટેલ ટેંન્ક નજીકના હોટલમાં થતી હતી; અને આ જાસુસ પણ દરરોજ અજાણ્યા આદમીની માફક અત્રે આવી તેઓના વિચાર જાણતો અને સુંદરબાઇને કહેતો આજ સર્વે સદરહુ હોટલમાંજ એકઠા થયા હતા; અને સોનાને ત્યાં ગયા. તે વખતે આ જાસુસ પણ તેતેમની પછવાડે જઇ દાદરમાં ભરાઈ તેઓના મનસુબાથી માહેતગાર થયો હતો. અને એઓનાથી જુદો પડતાં તે આ સર્વ વૃતાંત પોતાની શેઠાણીને વિદીત કરવા ગયો. "

પ્રકરણ ૨૬ મું.

પ્રેમરાય.

स्वजनस्यहि दुःख मग्रतो ।
विवृतद्वार मिवो पजायते ॥

(સ. ચંદ્ર.)

" પોતાનુ માણસ મલ્યુ એટલે દુઃખીનાં દુઃખનાં બારણાં ઉઘડી જાય છે. "

આનંદદાયક વર્તમાન સાંભળવાનો પ્રભાવ કંઈ અદ્ભુતજ હોય છે. ચંદા ભુતવખારને બંગલેથી નિસરી ચાલી ચાલી તેણીની વ્હાલી માને બંગલે ગઈ અને પોતાના પીતાના કતઘ્ની કામથી તેણીને વાકેફ કીધી. રમણને બચાવવા પ્રયત્ન યોજવા તેની માને કહેવા લાગી; અને સુંદરબાઈ પણ પોતે મોકલેલા છુપા જાસુસના કહેવાથી કોઇ બીચારી તારા નામની બાળકીને વિઘ્નમાંથી મુક્ત કરવાનાજ વિચાર-

માં હતી. તેણે આ સર્વ કામમાં આશ્રય આપવા ચંદાને હા કહી. એટલામાં પોષ્ટનો સીપાઈ "મીસીસ કીશનજી લવજી" ના નામનું એક રજીષ્ટર કવર લેઇ આવ્યો. સુંદરબાઇએ સહી કરી આપી. આવેલા કવરને વાંચવા તેઓ અધીરાં થયાં તેણીએ તે વાંચવા ચંદાને આપ્યું ચંદાએ તે ઉઘેડી વાંચતાંનેવાર તેમાં અતિ આનંદદાયક સમાચાર માલમ પડ્યા કે જે આનંદાયક સમાચારે તેણીના નેત્રમાં હર્ષના આંસુ લાવી મુકયાં જે હર્ષના આંસુએ તેણીની મસ્ત બનેલાં તેજી ચક્ષુને ઝાંખા કરી દીધાં.

વાચકવૃંદ તેણી પત્ર વાંચતાંજ હર્ષઘેલી બની ગઈત્યારે તે પત્ર કહોનુ હશે તે વિશે આપ શંકાશિળ તો નહીજ રહો કારણ—

પ્રેમરાય, પ્રેમરાય ! તેના વ્હાલા પણ ઘણા દિવસના વિયોગી બંધવનુ તે પત્ર હતું. ચંદા તે મુંબઈમાં આવ્યો વાંચી અત્યંત આનંદીત થઈ; અને તેણીની માને તે સમાચાર કહેતાં તેણી પણ અધીરી બની તે આવેલ પત્ર સ્વહસ્થમાં લેઇ વાંચવા લાગી જેની મતલબ નીચે મુજબ હતી.

મુંબઈ, ભાયખલા, તા. ૧૫ મી નવેમ્બર

મહારાં વ્હાલામાં વ્હાલાં તિર્થરૂપી માતુશ્રી.

હું ગઇ કાલ વિલાયેતથી આવેલ મેલમાં ત્યાંની મુસાફરી કરી સુખરૂપ અત્રે આવ્યો છું. માતુશ્રી જે દિવસે મારા પીતાશ્રીના ઘાતકી કૃત્યથી કંટાળી—આપનાથી હુ વિમુખ થયો. તે વખત મારે માટે આપને મારો વિયોગ સહન કરવો દુસહ થઇ પડયો હશે; પરંતુ ઇશ્વર ઇચ્છા બળવાન છે દુષ્ટ કામથી બાપના એકઠા કીધેલા પૈશાથી મોજ શોખ મારવા મને પસંદ નહી પડવાથી જાતી મહેનતે પૈશો પેદા કરી સુખ ભોગવવા હુ ઉદ્યમમાં મચ્યો રહ્યો. મને ઘણા સંકટો પડ્યાં. પરંતુ અલાહાબાદની ચિત્રશાળોતેજક મંડળીએ મને ચિત્ર સબંધી કાર્યમાં ફત્તેમંદ ગણી રૂા. પાંચ હજારનુ ઇનામ આપવાથી મે થોડા દિવસ ત્યાં વકીલાતનો અભ્યાસ કીધો અને એક સદ્ગ્રહસ્થની સલાહથી હું વિલાયત ગયો. વિલાયત જવા મુંબઈ આવ્યો તે વખતે આપને મળવા મન થએલું પરંતુ હું મારા કાર્યમાં ફતેમંદ નીવડયો નહોતો ત્યાં સુધી તથા કદાચ તે કાર્યમાં મને વિઘ્ન નડે એટલાજ કારાણાર્થે હું આવી શકેલો નહી. થોડા દિવસ વિલાયત જઇ

અભ્યાસનો પ્રયત્ન ચાલુ રાખ્યા બાદ પરીક્ષા આપતાં ઈષ્ટ કૃપાથી હું સારામાં સારે નબરે પાસ થયો; અને તે બદલ સરટીફીકેટ સાથ બારીષ્ટરની ડીગ્રી સંપાદન કરી હું અત્રે આવી પહોચ્યો છું મારા સદ્‌ગુણી મિત્રોની મદદથી મારો ધંધો અત્રે ધમધોકાર ચાલશે એવી મને પ્રતિતી છે. કારણ અત્રે આવતાં વારજ તેઓએ એક સાઠ હજારની ફીનો કેસ મને અપાવ્યો છે. મારી વ્હાલી ભગીની ચંદા તથા આપ સુખ શાંતીમાં હશો. ચંદાના લગ્ન કરવામાં આવ્યાં કે નહી. તે હું જાણવા ઈંતેજાર છું અને મારા પીતાશ્રી હજી આપની સાથ બોલતા નહી હોય એવું મને લાગે છે ખેર એમ હોય તો આ પત્ર વાંચી બ્હેન ચંદાને લેઈ આપે ત્વરાથી ભાયખળાપર રાખેલા નં. ૧૦૫ વાળા બંગલામાં આવવું હાલ એજ.

લી. આપના દર્શનનો અભીલાષી
આશાંકીત છોરૂ પ્રેમરાય કીશનજીના
સાષ્ટાંગ દંડવત કબુલ કરશો.

આ પોતાના વ્હાલા અને ઘણા દિવસના વિયોગી પુત્રના સમાચાર વાંચી સુદરબાઈ અત્યંત આનંદોદ્‌ભવ રત્નાગર સાગરની લ્હેરો આવતાં હર્ષ મદનુ પાન કરવા લાગી. અને ગાડીવાળાને હુકમ કરી ચંદાને લેઈ તેણી પ્રેમરાયની મુલાકાતે ગઈ.

પ્રેમરાય આ તેના અંતરના સ્નેહીયોથી ભેટયો ઘણા દિવસનો વિયોગ ભાંગતાં તેઓ એકમેકની ચક્ષુમાંથી હર્ષના આંસુ પડવા લાગ્યાં સુંદરબાઇએ પોતાના પુત્રને કીશનજીના તમામ કેસથી વાકેફ કીધો અને કાલે કોઇ એક અબળાને તેઓ પકડી લાવી દુઃખી કરનાર છે વીગેરે તેને કહ્યું. પ્રેમરાયનુ દીલ તે દુઃખી અવસ્થામાં આવનાર સ્ત્રીને દુઃખમાંથી મુક્ત કરવા કુદરતી રીતે ઉશ્કેરાયું અને ચંદાના કહેવા મુજબ ડાકટર ભોદલજીને ત્યાં રમણના સૌરક્ષણાર્થે કોર્ટમાં જાહેર કરી જપ્તી કરી. અને તપાસ કરતાં રમણ તેમાંથી બેહાલ થતો મળી આવ્યો રમણ જો કે પ્રથમના કરતાં દુઃખી અવસ્થામાં આવી પડયો હતો તોપણ કુદરતી રીતે પ્રેમરાયે તેને ઓળખ્યો અને તે અત્રે કેવી રીતે આવ્યો હશે તે શંકા લાવવા લાગ્યો પરંતુ તેની હાલત હાલ સારી ન હોવાથી તેને એક બીજા ડાકટરને ત્યાં દવા કરાવા રાખી ડાકટર ભોદલજીપર ખુન કરવાની કોશીશનો ચાર્જ લાગુ કરી કોર્ટમાં ફરીયાદ માંડી.

પ્રકરણ ૨૭ મું.

તારાનું ગુમ થવું.

પ્યાર તણી કુડી બાજી રચી, નરપાજી કદિ કોઈ નારી ફસાવે,
છેલ બની છળભેદથી છેતરી, રંગ રમી પછી નેહ નસાવે;
... ...
આશકને મન એશ થયો, નવ લેશ ધરે મન શોપ કે હાની,
નારી બિચારીની લાજ ઘટે, જગ યારી રહે નવ છેકજ છાંની,
છોરી છકેલ છીનાળ ગણે સહુ, પાપની વાત નક્કી નહી નાની.
એ દુઃખ નારીનું પાપ નિવારવા, રીત બતાવ અરે કેવી શાની,
—ગોલ્ડસ્મિથ (વિકારના ભાષાંતરમાંથી)

કીનાખોર આદમી પોતાના શત્રુને સંકટમાં નાંખવાને વેતરણુ કરતાં આખર વારંવાર પોતાનું સત્યાનાશ કરી નાંખેછે–તે પોતાના શત્રુની એક આંખ ફોડવા જતાં પોતાની બંને આંખ ફોડી નાંખેછે. (જી. જો. જુ.)

અદેખાં અને ખારીલાં આદમી જેવા પોતાની જાતને દુઃખ દેનાર બીજા કોઈ નથી; અને તે પોતાના સ્વભાવનુ ઝેર પોતાનીજ ઉપર વાપરેછે—(મેસન)

તારાને જંબ્યા લેવા કીશન લવજીની બે ઘોડાની ફેટીન લેઈ ઠાઠમાઠથી સોના તેણીને ઘેર ગઈ. તારાની માએ સોનાની પાછી બીજીજ વખતની ઘણી આજીજીથી વ્હેલાં આવવાનું કહી તારાને તેણી સાથ મોકલી, સોના તારાને લેઈ હરખભેર ઘેર આવી. તેણીને જમાડી આમથી તેમ વાતો કરવા માંડી. સાંજ પડવા આવી. તારાએ ઘેર જવા સોના પાસે રજા માગી. કપટી સોનાએ કીશન લવજીએ આપેલી સાડીયોમાંથી એક સાડી તેણીને આપવા માંડી. તેણીએ તે લેવા નારાજી બતાવી આખર સોનાના ઘણા ઘણા સોગનથી તે લીધી એટલે તેણીએ પેલી પ્રાણહારક શીશી અંતરને નામે તેને આપવા

માંડી. તારાએ—મને શોક નથી દર્શાવી તે લેવા બીલકુલ ના પાડી સોનાએ તેના ઘણાઘણા વખાણ કરી તેને જરા પસંદ પડવા સુગી જોવા કહ્યું. આખર તેણીના ઘણા કાલાવાલાથી તેમ તેણીને ખોટું ન લાગે માટે આ નિર્દોષ બાળકીએ ને શીશીનો બુચ ઉઘાડી સું-ઘવા માંડી. શું સુંઘે? જરા સ્વાસ લેતાંની અંદર તેણી એક જબરી ચીચીયારી મારી જમીનપર પછાડ ખાઈ પડી–બેભાન થઈ–હોશ વિનાની થઈ ગઈ–આ શીશી ક્લોરોફોર્મ (Chlorofrom)ની હતી.

સાંજના છનો શુમાર થયો. આકાશમાં અંધકારરૂપી પડદાએ પૃથ્વિપર પોતાની છાયા નાંખી. ક્રૂર હૃદયની સોનાએ આ વખત બારીએ જોયું તો મકાન નીચે તેના હેતસ્વીઓ ગાડી લેઈ ઉભા હતા. તેણીનો ઈશારો થતાં તેઓ ઉપર આવ્યા; અને ગરીબ બીચારી નિર્દોષ તારાને રાક્ષસી દિલથી ભક્ષ આવ્યાના આનંદમાં શબની માફક ઊંચકી હર્ષભેર નિચે લાવ્યા અને ગાડીમાં નાખી ચાલવા લાગ્યા. આ વખત સોનાના માગણાથી ઠરાવેલી રકમમાંના બાકી રૂ ૭૦૦)ની હેલી કીશનજીએ તેણીને આપી.

ગાડી ચાલતાં પરેલ ભણી ગઈ. આ ગાડી હાંકનાર હમેશનો ગાડીત પણ આજ નહોતો. ફક્ત તેઓ ચાર દગાખોરોજ સૌના પાર્ટ ભજવતા હતા. ભુતવખારનો બંગલો નજીક દેખાવા લાગ્યો. વખત આઠનો થયો હતો. રમણને તો ડાકટર ભોદલજીને ત્યાં નાખેલો છે. તથા ચંદા તો કંઈ નાશી ગઈ હોવાથી આ રત્નને નિશ્ચિંતપણે છુ-પાવવા કીશનજીને હરકત પડી નહી. ચંપા આ વખત ત્યાં એકલી રહેતી જેથી તેણીને આ રત્ન સોંપી, દ્વાર બંધ કરી, તેઓ હાલ તો અત્રેથી ચાલ્યા ગયા.

આણીપા સાંજ પડવા છતાં તારા કેમ નહી આવી એમ વાટ જોતી રાધા અધીરી બની બેઠી હતી. આખર સાત વાગ્યા–આઠ વાગ્યા. તોય તેણી નહી આવવાથી રાધાને ધૈર્યતા રહી નહી. તેણીના દીલમાં ચટપટી થઈ આખર તેનાથી ન રહેવાતાં તે મકાનના માલીક મી. રસિકલાલની પાસે તેણી ગઈ–જે રસિકલાલ મી. ભાવનગરીનો શુભે-ચ્છક મિત્રછે તથા હજુ જે મી. ભાવનગરીની ભાળમાંજછે. તેને તારા અત્યાર સુધી કેમ નહી આવી વિગેરે વાત અધીરી બની કહ્યું તે પરોપકારી પુરૂષ રાધાને મોઢે સર્વ વાત સાંભળી ઉભો થયો અને

ગાડી જોડાવી તેણીને સાથે લેઈ સોનાને ઘેર ગયો. ખબર કાડતાં સોનાએ કહ્યું અત્રેથી તે તેઓ ચાર વાગ્યાના ગયાંછે. આ સાંભળતાં જ રાધાના તો હોશકોશ ઉડી ગયા. રસિકલાલ પણ ચકિત થયો. તો પણ રાધાને હિમ્મત આપી સાવધ રહેવાનું કહી. તે સોનાને પુછવા લાગ્યો.

"તેઓ અત્રેથી નિસર્યાં ત્યારે તેઓનો કંઈ જવાનો ઇરાદો હતો?"

"હાજી ચરનીરોડ ઉપર ફરવા જનાર હતા. નહી તો હું પાછી મુકવા ન આવતે." સોનાએ ટેકવી કહ્યું.

"વારૂ, તેઓ અત્રેથી ગયા ત્યારે કોઈ તેઓની સાથે હતું?" રસિકલાલે જીજ્ઞાસાથી કહ્યું.

"હાજી અમારી સ્કુલની બીજી સ્ત્રી શિક્ષકો હતીયો જેણીયોનો વિચાર પણ ચરનીરોડપર ફરવા જવાનોજ હતો."

"સારૂ, ઠીક છે"

એટલું બોલી રસિકલાલ અને રાધા અત્રેથી પાછાં ફર્યાં અને આખું ચરનીરોડ વગેરે ખોળી વળ્યાં પણ ક્યાંઈ પત્તો લાગ્યો નહી. આખર થાકી ઘેર આવ્યાં. રાધા તો પોતાની એક રત્ન સમ કન્યા ગુમ થવાથી પોકે પોક મુકી રડવા લાગી. રસિકલાલે તેને ધૈર્ય આપી. અને તેણીનો પત્તો મેળવવા તેણી ગુમ થઈ છે. તેવો એક પેપરમાં આરટીકલ મોકલ્યો. જે ભાળ લાવે તેને રૂ ૫૦)નું ઈનામઆપવું જણાવ્યું.

અરે દુઃખીયારી તારા શું તારી દશા? આખી રાત ઘેનમાંજ ગઈ. આખર પ્રભાત થયો. ઘેન ઉતર્યું તારા જાગી અને આજુબાજુ નિહાળતાં પોતે ક્યાં પડીછે? આ મકાન કહોનુંછે? મારૂ મકાન ક્યાં! વીગેરે આ નવીન જગા અને નવો બનાવ જોઈ તેણી આશ્ચર્યચકિત થઈ રડવા લાગી. "અરે પ્રભુ! હું ક્યાંછું? ઓ મારી મા તમે ક્યાં હશો?! અરે! દગો દગો! મને અત્રે લાવી કહોણે નાંખીછે? અરે! આ કહોનું મકાન હશે? ઓ પ્રભુ! અરે મારી માડી હું ક્યાં છું?" એટલું બોલી તેણી એક પુરી હાય મારી ધરણીપર ઢળી પડી મુર્છાગત થઈ. પાછી કેટલીકવારે જરા સાવચેત થઈ. બોલવા લાગી "અરે પરમાત્મા પ્રભુ! હું ક્યાંછું? અરે મને અહી કહોણે અને શું કરવા લાવી નાંખી હશે? અરે શું કોઈ દુષ્ટે. મારૂં શિયળ લુંટવા તો મને અત્રે લાવી નહી નાંખી હોય! અહો પ્રભુ! ગમે તેમ થાય.

પરંતુ હું મારૂં શિયળ તો કદી પણ લુંટાવા દેનાર નથી; તો પાછી હું જીભ કરડી મરી જઈશ. પણ મર્ણાંગતે શિયળ તો ભંગ નહીજ થવા દઉં. અરે ! પણ એટલો વખત આવે મારા અવયવ અવ્યવસ્થ થઈ અપવિત્ર થાય તેના કરતાં પ્રથમજ મરવું એ વધારે સારૂં છે. એક વિખ્યાત કવિશ્વરે કહ્યુંછે કે—

છે તે રૂપ ખરાબ આ જગતમાં જે શિળ રાખે નહી,
છે તે ધન્ય કુરૂપ નારી જનનું જે શિળ ચુકે નહી;
છે તે ધિઃક સદાય નારી જનને જે શિળ ત્યાગી ફરે,
તે પાષાણની પુતળી સમજવી ના ધર્મને આચરે.

દુનિયામાં સ્ત્રીનું ખરૂં ભુષણ પતિવ્રત—શિયળછે તો પછી તેને તજી જગતમાં રહેવું એ નિરર્થકછે. અહા ! નેકી ! નેકી ! તું ત્હારી બ્હેન નમ્રતા સાથ મળી એક ખુબસુરત અબળાના સલુખને શોભા આપેછે ત્યારે તેણીનો ચળકાટ આકાશના તારાઓ કરતાં પણ વધારે ચકચકીત લાગેછે. તો એવી નેકી એ જે નેકીનો અધિપતિ પ્રેમરાયને બનાવ્યોછે—જે પ્રેમરાય એ ઇમાન થઈ મને છોડી ચાલ્યો ગયોછે—તે નેકીને હું છોડી અલ્પ સુખ માટે બીજાની કહેવડાવા મુકું ? અરે કદી કોઈ બદમાસ મારા સામી બદ નજર કરે તો મારાથી જેટલું જોર થાય તેટલુ કરી તેના ફેદા કરૂં. પણ તાએ તો મરીને કકડા થઈ જાઉ તો પણ થાઉં નહીજ ”

આમ એક કોચપર બેઠી બેઠી તારા વિચારના વમળમાં આમથા તેમ ગોથાં ખાધા કરેછે; એટલામાં આશારૂપી અરૂણ ઉદયના સમાચાર આપવા લાગ્યા. એકદમ બારણું ઉઘડ્યુ—બ્હીકના આવેશથી તેણી ચમકી—પરંતુ આવનારાઓને જોઈ તેઓ શું કરેછે તે વિચારજ કરતી બેઠી. બારણું ઉઘડતાં ત્રણ મનુષ્યો અંદર દાખલ થયા. તારાએ આ ત્રણમાંના એકને તો સારી રીતે ઓળખ્યો. અને તેને જોઈ તે વધારે ચમકી—પરંતુ તેની બ્હીક તેના જીગરમાં વધારેવાર ટકી રહી નહી. તે સખ્સ પણ તેણીને જોઈ આશ્ચર્ય ચકીત થયો અને તે એટલુંજ બોલી શક્યો કે “ કોણ તારા ?”

આ શબ્દોચ્ચા-થી તારા કશું બોલી શકી નહી. અને જો કે અત્યાર સુધી તેણી તેને બેઈમાન ગણતી હતી. પરંતુ પોતાના વિચારને અનુસરી પ્રથમના કોલકરારને આધારે તેણી તેને એકદમ કંપીત હૃદયે બહાજી પડી.

"પ્રીતમ પ્યારીનો અકસ્માત મેળાપ થાયછે, તે વેલાએ તેઓના સુખ કેવાં અજાયેબ થાયછે તે અનુભવીજ જાણી શકે છે."

વાચકવૃંદ આ આવનાર મનુષ્યોને તમે ઓળખ્યાં તો હશે કેમ? તે પ્રેમરાય, ચંદા, અને તેઓની મા સુંદરબાઈ હતાં તેઓને આ બનાવ બનવાની અગાઉથી ખબરજ હતી. અને આજ સવારમાં બહાર પડેલા પેપરમાં "કરશનદાસ છબીલદાસ ભાવનગરીની અઢાર વર્ષની જુવાન છોકરી તારા ગુમ થઇછે." એ સમાચાર વાંચી પ્રેમરાય કદાચ સુરતવાળી તારા તો આ ન હોય? એમ શંકાશીળ થતાં માર તે ઘોડે ગાડી હાંકતો ચંદા તથા તેની માતુશ્રીને લેઈ તે અત્રે આવ્યો હતો. પોતાની શંકા દુર થતાં તથા ઘણે દિવસે મેળાપ થતાં તેઓની ચક્ષુમાંથી હર્ષાશ્રુ પડવા લાગ્યાં. તારાને શક પડતાં પ્રેમરાયને પુછ્યું કે "તમારી સાથે આ બંને કોણછે?" પ્રેમરાયે જવાપ આપ્યો. "એક મારી આ ન્હાની બ્હેન અને બીજાં આ મ્હારાં માતુશ્રીછે."

આથી તારાનો શક દુર થયો. અને ચંદા તથા સુંદરબાઈ જે આ પ્રેમરાયની સ્નેહીછે સમજી અત્યાર સુધી દુર ઉભાં હતાં. તેઓની પાસે જઈ તેણી તેઓને પણ ભેટી.

પ્રેમરાય—તારા, હવે ત્યાં વધુ રોકાવાનું કારણ નથી. કારણ આ મકાન મારા પીતાનુંછે. તદપી હું તેઓથી જુદો રહુંછું; 'અને એઓએજ તને આ આફતમાં લાવી નાંખીછે, પણ ધીરજ ધર અને પ્રભુનો પાડ માન કે દુષ્મનો તને કશી અડચણ કરી શક્યા નથી; અને તે આરસામાં તે કૃપાળુએ તારા રક્ષણ માટે અમોને ત્યાં ત્વરાથી મોકલ્યા; આ બધો પાડ તારે મ્હારી માતુશ્રીનો માનવાનોછે કે તેઓની નેક વૃતિને લીધે હું ન હતે તોપણ તેઓ ત્હારૂ રક્ષણ કરતેજ એમાં સંશય નહી.

"હા, પ્રેમરાય પણ મારી માતુશ્રી ક્યાં છે? અને મ્હારો વ્હાલો ભાઈ મને ખોળશે નહી?" તેણી સુંદરબાઇનો પાડ માની બોલી.

પ્રેમરાય—તારા ધૈર્ય રાખ, અને અમારી સાથે ચાલ. તુને તારી મા પાંસે પોચાડીએ. તારા ભાઇના પણ ગુન્હેગારોએ તારા કરતાં બુરા હાલ કીધા હતા પરંતુ ઇશ્વર કૃપાથી તે વખતસર અમને માલમ પડતાં તેને અમોએ બચાવી લીધોછે. હાલ તે આપણા કબજામાં છે. ફીકર ન રાખ દુષ્મનો પોતાના કૃત્યમાં ફસ્યા છે; અને તે તારા ભાઇને બચાવ્યા સંબંધનો તારે મારી આ બ્હેન ચંદાનો પાડ માનવાનોછે.

તારા ચંદ્રાને ફરીથી ભેટી તેઓ એકમેક ખુબસુરત લાવણ્યતાવાન—અને સરખી વયના હોવાથી આટલા થોડા વખતમાંજ તેઓને પરસ્પરસ દોસ્તીનો સંબંધ બંધાયો; અને તેઓ સર્વે તારાને લેઈ ગાડીમાં બેસી અત્રેથી વિદાય થયાં.

પ્રકરણ ૨૮ મું.

પસ્તાવાનો કીડો.

વ્યર્થ વિચારો પરહર પ્રીતે મુરખ દિલ તું થામા.
સમય પ્રમાણે વરતી લેવું, ગુંચવાડે ગુંચામા.
જ્યારે દેવ ફરે. ત્યારે કોણ સહાય કરે? ! (ચં-કાં.)

પડતી દશામાં મનુષ્ય પોતાના જીવને પોતે સચાઇની નાદર નશિયતો દેછે. પરંતુ ચઢતી દશામાં તો તે સચાઇની આંખ્યોનેજ આંધળી કરી નાખેછે. (જી. જો. જુ.)

તારાને લેઇ પ્રેમરાય વગેરેનુ અત્રેથી જવું થયાને થોડો વખત થયો એટલામાં મુંબઇથી કીશન લવજી અત્રે આવ્યો; અને તારાની હાલત જોવા તેના ઓરડા તરફ ગયો. તો ઓરડાના બારણા—જેના ઉપર પોતે તાળુ દઇ ગયો હતો તે—ખુલાં માલમ પડયાં. અંદર જઈ જોતાં તારાને દિઠી નહી. આશ્ચર્યચકિત થયો—દિવાના માફક બની ગયો. ગાભરો ગાભરો ચંપા પાસે જઇ પુછવા લાગ્યો " ચંપા પેલી છોકરી ક્યાં ગઇ અને દરવાજા ખુલા કેમ ?"

ચંપા—" શેઠજી, આપણા શાહજાદા પ્રેમરાયભાઈ તથા ચંદા, બ્હેન, અને અમારા શેઠાણી સાહેબ અત્રે આવ્યાં હતાં; અને તાળુ ઉઘાડી તેણીને લેઈ તેઓ અહુણાજ ગયાં.

" કુત્તિ તેં તેઓને અત્રે પેસવાજ કેમ દીધાં " કીશનજી દાંત કચરડી બોલ્યો.

" અરે શેઠજી તેમના આગળ મારો શો ઇલાજ ? તેઓ રોકવા જતાં મનેજ કચરવા લાગ્યાને " ચંપાએ પોતાના બચાવઅર્થે ડંફાસ મારી કહ્યું.

કીશનજી પાછો ફર્યો; અને દિવાનખાંનામાં જઈ બબડવા લાગ્યો. "અરે! હું હાલ ભાગ્યદેવીનો એટલો બધો ભોગ થઈ પડયો છુ કે સઘળી નવી યુક્તિઓ અને તાજી તદબીરોનો અંત નજરેજ જોઉ છું. અહા! હવે મારો એકે ઇલાજ રહ્યો નથી મારા ઘરના આદમીયોજ મારાં દુષ્મન થઈ સામાં આવવા લાગ્યાં ત્યારે હવે મારૂ બગડવા કાળજ સમજવુંને.? દિવસ વાંકો હોય ત્યારે ગમેતેવી બ્હાદુરી કરીએ પણુ તે નકામીજ છે. કવિ ચંદે પૃથુરાજ કેદ થયો. તે વખત કહ્યું છે કે "બંકે દીન બંકી ઘડી બકે હુવે ચુહાન, ખાંડુગ્રહતા કરજળ્યો કોસેટુટી કમાન" તે મુજબ મારે હવે થયું છે રમણુ જે મારા દુષ્મનનો છોકરો કે જે મારે ત્યાં સુંદરજીનું જુઠુ નામ ધારણુ કરી રહ્યો હતો. જેણે મારે હાથે તેના બાપનું ખુન થયાનું કથક જાણુવાથી મે તેને ડૉકટર ભોદલજીને ત્યાં મારી નાખવા રાખેલો હતો. પણ લુચ્ચામાં લુચ્ચો ડૉકટર ભોદલજી પણ પોતાની યુક્તિઓમાં ફસાયો. સરકારમાં તેના કત્લ માલમ પડતાં પકડાઈ ચુકયોછે. અને દુષ્મનનો છોકરો ત્યાંથી બચ્યોછે. કાલ રોજ તેઓનો કેસ ચાલશે. ડૉકટર ભોદલજી પોતાના બચાવર્થે મારૂ નામ દેશે. જેને માટે હું ગુન્હેગાર થઇશ. અહા! શો ચમત્કાર? હવે મારો પોતાનો ચિતાર જોઇ હું ધ્રુજુ છુ; અને મારા પોતાનાજ વિચારમાં હું ગાફેલ બની જાઊંછું મારાં પાપી કામ એક પછી એક પ્રદર્શીત થવા લાગ્યાં. અને આજ રોજ એકાએક આ ગમગીનીનાં વાદળાં મારા શિરપર ઘેરાઈ આવ્યાંછે. અરે! હું નથી જાણુતો કે હવે કોયા શીતમનો વર્ષાદ મારાપર વરસશે! અરે હું કેવો કમ્બખ્ત! અરે નિરદોષ રાધા, તારૂ શિયળ ભાંગવાને જે ઉધામાં મારેલાં, તુ પતિવ્રતા સ્ત્રીને મે તિરસ્કારથી ગાળો દીધેલી. અરે! તારી પવિત્ર અને નાજુગ છોકરીને ગુમ કરી તારી આંતરડી કકળાવેલી તે બધાનો બદલો—અરે તેથી પણુ તારા નિરદોષ પતિનું એક પૈસા સાથ તારો પ્યાર મેળવવા મે ખુન કર્યું; અને તમને દગો કરી ઘરબાર વીનાના નિરાધાર કરી મુકયાં. તેનો આ પ્રતક્ષ બદલો મને મળ્યો.! અરે હવે મારૂ શું થશે!" આમ વિચારી અફસોસ કરતો તે મુંબઇની દુકાને ગયો. ત્યાં તેને ખબર મળી કે તેને પકડવા વોરંટ નીકળનાર છે આ સાંભળી અમદાવાદ નામ દેઈ દુકાન લાલકાકાને સોંપી તે અત્રેથી ઉપડી ગયો."

પ્રકરણ ૨૯ મું.

કરશનદાસ ભાવનગરી.

જેમ મીઠાશપર સદા માખ ભમેછે.
તેમ દગલબાજ દોસ્ત આપ મતલબ રમેછે.
મીઠાશ બાજુ થાયછે. તે મતલબી સાથી.
તે પહેલો નાસેછે જુવેછે હાલત માઠી.

(મનસુખ)

આ દુનિયામાં સુખી અને દુઃખી મનુષ્યો તરફ પરમેશ્વરની સમદ્રષ્ટિનો પુરાવો સુખ દુઃખના રૂપ ઉપરથીજ જણાયછે કે દુઃખી માણસોને તેમના દુઃખનો બદલો બીજી જીંદગીમાં પણ મળવોજ જોઇએ.- ગોલ્ડસ્મિથ.

લાલકાકાને ખબર પડી કે શેઠ નાશી ગયા જેથી પોતે વિચારવા લાગ્યો કે હવે બચવાનું બારૂ રહ્યું નથી. વાત ફુટીછે. અને શેઠનો છોકરો જે વિલાયત જઈ બારીસટર થઈ આવ્યો છે તે પ્રતિપક્ષીઓના (મી. ભાવનગરીના કુટુંબના) પક્ષમાં છે. માટે જો હવે તેઓને મળી જઈ સર્વ બીનાથી વાકેફ કરી દઉ તો કદાચ બચવાનું બારૂ મળે. નહી તો પ્રથમ ફાંસીને લાકડે લટકવાનો આપણોજ વારો આવશે. વળી કીશનજીની હવે પડતી દશા આવીછે એટલે એનો પક્ષ પણ રાખવો નકામો છે” આમ વિચારી તેણે મિ. રસિકલાલ ભણશાળીના અગાઉ બતાવેલ ઠેકાણે રાધાને અત્રે બોલાવા પત્ર લખ્યો.

ચંદા, સુંદરબાઈ અને પ્રેમરાય, તારાના બતાવ્યા મુજબ તેણીને લેઇ તેઓ તેની માની પાસે આવ્યાં રાધાએ પ્રેમરાય—જો કે હઉણા તેની આકૃતીમાં ફેર થયો હતો તોપણ પ્રથમના ઘણા દિવસના પરીચયથી તેને ઓળખ્યો. તારાએ રાધાને પોતાના બચાવનાર તરીકે આ સખ્સોને ઓળખાવ્યા. રાધા તેનો પાડ માનવા સાથ તારાના ઓળખાવાથી ચંદા અને સુંદરબાઇને ભેટી તારાને કેવી રીતે દુષ્મનો ફસાવી લેઈ ગયા હતા. તે વાત જાણતા પ્રેમરાયે સોના પર સમન કડાવી પોલીસમાં પકડાવી એટલામાં પોષ્ટનો સીપાઈ રાધાના નામનો એક પત્ર આપી ગયો જેની મતલબ નીચે મુજબ હતી.

" મહેરબાંન રાધાબાઈ. "

" આપના પતિ કરશનદાસ ભાવનગરીનો પત્તો મળ્યોછે માટે આ પત્ર વાંચતાં તમારે કીશન લવજી ની પેઢીએ આવવું "

લી. તમારો સુભેચ્છક ખેરખાહ–શેવક
લીમજી લધાના યથાયોગ્ય.

અહા! કેટલો આનંદ! કેટલી ખુશાલી? કરશનદાસ ભાવનગરીનો પત્તો? અરે તે વાત કોઈ પણ માને? અને જો તે ખરી હોયતો કરશનદાસ ભાવનગરીના કુટુંબમાં આનંદનો કંઈ પાર રહ્યો.?!

આ પત્ર વાચતાંજ તેઓ સર્વે—ત્વરાથી કીશનજીની દુકાને ગયાં લાલકાકા પ્રેમરાય તથા સુંદરબાઈને પ્રથમ નમ્યો અને તેઓની પાસ વચન માગ્યુ કે " જે વાત હું કહુ તેમાં મને દોષીત ન ગણતાં મારો વાંક હોય તોપણ આપે મને માફ કરવો " પ્રેમરાયે તે પ્રમાણે વચન આપ્યું.

"આ વખત રાધા તથા રસિકલાલ અને પ્રેમરાય વીગેરે લાલકાકો શું કહેછે તે સાંભળવા ઉત્સુક થઈ રહ્યાં. એટલે લાલકાકાએ પોતાની વાત ચલાવી.—

આજથી છઠા વર્ષની વાતપર મી. ભાવનગરી એક લાખ રૂપૈયા લેઈ અત્રે વ્યાજે મુકવા આવ્યો હતો. આ વખતે કીશનજીનું ત્રીજોરીનું તળીયું દેખાએલું એવું ખાસ કેટલાંએક પેપરોમાં આવી ચુકે છે. મી. ભાવનગરી રૂપૈયા મુકી તેજ દિવસે એડન જવા અત્રેથી ઉપડતી સ્ટીમર પર ગયા. આ મી. ભાવનગરીના રૂપૈયા કીશનજીની ત્રીજોરીનું ગાબડુ પુરવા તેમ માગતા લેણાંવાળાઓને થોડા થોડા રૂપૈયા આપી સંતોષ કરવા ને બસ હતાં. આ આવેલા રૂપૈઆ પચાવી પડવાની તેની દાનત થઈ મે તેને તેમ કરતાં વાર્યો. પરંતુ—કપટી, પાપી, લુચ્ચા મનુષ્યોના મનમાં ધગધગતા તવાપર જળનુ બીંદુ જેટલી વાર રહી શકે છે. તેનાથી વધારે વાર સદ્બોધ રહી શકતો નથી.—તેમ તેણે મારો બોધ ઘણા વખતને માટે ગ્રહણ કર્યો નહી. આ વાત ચાલેછે એટલામાં કુદરતના મોકલવાથીજ મી. ભાવનગરી પાછો આવ્યો; અને રૂપૈયા પાછા માગવા લાગ્યો. કીશનજીએ તેને ઘણો સમજાવ્યો. તોપણ તેણે પોતાની હઠ છોડી નહી. આખર મને દુકાનપર જવા ઇશારો કરવાથી હું સ્ટેશન પર ગયો.

પરંતુ ટ્રેન નહી મળવાથી તેમ સાંજ પડી જવાથી હું પાછો આવ્યો પાછાં આવતાં ભુત વખારના ભોંયરામાં કંઇક બત્તી સળગતી હોય એવું અજવાળુ તેના બારણાની ફાટમાંથી જણાયું. હું ત્યાં જઇ તે બારણાની ફાટમાંથી જોવા લાગ્યો તો મી. ભાવનગરી બતી લેઈ સીડીએ રહી ઉતરે છે; એટલામાં પછવાડે રહી કીશન લવજીએ મી. ભાવનગરીના ગળામાં એક છરો માર્યો. નિરદોષ ભાવનગરીઆથી એક જબરી હાય મારી પછાડખાઈ ભોંયરામાં પડયો. બતી બુજાઈ ગઈ. આ ઘાતકી કામ મારાથી સહન થયું નહી. જેથી કીશનજી ગયા બાદ મે એક માળી-કે જે હાલ ભુતવખારના બગીચામાં ગાંડા તરીકે ઓળખાયછે. તેની મદદ લીધી અને એક છુપુ દ્વાર જેને વિશે કીશનજી બીલકુલ અજાણ હશે— ત્યાંથી અંદર દાખલ થયા મી ભાવનગરીના ગળામાંથી આસ્તે રહી. રક્તપી છરો કાઢી નાખ્યો અને જખમ પર એક પાટો બાંધી બ્હાર લાવી. ત્યાંને ત્યાંજ મારા એક દોસ્ત ડાકટરને ત્યાં એક રાતને માટે તેને રાખી દવા કરવા કહ્યું. બાદ લાગલો હું પાછો ભુત વખારના દિવાનખાંનામાં બેઠો તો મી. ભાવનગરીનો ડગલો ત્યાંજ પડેલો મે જોયો. તેના ગજવાં તપાસતાં તેમાંથી પેલા એક લાખ રૂપૈયા મુક્યાની કીશન લવજીએ લખી આપેલી રસિદ નીસરી જુવો સાહેબ આતે રસિદ—રસિકલાલે રસિદ જોઈ તે લીધી અને રાધાને આપી બાદ શું થયું તે જાણવા આતુરતા દર્શાવી.

કરશનદાસનુ ખુન કરી મી. કીશનજી બ્હાર આવી એક દિવાનાની માફક બની ગયો હતો. મે તેને ઉલટપાલટ ઘણા સવાલો પુછ્યા પણ તેણે ભાવનગરીના ખુનનો પત્તો પણ જણાવ્યો નહી આથી મને તેનાપર ગુસ્સો આવ્યો બીજે દિવસે એક ગાડી લેઇ તેમાં પેલા ડૉકટરને ત્યાં રાખેલા મી. ભાવનગરીને સુવાડી હું તેને કોલાબે લેઇ ગયો, અને ત્યાં બીજા એક મારા ડૉકટર દોસ્તને તેની સારવાર કરવા કહ્યું. અને એવી યુક્તિથી તેને રાખવા મે કહેલુ કે આજ સુધી તેઓ સૂર્ય ક્યાં પ્રકાશેછે એપણ જાણતા નથી. મી. ભાવનગરીની ખાવા પીવાની સારવાર માટે તે ડાકટરને હું દર માસે રૂ ૩૦) આપતો હતો. થોડા દિવસ મી. ભાવનગરીનુ ખુન કર્યાંને થયા નહી. એટલામાં ક્રૂર કીશનજીએ વાત ઉરાડી કે આગબોટ ડુબવાથી મી. ભાવનગરી તેમાં ગત થયા. તે સુરત ગયો; અને તેના ઘરમાંથી કંઇ કાગળીઆ ચોરી લાવી એક ખોટો લેખ ઉભો કરવા

મારી મદદ માગી. અને પાંનસે રૂપૈયા વર્ષાસન બાંધી આપ્યાથી લોભને માર્યે મે તે કામ કર્યું. મી. ભાવનગરીની સહીનો એક ચાળીસ હજારની રકમનો દસ્તાવેજ ઉભો કર્યો. હવે છેવટમાં જો હું મી. ભાવનગરીને જાહેરમાં લાવું તો કીશન લવજી માર્યો જાય, હું નિમક હરામ ખપું. અને મારા વર્ષાસન સાથ બીજા મળતા હજારો રૂપૈયા હું ખોઇ બેસું એ કારણથી મે મી. ભાવનગરીને અત્યાર સુધી અંધારામાંજ સખ્યો છે. અને પેલી પાંનસોની રકમ દર વર્ષ હું તેને સુખાકારીમાં રાખવા ત્યાં મોકલું છું. પરંતુ હવે કીશનજીના પાપનો ઘડો ફુટી ગયો છે. માટે આ વાત મે તમને કહી છે. ચાલો હવે મી. ભાવનગરી સાથ તમને મેળવી તે તમને સોંપું.

આ આનંદાયક વર્તમાન સાંભળી સર્વે અત્યંત ખુશ થયાં અને લાલકાકા સાથ સર્વે કોલાબે ગયાં. લાલકાકાએ મી. ભાવનગરીને તેઓને સોંપ્યા. અહા! આ વખત રાધા, તારા, તથા રસિકલાલ સાથ રમણને થોડો આનંદ થયો હશે ?! હદથી જ્યાદે. તેઓ અરસ્પરસ ભેટી હર્ષાશ્રુ ટપકાવા લાગ્યાં અને ખુશીબાખુશી મી. ભાવનગરીને લેઈ તેઓ સર્વે શંહેરમાં આવ્યાં.

પ્રકરણ ૩૦ મું.

સેસન્ કોર્ટ.

સ્વર્ગ નર્ક આ લોકના સઘળા રસ્તા રહેજ,
તે મળવાનાં ત્રણ જુવો આ દરવાજા એજ.
* * * * (ક. દ. ડા.)

પાપી મનુષ્ય કોઈ દિવસ સુખી થાયછે એવું કોઇએ સાંભળ્યું છે?! અધર્મિ, દુષ્ટ, પાપવાસનાથી ભરેલાં કપટી, વિશ્વાસઘાતી વ્યભીચારી છળથી, પુર્ણ મનુષ્યો પરીણામે દુઃખને દુઃખજ પામે છે.
(દી. હ. ઈ. સ. દે.)

આજનો દિવસ તો કરમીન કામ કરનારાઓને પુરતી રીતે શાસન કરવા તરીકેનો ઉદય થવા લાગ્યો નેકીના ફળ નેકીએ વળગી

રહી બદીના ફળ ન્યાયાસન આગળ તુટી પડવાનો વખત આવ્યો સોનાના કીધેલાં કત્લ બદલ તેણીને આજરોજ મેદાંનની સેસન્ કોર્ટમાં નોધવામાં આવી છે; અને તેની સાથે પેલા નામદાર બાપના શાહ-જાદાઓ મનમોહન વીગેરેને પણ દોરાવું પડ્યુ છે. બીજી તરફ ડૉક્ટર ભોદલજીનેપણ તેના પાપી કત્લનો બદલો મેળવવા અત્રેજ ઉભો કરવામાં આવ્યો છે.

પ્રથમ પોલીસકોર્ટમાં તોહોમતદારોની જુબાની થતાં પોલીસે મદદગારોને ખોળી કાઢી ગુન્હો સાબીત ગણી અત્રે કમીટ કીધો હતો.

કીશન લવજીની આ તમામ કામમાં ઘણી જરૂર હતી પરંતુ તે નાશીગયો હોવાથી તેને પકડવા કોર્ટે વારંટ કાડ્યું હતું.

સોના સામી ફરીયાદ તારાનીછે; અને ડૉક્ટર ભોદલજી સામે રમણલાલ તથા મનમોહન વીગેરેપર રાધાની ફરીયાદ છે. અને આ ત્રણે ફરીયાદી તરફથી પ્રેમરાય બારીસ્ટર હાજર છે. સોના તરફથી મી. ગજ્જર અને બુદેલીયા સોલીસીટરોની ફરમાસથી મી. ખંડાલેવાલ તથા દાક્ટર ભોદલજીના તરફથી મી. સોરહીયા બારીસ્ટરો હાજર હતા. જડ્જ સાહેબ આવી ન્યાયાસને બીરાજ્યા. અને આજના કેસો વીશે સીરસ્તેદારને પુછ્યું.

જડ્જ—ઉવૅલ મી. રઘુનાથ હાકિમેની કેસીઝ આર ઑન બોર્ડ ટુડે ?

સીરસ્તેદાર—થૅર આર સેવ્ન સર.

જડ્જ—હુ ઈઝ ધી કમ્પ્લેન્ટ ઑફ ધી ફર્સ્ટ ઇઝ હી પ્રેઝન્ટ હીયર ?

સીરસ્તેદાર—યસ, સર. બટધ વીટનેસ સીઝઆર નૉટ પ્રેઝન્ટ.

જડ્જ- -ઉવૅલ કીપ ઇટ અપ ફૅાર ધેન કસ્ટડેટ વૉરંટ ધેમ ટુ બી. પ્રેઝન્ટ ધેટ ડે.

સીરસ્તેદાર—ઉવેરી વૅલ સર.

જડ્જ—આઈ સે કૉલ ફૅાર ધ કમ્પલેન્ટ ઑફ ધી અધર કેસ.

સીરસ્તેદાર—બાઈ તારા.

સીપાઈ—બાઇ તારા હાજર હે ?

તારા—હાજી, તારા ડાખલ થાય છે.

સીરસ્તેદાર—બાઇ સોના.

સીપાઈ—સોના હાજર હે?

સોના—હાજર સાહેબ.

તોહોમતદારને પીંજરામાં ઉભી કરી ફરીયાદીની જુબાની લેવી શરૂ થાય છે.

સીરસ્તેદાર—તારા બાઇ આપ કહેશો કે હું જુઠુ બોલુ તો મને પરમેશ્વર પુછે.

તારા—હું જુઠું બોલું તો મને પરમેશ્વર પુછે.

સિરસ્તેદાર—આપનું નામ શું?

તારા—મારૂં નામ તારા, કરશનદાસ ભાવનગરી ઉમ્મર વર્ષ અઢાર, જાતે ભાટીયા, ધંધો નોકરીનો, ઠા. બાપદેવ સ્ટ્રીટ, રશિકલાલ શ્યામજીના માળામાં.

ફરિયાદીના વકીલ મી. પ્રેમરાયે ઉઠી સવાલ કરવા શરૂ કીધા.

પ્રેમરાય—વારૂ, આ સોનાને તમે ઓળખો છોકે?

તારા—હાજી, એ મારી સાથ સ્કુલમાં નોકર છે.

પ્રેમરાય—આપ કેઈ સ્કુલમાં નોકર છો.?

તારા—ખેતવાડીની નૌરોજ કન્યાશાળામાં.

પ્રેમરાય—આપ તેનાથી ઉતરતા કલાસમાં છો કે ચડતા?

તારા—સાહેબ ચડતા, એને સત્તર મળેછે ને મને પાંત્રીસ.

પ્રેમરાય—આપને ને તોહમતદારને કંઈ દોસ્તીછે?

તારા—નાજી, હું સ્કુલમાં નોકર થઈ; અને જ્યારથી એઓ ઉપર મે ચાન્સ મેળવ્યો ત્યારથી તેઓને અને મ્હારે બોલવા સંબંધીનો વ્યવહાર પણ બંધછે. પરંતુ થોડા દિવસ પર તેઓના ઘણા કાલાવાલાથી હું એઓને ત્યાં જંબા ગઈ હતી.

પ્રેમરાય—તેને ત્યાં શું હતું.?

તારા—તેતો કહેતાં હતાં કે ગયા માસમાં મનેમાતાનું થવાથી મારી માએ ગોયણીયો જમાડવાની બાધા રાખી હતી.

પ્રેમરાય—તોહમતદાર તમને જંબા બોલાવા આવી ત્યારે તે કંઈ વાહન લાવી હતી? તથા તે બોલાવા આવી ત્યારે કેટલા વાગ્યા હતા.?

તારા—તે વખત સાડા અગીયાર થયા હતા. અને તેઓ બે ઘોડાની ફેટીન લેઈ આવ્યાં હતાં જેમાં બેસાડી મને તેઓનેઘેર લેઈ ગયાં હતાં.

પ્રેમરાય—તમે ત્યાં ક્યાં સુધી રહ્યાં ?

તારા—લગભગ સાડાપાંચ સુધી હું ત્યાં હતી. બાદ સાંજ પડવા થી મેં ઘેર આવવા તેઓ પાસ રજા માગી. તે વખત તેઓએ એક બહુરંગની ઓઝલીયાની ઝીકની કોર મુકેલી સાડી મને અતિ આગ્રહથી આપી. અને એક અત્તરની શીશી તેઓએ મને આપવા માંડી જેનો મેં સ્વીકાર ન કરતાં શોખ નથી કહ્યું. તોપણ તેઓએ મને ઘણોજ આગ્રહ કર્યો અને પસંદ કરવા જરા સુંગવા કહ્યું. મેં જરા શ્વાસ લીધો એટલામાં હું શુદ્ધિ વીનાની થઈ પડી. પછે મારૂં શું થયું તે મને ખબર નથી. બાદ બીજા દિવસના આઠ વાગે મને તેનું ઘેન ઉતર્યું. જાગી જોઉંછું તો હું આશ્ચર્ય ચકીત થઈ. ન મળે મારૂં ઘર કે ન મળે મારી માય, અને હું એક વિશાળ મકાનમાં બંધ હતી. એટલામાં આપે તથા આપની બ્હેને, તથા આપની માતુશ્રીએ આવી મને ઉગારી.

પ્રેમરાય—આ બાબત તમારો કોઈ સાક્ષીછે. ?

તારા—જી હા, સુંદરબાઈ, ચંદા બ્હેન અને મારી મા છે.

પ્રેમરાયનો સવાલ નહિ હોવાથી તોહમતદાર તરફથી મી. ખંડાલેવાલા બારીસ્ટર ક્રોસ કરેછે.

ખંડાલેવાલા—તારાબાઈ આપને મારે ફક્ત થોડુંજ પુછવાનું છે. તે કહેશો કે જો તમારે સોના સાથે દોસ્તી હતી નહી તેમ તમે તેની ન્યાત નહિ હતાં તો તેને ત્યાં ગોયણી થઈ કેમ જમવા ગયાં. ?

તારા—સાહેબ, એ સવાલનો જવાબ અગાડી આવી ગયો છે તદપી આપને જણાવું છું કે સ્કુલમાં તેઓ પોતે મારા તરફ જે આજ સુધી દુષ્મનાઇની ચષ્મ રાખતાં તેની માફી માંગી અને કહ્યું કે સદરહુ પ્રસંગે મારે ત્યાં આપણો દોસ્તીનો હક ઘણે દીવસે તાજો થયો માટે જંબા આવવું. અને એ બાબત મારી માતુશ્રી આગળ ઘણા કાલાવાલા કરી ગઈ ત્યારે તેઓએ મને મોકલી. હું ગોયણી થવા નહી ગઈ હતી. તેમ તેણીએ મને ગોયણી થવાનુ નહિ કહ્યું હતુ પરંતુ તે પ્રસંગે જંબાનું કહ્યું હતુ.

જડજ—હેવયુ એની મોર કવેશ્ચન મી. ખંડાલેવાલા. ?

ખંડાલેવાળા—નો સર.

જડજ—ગો ઑન સુંદરબાઈ કો બુલાવ.

પ્રેમરાય—સાહેબ. એઓને બોલાવ્યા અગાઉ એમના એક નોકરની સાક્ષી દર્શનીક પુરાવા વરીકે બહુ અગત્યની થઈ પડે તેમછે. અને તે હાજર છે.

જડજ—યસ. ગો ઑન.

નોકર હાજર થાયછે. તેને પ્રતીજ્ઞા આપી નામ ઠામ પુછ્યા બાદ

પ્રેમરાય—આ તોહોમતદાર તથા ફરીયાદીને ઓળખે છે કે ?

નોકર—હાજી, દીઠે ઓળખુંછું.

પ્રેમરાય—તેઓને વિશે તું શું જાણે છે. ?

નોકર—એક દીવસ મનમોહનદાસનો ઘાટી ચીઠી લેઈ મારી શેઠાણીને ઘેર આવેલો તે વખત મારી શેઠાણીએ મને વાતથી માહેતગાર કરી મનમોહન તથા મારા શેઠ કયાં જાયછે. અને શું બીના બનેછે તે જાણુવા મને તે ઘાટી પછવાડે છુપી રીતે મોકલ્યો. તો મનમોહન લાલુ અને ભાઈદાસ વીગેરે કાવસજી પટેલના તલાવ પાસેની હોટલમાં બેઠા હતા. બાદ થોડી વારે મારા શેઠ પણ ત્યાં આવ્યા. આ મારા શેઠ સુધાં ચારે દોસ્તોમાંથી મને કોઈ ઓળખતું નહિ એથી આઘે બેસી એઓની વાત સાંભળવા મને સુગમ પડતું હતું. આજ રોજ તેઓ તોહોમતદારને ઘેર ગયા. અને ફરીયાદીને જબાને મ્હાને બોલાવાનો ઠરાવ કર્યો. તોહોમતદારના મહેનતાણા બદલ તેને તેઓ દોસ્તોએ રૂ. એકહજાર રોકડા તથા બે ઝીકનીકોરવાળી સાડીઓ આપવાનું કબુલ કરી તે ઠરાવ બીજા દીવસ પર મુલતવી રાખી તેઓ અત્રેથી ઉઠયા. અને ઘેર ગયા. બાદ બીજે દિવસે પાછા કાવસજી પટેલના તલાવ પાસેના હોટલમાંજ એકઠા મળ્યા; અને પાછા તોહમતદારને ઘેર તેઓ ગયા. તોહોમતદારે કહ્યું. નોતરૂ દેઈ આવી છું અને તેણી કાલે આવશે. માટે તમારે કાલની સાંજના છ વાગતે ગાડી લેઈ નીચે ઉભા રહેવું હું તમને ઇશારો કરૂં એટલે તમો ઉપર આવજો. મારા શેઠે આ વખત એક શીશી તેણીને આપી. અને કહ્યું આ તેને ન્હાય તે બાંને સુંગાડજે એટલે તેણી બેભાંન થશે એટલે આપણુને ફાવશે. તોહમતદારે તે શીશી લીધી. બાદ સર્વે બીજા દિવસની સાંજના છવાગે ગાડી લેઈ પાછા આવ્યા. હું પણ તે દિવસે પાંચ વાગ્યાનો જઈ તે મકાન નિચે આમથી તેમ ફરતો હતો એટલામાં મારા શેઠ વગેરે ગાડી લેઈ આવ્યા. થોડી વારે

તોહમતદારે તેઓને ઇશારો કરવાથી ઘોડાની લગામ હું ત્યાં ઉભો હોવાથી જરા રોકવાનું કહી તેઓ ઉપર ગયા. અને ફરિયાદીને બેભાંન અવસ્થામાં નિચે ઊંચકી લાવી ગાડીમાં નાખી તેઓ પરેલ ભણી ચાલતા થયા—

પ્રેમરાય—તું પછવાડે કાં ન ગયો ?

નોકર—તેઓના પ્રથમના ઠરાવથી મને ખબરજ હતી કે તેઓ પરેલ પરના મારા શેઠને બંગલેજ જવાના છે તેથી હું તેણી બાજુ ન જતાં લાગલેંજ મારી શેઠાણીને કહેવા ગયો.

ખંડાલેવાલા—ત્યારે તોહોમતદારના ઉપર જે વાત થતી હતી તે સર્વે તું નિચે બેસી જ સાંભળતો કેમ ?

નોકર—નાજી. તેઓ સર્વે ઉપર ગયા બાદ દાદરના ફરેદારની અંદર એક તાકુ હતુ તેમાં છુપાઈ ઘોડાની લગામ બીજાને સોંપી હું દિવાનખાનામાં થતી વાત સ્પષ્ટ રીતે સાંભળતો હતો જ્યાં રહી સાંભળતાં મને કોઈ દેખી શકતું નહિ.

જડજ—પ્રેમરાય આ કામમાં સુંદરબાઇની જુબાનીની ઘણી અગત્ય છે.

પ્રેમરાય—તો તેઓ તૈયાર છે સાહેબ.

આ વખતે તારાના શિયળનું રક્ષણ કરવા દયાના બગલાં ભરનાર પતિવ્રતા સુંદરબાઈ સાક્ષી રૂપે ડાખલ થઇ સીરસ્તેદારે તેને પ્રતીજ્ઞા આપ્યા બાદ નામ ઠામ લખી લીધું.

જડજ—આ કામમાં આપ જે કંઈ સાચી બીના જાણતાં હો તે કહી દ્યો.

સુંદરબાઈ—એક દિવસ મારા ધણીના દોસ્ત મનમોહનની મારા ખાવીંદપર ચીઠી આવી. મારા ખાવીંદ મારા મકાનપર કોઇકજ વખત આવેછે. આ વખત તેઓ ત્યાં નહિ હોવાથી તે ચીઠી મારા હસ્તમાં આવતાં મેં વાંચી તો તેમાં એક છોકરીને પંજામાં સપડાવવાની મતલબ હતી મારા ખાવીંદ તથા તેના દોસ્તોની આ વર્તણુકથી મારી લાગણી દુખાવા લાગી અને તેઓના વિચારની હું વિરૂદ્ધ થઈ. મનમોહન ઘણો લુચ્ચો છે એ હું જાણતી હોવાથી તે ચીઠી લાવનારને વિદાય કરી તેની પાછળ તેઓ શું યુક્તી કરેછે; અને કોણ ગરીબ બાળાને તે બ્યથામાં નાંખેછે તે જાણવા મારા એક છુપા જાસુંસને મોકલ્યો. મારો જાસુસ દરરોજ જે બીના બનતી તે મને કહી જતો

હનો બાદ એક રાત્રે ફ્રીયાદીને તોહમતદારના ઘરમાંથી બેભાન કરી ઉડાઉ ગીરા લેઈ ગયા. એ ખબર મને મારા જાસુસે આપતાં અમો બીજા દિવસે મારા ધણીના પરેલપરના બંગલે ગયાં ત્યાંથી તેણીને છોડી લાવી તેની માને સોંપી.

જડજ—આપની પાસે પેલી મનમોહનદાસે મોકલેલી ચીઠીછે?

સુંદરબાઈ—હાજી આ રહી. (ચીઠી રજુ કરેછે.)

ખંડાલેવાલા—એ ચીઠી મનમોહનની છે એવી શું ખાતરી.

સુંદરબાઇ—મારી પાસે તેની બીજી ચીઠીઓ છે તે પણ હું રજુ કરૂંછું. જે બતાવેથી ખાતરી થશે.

પ્રેમરાય—આ વખ્તે કોર્ટને મારે જણાવાની અગત્ય છે કે મનમોહનદાસપર આ કામ સંબંધી ફ્રીયાદીને ઉડાવી લેઈ ગયા બાબત ફરીયાદ મંડાઈ છે. અને તે વખતે આ ચીઠીઓ તેના હાથની છે કે કેમ તેનો ખુલાસો કરી લેવો અગર હાલ ખુલાસો મેળવવો હોયતો તેને સાક્ષીમાં ડાખલ કરવો.

જડજ—નહી બેવડા ખુલાસા મેળવવાની જરૂર નથી. જે વખતે તેનાપર કામ ચાલશે તે વખતે શંકા દુર કરીલેઇશું અને મી. પ્રેમરાય તેઓનો કેસ પણ આ કેસને લગતો છે. જેથી તેઓનો કેસ ચલાવ્યા બાદ આ કેસનો ઠરાવ આપવો હું દુરસ્ત ધારૂંછું.

પ્રેમરાય—ઉવૅરી ઉવૅલ સર.

ફ્રીયાદીના સાક્ષી પુર્ણ થતાં તોહોમતદારની જુબાની થાયછે

સીરસ્તેદાર—બોલો હું જુઠું બોલુ તો મને પરમેશ્વર પુછે.

સોના—હું જુઠું બોલું તો મને પરમેશ્વર પુછે.

સીરસ્તેદાર—તમારૂં નામ શું. ઉમર, ધંધો, ઠેકાણું?

સોના—મારૂં નામ સોના. બાપનું નામ રામશંકર, ઉંમર વર્ષ ૨૨, જાતે બ્રામણ, ધંધો નોકરી, ઠા. વચલા ભોઈવાડામાં જમનાદાસ શેઠના માળામાં.

મી. ખંડાલેવાલા—આ ફ્રીયાદીને તમે ઓળખો છો કે?

સોના—હાજી અમો એક સ્કુલમાં નોકર છેએ.

મી. ખંડાલેવાલા—વારૂ તમો તેઓપર કંઈ દુષ્મનાઈ રાખોછો?

સોના—નાજી.

મી. ખંડાલે—તમોએ તેઓને તમારે ત્યાં જંબા બોલાવ્યા હતાં?

સોના—હાજી મારી માનતાની ગોયણીઓ હતીયો તે દીવસે મારે દોસ્તી હોવાથી જંબા બોલાવેલાં.

મી. ખંડાલેવાલા—તમોએ તેને જમાડી દોસ્તનાં હકમાં કાંઇ આપ્યુ તું ?

સોના—એક ઝીકની કોર ભરેલી બલુરંગની ઓઝલીયાની સાડી તથા એક અત્તરની શીશી.

મી. ખંડાલેવાલા—તેઓ પછી તમારે ઘેરથી ક્યારે અને કયાં ગયાં હતાં ?

સોના—તેઓ મારે ત્યાંથી ચાર વાગે ગયાં અને તેઓ ચરની રોડપર ફરવા જવાનું કહેતાં હતાં.

ફરીયાદીના વકીલે ક્રોસ કીધા.

પ્રેમરાય—સોના બાઈ મને કહેશો કે તમારી માનતાની ગોયણીયો કેટલી માની હતી અને જે દિવસે ફરિયાદીને જંમ્બા બોલાવ્યાં તે દિવસે જંબામાં કેટલી હાજર હતી ?

સોના—ગોયણીયો તેર માની હતી. અને તેરેને જંબાનું કહ્યું હતું. પરંતુ ફરીયાદીના આવ્યા અગાઉ તેઓ જમી વિદાય થઇયો હતીયો.

પ્રેમરાય—જે જંબા આવીયો હતીયો. તેઓમાંથી એક બે અત્રે બોલાવી શકશો અગર તેમાંથી કોઇનાં નામ દેઈ શકશો ?

સોના—આજ સુધી તેઓનાં નામ કેમ સાંભરે ? અને હાલ કોઇ સાસરે હશે કે કોઈ પીએર હશે તો તેઓને કયાં ખોળીએ.

પ્રેમરાય—ઠીક હવે સમજાયું. મગર હવે જરા એટલું તો કહો કે ફરીયાદીને તમે અત્તરને નામે કલોરોફાર્મની દવા સુંઘાડી બેભાન કીધાં હતાં ?

સોના—નાજી. તેમ કરવાનું કાંઈ કારણ ? જે આપવામાં આવ્યું હતું તે અત્તરજ હતું જે લેઈ તે ખુશીબા ખુશીથી મારે ઘેરથી સીધાર્યા હતાં.

પ્રેમરાય—ઠીક ત્યારે એ વાત પડતી મુકીએ. પણ એટલું તો કહેશોને કે ફરીયાદીને તમે જંબા તેડવા ગયાં ત્યારે પેલી બે ઘોડાની ફેટીન કોની લઈ ગયાં હતાં ?

સોના—(આ સવાલથી ઘણીજ કચવાઈ બોલી.) કીશનજી શેઠની.

પ્રેમરાય—હાં, ! કીશનજી શેઠને તમે ઓળખોછો ! અને તે શાથી?

સોના—તેઓનેને અમારે ઘણા દિવસની લેવડ દેવડ ચાલે છે માટે ઓળખુછું.

પ્રેમરાય—ફરીયાદીને ફસાવવા માટે કીશનજીએ તમને કેટલા રૂપૈયા તમારા મહેન્તાણા બદલ આપ્યાછે? સાચુ બોલજો.

સોના—સાહેબ, એ વાત ખોટીછે.

જડજ—હેવયુએની મોર ક્વેશ્વન. મી. પ્રેમરાય?

પ્રેમરાય—નો સર.

તોહોમતદારનો પુરાવો વધુ નહી હોવાથી તે કામ ઠરાવપર મુલત્વી બીજો કેશ ચલાવામાં આવ્યો.

સીરસ્તેદાર—તોહમતદાર ભોદલજી અને ફરીયાદી રમણુલાલ કું બુલાવ.

અરજદાર તથા તોહમતદાર હાજર થાયછે. ફરીયાદીની જુબાની શરૂ થાયછે. પ્રતીજ્ઞા આપ્યા બાદ—

પ્રેમરાય—તોહોમતદાર ડૉકટર ભોદલજીને આપ ઓળખોછો? અને તે કયારથી?

રમણ—કીશન લવજીને ત્યાં હું નોકર હતો. ત્યાં મારૂં મગજ ભમવાથી હું દિવાના માફક બનેલો બાદ થોડા દિવસથી હું સદરહુ ડૉકટરને ઘેર પડેલોછું તેથી તેને દિઠે ઓળખુછું.

પ્રેમરાય—તોહોમતદાર તમને દવામાં ઝેર આપતો હતો એમ તમે શા ઉપરથી કહોછો.?

રમણુ—તોહોમતદારને ત્યાં હું આવ્યો બાદ મારૂ મગજ સાફ હતું. આ વખત એક ઘાટી મને દવા આપતો હતો. આ દવા નીચે કાળી તથા ઉપર પાણી જેવી હતી. અને તે હલાવેથી બલુંરંગ થઈ જતો હતો. હું ક્યાં પડયોછું. એવો મને વિચાર આવતાં ઘાટી મને પ્રથમજ દવા આપવા આવ્યો હું તે દવા પીવા જેવું ડોળ કરી કડવી લાગવાથી એક પોળા મોંની શીશીમાં કોગળા કરી નાંખતો. એમને એમ બે ત્રણ દિવસ ચાલ્યું બાદ એક દિવસ રાત્રીના અગીયાર વાગ્યે ડૉકટર પોતે મારી પાસે આવ્યો. તો મને ઊંઘતો જોયો. એટલે ઘાટીને કહ્યું કેમ આ દવા પીએછે ને? ઘાટીએ કહ્યું હાજી. ડાકટરે કહ્યું. તેથી કેમછે? ઘાટીએ કહ્યું પ્રથમના કરતાં ઠીકછે. પણ બદન સીથીલ થતું જાયછે. ડૉકટર બોલ્યો વેરીવલ. પણ લાવ જોઇએ જે

દવા તું એને આપેછે તે હવે કેટલીછે ? આ પ્રમાણે પુછવાથી ધાટીએ તે શીશી તેને બતાવી એટલામાં બહારના હોલમાં ખુમાટો થતાં તેઓ બંને બહાર ગયા. આ વખત પેલી શીશી તેઓ ટેબલપરજ ભુલી ગયા. જો કે મારામાં આ વખત જોઇએ તેટલી શકતી નહોતી. તદપી બનતી જોગવઇએ હું ઉઠ્યો. અને પેલી શીશી લેઈ વાંચવા લાગ્યો તો તેના ઉપર એકોનાઇટ (Aconite) એવું નામ હતુ. એકોનાઇટ એ નામનું ઝેર થાયછે. એવું મને માલમ હોવાથી તે શીશી મેં મારા ખીસામાં મુકી. અને પેલી કોગળા કરેલી શીશી પણ એક કપડામાં છુ-પાવી રાખી. કેટલીકવારે કેટલાક સીપાઇયો ડૉકટરને પકડી મને ખોળતા અંદર આવ્યા. પોલીસમાં મેએએ શીશીયો તેજ વખતે રજુ કરી છે.

જડજ—આ બાબત તમારો કંઈ પુરાવોછે ?

પ્રેમરાય—હા સાહેબ. એક ચંદા નામની કીશન લવજીની છોકરી છે. તે ફરીયાદીને ને કીશન લવજીને શી રીતે દુષ્મનાઈ થઈ અને કીશન લવજીએ ફરીયાદીને મારી નાંખવા સુધી પગલાં કેમ ભર્યાં તેનો સ્પષ્ટ ખુલાસો કરી આપશે અને તે હાજરછે.

તોહોમતદારનો ફરીયાદી ઉપર કંઈ સવાલ નહી હોવાથી ચંદાની જુબાની શરૂ થઈ. તેને પ્રતીજ્ઞા આપી નામઠામ પુછ્યા બાદ—

પ્રેમરાય—આ બંને પક્ષકારોને તમે ઓળખોછો ?

ચંદા—હાજી ફરીયાદી મારે ત્યાં પેઇન્ટરનું કામ કરતો હતો; અને તોહોમતદાર અમારી ન્યાતનો એક ડૉકટર છે.

પ્રેમરાય—તમારે ત્યાંથી ફરીયાદીને ડૉકટરને ત્યાં કેમ મોકલવામાં આવ્યો. તે વીશે કંઈ તમે જાણોછો ?

ચંદા—હાજી, તે વાત હજુ મારા જીગરમાં તાજી છે. થોડા દિ-વસપર ફરીયાદી કાંઇક સબબથી દિવાનો બની ગયો હતો; અને મારા બાપને ખુન કરનાર ખુન કરનાર એમ ગાળો દેતો હતો. આથી એક દિવસ તેઓ પ્રભુ જાણે કેમ ઉષ્કેરાયા; અને એક રાત્રીએ તેની દવામાં ઝેર ભેળવવા યુક્તી કરી આ વખત રાત હતી. દરદી મારો ચિતારો હોવાથી હું તેની હાલત જોવા ગઈ. એટલામાં બ્હારથી કોઇ અંદર આવતું હોય એવા ગણુસારા થતાં હું ત્યાં પડેલા કોચ પછવાડે ભરાઈ જોવા લાગી. તે આદમી અંદર આવ્યો. ફરીયાદીને ઊંઘતો જોઈ તે તેની દવામાં કંઈ ભેળસેળ કરી પોતાનું કાર્ય ફત્તે થયેલું સમજી ચા-

લતો ગયો. આ આદમી મારો બાપ (કીશન લવજી) પોતેજ હતો. આટલી રાતે છાની રીતે આવી દર્દીની દવામાં ભેળસેળ કરી ગયો તેનું કાંઈ કારણ હોવું જોઇએ એવી મને શંકા થતાં તે દવાની સીસીની જગાએ એક પાણીની સીસી ગોઠવી તે દવાની સીસી ઉપાડી લેઈ હું મારા ઓરડામાં આવી. અને સવાર થતાં પરેલપરના પ્રખ્યાત ડૉકટર જહાંગીરજી ફરામજી દારૂવાળા બોલાવી બતાવતાં તેઓના કહેવાથી તેમાં "એકોનાઇટ" નામે ઝેર મીશ્ર હતું.

જડજ—તે સીસી આપની પાસેછે?

ચંદા—"હાજી તે આ રહી" ચંદા દવાથી મીશ્ર થએલી ઝેરની શીશી રજુ કરેછે.

જડજ—પછી શું થયું?

ચંદા—બાદ એક દીવસ દર્દી તેની રૂમમાંથી ગુમ થયેલો મને માલમ પડ્યો. હું તેની તપાસમાં હતી. એટલામાં મારી ચંપા નામની ચાકરડીએ મારા હાથમાં એક કાગળ મુક્યો. જે કાગળ "ફરીયાદીને તમારે ત્યાં રાખી તેને આસ્તે આસ્તે જેર કરવો અને તે બદલ હું મારી છોકરી તમને પરણાવીશ." એવી તોહોમતદારને મારા બાપે કરી આપેલ લેખની નકલ હતી.

જડજ—તે આપની પાસેછે?

ચંદા—"હાજી, આ રહી." ચંદા તે નકલ રજુ કરેછે.

જડજ—પછે?

ચંદા—બાદ હું મારા બાપના આ અઘોર કૃત્યથી કંટાળી મારી મા–જેને મારા બાપ જુદા રાખતા હતા. તેને ત્યાં ગઈ. અને ફરીયાદી પર આવી પડેલા સંકટમાંથી તેને બચાવવા તેણીની મદદ માગી. આ વખત મારા ભાઈ બારીસ્ટર થઈ વિલાયતથી આવ્યા હતા. મેં તેમને આ સર્વે વાત વિદીત કરી. તેઓએ પોલીસમાં જાહેર કરી ફરીવાદીને છોડાવ્યો એજ હું જાણુંછું.

મી. સોરઠીયા—બોલો ચંદા બ્હેન, કીશનજી તમારા બાપ થાય કે?

ચંદા—હાજી.

મી. સોરઠીયા—ત્યારે તમારા બાપની તરફેણમાં તમે ન રહેતાં ફરીયાદીની તરફેણમાં રહોછો તેનું કાંઈ કારણ? શું તમારા બાપથી તમોને નથી બનતું?

ચંદ્રા—નાજી બનેછે. પરંતુ હું સદા સત્ય બોલુંછું. અને જે સત્ય હતું તેજ મેં કહ્યુંછે તેમાં મેં કોઇનો પક્ષપાત કીધો નથી.

ચંદ્રાની જુબાની થઈ રહ્યાબાદ ફરીયાદીના સાક્ષી પુરા થતાં તોહોમતદારની જુબાની ચાલવી શરૂ થઈ.

સીરસ્તેદાર—ડૉકટર બોલો જુઠું બોલું તો પરમેશ્વર પુછે.

ડૉકટર—હું જુઠું બોલું તો મને પરમેશ્વર પુછે.

સીરસ્તેદાર—નામ, ઉમર, જાત, ધંધો, ઠેકાણું વીગેરે લખાવો.

ડૉકટર—મારૂં નામ ભોદલજી વીરજી, જાતે ભાટીયા ઉમર વર્ષ. ૪૫) ધંધો ડૉકટરનો ઠા. મચ્છી બજાર—

તોહોમતદારના વકીલે ઉઠી સવાલ કર્યા.

મી. સોરઠીયા—આપ આ ફરીયાદીને ઓળખોછો કે?

ડૉકટર—હાજી કીશનજી શેઠને ત્યાં એ નોકર હતો. થોડા દિવસ પર તે ત્યાં દીવાનો થવાથી તેને મારા પ્રાઇવેટ મેડહાઉસમાં દવા કરાવા તેઓ મુકી ગયા હતા.

મી. સોરઠીયા—કીશનજી કોણછે તથા તે કેવોછે?

ડૉકટર—તે અત્રેના શરાફ બજારનો નામાંકીત શરાફછે; અને ઘણો આબરૂદારછે.

મી. સોરઠીયા—રજુ થએલી એકોનાઇટની શીશી વિશે તમે કશું જાણોછો?

ડૉકટર—હાજી એ દવામાંથી અમે ઘેનની ગોળીયો બનાવીએ છીએ

મી. સોરઠીયા—ફરીયાદીને કોઈ દિવસ એ દવામાં આપતા હુતા?

ડૉકટર—નાજી, બીલકુલ નહી. વધુ સવાલ નહી હોવાથી તે બેસેછે.

જડજ—ગોઓન. મી. પ્રેમરાય.

પ્રેમરાય—યસ, સર. (તોહોમતદાર પ્રતિ) ઉવૅલ ડૉકટર ભોદલજી તમારે ત્યાં કીશનજીએ ફરીયાદીને દવા કરાવા રાખ્યો તેના બદલામાં તેઓએ તમને કઈ આપવું ઠરાવ્યું હતું?

ડૉકટર—નાજી.

પ્રેમરાય—(જડજ પ્રતિ) તોહોમતદાર કેટલો જુઠોછે અને તે પોતાનો બચાવ કરવા માટે કેટલું જુઠું બોલેછે તેનો ખ્યાલ કોરટને કરવા અત્રે એનાજ તાબાનો એક નોકર જે ફરીયાદીને દવા આપતો હતો તેની જુબાની લેવાની ઘણીજ અગત્યછે અને તે હાજરછે.

જડજ—વેરીવેલ, ગોઓન.

તોહોમતદારનો નોકર હાજર થાયછે એટલે તોહોમતદારને બ્હાર ઉભા રાખેછે.

સીરસ્તેદાર—બોલરે જુઠુ બોલું તો મને પરમેશ્વર પુછે.

નોકર—મી જુઠ બોલુ તો મલા ઇશ્વિરાચીસપત.

સીરસ્તેદાર—તોઝા નામ કાય. ?

નોકર—સકારામ ભાઉ.

સીરસ્તેદાર—જાત.

નોકર—મરાઠા.

સીરસ્તેદાર—ઉમર ધંધા અને રહેતોસ કુઠે.

નોકર—ઉમર ચૌવીસ વર્ષાંચી, ધંધા નોકરી ચા. આણી રહેતોસ ફાકલંડ રોડમધી મીયાજી અબદુલ હુસેન ચા માળા મધી.

પ્રેમરાય—આ ડૉકટર ભોદલજીને તથા ફરીયાદીને ઓળખે છે કે?

નોકર—હા, ડૉકટર ભોદલજી માઝા શેઠ આહે આણીંહી ફરીયાદી ડૉકટર ભોદલજીચા દવાખાના મધી દરદી હોતા.

પ્રેમરાય—તું કોઇ દિવસ દરદીને દવા આપતો હતો.

નોકર—માઝા શેઠ બાહીર જાત હસ્તા તી સમય હી માલા સુપ્રત કરૂન જાત હોતા તે મુજબ મી દવા દેતો અસ્તો.

પ્રેમરાય—તે દવા એક નાની શિશીમાંથી ચારપાંચ ટીપાં આપવામાં આવતી હતી. ?

નોકર—હા, આણી દુસરી દવા મીશ્રીત કરત અસ્તા.

પ્રેમરાય—જે દવાના ટીપાં રેડવામાં આવતાં તેનુ નામ જાણે છે?

નોકર—ત્યાચ્યા નામચી મલા ઠાવક નાહી પરંતુ દેખત તુરત ઓળખીન.

પ્રેમરાય—એ દવા તું કેટલે વાગે આપતો હતો ?

નોકર—રાત્રીચી વેળા.

પ્રેરારાય—જો આ તે દવા હોય ?" સીસી બતાવે છે.

નોકર—હા હીજ આંણીહી. શિશી માઝા શેઠ સંભાળુ ન રાખત હોતા.

પ્રેમરાય—તે શીશી તારો શેઠ સંભાળથી રાખતો હતો તો પછી તે તને કેમ સોંપી જતો.?

નોકર—શેઠ ચા પ્રાઇવેટ કામ બીજ કરત હોતા સબબ શેઠચા બી પુર્ણ વિશ્વાસુ હોતા.

મી. સોરાબીયા—જે દવાની સીસી હાલ હાજર છે તેમાંથી તુ ફરીયાદીને આપતો તેમ કોઈ વખત બીજાને પણ તેજ શીશીમાંથી દવા આપતો ?

નોકર—યાચી મલા ઠાવૂક નાહી પરંતુ બહુત કરૂન નહીજ દેત હોતો નોકરની જુબાની થતાં પાછી તોહોમતદારની શરૂ થાય છે.

પ્રેમરાય—ડૉકટર બોદલજી સકરામ ભાઉ નામનો ઘાટી તમારો નોકર છે. ?

ડૉકટર—હાજી.

પ્રેમરાય—તેને હાથે તમે દવા આપવાનુ કામ કરાવતા ?

ડૉકટર—નવા દરદીયોની દવા મારેજ આપવી પડતી પરંતુ હંમેશ જેને એકજ દવા આપવાની હોય તેને મારા સુપ્રત કર્યા મુજબ તે આપતો.

પ્રેમરાય—ફરીયાદીને તે દવા આપતો ?

ડૉકટર—કોઈ વખત હું બહાર કામે ગયો હઉં ત્યારે મારા કહી જવાથી તે આપે.

પ્રેમરાયે પુછવું બંધ કર્યું. તોહોમતદારનો પણ સવાલ નહી હોવાથી તેમ વખત નહી હોવાથી બીજા દિવસપર કામ મુલતવી રાખી કોર્ટ બરખાસ્ત થાય છે.

પ્રકરણ ૩૧ મું.

કરણી તેવી પાર ઉતરણી.

યાને

કર અને જો

A sinful man can never escape punishment.

ઇનસાફ સદા અમર છે. ડાઘવગરનો છે. તે કદી ફરતો નથી; અને જો કે આખી ગુન્હેગાર દુનિયા બળી જશે તોપણ તે આગમાંથી બહાર નિકળી આવશે; અને તેના જોરથી એક નરમ પિચ્છ પણ ખર્યાવગર બળતા ઢગ ઉપરથી ચઢી આવશે-(વરજીનીયસ)

બીજા દિવસની સેસન ભરાતાં ડૉકટર ભોદલજીનો પુરાવો નહી હોવાથી મનમોહનદાસનો કેસ ચાલવા માંડયો. મનમોહનદાસના કેસમાં ફરીયાદી તરફનો પુરાવો અગાડી ચાલેલા કેસમાં વજનદાર થઈ પડેલો હોવાથી ફક્ત તેઓને એજ સવાલ પુછવાથી તેઓ ગુન્હેગાર બનતા હતા. જેથી તોહમતદારની જુબાની લેવા જડજે ફરમાવ્યું. તોહોમતદાર તરફથી વકીલ નહી હોવાથી જડજે કેટલાક સવાલ પુછયા બાદ પ્રેમરાયે ક્રોસ કીધા.

પ્રેમરાય—મનમોહનદાસ, તમો કીશનજી શેઠને ઓળખો છો કે?

મનમોહન—હાજી તે અમારા દોસ્ત થાય છે.

પ્રેમરાય—ઠીક ત્યારે કહો જોઇએ. પેલી વચલા ભોઈવાડામાં રહેનાર સોનાને પણ તમે ઓળખો છો કે કેમ?

મનમોહનદાસ આ વખત જવાપ દેવા ઘણો કચવાયો પરંતુ જરા વિચાર કરી કહ્યું "તે મારી ઓળખાણવાળી નથી પરંતુ કીશનજી સાથે એક વખત તેને ત્યાં હું ગયો હતો.

પ્રેમરાય—(સુંદરબાઇએ રજુ કીધેલી ચીઠીયોમાંથી મુદાની કાઢી લેઇને બીજી બધી બતાવીને) આ ચીઠીઓ કોના હાથની અને તે કોણે કોને લખી છે તે તમે જાણો છો.?

મનમોહન—"હાજી તે મે કીશનજી શેઠપર લખી હતી" ચીઠીયો જોઈ કહ્યું.

પ્રેમરાય—ત્યારે મહેરબાની કરી કહો જોઇએ આ પણ ચીઠી આપનીજ લખેલી કે બીજાની?" મુદાની ચીઠી બતાવે છે.

મનમોહન આ વખત ઘણુ ગભરાયો ધૈર્ય લાવી બોલ્યો, "સહી મારા જેવી છે પણ મ્હારી નહોય."

પ્રેમરાય—ત્યારે આ બધી ચીઠીયોમાંથી તમારા અક્ષરો તથા તમારી સહીવાળી ઓળખી શકશો.?

મનમોહન—હાજી.

પ્રેમરાય—પધારો ત્યારે સાહેબ પાસે.

એમ કહી મનમોહનને જડજ પાસે લેઇ જઈ એક કાગળના કકડામાં મોટુ કાણું પાડી. તેની નીચે પેલી ચીઠીમાં લખેલી મતલબ ડખાવી કરેલી સહી ઓળખાવા મનમોહનને કહ્યું. મનમોહને ઘણી વખત મુદાની ચીઠી બતાવી આથી જડજને ખાતરી થઈ કે તે ગુનેગારજ છે અને જુઠી જુબાની આપે છે.

અને મનમોહન પણ ડરી જઈ ખરી બીના કહી દેઈ પોતે બીન તકસીર છે એવું બચવાર્થે કહી દીધું. આથી જડજની પુર્ણ ખાતરી થઈ કે તે ગુન્હેગાર છે.

જડજ—નાઉ, આઈ ગીવયુ જજમેન્ટ ડુ યુ વોન્ટટુ સે એની મોર મી. પ્રેમરાય ?

પ્રેમરાય—હા સાહેબ હું ડૉક્ટર ભોદલજીના કેસમાં કાંઇક કહેવા માગુછું.

જડજ—ધેન ગોઓન.

પ્રેમરાય—યસસર.

"કીશન લવજી અને ડૉકટર ભોદલજી કેવા માણુસ છે. તથા ડૉક્ટર ભોદલજી શી લાલચે ફરીયાદીનુ ખુન કરવું કબુલ કરે. તેમ કીશનજી રજુ થએલી મીસ ચંદા તરફની એક લેખની નકલ મુજબ ફરીયાદીને મારી નાખવા કરાર કરે કે નહિ તે બાબતપર મારે જરા કોર્ટનુ ધ્યાન ખેંચવાનુ છે.—

"કીશન લવજી એક મશહુર શરાફ થઈ એવું ઘાતકી કૃત્ય કરવા હામ ભીડે નહીં" એવું તોહોમતદારના બચાવ માટે કહેવામાં આવ્યુ છે. એ ખોટુ છે. કારણુ કીશન લવજી જો આબરૂદાર આદમી હતે તો સોનાના ઓટલા શેની તેને એક હજાર રૂા. રોકડા તથા બે સાડીયો જેની કિમ્મત રૂા. સોની થાય છે. તે આપી તથા ક્લોરોફોર્મ જેવી ઝેરી દવા સુંગાડી તે બીચારી નિરદોષ બાળકી તારાનુ હરણુ કરત નહિ. તારાનુ હરણુ કરવામાં તેની એક મતલબ હતી. જે મતલબમાં તે કદી ફાવ્યો નથી તે મતલબ તેજ કે ફરીયાદીની મા પર તે આશક હતો અને તેણીને પોતાને કબજે લેવા નિરદોષ રાધાને તેણે ઘણુ દુઃખ વિતાડયું પરંતુ તે નેકજાત ઓરત તેના તરફની પડતી વ્યથાથી નડરતાં પોતાનુ શિયળ સાચવી અત્યાર સુધી તેણી દુઃખમાંજ ડુબી રહી છે. વિશેષમાં કીશનજીની ચાલ ચલગત માટે અને ફરીયાદીનુ ખુન કરવાની તેની મતલબ બાબે જે વાત અત્યાર સુધી અંધારામાં રહી છે. તે કોર્ટ આગળ અજવાળામાં મુકવાની મારી ફરજ સમજી તે જાહેર કરવા તક લેઉ છું.

થોડા વર્ષોપર કરશનદાસ ભાવનગરી જે ફરીયાદીના પીતા થાય તેઓ કીશન લવજીની પેઢીએ એક લાખ રૂપૈયા વ્યાજે મુકી પોતાની

એડન ખાતેની દુકાનમાં કાંઈ નુકશાન થતાં તેઓ એડન ઉપડતા હતા સ્ટેશનપરના તેઓના દોસ્તોએ તેને વાર લાગવાનું કારણ પુછતાં મી. ભાવનગરીએ સદરહુ પેઢીપર રૂપૈયા વ્યાજે મુકી આવ્યાનું કહ્યું અને તે બદલ તેઓને રસિદ બતાવી. આથી તેઓના એક રસિકલાલ નામના મિત્રે કીશન લવજીની પેઢી લાસ જવાનું પેપરમાં આવ્યુંછે. એવું કહી તેને રૂપૈયા પાછા લેવા મોકલ્યો. મી. ભાવનગરી ઉછળતે અંતઃકરણે પેઢીપર આવ્યો. ત્યાં શેઠ નહી હોવાથી ચાકરના કહેવાથી તે પરેલપરના શેઠના ભુતવખાર નામના બંગલે ગયો. રૂપૈયા માગ્યા. કીશનજીએ તેને અંદર બોલાવ્યો. અને તે વખતે લીમજી મહેતો જે ત્યાં હાજર હતો તેને પોને ઈશારો કરી મુંબાઈ જવા કહ્યું. ભાવનગરીને રૂપૈયા આપવાનું કહી કીશનજી તેને ભુતવખારના ગંજાવર ભોંયરામાં લેઈ ગયો. ભોળો ભાવનગરી ભોળપણમાં ભરમાઈ ત્યાં ગયો. અને કીશનજીએ એક છરો મારી નિરદોષ ભાવનગરીનું ખુન કર્યું.

જડજ મોંમાં આંગળાં ઘાલી—ઓ માય, ગોડ, કીશનજી, ઈઝ, આ મરડરમેન ? ઈઝ ઈટ રાઈટ ?

પ્રેમરાય—યસ સર—

—બાદ એટલામાં તેનો મુનીમ ટ્રેન ચુકતાં પાછો આવવા લાગ્યો તો ભોંયરામાં કાંઈ તેણે અજવાળુ જોયું. જેથી તે તેના બારણાની ફાટમાંથી જોવા લાગ્યો તો ઉપરનું કત્લ કરતો કીશનજીને જોયો. તેનાથી આ અઘોર કત્લ સહન થયું નહી. જેથી કીશનજી ગયા બાદ એક માળીની મદદથી એક છુપા દ્વારથી તેઓ ભોંયરામાં ડાખલ થયા. મી. ભાવનગરીના ગળામાંથી છરો કાડી નાખી. તેના જખમ ઉપર એક સજડ પાટો બાંધી તેને બે ભાન અવસ્થામાં તેઓ બહાર લાવ્યા. અને અત્રેજ તે મહેતાનો એક ઓળખીતો ડૉકટર હતો તેને ત્યાં લેઈ જઈ તેને રાખ્યો. આ મદદગાર માળી તે દીવસનો દિવાનો બની ગયોછે. બીજે દિવસે પેલો મુનીમ મી. ભાવનગરીને કોલાબાની એક આસ્પીટાલમાં લેઈ ગયો હતો. જ્યાંથી તે હાલ ફરીયાદીના કુટુંબને ફક્ત આઠજ દિવસ થયાં મળ્યોછે.

આ બનાવ બન્યાને થોડાં વર્ષ થયાં એટલામાં કુદરતના બનાવથી ફરીયાદી કીશનજીને ત્યાં પેઈન્ટરનું કામ કરવા નોકર રહ્યો. કીશન લવજી ફરીયાદીને ઓળખતો ન હતો. પેલા દીવાના માળીના

બોલવાથી ફરીયાદીને કંઈ શક આવતાં તે પેલા છુપા દ્વારથી ભોં-યરામાં ઉતર્યો. જેને ત્યાંથી એક છરો તથા એક લોહીથી ખરડાએલો રૂમાલ મળેલો આથી તેનું મગજ ભમવા લાગ્યું. અને કીશનજીએ કોઇનું ખુન કર્યુંછે એવું તેને લાગ્યું એઆરસામાં ફરીઆદીપર તેની માનુ કાગળ આવ્યું કે તારા બાપની તપાસ કરતાં તે કીશન લવજીને ત્યાં રૂપૈયા મુકવા ગયા બાદ ત્યાંથી સહી સલામત પાછા ફર્યા નથી.” આથી ફરીયાદીની ખાતરી થઈ કે કીશન લવજીએ મારા બાપનુંજ ખુન કર્યું હોવું જોઇએ. તે પાછો તેના બાપનો ફોટો લેઈ પેલા બુઢા માળી પાસે ગયો. અને તેને ફોટો બતાવ્યો. તે માળીએ તે ફોટો ઓળખ્યો અને ઘણુંજ રડવા લાગ્યો આ ઉપરથી તેણે નિશ્ચય કીધો કે કીશન લવજીએ જરૂર મારા બાપનું ખુન કર્યું છે. આ વિચારમાં ને વિચારમાં તે દિવાનો બન્યો. કીશનજીને દેખે ત્યાંથી ગાળો દેવા લાગ્યો એક દીવસ ફરીયાદી આધી વ્યાધિના કષ્ટે કરી જરા નિદ્રાવશ થયોછે. એ વખતે કીશનજી તેને જોવા આવ્યો અને ટેબલપર પડેલું ફરીયાદીની માનું કાગળ હાથમાં લેઈ વાંચતાં તેનાં અંતઃકરણમાં એક મોટો ચીરાડો પડયો. ફરીયાદી દુષ્મનનો છોકરો છે અને તેણે તેના બાપના ખુનની વાત જાણીછે. માટે હવે તેને વ્હીલો મુકવો નહી. તેમ જીવતો પણ રાખેથી હું માર્યો જાઇશ. એમ વિચારી તેને મારી નાંખવા ડૉકટર ભોદલજીની મદદ લેવ ઇરાદો કરયો “મનુષ્ય એક પણ ધર્મનું પગથીયું ચુકેછે. એટલે તે અનેક ધર્મના પગથીયાંથી વિમુખ થવામાં તત્પર રહેછે.” ડૉકટર ભોદલજીને તે માગે તેટલા પૈસા આપવા તેણે કબુલ કર્યા. પરંતુ ડૉકટરનું મન તેની પુત્રી સાથ લગ્ન કરવાનું હોવાથી લગ્ન કરી આપવા ક-બુલત આપે તો તેમાં મદદ આપવા તેણે કહ્યું. આખર પાપાન્ધ કીશનજીએ તે કબુલ કર્યું. અને તે બદલ એક દસ્તાવેજ કરી આપી ફરીયાદીને મારી નાંખવા તેને ત્યાં મુકયો હતો. આ મહારી કહેલી બીના બીલકુલ ખોટી નથી. અને કોર્ટને ખાતરી કરવી હોય તો હું મી. ભાવનગરી તથા કીશન લવજીના વડા મુનીમ જેણે મી. ભા-વનગરીને બચાવ્યોછે તે સાથ પુરવાર કરવા તૈયારછું,

જડજ—ઑ ! ત્યારે તે બાબત કીશનજીપર કામ કેમ ના ચલાવ્યું ?

પ્રેમરાય—તોહોમતદાર નાઠો છે અને કોરટ તરફથી વૉરંટ કા-ઢવામાં આવી ચુકેલછે તે પકડાય એટલીજ વારછે.

જડજ—યસ, યસ, ડૉકટર ભોદલજી એન્ડ કીશન લવજી ઈઝ આ વેરી કનીંગમેન.

પ્રેમરાય—વિશેષમાં તેઓ તરફથી એકોનાઈટ ઝેર ફરીયાદીને આપવામાં આવતું કે નહીં. તેનો પુરતી રીતનો પુરાવો તોહોમતદારનાજ એક વિશ્વાસુ નોકરના અજ્ઞાનપણાથી મળી શકેછે. એટલે તે બદલ મારે વધુ કહેવાનું નથી.

જડજ—ડુ યુ વેન્ટ ટુ સે એનીમોર. મી. ખંડાલેવાલા એન્ડ મી. સોરઠીયા ઈનયુઅર કેસ ?

"યસ, સર"—ખંડાલેવાલા અનેસોરઠીયા બારીસ્ટરોએ પોતાના અસીલોના બચાવ માટે લેખીત ભાષણ આપ્યું એટલે જડજે જુરીનો અભીપ્રાય લેઈ ઠરાવ આપ્યો.

ઠરાવ પ્હેલો.

"તારા અને સોનાના" કેસમાં પક્ષકારોના પુરાવા તપાસ્યા. "સોના"એ તેના બચાવમાં કહ્યુંછે કે "તારાને હું જંમા બોલાવા ગઈ હતી. પરંતુ તેણી મારે ત્યાંથી સહી સલામત ગઇછે. તથા આપવામાં આવેલી શીશી અત્તરની હતી." આ બચાવનો તેણી કંઈ પુરાવો આપી શકી નથી. તેમ ફરીયાદીના પુરાવા આગળ તે બચાવ નભી શકતો નથી. ફરીયાદીને સોના જંમા બોલાવા ગઈ હતી તે વખતે જે બે ઘોડાની ગાડી લેઈ ગઈ હતી તે તેણીના કહેવાથી કીશન લવજીની હતી. કે જે કીશન લવજીએ તોહોમતદારને ઉશ્કેરી તેના મહેનતાણા બદલ રૂ. એકહજાર રોકડા તથા રૂ. એકસોની બે સાડીયો આપવા કબુલત કરી હતી. આ સબબથી તથા રજુ થએલી સુંદરબાઈની ચીઠી તથા તેવણની જુવાની અને તેમના નોકરની સાક્ષી આગળ તોહોમતદારનું કંઈ ટકુ નભી શકતુ નથી. વળી આજનો મનમોહનદાસનો કેસ પણ તોહોમતદારને ગુન્હેગાર ઠરાવા દર્શનીક પુરાવા તરીકે પુરતો વજનદાર થઈ પડયોછે. ફરીયાદી જો હોંશયારીમાં હતે તો આટલે સુધી વાત આવતે નહી. પરંતુ તે બીચારી નિરદોષ બાળકીને ઘાતકી સોનાએ રૂ.ની લાલચે લલચાઈ. દુષ્ટ કીશનજીના કાવત્રાંને આધીન થઈ કલોરોફાર્મ જેવી ઘાતકી દવા સુંઘાડી બેભાન કરી તેથી તે બીચારીનું કશ્યું ચાલ્યું નહી. (Chloro form) અને કુદરતે તેણીને દુશ્મનોના સપાટામાં સપડાવી મુકી.

સોનાએ એક પવિત્ર કુમારીકાને તેનો ધર્મ ચુકાવા તથા તેથી થતો (પૈસા સંબંધીનો) પોતાનો સ્વાર્થ સાધવા ઘાતકી ફ્સથી તેણીને ફસાવી.નાહક હેરાન કીધી. તેથી તેનાપર કોર્ટ બીજા ગુન્હાઓ દુર કરી એક સાપ્રાધ વિશ્વાસઘાતનો ચાર્જ લાગુ પાડી પી. કો. ક. ૪૦૬ મુજબી તેને બે વર્ષ સખ્ત કેદ તથા રૂ ૨૨૫) ડંડની શિક્ષા કરેછે.

ઠરાવ બીજો.

ડૉક્ટર ભોદલજી તથા રમણલાલ વીગેરે પક્ષકારોના પુરાવા તપાસ્યા, સદરહુ કેસમાં તોહોમતદારનો બચાવ બહુજ નબળોછે. મીસ ચંદાની જુબાની તથા તેવણે રજુ કરેલી લેખની નકલ તથા તોહોમતદારનાજ એક વિશ્વાસુ નોકરની સાક્ષી વીગેરે આ કામમાં ઘણાજ વજનદાર થઈ પડ્યાંછે; અને ફ્રીયાદીના વકીલ. મી. પ્રેમરાય તરફથી જે ફરીયાદી તથા કીશન લવજી કે જેણે તોહમતદારને ત્યાં ફરીયાદીને મારી નાંખવા મુકેલ તેમને—અરસપરસ વેર કેમ ઉત્પન્ન થયું તેનો સ્પષ્ટ ખુલાસો મળવાથી ડૉક્ટર ભોદલજીએ ફરીયાદીને મારવા યત્ન કરેલો તેમાં કોઈ વાતનો કોર્ટ સંશય લાવતી નથી.

આ કામમાં તથા અગાડી સોનાના કેસમાં પણ કીશન લવજીની ઘણીજ અગત્યછે. અને એ હતે તો પ્રતિપક્ષીયો તરફથી મળેલા વજનદાર પુરાવાને આધારે તોહોમતદારના કેસનો બદલો તેઓને પુરતી રીતે ચખાડવામાં આવતે. પરંતુ તે નહી હોવાથીજ કોર્ટ ડૉક્ટર ભોદલજીપર રહેમ લાવી (શિક્ષણી મનુષ્ય વધ)નો ચાર્જ તેનાપર લાગુ પાડી. પી. કો. ક. ૩૦૪ મુજબ પાંચ વર્ષ સુધી આશાન કેદ તથા એકહજાર રૂપૈયા દંડની તેને શિક્ષા કરેછે.

ઠરાવ ૩ જો.

મનમોહન; લાલુ તથા ભાઈદાસના પુરાવાની કંઈ જરૂર નથી તેમ તેઓ રજુ પણ કરી શક્યા નથી. અને હતે તોપણ અગાડી સોનાના કેસમાં લીધેલ સુંદરબાઈ તથા તેવણના નોકરની સાક્ષી આગળ તોહોમતદારનો કંઈ પણ બચાવ થઈ શકવો મુસ્કેલછે. તેમ તે જાતે પણ ગુન્હો કબુલ કરી ગયાછે કે અમોને આ રસ્તે કીશનજીએ ચડાવ્યા.

આ કામમાં પણ કીશનજીની આગેવાની માલમ પડે છે માટે તેની જરૂરછે.

આજકાલના પૈસાદાર માબાપોના ઉછરતી વયના બીન કેળવણી પામેલ જુવાનીયાઓ પૈસાનો ગર્વ ધરી અંધ બની જઈ કુકૃત્યો કરી માબાપોની ઈજતને કલંક લગાડેછે; અને આખર તે કૃત્યનો બદલો પોતાને શિર આવી પડેછે. ત્યારે તેઓના કેવા હાલ થાય છે તેનો આ કેસ એક દાખલોછે,

મનમોહન ખાંનદાંન કુટુંબનુ ફરજન તેને આવાં કૃત્ય કરવાં માં કદી ભાગ લેવો જોઇએ નહી તેમ છતાં તે તેની બીન કેળવાયલી બુદ્ધીને સ્વતંત્ર અખ્ત્યાર આપી લાલુ; ભાઇદાસ, તથા કીશન લવજી જેવા લફંગા અને લુચ્ચા દોસ્તોની સોબતમાં ભળ્યો. તેનો તેને આ એક બદલોછે.

લાલુ અને ભાઇદાસ તો ખાવા પીવા અને પારકે પૈશે મોજમંઝા ઉડાવવાની લાલચેજ આ કામમાં આવી પડેલા માલમ પડેછે પરંતુ તેઓને નઠારાની સોબતના ફળ ચખાડવાં જોઇએ. સમજી તેઓના માબાપોની ઇજતનો વિચાર કરી. એક શિખામણ તરીકે. કોર્ટ ઘણી રેમીયત લાવી. જો કે તેમનાપર મનુષ્ય હરણ કરવાની મદદગારી બદલની. પી. કો. ક. ૩૬૫ લાગુ પડેછે. તેમ છતાં મનમોહનને છ માસ તથા લાલુ અને ભાઇદાસને ત્રણ ત્રણ માસની સખ્ત કેદ તથા મનમોહનને રૂ. બસો તથા લાલુ અને ભાઇદાસને એકાવન એકાવન રૂપેયા દંડની કોર્ટ શિક્ષા કરેછે.*

---

*આ કોર્ટ સંબંધીનો હેવાલ ફક્ત વાંચનારની ગમત માટેજ કલ્પના શક્તિએ દાખલ કીધોછે અને તેમાં સામાવાળાના સાક્ષીઓ આપતાં ઘણુંજ લંબાણુ થઈ જઈ વાંચનારને કંટાળો આવે તેમ હોવાથી ફક્ત વાર્તાનો મુખ્ય વિશયજ જાળવી રાખવો દુરસ્ત ધારયો છે અને કોઈ જાતની તેમાં ભુલ હોયતો કલ્પીત સમજી વાંચનાર દર ગુજર કરશે.

લી. કર્તા.

પ્રકરણ ૩૨ મું.

સત્યની ફત્તે—લગ્નની ખુશાલી.

ભલે અધિક સજ્જનને પડે કષ્ટ પણ અંતે સુખ પામે.
કસે તવેને ટીપે તોજ કનકમાં રંગરૂપ જામે.

(મ. મો.)

સત્યવાદી મનુષ્યે વર્તેલુ ભવિષ કદી ખોટુ પડતુ નથી સત્યના આગળ સર્વે નિસ્તેજ છે. અને મનુષ્ય ગણત્રી વિધાતાના લેખ આગળ વ્યર્થ છે. (દિ. હ. ઇ. સૂ.)

વાચકવૃંદ આ કરૂણા રસ ભરેલું રમણ્ય પુસ્તક વાંચતાં. હવે તમને કંટાળો ઉપન્યો હશે કેમ ? હા, હા, માટે ચાલો હવે. આપડે થોડીવાર લગ્નની મોજ મારી આ વાર્તાનો છેડો લાવીએ—

કોર્ટમાં કેસ ચાલી ગુન્હેગારોને તેઓના કૃત્યનો બદલો મળ્યા બાદ સાંજરે પ્રતિપક્ષિયો (ફરીયાદીવાળાઓ) પોત પોતાને ઘેર આવ્યા આ વખત પોતાના મિત્રના કામમાં પ્રેમરાએ તથા તેના સગાં વ્હાલાંએ એક સત્યને માટે સગા બાપનો પણ પક્ષ ન રાખતાં અંતઃકરણથી મહેનત લેઈ સત્યની ફત્તે ઇચ્છી. તેથી તેમના પર ખુશી થઈ. રસિકલાલ ભણશાળીએ તેઓ સર્વેને તથા મી. ભાવનગરીના કુટુંબને પોતે એક જ્યાફ્ત આપી. આ જ્યાંફ્ત પોતાની મહાલક્ષ્મી ઉપરની વાડીમાંજ આપવામાં આવી હતી. આ વખત આ ઉપવનની શોભા પણ અજબજ બની રહી હતી.

વખત રાતનો હતો. રાત ચાંદરણી હતી. જે ચાંદરણાંએ બધુ એદાંન રૂપાના પત્રાં જેવું સુશોભીત કરી દીધુ હતુ. તેમ દિવસે સૂર્યના તાપથી તપી ગયેલુ આકાશ પણ આ ચાંદનીના છટકાવથી અત્યંત શિતળ બની ગયુ હતું. મંડપ ઉપર અને આશપાશ આવેલાં ખુશબોદાર પુષ્પોને મંદ મંદ વાયુ ગતિ આપતો હતો. અને ભ્રમરાઓના ગુંજારવથી મુખાર બનેલી વાપીકાઓ. વનદેવીનો ઉપહાષ્ય કરતી હોય એમ જણાતી હતી. ચંદ્રરથર તથા વાદળાંથી વિરક્ત થઈ પ્રકાશતો હતો. વખત તથા. વાયુ બંને આશક માશુકની પ્રેમાળ

વૃત્તીને અનુસરતાં હતાં. પુષ્પના ક્યારાઓની આજુબાજુ રોપેલી લીલી ઘાસવાળી જગા ગૌરવર્ણની સ્ત્રીના હાથ ઉપર લીલમની વિંટીના જેવી માલમ પડતી હતી, અને ચોતરફ આવી રહેલા ખુશબોદાર ઝાડપાંનમાંથી પવનની લહેરકીયો સાથ દિલને આનંદ ઉપજાવે એવી ઉત્તમ સુગંધીયો નિકળતી હતી. આ વખત આ બગીચાના એકાંત ભાગમાં આવેલા એક આનંદાયક દ્રાક્ષવેલીના મંડપ તરફ પડેલા રૂપેરી મંચ ઉપર બે ત્રણ મનુષ્યો કાંઈ ખાનગી વાત કરતા બીરાજ્યાં હતાં.

આ મનુષ્યો બીજા કોઈ નહી પરંતુ રસિકલાલ, કરશનદાસ, રમણલાલ, અને રાધા હતાં, તેઓ આ વખત તારાનાં પ્રેમરાય સાથે લગ્ન કરવાની ગોઠવણનો વિચાર કરતાં હતાં. અને બોલાવેલા ઇજનમાં પ્રેમરાય વીગેરેને તે આજ કહેવા રસિકલાલે માથે લીધું હતું. રાધાએ તારાને તેનું હાર્દ જાણવા તણીને આ વાત કહી જેના જવાબમાં તારાએ શર્માળ ચ્હેરે નિચુ જોઈ કાંઇક ખુશી બતાવી. એટલામાં એક બે ઘોડાની ફેટીન વાડીમાં ધમધોકાર ચાલતી આવી અને મી. પ્રેમરાય લીમજી તથા સુંદરબાઈ અને ચંદા ગાડીમાંથી નિચે ઉતર્યાં એટલે મી. ભાવનગરીનું કુટુંબ તથા રસિકલાલ તેને મળી માંન આપી સર્વે એક બેઠકમાં ગયાં. રસિકલાલે પ્રેમરાયને એક ખાંનગી રૂમમાં લેઇ જઈ તેની સાથ તારાના લગ્ન કરવા સબંધી વાત કરી જે પ્રેમરાયે ઉપકાર સાથ કબુલ કરી તેણે પણ રમણલાલ સાથ ચંદાના લગ્ન કરવા જણાવ્યું રસિકલાલ વીગેરે તો તે વિચારમાંજ હતા તેથી આ અરસ્પરસનું માંગણું કબુલ થતાં તેઓ ઘણા ખુશી થયા. અને બીજે જ દિવસે લગ્ન કરી દેવા ઠરાવ કરી તેઓ જંબા ગયાં જમી કરી પરવારી પાંનસોપારી વીગેરે ખાઇ પાછા બેઠકમાં આવ્યાં. આ વખત રસિકલાલે સર્વ સમુદાયની સમક્ષ તે વાત બ્હાર પાડી સર્વે ખુશી થયાં અને પ્રેમરાયં તરફથી લાલકાકા અને કરશનદાસ તરફથી રસિકલાલ કારભારી થયા. અને તેઓએ આ શુભ પ્રસંગેજ લગ્ન પત્રિકા લખી બીજે દિવસે લગ્ન નિરધાર્યાં.

બીજે દિવસે બંને પક્ષકારોને ઘેર ગંજાવર માંડવા નખાયા. અને મોટા મોટા શાહુકારો, કામદારો, અને સેસન જડજ મી. વીલસન સુધી આમંત્રણ થતાં તેઓ આ શુભ પ્રસંગે મંડપમાં પધાર્યા

સેસન જડજ આ કેળવણી પામેલ દંપતીનું જોડું જોઇ ઘણો ખુશ થયો. અને કેટલુંક ઇનામ આપ્યું પ્રેમરાયના લગ્ન સહવારે રાખવામાં આવ્યાં હતાં અને રમણલાલના લગ્ન સાંજના ઠરાવ્યાં હતાં. આ બંને વરઘોડામાં આખા મુંબઇ શહેરના લોકોએ ભાગ લીધો હતો અને પ્રેમરાય વિલાયત જઈ આવ્યો તથા કરશનદાસ રાધાને લેઇ નાશિ આવ્યો હતો માટે જે પ્રથમ ન્યાત બ્હાર મુકયા હતા. તે આ ખુશાલીના વખતમાં તેવોની સમજુ અને શાણી ન્યાતે તેઓને પવિત્ર કરી ન્યાતમાં લીધા વાજતે ગાજતે લગ્ન થયાં. આ વખતે લીમજીએ (ચંદાને) કન્યા પધરાવી. મામા તરીકે પોતાની જમા કરેલી એકલાખ રૂપૈયાની રકમ તેણીને બક્ષીસ કરી. આણીપા રસિકલાલે પણ તારાને કન્યાદાન વખતે કેટલુંક નાણુ આપ્યું. પ્રેમરાએ મી. ભાવનગરીનું સુરતનું મકાન તેઓને સ્વાધીન કર્યું. અને તેના બાપે ડુબાવેલા એક લાખ રૂપૈયા પાછા લેવા મી. ભાવનગરીને કહ્યું, ભાવનગરીએ તે પાછાં ન લેતાં તેને બક્ષીસ કર્યાં. રમણલાલને પ્રેમરાએ એક મહાલક્ષ્મી ઉપરની પોતાની વાડી બક્ષીસ કરી. આમ એકમેકને મન પસંદ સ્ત્રીયો મળવાથી તેઓ ઇશ્વરનો આભાર માની પ્રિતીથી તેના પ્યારમાં લીન થઈ કાળક્ષેપ કરવા લાગ્યા. ટુંકમાં બંને જોડાનો દંપત્તિ પ્રેમ ઇશ્વર કૃપાથી સંપ અને આનંદમાં પોતાનો કાળ નિર્ગમન કરવા લાગ્યો. ટુંક વખતમાં પ્રેમરાયને ઘેર તારાને અને રમણને ઘેર ચંદાને શ્રીમંત આવ્યાં અને બંનેને એકેક પુત્ર રત્નની પ્રાપ્તી થઈ તારાના પુત્રનું નામ વિહારીલાલ અને ચંદાના પુત્રનું નામ કનૈયાલાલ તેઓની ફોઇયોએ પાડયાં. થોડા વખતમાં આ કુટુંબમાં આદમીયોનો મોટો સમુહ મળ્યો.

"માત્ર અપરાધીજ લાંબા વખત સુધી દુઃખી રહેછે."

તેમ કેદ થયેલી સોના આખર કેદમાંજ મરણ પામી. ડોકટર બાદલજી પણ કાળા કરતુકથી કાળા ગ્રહમાં ઘણો દુઃખો થયો. કીશનજીએ પોતાના ઉપર વૉરંટ નિસર્યું છે. એવું સાંભળતાં આખર પ્રભાસપાટણમાં આવેલા એક કુંડમાં પડી આપઘાત કર્યો. કરણી પ્રમાણે સઉ કોઈ પોતપોતાની ગતિને પહોચ્યાં. કીશનજીના મરણની વાત કેટલેક દિવસે તેના કુટુંબને માલમ પડતાં તે ઘણુજ ખીન્ન થયું. પરંતુ લોકોએ તેઓને શાંત પાડવાથી તે ખીન્નાવસ્થા વધુ ટકી શકી નહી.

ભવરૂપી આ સમુદ્રમાંહી નિત્ય બનાવ બને લાખો,
શોક હર્ષના થાય ઝપાટા નજર જરા એમાં રાખો.
દુરાચારને સદાચારની નૌકાબે તેમાં ચાલે,
જે માંનવી બેસેછે જ્યાં દુઃખ સુખ ત્યાં તે માણે.
દુરાચારની નૌકામાંછે સંકટના સ્થાનો મોટાં,
ભાગ્યહિણો નર બેસેછે તેમાં કરવાને કૃત્યો ખોટાં.
સદાચારની નૌકામાં છે શાંતીરૂપ સારાં ધામો,
ભાગ્યશાળી જન બેસેછે ત્યાં કરવાને સાચાં કામો.

(કું—ક)

સમાપ્ત.

અગાઉથી થએલાં ગ્રાહકોના મુબારક નામનું લીષ્ટ.

નામ	નકલ.
મુંબઈ.	
શેઠ. માધવદાસ રઘુનાથદાસ	૨
શેઠ. લક્ષ્મીદાસ ખીમજી. જે. પી.	૨
શેઠ. દામોદરદાસ હેમરાજ મારતર.	૨
શેઠ. જેઠાભાઈ વર્ધમાન.	૧
ડોકટર સુરજરામ ગીરજાશંકર ભટ	૧
આવસ્તી મણીશંકર રામશંકર	૧
શેઠ. પરશોતમ ગોપાળજી	૧
શેઠ. દેવજી ભીમા	૧
શેઠ. શિવજી હંસરાજ	૧
શેઠ. લાલજી શિવદાસ ભાટીયા	૧
શેઠ. માધવદાસ ગોકળદાસ લીલાધર	૧
ઠા. કાનજી દેવજી.	૧
શેઠ. દામોદર જયરામ શિવજી.	૧
ઠા. વેલજી રતનસી વેદાંત.	૧
ઠા. ધરમશી પરશોતમ ભાટીયા	૧
ઠા. વાલજી હરીદાસ.	૧
ઠા. વિઠલદાસ વિ. લાલજી.	૧
શેઠ. મનમોહનદાસ કાશીદાસ	૧
શેઠ. કલ્યાણજી વાલજી	૧
શેઠ. ગોરધનદાસ ગોકળદાસ તેજપાળ	૧
શેઠ. ધરમશી મોરારજી ગોકળદાસ.	૧
શેઠ. ખીમજી જેરામ શિવજી ભાટીયા	૧
શેઠ. રણછોડદાસ વાલાભાઈ	૧
શેઠ. દામોદરદાસ સુંદરદાસ	૧
શેઠ. ઠાકોરલાલ ગોરધનદાસ	૧
ઠા. રવજી ઉમરશી	૧
ઝવેરી છગનલાલ ગીરધરદાસ	૧

ઠા. ડુંગરસી કાનજી ત્રીજોરીવાળા.	૧
શા. મોહનલાલ કૃષ્ણુવલ્લભદાસ. ખંભાતી.	૧
પ. સ્ને. પુરસોતમદાસ ગોપાળદાસ ઘડીયાળી.	૧
પંડિત. કૃષ્ણાશંકર કાશીશંકર.	૧
ભટ. દુલવજી કુંવરજી.	૧
હકીમ ફરજુલાભાઈ ઇમામજી.	૧
ખોજા. મેરાલી જીવરાજ.	૧
ખોજા. ઇભિરાંમ મેરાલી	૧
શા. છબીલદાસ હરગોવનદાસ.	૧
રા. રા. મુળજી આશારામ ઓઝા. મો. આ. ના. કં. મેનેજર	૧
રા. શંકરલાલ હરીશ્ચંદ્ર ત્રીજોરીવાળા.	૧
પા. છોટાલાલ મુળચંદ. ખંભાતવાળા.	૧

કલકત્તા.

રા. રા. શેઠ. ત્રીકમલાલ કલ્યાણજીની કુંપની.	૧

ચિતલદુગ—મદ્રાસ.

રા. બીમજી કરશનદાસ. રેલવે કોન્ટ્રાક્ટર.	૧

ધુળીયા.

રા. રા. ચુનીલાલ માણેકલાલ મુનસફ.	૫

ભરૂચ.

રા. માણેકલાલ. એન. નાણાવટી	૧
રા. રા. મોતીલાલ દયાશંકર દવે.	૧

સુરત.

રા. રા. ધીરજરામ દલપતરામ વૈદ.	૧
રા. રા. ધનસીંગ સરદારસીંગ ઠાકોર.	૧
રા. રા. કાળીદાસ લાલભાઈ.	૧
રા. રા. ગણપતરામ ઇચ્છાશંકર પંડ્યા.	૧
રા. રા. છબીલદાસ શિવલાલ. (અવકાશ વીલાસવાળા)	૧

વડોદરા.

દીવાન બ્હાદુર. મણીભાઈ જશભાઈ.	૧૦
રા. રા. લલુભાઈ ગણપતરામ ઓઝા.	૧

ધરમપુર.

ને. ના. મહારાણાશ્રી મોહન દેવજી રાણા રાજા સાહેબ. ૫

ઉમેટા.

રા. રા. સોમેશ્વર પ્રભાશંકર વૈદ. ૧

પીપળાવ.

રા. રા. બાઇલાલ પ્રભુરામ. ૧

ઈડર.

ને. ના. ઇડરના મહારાજા સાહેબ. ૨

શા. છગનલાલ ગુલાબચંદ, ૧

ગોધરા.

રા. રા. માણેકલાલ મોધાભાઈ દેસાઇ ૧

નાદરી.

રા. રા. ગૌરીશંકર જેષ્ટાલાલ. ૧

સરઢણ—કલોલ.

શા. ચુનીલાલ મોતીચંદશાહ. ૫

ચોકારી—રૂપાલ.

વ્યાસ. પ્રભાશંકર ત્રીકમલાલ. ૧૦

પાટણ.

રા. રા. મણીશંકર નથુશંકર ઇનામદાર. ૧

અમદાવાદ.

રને. ભાઈ મતિલાલ છોટાલાલ ૫

રને. ભાઇ ભુજંગલાલ છોટાલાલ. ૫

રને. રાઘવજી અંબારામ, ૫

શેઠ. કેશવલાલ જેચંદ. ૫

મીસ. મણી. ૧

ચુડા.

સામતસીંગજી પ્રતાપસીંગજી. ૧

રાણપુર (ભેસાંણ.)

ને. ના. ખાનશ્રી બહાદુર બાબી નીજામહમંદખાંનજી. ૨

જુનાગઢ.

ને. ના. વઝીર સાહેબ બાવદીનભાઈ. ૨
રા. રા. દામોદરદાસ હિરજી ગજ્જર. આ. પો. સુપ્રીટેન્ડેન્ટ. ૧
શેઠ. હરખચંદ જેચંદ. ૧
શેઠ. ગોવીંદજી નાનજી પારેખ. ૧
શાહજાદા સુલતાંન મહમદખાંનજી. ૧
ખાનશ્રી બાબી અબદુલખાંનજી ખાંનજી બ્હાદુર. ૨

કરાંચી.

શેઠ. જીવણદાસ ભીમાણી. ૧

કચ્છભુજ.

હિઆઇનેસ કચ્છાધિપતિ શ્રીમંન મહારાજાધીરાજ મીરજાં મહારાવ શ્રીખેંગારજી સવાઇ બ્હાદુર. ૧૦
રા. રા. છોટાલાલ શેવકરાંમ મહારાજા સાહેબના મંત્રિ. ૫

બોરૂ—ધોલકા.

ઠાકોર શ્રી ઉમેદસીંગજી હરીસીંગજી. ૧

વિરસદ.

રા. રા. દયાશંકર લલુભાઈ વૈદ. ૧

ખંભાત.

રાવ બ્હાદુર દિવાન સાહેબ માધવ રાંમભાઈ. ૧
રા. રા. રતનરાંમ મંછારાંમ સર ન્યાયાધિસ. ૧
શેઠ. મોતીલાલ મગનલાલ. ૧૭
રા. રા. હિમ્મતલાલ જમનાશંકર ભટ. ૩
રા. રા. જેઠાલાલ નાનાલાલ લાયબ્રેરીયર. ૨
શા. છગનલાલ માણેકલાલ. ૨
શા. ચુનીલાલ નાથાલાલ. ૨
શેઠ. જહાંગીરજી ફ્રરાંમજી કંપૌંડર. ૨
શેઠ. નૌરોજી દોરાબજી ખંબાતા. ૧
"ધી લોર્ડરે" લાયબ્રેરી. ૧
રા. ગીરધરલાલ મગનલાલ. ૧
રા. રતનલાલ કેશવલાલ. ૧

રા. લક્ષ્મીચંદ શામજી.	૧
રા. રેવાશંકર મનસુખરામ જોષી.	૧
રા. રા. સુંદરલાલ ત્રીભોવનદાસ.	૧
પંડ્યા. નાથાલાલ હરીશંકર.	૧
સોની. ફુલચંદ કરશનદાસ.	૧
રા. ભાઈનારણ મગનલાલ.	૧
મહારાજશ્રી. રણછોડલાલ જીવણલાલ.	૧
સૈયદ કુતબુદીન. વા. સૈયદ ફકરૂદીનમીયા.	૧
શા. અમરતલાલ મગનલાલ ગુંદરીયા.	૧
શા. કરમચંદ ફતેચંદ કાગદી.	૧
દુધારા. જમનાદાસ પ્રાણજીવન.	૧
રાઠોડ. નાથુજી મેહરૂજી. નંદેલીના મુખી.	૧
શેઠ મોહનલાલ જુગળદાસ ગુંદરીયા.	૧
પા. પરભુદાસ ભીખારીદાસ.	૧
વકીલ. મનુભાઈ પીતાંબરદાસની કુંપની હા. હીરાલાલ.	૧
શા. અંબાલાલ હીરાલાલ.	૧

